# અનુક્રમણિકા

વિષય


જયદેવની આજ્ઞા .. ... ... ... ...

મું "ત્રિભુવનપાલ મહારાજની જય!"... ... ...

૩૪ મું અવિશ્વાસ ... ... ... ... ...

૩૫ મું મોહિની ... ... ... ... ...

૩૬ મું પટ્ટણીઓનો ક્રોધ ... ... ... ...

૩૭ મું રાણીની નિરાશા... ... ... ... ...

૩૮ મું જૂની આંખે નવો તમાશો... .. ... ...

૩૯ મું હૃદયનો પુનર્જન્મ ... ... ... ...

૪૦ મું હૃદય અને હૃદયનાથ ... ... ... ...

૪૧ મું પાટણની માતા ... ... .. ... ...

૪૨ મું વિષ્ટિ ... ... ... .. ... ...

૪૩ મું બત્રીશ લક્ષણાઓ હોમવાનું કારણ .. ... ...

૪૪ મું પાટણમાં પાછાં ... ... .. ... ...

૪૫ મું વિજયી પ્રસન્ન ... ... . ... ...

૪૬ મું "ના જાઓ તજી અમને" .. .. ... ...

૪૭ મું જયદેવ મહારાજની આણ .. ... ... ...



[illegible]માં ઘણાજ

[illegible] લખ્યુ છે અને મગજને તાજગી બક્ષનારી

[illegible]શક્તિઓ તેમાં રહેલી છે. તમો જરૂર વાપરી જુઓ.

હમેશ વાપરશો.

[illegible] રૂ. ૧- ૦-૦ વી. પી. રૂ. ૦-૪-

રૂ. ૨-૧૦-૦ વી. પી. રૂ. ૦-૯-

વેપારી

# પાટણની પ્રભુતા

## પ્રકરણ ૧ લું

### ઉપોદ્ઘાત

ગૂજરાતની જાહોજલાલીપર અંધકારના, વિસ્મરણના, પરાધીનતાના થર પર થર ચઢયા છે. ગૂર્જર ભૂમિમાં શ્મશાનની નીરસ શાન્તિ છે, છતાં અહિયાં જ જીવન્ત ઇતિહાસના પ્રસંગો પ્રકટયા હતા; દુકાળે દુભાતાં આજ ખેતરોમાં ભરચક્ક પાક, નામનાં બની રહેલાં વનોની પહેલાંની ગંભીર ઘટાએ, સુકાઈ જતી સરિતાનાં ઉછળતાં જળે એક વખત જૂદું જીવન જોયું હતું, વિજયી વીરોની રણહાક સાંભળી હતી, સત્તા અને ભક્તિના ભાવો અનુભવ્યા હતા. ગૂજરાત એક મહા વૃક્ષ છે. તેનાં મૂળોમાં શ્રીકૃષ્ણ પરમાત્માનો કર્મયોગ છૂપાયો છે. તેની ડાળે નર્મદા અને ગાંધીઓની કુંપેળો ફૂટી છે.

મધ્યકાળમાં ગૂર્જર સામ્રાજ્યનો પાયો નાંખનાર મૂળરાજ સોલંકી હતો. તેની પ્રતાપી કારકીર્દીએ અણહીલવાડ પાટણનું નામ આખા હિન્દુસ્થાનમાં પંકાતું કર્યું હતું. તેની ઇચ્છા આસપાસનાં રાજ્યો જિતી, પાટણની ધ્વજા તેનાપર ફરકાવવાની હતી. તેમાં કેટલેક અંશે તે ફતેહ [illegible] પણ ઘડપણમાં તેની ધાર્મિક પ્રવૃત્તિ એટલી બધી વધી ગઈ કે, તેના છોકરા ચામુંડપર અને પૌત્ર દુર્લભસેનપર તે ધાર્મિકતાની છાયા [illegible] સામ્રાજ્યનાં સ્વપ્ન નષ્ટ થયાં; પાટણના નરપતિઓ સ્વતંત્ર પણ [illegible]ડીન બની રહ્યા.

દુર્લભસેનના ભાઈ નાગરાજનો પુત્ર જુવાન ભીમદેવ ગાદીએ આવ્યો ત્યારે દેશની સ્થિતિ ઘણી ખરાબ હતી. મૂળરાજની રાજનીતિને લીધે શ્રાવકો ઘણા ધનવાન અને સ્વચ્છંદી થયા હતા. રાજપૂતો જ્યાંત્યાંથી સંકટ કરી, પોતાની સત્તા વધારવામાં કૃતાર્થતા સમજતા. એટલે દેશમાં [illegible]ણું નહોતું. એટલામાં ગીઝનીના બાદશાહની આકાંક્ષાનો જ્વાળામુખી [illegible]યો. તેના લાવારસે પાટણ બાળ્યું, સોમનાથ જમીનદોસ્ત કર્યું, ગૂજ[illegible]ની સ્વતંત્રતાપર રાખ વળી ગઈ. ભીમદેવ જીવ લઈ કંથકોટ ભાગી ગયો.

પણ ત્યાં તે શાન્ત બેસી રહે એમ નહોતું. એનામાં શૌર્ય અને [illegible] અથાગ હતાં. મહમદ ગીઝનીની પૂંઠ વળી કે છૂટાછવાયા યોદ્ધાઓ [illegible]ની નેતાગીરીમાં સ્વદેશપ્રેમ પ્રકટાવવો એ તેને [illegible]

સ્વતંત્ર નાનાં શહેરો તેણે સર કર્યાં, અને રાજપૂત સામન્તોનો આગેવાન થઈ પડ્યો. તેમને ભીમના સ્વચ્છંદી તોફાની દિવસો યાદ આવ્યા; અને પુત્ર કર્ણદેવ પછી દેવપ્રસાદ ગાદીએ આવે તો સોનાનો સૂરજ ઉગે એમ તેઓ માનવા લાગ્યા. ..ક પળમાં

આ વખતે પાટણના શ્રાવકોનું જોર વધ્યું. ચંદ્રાવદયના ગંભીર કેટલાક જૈનોને પાટણ માટે પ્રેમ હતો, તે પાછા આવ્યા ત તે ભૂલી ગયો. શાન્ત રાજનીતિને લીધે તેઓ ફાવ્યા પણ સારા. ધ તસ્દી લીધા વિના મંત્રીપદો તો તેમનાં જ હતાં, અને રાજા જો નામનોહિ. સ્વારના ડોળા કહ્યા પ્રમાણે ચાલનો હોય તો તે રાજાને નામન્વારે તરફ જોયું, પણ રીત રાખી રહેતા. ડાની માફક બ્હેબાકળા

એટલામાં ચન્દ્રપૂરની કુંવરી મીનળ કર્ણદે રાજા પરણ્યા, પસ્તાયા અને તેને ત્યાગી. નગર છાતી ફાટી જતી હોય હતો. તેના પ્રક...ના રજપૂત બળે... માથામાં થતી વેદના રોકવા તેણે થઈ, ઘાપર હાથ દાબ્યા. કપાળપર આવેલો પરસેવો તેણે લૂછ્યો, નિસાસો સ...ખ્યો, અપરિચિત બીકથી જરા કમકમાં આવ્યાં.

એટલામાં પાછળથી છોકરો આવી લાગ્યો. "બાપુ ! શું જુવો છો? ઘોડાપરથી પડ્યા કે શું?"

બાપે મહા મહેનને ચિત્ત ઠેકાણે આણી કહ્યું:—"ના બેટા! જરા થોડો લથડ્યો."

"શું હતું? પણ તમે પડ્યા એ તો નવાઈ," કહી છોકરો હસ્યો ...ને પાસે ...પ્રભુ ...તા?"

"તો શું થયું? ત્રણચાર દિવસ આમ ચાલ્યા જશે તો પછી મને કંઈ હરકત નથી."

"જેવી પ્રભુની આજ્ઞા. હવે.—"

"હવે શું? તારી પાસે જે કાંઈ ખાવાનું હોય તે લાવ, અને પછી ...લા વૈદને અહિંયાં બોલાવ."

"બાપુ! એ તો નહિં બને. તે તો અહર્નિશ મહારાજાની તહેનાતમાં રહે છે."

"ત્યારે એનો જમાઈ વાચસ્પતિ શું કરે છે?

"હા! તે નવરા છે. પણ શું કહું?"

"કહેજે કે જેને લીધે તમે ઉપાધ્યાય થયા, તે બોલાવે છે."

ચોપદારે થોડુંક ખાવાનું લાવી આપ્યું. રજપૂતે તે ખાધું. એટલી વારમાં ચોપદાર બહાર જઇને આવ્યો.

## પ્રકરણ ૩ જું

## ભવિષ્યવાણી

રજપૂત સ્વાર રાજગઢને પાછલે બારણે નોકરોને જવા આવવાની બારી આગળ ગયો, અને તે ધીમેથી ઠોકી. થોડી વારે એક સ્ત્રીએ બારી ખોલી: "કોણ, ભીમો!"

સ્વારે જરા હસતાં કહ્યું: "ના. જરા સમરસેન ચોપદારને બોલાવશો?"

બૈરી શરમાઈ ગઈ, અને નીચું ઘાલી ચાલતી થઈ.

સવારે થોડી વાર સૂધી વાટ જોઈ. આખરે થાણી એક બાજુપર કર્યું હતું ત્યાં ઘોડો બાંધ્યો, અને બારી કુદી તે અંદર આવ્યો. રાજ-મહેલના ખૂણેખૂણાથી તે પરિચિત હોય તેમ તે ડાબી બાજુએ નોકરોને રહેવાની ઓરડીઓ તરફ ગયો, અને એક ઓરડીનું બારણું ઠોક્યું.

"કોણ છે અત્યારે?" કહી એક ઘરડા માણસે બારણું ઉઘાડ્યું, સ્વારને જોયો અને આશ્ચર્ય થઈ રહ્યો. "કોણ?"–

"હું. છાનો રહે. મને અંદર આવવા દે."

રજપૂત અંદર આવ્યો, અને સંભાળીને બારણાં દીધાં. ચોપદાર સ્હામું હાથ જોડી ઉભો રહ્યો.

"પ્રભુ! આપ અત્યારે અને અહિંયાં?"

"સમર! અત્યારેજ મ્હારું અહિંયાં કામ છે. હમણાં નહિં આવું તો પછી બધી જીંદગી સૂધી દેહસ્થલીના ગઢમાં સડ્યાં કરવું પડે."

"પણ પ્રભુ! મુંજાલ મંત્રી કે મીનળદેવી જાણશે તો?"

"તો શું થયું? ત્રણચાર દિવસ આમ ચાલ્યા જશે તો પછી મને કંઈ હરકત નથી."

વારો આ[illegible]મા [illegible]

વાચસ્પતિ રજપૂતને ઉપર લઈ ગયો, અને [illegible]વાં રાજા કર્ણદેવની પથારી હતી, તેની બાજુના ઓરડા સૂધી કાંઈ પણ વિઘ્ન વિના તેઓ પહોંચ્યા. પણ એટલામાં કલ્લાનો ખખડાટ સંભળાયો. વાચસ્પતિએ રજપૂતનો હાથ ઝાલ્યો: "માર્યા!"

"કેમ?" ધીમેથી રજપૂતે પૂછ્યું.

"દેવી આવતાં જણાય છે. આમ આવો, આ છજામાં જાઓ, વખત જોઈ બોલાવીશ." "અરે!"

"અરે ને બરે! જાઓની છાના માના," કહી વાચસ્પતિએ અડધા ઉઘાડેલા છજાના બારણામાં રજપૂતને ધકેલ્યો, અને બારણું બંધ કર્યું.

રજપૂતે છજામાં જતાં જતાં પગલાં પાસે આવતાં સાંભળ્યાં, અને સ્થિર સત્તાવાહી અવાજે કોઇને પૂછતાં સાંભળ્યું.

"એ કોણ એ?"

"કોઈ નહિ, બા! એ તો હું." વાચસ્પતિનો જવાબ સંભળાયો.

રજપૂતનું હૃદય જરા અધીરાઇથી ઉકળી આવ્યું. તેણે છજામાં આમતેમ આંટા મારવા માંડ્યા: "શું કરું? કાંઈ રસ્તો જડતો નથી."

"આવ, ભાઈ! હું દેખાડું," અંધારામાંથી અવાજ આવ્યો.

રજપૂત ચમક્યો; તરવારપર હાથ મૂકી આગળ ગયો. "કોણ છે?"

આથમતા ચંદ્રના પ્રકાશમાં કોઈ આવતું દેખાયું. "રજપૂતરાજ! એટલામાં ભૂલી ગયા?" નવા આવનારે કટાક્ષમય અવાજે પૂછ્યું.

"કોણ? જતિ. રસ્તે મળ્યા હતા તે? અત્યારે અહિંયાં ક્યાંથી?"

"જ્યાંથી તમે આવ્યા ત્યાંથી. આપણા નસીબમાં મિત્રો જ થવાનું લખ્યું હશે તે."

"પણ તમે ક્યાંથી આવ્યા?"

"જેમ તમને કોઇએ સંતાડ્યા, તેમ મને કોઈ સંતાડનાર મળ્યું."

રજપૂતે હોઠ કરડ્યા.

"જતિજી! એકએકની વાત જાણવામાં હાલ માલ નથી. પણ તમે કહો છો, તે ખરું લાગે છે. આપણે મિત્રો થઇશું એમ લાગે છે, કે પછી ક્યાં તો કટ્ટા વેરી!"

"હમણાં આ ભૂમિમાં વેરનો જ ધ્વનિ સંભળાય છે."

"તે શ્રાવકોનો પ્રતાપ," રજપૂતે ઉત્તર વાળ્યો.

"કે પછી રાજપૂતોનો," જતિએ જવાબ વાળ્યો.

"એ તો કર્ણદેવ મરશે ત્યારે ખબર પડશે."

"હવે એ વાત જવા દો"

"ત્યારે દોસ્તીની વાત કરીએ," મૂછપર હાથ નાંખી રજપૂતે કહ્યું; "તમારું નામ શું?"

"આનંદસૂરી. તમારું?"

"લોકો," જરા વિચાર કરતાં રજપૂતે કહ્યું; "મને દેવીસિંહ કહે છે."

"મંડળેશ્વર જૂઠું બોલે છે, તે મેં આજે જ જાણ્યું," જરા હસતાં જતિ બોલ્યો.

દેવીસિંહ ચમક્યો. ત્હેનો હાથ અજાણતાં ફરીથી તરવારપર ગયો. "તું કોણ છે?"

"તરવાર કહાડવાની જરૂર નથી, મંડળેશ્વર! અહિંયાં ધાંધળ થશે તો ભારે તમને પડશે, મને નહિ," શાન્તિથી જતિએ કહ્યું.

રજપૂતે નિસાસો નાંખી પોતાની સ્થિતિનું ભાન આણ્યું, અને તરવારપરથી હાથ છોડ્યો.

"આનંદસૂરી! તમે કોણ છો? મને અત્યારે છતો કરવો છે?"

"ના, રાજા! તમને દુઃખ દેવું, તે મારું કામ નથી. પણ તમારી ઉપર હાલ તો દેવ કોપ્યો છે."

"જતિ! એવો દેવ તો બહુ વાર કોપ્યો અને રીઝ્યો. મને તેનો હિસાબ નથી."

"મંડળેશ્વર! રાજા રાવણનું અભિમાન પણ ઉતર્યું છે હો! તમારું નસીબ આવી રહ્યું છે. અત્યારે દુશ્મન તરીકે નહિ, પણ મિત્ર તરીકે કહું છું. જે દિવસો રહ્યા છે, તેનો સદુપયોગ કરો."

"સદુપયોગમાં એટલું જ કે બનશે તેટલા શ્રાવકોને લુંટી નાંખીશ. મારું બધું એ પાપીઓએ લુંટયું છે, અને વધારે લુંટાઇશ, તેની પરવા નથી."

"હવે તમારે હાથે બહુ લુંટાવાના નથી." "કેમ?"

"ગુરુદેવનું વચન છે—" "શું?"

"મારે હાથે જીન ભગવાનના શત્રુઓ ઠેકાણે થવાના છે."

મંડળેશ્વરને ઠમકમાં આવ્યાં, તે મૂંગો થઈ ઉભો રહ્યો.

"રાજા! આજે વર્ષો થયાં જીન મહાપ્રભુના દીન સેવકોને દગ્યો છે, એટલે તમને માફી આપવી બને એમ નથી; છતાં તમે વીરનર છો, ગુજરાતના અલંકારરૂપ છો."

"તમારી માફીની કોને પરવા છે?" તિરસ્કારથી હસતાં રજપૂતે કહ્યું.

"તે ભલે, પણ રાજા મરશે, એટલે તોફાન ઘણું ઉઠશે. કોઇક દિવસ કાંઈ કામ પડે તો—"

"મારે કામ પડે—" મગરૂરીથી હસતાં મંડળેશ્વરે કહ્યું.

"રાજા! તમે દાના છો, શૂરવીર છો. ધર્મવિરોધ નહિ હોત તો તમારી ચડતી જોઈ હું રાજી થાત. છતાં આજના મેળાપની યાદગીરીમાં વચન આપું છું, તે યાદ રાખજો. કોઈ દિવસ કામ પડે તો આનંદસૂરીને કહેજો, તે કરશે."

"જતિ! મંડળેશ્વર યાચતો નથી, અને કોઈ પાસે યાચશે નહિ. જેમ પૈસાના તોરમાં શ્રાવકો ફાટયા છે, તેમ અમારા બાહુબળના જોરે અમે પણ મસ્તાન છીએ."

"જેવી તમારી મરજી! પણ જો જો, સંભાળતા રહેજો."

"મંડળેશ્વર ડરતો નથી."

"તોયે મરણનો ડર લાગશે."

"જતિ! મરણ તો મારે મન રમત છે."

થોભવા સૂચવ્યું અને તે અંદર ગઈ. થોડી વારે તે પાછી આવી અને તેને અંદર લઈ ગઈ.

અંદર હિંચકાપર મંત્રી બેઠો હતો. તે પાંત્રીશેક વર્ષનો દેખાતો હતો. તેનું મ્હોડું સ્વરૂપવાન્ હતું—આંખો તરવારની ધારની માફક તીક્ષ્ણ હતી, શરીર સશક્ત અને ઘાટીલું હતું; અને મ્હોડાપર આ ઉમરે પણ ઉગતી જુવાની જેટલી જ મૂછો હતી. તેના કપાળપર વિચારની ગૌરવશીલ રેખાઓ દીપતી હતી. તેની લાંબી ચોટલી વાંસાપર પથરાઈ રહી હતી, સે તે ભેગી કરતો હતો.

જતિના તરફ એક તીક્ષ્ણ નજર નાંખી તેણે નમસ્કાર કર્યા, અને હિંચકાપર બેસવા તેને સૂચવ્યું. પોતે પાસે પડેલા પાટલાપર જઇને બેઠો.

"બીરાજો."

"નમસ્કાર મંત્રીમહારાજ !" કહી આનંદસૂરી બેઠો. પહેલી વખત મુંજાલને જોતાં તેને કાંઈ કાંઈ વિચારો આવ્યા. મુંજાલની લોકપ્રિયતા, તેનો વિશાલ વ્યાપાર, તેની દૃઢ રાજ્યનીતિ, દુશ્મનોને મ્હોડે સંભળાતો તેનો મીનળદેવી સાથે સંબંધ; આ બધું તરત તેના મન આગળ તરી આવ્યું. એ બધા વિચારો રોકી તેણે મંત્રી સાથે વાતો આરંભી.

"ચંદ્રાવતીમાં બધાં ખુશીમાં છે. નગરશેઠનો પત્ર વાંચ્યો ?"

"હા," જરા ગંભીર અવાજે મંત્રીએ કહ્યું; "પણ એમનાં માની ખબર કેમ નથી લખી ? મારી કેમ છે ?"

"હું આવ્યો ત્યારે તો હાલત નબળી હતી."

"બોલો, કેમ આવ્યા છો? તમે જાણો છો, અત્યારે મને ફૂરસદ નથી."

"હા, હું આપના કામમાં વિઘ્ન નાંખવા નથી આવ્યો; મદદ કરવા આવ્યો છું."

મંત્રી જરાક તિરસ્કારભર્યું હસ્યો અને મૂંગો રહ્યો.

"જીન ભગવાનની કૃપાથી ગુરુદેવનું વચન છે કે, આ સમયે મારે હાથે અનેક કાર્યો થવાનાં લલાટે લખાયાં છે, અને આપને આ પ્રસંગે ખપ લાગવા માટે જ હું અહિંયાં આવ્યો છું."

"જુઓ સૌભાગ્યભાઈ લખે છે કે, તમે વિદ્વાન્ અને બાહોશ છો, એટલે કામ તો ઘણા જ લાગશો. પણ ખરું જુઓ તો એક જ કામ કરો," મંત્રિએ જરાક બેદરકારીથી કહ્યું.

"શું ?"

"મહેરબાની કરી પાટણના રાજ્યતંત્રમાં ચંદ્રાવતીનું તોફાન આણશો નહિ," ધીમેથી, દૃઢતાથી મુંજાલે કહ્યું.

"જેવી મરજી. ચાલો હું તો જાઉં છું. હું છજામાં પેલી બાજુએથી આવ્યો છું, તે ત્યાં જ જઈશ," કહી જતિ છજાની બીજી બાજુ તરફ ગયો.

મંડળેશ્વરે વિચારમાં ને વિચારમાં મૂછો કરડવા માંડી. તેના મગજ આગળ સાંજે દેખાયલું ભૂત અને જતિની આગાહી રમી રહ્યાં. કેટલાં વર્ષો થયાં તેણે એકલે હાથે તેના મંડળને નાનું સરખું રાજ્ય બનાવ્યું હતું. તેના નામનો ડંકો આખા ગૂજરાતમાં વાગતો હતો, પણ દેહસ્થલીના પોતાના મંડળમાં પડી રહેવાનું તેને ગમતું નહિ. પાટણ તેને મન સૃષ્ટિના મુકુટરૂપ હતું. તેમાં મહામણિ તરીકે શોભવાની તેની આકાંક્ષા જબરી હતી. આ તરફ પાટણના રાજકર્તાઓ તેને નિર્બળ કરવા મહેનત કરી રહ્યા હતા; અને જો કે તે મહેનત ઘણેખરે ભાગે નિષ્ફળ ગઈ હતી, છતાં અત્યારે મંડળેશ્વરને ગુંચવી નાંખ્યો હતો.

## પ્રકરણ ૪ થું

### મુંજાલ

આનંદસૂરી છજાને બીજે છેડે પહોંચ્યો. તે તેના મનમાં મલકાતો હતો. ગુરુદેવની રજા લઈ ચંદ્રાવતીથી તે પાટણ આવ્યો ત્યારે તેને આશા નહોતી કે, આવા શુભ શુકનમાં તે આવશે.

"પ્રભુ! મહારાજ!" એક સ્ત્રીનો સાદ આવ્યો.

જતિ વિચારમાંથી જાગ્યો. "કોણ રેણુકા?"

"જી હા. પધારો. મેં મંત્રીને તમારો કાગળ આપ્યો, અને તે આપને બોલાવે છે."

"ક્યાં છે?"

"ચાલો મારી જોડે," કહી રેણુકા જતિને ત્યાંથી લઈ ગઈ. જતિને જરા ક્ષોભ થયો. મુંજાલ–ગુજરાતના મહામંત્રી–ની ખ્યાતિ કોણ જાણતું નહોતું? તેના નામની હુંડીઓ બગદાદ અને વેનીસમાં સ્વીકારાતી. તેની શકિતની સાક્ષી ધ્રુજતા સામંતો અને મંડળેશ્વરો પૂરતા. માલવરાજ તેને હાથ કરવા અવંતીની અઢળક દોલત આપવા તૈયાર હતો અને પાટણના લોકો તેની પાછળ ગાંડા હતા, તથા તેનો હુકમ થાય તો મરવા તૈયાર રહેતા. આવા માણસને પહેલી વખત મળતાં જતિને ક્ષોભ થાય, એ સ્વાભાવિક હતું. એક ઓરડામાં બે ત્રણ મહેતાઓ કાંઈ લખી રહ્યા હતા અને એક ખૂણામાં ચારપાંચ શસ્ત્રથી સજ્જ થયેલા માણસો ધીમે ધીમે વાતો કરતા હતા. જતિને જોઈ બધાએ જરા એક એકના સામું જોયું, પણ કોઈ બોલ્યું નહિ. રેણુકાએ હાથવતી જતિને

ખોલવા સૂચવ્યું અને તે અંદર ગઈ. થોડી વારે તે પાછી આવી અને તેને અંદર લઈ ગઈ.

અંદર હિંચકાપર મંત્રી બેઠો હતો. તે પાંત્રીશેક વર્ષનો દેખાતો હતો. તેનું મ્હોડું સ્વરૂપવાન્ હતું—આંખો તરવારની ધારની માફક તીક્ષ્ણ હતી, શરીર સશકત અને ધાટીલું હતું; અને મ્હોડાપર આ ઉમરે પણ ઉગતી જુવાનીની જેટલી જ મૂછો હતી. તેના કપાળપર વિચારની ગૌરવશીલ રેખાઓ દીપતી હતી. તેની લાંબી ચોટલી વાંસાપર પથરાઈ રહી હતી, તે તે ભેગી કરતો હતો.

જતિના તરફ એક તીક્ષ્ણ નજર નાંખી તેણે નમસ્કાર કર્યા, અને હિંચકાપર બેસવા તેને સૂચવ્યું. પોતે પાસે પડેલા પાટલાપર જઇને બેઠો.

"બીરાજો."

"નમસ્કાર મંત્રીમહારાજ !" કહી આનંદસૂરી બેઠો. પહેલી વખત મુંજાલને જેતાં તેને કાંઈ કાંઈ વિચારો આવ્યા. મુંજાલની લોકપ્રિયતા, તેનો વિશાલ વ્યાપાર, તેની દ્દઢ રાજ્યનીતિ, દુશ્મનોને મ્હોડે સંભળાતો તેનો મીનળદેવી સાથે સંબંધ; આ બધું તરત તેના મન આગળ તરી આવ્યું. એ બધા વિચારો રોકી તેણે મંત્રી સાથે વાતો આરંભી.

"ચંદ્રાવતીમાં બધાં ખુશીમાં છે. નગરશેઠનો પત્ર વાંચ્યો ?"

"હા," જરા ગંભીર અવાજે મંત્રીએ કહ્યું; "પણ એમનાં માની ખબર કેમ નથી લખી ? માશી કેમ છે ?"

"હું આવ્યો ત્યારે તો હાલત નબળી હતી."

"બોલો, કેમ આવ્યા છો? તમે જાણો છો, અત્યારે મને ફૂરસદ નથી."

"હા, હું આપના કામમાં વિઘ્ન નાંખવા નથી આવ્યો; મદદ કરવા આવ્યો છું."

મંત્રી જરાક તિરસ્કારભર્યું હસ્યો અને મૂંગો રહ્યો.

"જીન ભગવાનની કૃપાથી ગુરુદેવનું વચન છે કે, આ સમયે મારે હાથે અનેક કાર્યો થવાનાં લલાટે લખાયાં છે, અને આપને આ પ્રસંગે ખપ લાગવા માટે જ હું અહિંયાં આવ્યો છું."

"જુઓ સૌભાગ્યભાઈ લખે છે કે, તમે વિદ્વાન્ અને બાહોશ છો, એટલે કામ તો ઘણા જ લાગશો. પણ ખરું જુઓ તો એક જ કામ કરો," મંત્રિએ જરાક બેદરકારીથી કહ્યું.

"શું ?"

"મહેરબાની કરી પાટણના રાજ્યતંત્રમાં ચંદ્રાવતીનું તોફાન આણશો નહિ," ધીમેથી, દૃઢતાથી મુંજાલે કહ્યું.

જતિ ચમક્યો. 'મુંજાલે કેમ જાણ્યું કે, આ માટે તે આવ્યો હતો?' મંત્રીથી તે જરા ડરવા લાગ્યો.

"હું કાંઈ તોફાન કરવા નથી આવ્યો. અમારા નગરશેઠે લખ્યું છે, તે પ્રમાણે આપને મળી, પછી મીનળબાને મળીશ, અને કાંઈ મારે લાયક કામ જડશે, ત્યાં સુધી અહિંયાં રહીશ."

આ શબ્દો જાણે નહિ માનતો હોય, તેમ મુંજાલ થોડી વાર તેની સામે જોઈ રહ્યો. પછી તે બોલ્યો:–"આનંદસૂરીજી! મને લાંબી વાતો પસંદ નથી. ચંદ્રાવતીના શ્રાવકોની સત્તાના પ્રતિનિધિ તરીકે તમે આવ્યા છો, પણ ધર્મની ઝનૂન મારે પાટણની ખટપટમાં નથી લાવવી; અને તે લાવવા મથશો તો મારે ને તમારે નહિ બને. એટલું જ કહું છું કે, એવું કરશો તો મારે તમને દુશ્મન લેખવા પડશે."

"ના, તેમ કરવાની જરૂર નથી. હું હમણાં તો મિત્ર થઇને આવ્યો છું, અને તેનો પૂરાવો જોઇએ તો હમણાં આપું."

"શું?" "એક ખાનગી વાત કહું?"

જરા ફરીથી તિરસ્કારભર્યું હસતાં મુંજાલે કહ્યું; "શી?"

"કર્ણદેવનો ભત્રીજો દેવપ્રસાદ અહિંયાં છે."

મુંજાલ ખડખડ હસી પડ્યો. "આનંદસૂરીજી! ચંદ્રાવતીમાં આવો જ રાજ્યકારભાર ચાલે છે?" "કેમ?"

"આ ખાનગી વાત? પાટણ બહાર બપોરે તમે તેને મળ્યા; અત્યારે છજામાં નીરાંતે વાતો કરી. એ વાતો મારી જાણ બહાર છે! જતિજી લોકોને મોક્ષ તમે અપાવ્યાં કરો, અને મારું કામ મને કરવા દો, જરાક હસતાં મુંજાલે કહ્યું. જતિ દિગમૂઢ થઈ ગયો. તેનો ગર્વ જરા ઉતર્યો.

"મંત્રીરાજ! ક્ષમા કરો. આપની શક્તિથી હું અજાણ્યો હતો."

"ઠીક. પણ એટલું યાદ રાખજો, કે મારી રાજ્યનીતિની વચ્ચે આવનારને હું ક્ષમા કરતો નથી," ભયંકર દૃષ્ટિપાત નાંખી મુંજાલે કહ્યું; "બોલો હવે શું કરવું છે? તમે ખાધું કે ભુખ્યા છો?"

"મીનળબાને પ્રણામ કરવાનું રહ્યું છે. આજે મારે તો ખાવું નથી, ઉપવાસ છે."

"ઠીક! મારી સાથે ચાલો. હું પણ દેવી પાસે જ જાઉં છું." કહી પાસેની ખીંટીપરથી ખેસ લઈ મુંજાલે ઓઢ્યો, અને બીજે બારણેથી તે જતિને લઈ ગયો. આનંદસૂરીનું અભિમાન જરા ગળ્યું હતું. તેની આગળ ગૌરવથી પગલાં ભરતો મુંજાલ ઝપાટાબંધ ચાલતો હતો. તેને જોઈ જતિને થયું કે, 'ચંદ્રાવતી બીજી રીતે ગમે તેવી હોય, પણ પાટણના સમાન ત્યાં કોઈ નર નથી.'

જ્યારે રાણીના ઓરડા આગળ આવ્યા ત્યારે મુંજાલે જતિને ઉભા રહેવા સૂચવ્યું. ઓરડાનાં બારણાં બંધ હતાં. બારણા આગળ એક લીલી હાંડી આછું અજવાળું આપતી હતી. મુંજાલે કડું ખખડાવ્યું. થોડી વારે એક ઘરડી સ્ત્રીએ બારણું ઉઘાડ્યુંઃ "કોણ ?"

"એ તો હું," મુંજાલે કહ્યું.

"હા, આવો. બા તમારી જ રાહ જુએ છે. આ કોણ છે?"

"આ ચંદ્રાવતીના જતિ છે. ડોશી! તું અહિંયાં બેસ. હું હમણાં બોલાવીશ," કહી ડોશીને ત્યાં બેસાડી, મુંજાલ અંદર ગયો.

જતિએ મુંજાલ અને મીનળદેવી વિષે અનેક વાતો સાંભળી હતી. અત્યારે જો અજાણ્યા, ભીંત તોડી, અદૃષ્ટ રહી, આ બેની વાત સંભળાય તો કેવું? જતિ ગુણપૂજક હતો, અને કર્ણદેવના પાટનગરમાં વસતી મહા વ્યક્તિઓનો સમાગમ અનુભવવા એ અહિંયાં આવ્યો હતો. તેનો સદ્ભાગ્યે અત્યાર સૂધી તે હેતુ સારી રીતે પાર પડ્યો હતો. ક્યારે બારણું ખૂલે અને આ મહા વ્યક્તિઓમાં પણ અદ્ભુત એવી મીનળદેવીને તે જોવા પામે, એ વિચાર કરતો તે ઉભો. એને લાગ્યું કે, 'જ્યાં સૂધી મુંજાલની સત્તા ઓછી કરવાની કુંચી જડે નહિ, ત્યાં સૂધી બધું નકામું.' મીનળદેવી વિષે તેણે ઘણું સાંભળ્યું હતું. એટલે તેના વિચારો કેટલે અંશે ફલીભૂત થશે, એ રાણીના અભિપ્રાયપર જ રહેશે, એમ ધારી તેની સાથે કેવી રીતે વાત કરવી, તે વિચારવા લાગ્યો.

## પ્રકરણ ૫ મું

## માલવરાજની ખરીદી

બાપનો ઘોડો અદૃષ્ટ થયો, એટલે ત્રિભુવને પણ તેની આજ્ઞા વિસારે પાડી, તે જ રસ્તે જવા માડ્યું. તેનું મન પ્રફુલ્લિત હતું, કારણ કે બાપની પીડાઓથી તે અજાણ હતો. તેને મન પાટણ એ મૂર્તિમન્ત સુખના સ્વપ્ન જેવું હતું, પણ કમનસીબે અહિંયાં ઝાઝી વાર તેનાથી રહેવાતું નહીં. તે ધીમે ધીમે રાજગઢ તરફ ગયો અને તેની બીજી જ બાજુએ વળ્યો. આખરે એક ખૂણે, એકાન્ત ગોખની નીચે ઘોડો ઉભો રાખ્યો, તેનાપરથી ઉતર્યો, ભોંયપરથી કાંકરો લીધો અને ગોખમાં થઈ અંદરની દીપેલી બારીએ માર્યો; થોડી વારે બીજો કાંકરો માર્યો, પછી બે ચાર સામટા લઈ માર્યા. તેના જવાબમાં ધીમે રહી બારીનું બારણું ઉઘડ્યું અને એક સુકુમાર બાલિકાનું હસતું મુખડું બહાર આવ્યું. તેણે આસપાસ જોયું, બારણું વધારે ઉઘાડ્યું, ગોખમાં આવી, અને નીચે જોયું.

"કોણ છે?"

"અરે કોણુવાળી! ક્યાં સૂધી ઉભો રાખવો છે?"

"કોણ છે? જાય છે કે નહિ?" હસતાં હસતાં બાલાએ કહ્યું.

"જાય ક્યાં? હું તો આવું છું. દોરડું બાંધ."

"દોરડું તો ત્રણ દહાડાપર તૂટી ગયું."

"ના, ના, પ્રસન્ન! જો, બાપુનું કામ હતું તેથી નહિં અવાયું."

"ત્યારે હવે મારે કામ છે, પાછા જાઓ," કહી બાલાએ ખીંટીપરથી દોરડું કહાડી ગોખને કઠેરે બાંધવા માંડ્યું.

"પાછા તે જવાય? ક્ષત્રિય છું."

"અત્યારે રાતે ચોર જેવા આવવું, તે પણ ક્ષત્રીવટ જ દેખાડે છે!"

"તારે માટે બધું કબૂલ. બસ, આટલું ચાલશે. વધારે નીચું શું કામ બાંધે છે?" કહી ત્રિભુવન દોરડે વળગ્યો અને હાથ એક ઊંચો આવ્યો. ઉપરથી હસતાં હસતાં પ્રસન્ને દોરડાંની ગાંઠ જરા છોડી, એટલે દોરડું સરી ગયું અને ત્રિભુવન દોરડા સાથે જમીનપર આવ્યો. ત્રિભુવન હસતો હસતો ઉઠ્યો.

"ઓ કાલિકામાતા! કોઈ ચોકીદાર આવશે તો તારા ને મારા એના બાર વાગશે."

"તે હું શું કરું? ભોગ તારા. ચાલ, દોરડું નાંખ પાછું. હવે ઠીક બાંધીશ."

ત્રિભુવને દોરડું નાંખ્યું, અને પ્રસન્ને ફરી બાંધ્યું. બે પળમાં ત્રિભુવન ગોખપર પહોંચ્યો, કઠેરો પકડી ઉપર ચઢ્યો, અને પ્રસન્નને પકડી.

"મારા સમ! જો મને પકડો તો." "કેમ?"

"હું રીસાઈ છું. ત્રણ દહાડા વીતાવતાં મારો તો જીવ નીકળી ગયો," મોં મચકાવી પ્રસન્ન બોલી.

"જોયો તારો જીવ," કહી ત્રિભુવન પકડવા ગયો. વિજળીની માફક પ્રસન્ન ઝબકી ને અંદર ગઈ, પાછળ ત્રિભુવન દોડ્યો. પણ તે અંદર જાય તે પહેલાં પ્રસન્ન હિંચકે ચડી ગઈ, ને ઉભી ઉભી હિંચકા ખાવા મંડી.

"અરે રાખ! મરવાની થઈ છે?"

"લે, પકડ હવે, હિંમત હોય તો!" વધારે ને વધારે હિંચકા ચડાવતાં પ્રસન્ન બોલી. તેનું હસવું માતું નહોતું. આંખો હાસ્ય અને તોફાન ભરી હતી. ત્રિભુવનને ચીડવતી હિંચકા ખાવાના શ્રમથી તેના મ્હોડાપર રતાશ આવી ગઈ હતી. ધીમે ધીમે તેનો ચોટલો પણ છુટી ગયો અને હિંચકો વધારે ને વધારે તે ખાવા લાગી.

"પ્રસન્ન પડશે હો."

"તે તારો વાંક. આવ્યો કેમ નહિ? બસ, હવે ઉતરવાનીજ નહિ. થાય તે કર."

હિંચકાપર હિંચકા આવ્યા જતા અને બેસી બેસીને તે વધારતી. પ્રસન્ને મોહિનીની આકર્ષક ભયંકરતા ધારી. ત્રિભુવનનો જીવ ઉડી ગયો. હમણા હિંચકો તૂટશે તો શું થશે, તેની ફીકરમાં તે મૂગો ઉભો રહ્યો.

પળમાં પ્રસન્ને આંકડેથી હાથ છોડી દીધા. હસતી હસતી, પરિણામનું ભાન રાખ્યા વગર તે કુદી, અને સામે ઉભેલા ત્રિભુવનપર પડી. અચાનક રીતે પ્રસન્ન તેનાપર પડવાથી ત્રિભુવન ચકિત થઈ ગયો, અને અસ્વસ્થ થઈ ભોંયપર પડ્યો. બન્નેને સખત વાગ્યું, છતાં હસતાં ભોંયપર પડ્યાં પડ્યાં બન્નેએ એકએકને બાથ ભીડી હતી.

"લુચ્ચી! હરામખોર! મસ્તી કરે છે?" કહી ત્રિભુવને એક બે તમાચા ચોંડી કાઢ્યા. સામું પ્રસન્ને ત્રિભુવનને પણ થોડો ઘણો માર માર્યો.

"ચાલ, ઉઠ. પરોણાચાકરી પૂરી થઈ."

"ભોગ મારા કે અહિંયાં આવ્યો. ચાલ બેસીએ. હિંચકો રહ્યો મારું તો માથું બહેરું થઈ ગયું છે."

"આ મારો હાથ જોયો? છોલાઇને લોહી નીકળે છે."

"હાંઈશ! નીરાંત થઈ. ચાલ હવે જાઉં."

"જાય કાં હવે? ત્યારે આવ્યો શું કરવા?"

"કેમ કહેતી હતી ને કે ચાલ્યો જા? હવે મારો વારો."

"એમ નહિ. હવે તું અહિંયાં રહેવાનો છે?"

"પ્રસન્ન!" ત્રિભુવને ગંભીર થઈ જવાબ દીધો;-"કાંઈ નક્કી નથી, તેમ કાંઈ સમજ પણ પડતી નથી. પણ હમણાં વાદળ ભારે ઘેરાયું લાગે છે."

"તારા બાપથી પણ તોબા."

"પ્રસન્ન! પ્રસન્ન! -તું બાપુવિષે શું જાણે છે? દુનિયામાં એના જેવો યોદ્ધો નથી, નર નથી, અને તારી ફોઇએ એટલું એને દુઃખ દીધું છે કે, એ તો બાપુ જ સહન કરે."

"ફોઇબાની વાત બોલશોજ નહિ. દુનિયામાં એ તો એક જ છે," જરાક કર્કશ અવાજે પ્રસન્ન બોલી.

"અને સૃષ્ટિમાં મંડલેશ્વર પણ એકજ છે."

"એ તો ઠીક, પણ કોઈ જાણશે કે, દર મહિને આપણે આમ મળીએ છીએ તો?"

"તો શું કાંઈ ચોરી કરીએ છીએ?"

"ના, પણ ફોઈબા ધૂળ કાઢી નાંખે."

"એમાં ધૂળ શાની કહાડે? પણ બારોટજી કેમ છે?"

"બારોટજી દહાડે દહાડે નબળા પડતા જાય છે. પણ તને સંભારે છે ઘણા."

"ચાલ ત્યારે મળીએ, પછી મારે જવું છે."

"આવ્યો કે, તારે તો જવાની વાત. ચાલ તો ખરો," કહી પ્રસન્ન ત્રિભુવનને બારોટ પાસે લઈ ગઈ.

સામળ બારોટ ભીમદેવનો માનીતો બારોટ હતો. તે વીરની અશાંત કારકીર્દીનો તે અડગ સાથી હતો; અને આજે નેવું વર્ષે આંખો ગઈ હતી, બોલવાની શક્તિ ઓછી થઈ હતી, યાદદાસ્ત ઘટી હતી, તો પણ પહેલાંનાં યશોગાન સંભારી સંભારી તે જીવતો હતો. રાજગઢમાં તે રહેતો હતો, અને બધા તેના તરફ માન અને ભાવથી જોતા હતા. પ્રસન્ન અને ત્રિભુવન તરફ તે ઘણા જ ભાવથી વર્તતો. પ્રસન્ન અને ત્રિભુવન તેની પાસે ગયાં ત્યારે તે પથારીમાં બેઠો હતો અને બાજુમાં એક નોકર એનો હુક્કો ભરતો હતો. તે ગયાં, એટલે નોકર હુક્કો મૂકી ચાલ્યો ગયો.

"બારોટજી! જયજય!"

છાતીપરથી ડોકું ઉંચું કરી બારોટે નિસ્તેજ બની રહેલી આંખો ફેરવી; "કોણ ભાઈ!"

"કેમ ઓળખતા નથી?"

"કોણ ત્રિભુવનપાળ? આવો આજે સામળ બારોટને યાદ કીધો? ઘણા દહાડા થયા."

"તમારા વિના કંઈ ચાલે? કેમ છે તબિયેત? દહાડે દહાડે ગળાતા બહુ જાઓ છો?"

"બાપુ! સાથીઓ ગયા, સુભટો ગયા, અને કર્ણદેવ પણ જવા બેઠા. પછી હું તો પુરાણો છું, એટલે મારે પણ જવું જોઇએ."

"પછી અમને બોધ કોણ દેશે?"

"હવે બોધ કોને જોઇએ છે? પાટણ તો પરવારી બેઠું છે. ઉલટી જૂની જાહોજલાલી સાલે છે, જૂની વીરતા ખૂંચે છે, બાપુ!" ડોસાએ માથું હલાવી કહ્યું.

"જાઓ, જાઓ, બારોટજી!" પ્રસન્ન બોલી, "તમને તો પહેલાનું જ બધું સારું લાગે છે."

"હવે રહ્યું છે શું?" જરા ઉકળી બારોટે કહ્યું; "કેસરિયાં છોડી નરપાળો ખટપટ કરવા લાગ્યા; રણમાં ઘૂમવાનું છોડી રંડાપો લીધો. દરરોજ કાંઈ ને કાંઇ નવું સંભળાય છે!"

"કેમ ? છેલ્લું એવું શું સાંભળ્યું કે, આટલા ચીરડાઈ ગયા છો ?" પ્રસન્ને પૂછ્યું.

"પ્રસન્ન! બેટા! શું કહું ? જે માલવરાજ પાટણનું નામ સાંભળી કાંપતો, તેને લાંચો અપાય છે ! તેના બળથી બીહી તેને સંતોપવા પ્રયત્નો થાય છે !"

પ્રસન્ને હોઠ કરડ્યા, અને બાવરી બની ત્રિભુવન તરફ જોવા લાગી.

"હેં!" ત્રિભુવને પૂછ્યું, "એ વળી શું ?"

"રણવાસ રાજ્ય કરે ત્યારે બીજું શું થાય ? બૈરીની બુદ્ધિ પાનીએ, મારા બાપા!"

"પણ છે શું ?" ત્રિભુવને પૂછ્યું. પ્રસન્ન જરા મૂગી થઈ ઉભી. બારોટ શું કહેતો હતો, તે તે સમજી, અને રખેને ત્રિભુવન ગુસ્સે થાય માટે વાત બદલવા તે ચાહતી હતી.

"હશે કાંઈ. પણ તમારી ખાંસી હવે કેમ છે ?"

"પણ જોઉં તો ખરો. શું છે ? બારોટજી! કહી નાંખો. તમારા વિના નવા જૂની કોણ કહેશે ?"

"શું ?" બારોટજીએ કહ્યું. પાછળ પ્રસન્ન ધ્રૂજવા માંડી. "આ મારી પ્રસન્ન માલવરાજને આપવી છે ! શું પાટણની વડાઈ? કન્યા દઈ સલાહ કરવી ! મારો ભીમ નથી આ વખતે, નહિ તો બધાનો જીવ લઈ નાંખે.

"પડ્યું પડ્યું આ શહેર, લાંચો દઈ શાન્તિ શોધે !
ધીક એહ નર દેહ, સુણી તેહ નવ કોપે!"

"ખરેખર ?" જરા સખ્તાઇથી ત્રિભુવને પૂછ્યું; તેની આંખમાં તીક્ષ્ણતા આવી. "શું મારી પ્રસન્ન માલવને પરણે ? પ્રસન્ન ! ખરી વાત ?"

પ્રસન્નને શું બોલવું, તે સૂઝયું નહી. તેણે જરા નીચું જોયું. ત્રિભુવનના મ્હોડાપર વિકાળતા આવી, તેના નસ્કોરાં ભયંકર રીતે ફાટવા લાગ્યાં. પાટણને અને માલવાને પેઢીદર વેર ચાલતું, અને તે વેર કેળવવામાં જ વડાઈ લેખાતી, અને દુશ્મનને નમતું આપી સલાહ કરવી, એ રાજપૂત વીરોને હંમેશ મરણ કરતાં વધારે ખરાબ લાગતું.

"પ્રસન્ન! કહેતાં શરમાય છે? શું તું પણ જવા તૈયાર છે ?" તેણે ભયંકર રીતે પૂછ્યું. સામે સામળ બારોટ ખેદથી ડોકું ધુણાવતો હતો, અને જરા જરા હુક્કો તાણતો હતો.

"ફોઈબા મને સમજાવે છે ખરાં."

"ફોઈબા ! મીનળદેવી ? તેની મગદૂર શું ?" વગર વિચારે જરા ઘાંટો પાડી ત્રિભુવન બોલ્યો. પાછળથી એક કુમળો પણ સત્તાદર્શક અવાજ આવ્યો, અને બધા ચમકીને તે તરફ ફર્યાં.

"મીનળબાની મગદૂર કોણ પૂછનાર છે?"

બારણામાં એક બાર વર્ષનો બાળક ઉભો હતો. તેના ગૌરવશાળી મ્હોડાપર કર્ણદેવના સૌંદર્યની છાપ હતી, આંખોમાં મીનળદેવીની તેજસ્વી ભવ્યતા હતી. અપમાન પામેલી રાજ્યસત્તાની ઉગ્ર મૂર્તિ જેવો તે ઉભો હતો, અને બધા તરફ કરડી નજરે જોઈ રહ્યો હતો.

"કોણ, જયદેવકુમાર!" બારોટે કહ્યું; "આવો, મારા સોલંકી કુલદીપક!"

"મીનળબાને વિષે આવું બોલનાર આ કોણ છે? અહિયાં કેમ આવ્યો છે?" તિરસ્કારથી જયદેવે પૂછ્યું.

તેવા જ તિરસ્કારથી અને ગૌરવથી ત્રિભુવને જવાબ આપ્યો:– "રાજગઢમાં આવવા જેટલો તમારો અધિકાર છે, તેટલો મારો છે. પછી કોઈ વખત સાબીત કરીશ. હાલ જાઉં છું," કહી કોઈ રોકે, તે પહેલાં તે ત્યાંથી ચાલ્યો ગયો. તેને એકદમ ભાન આવ્યું કે, જયદેવ તેને ઓળખશે તો તેના પિતાને ઘણું નુકસાન થયા વિના રહેશે નહિ. હમણા છાનાંમાના રહેવા, તેના બાપે તેને સૂચવ્યું હતું. બારોટ અને પ્રસન્ન તો ગમે તેમ કરી બધું છાનું રાખે, પણ પાટવીકુંવર સાથે વાત કરવી ઘણી જોખમભરી લાગી. તે ઝપાટાબંધ નીચે ઉતર્યો અને પહેલાં ચઢ્યો હતો તે ઓરડામાં આવ્યો, અને પોતાનું તીર અને કામઠું ત્યાં પડ્યાં હતાં, તે લીધા વિના છજામાં ગયો. તેની પાછળ પ્રસન્ન દોડતી દોડતી આવી.

"ત્રિભુવન! જરા ઉભો રહે. આમ ચાલ્યો શું જાય છે?"

"શું કામ છે? ઉજ્જેણીની રાણીને મારું શું કામ?" પ્રસન્નને તરછોડતાં ત્રિભુવન બોલ્યો.

"પણ જરા સાંભળશે?"

"તું રાણી થા, પછી સાંભળીશ," કહી ગુસ્સાના આવેશમાં, આવચારમાં છજાપરથી તેણે ભૂસકો માર્યો, અને ઘોડાપર બેસી ત્યાંથી ચાલ્યો ગયો. ક્યાં સૂધી પ્રસન્ને તે તરફ જોયા કર્યું. "બાપ અને દીકરો બન્ને કેટલા ઉતાવળિયા છે!"

---

## પ્રકરણ ૬ હું

### મીનળદેવી

સુંજાલ આનંદસૂરીને મૂકી રાણીના ઓરડામાં પેઠો ત્યારે તેની ચાલ અને સ્વરૂપ કાંઇક બદલાયાં. તેનો મગરૂર, સત્તાદર્શક દેખાવ જરા નમ્ર અને સ્નેહભીનો થયો.

"દેવી! ક્યાં છો?"

"કોણ, મહેતા! અહિંયાં છું," અંદરની ઓરડીમાંથી અવાજ આવ્યો. નાની ઓરડીમાં એક ત્રીશેક વર્ષની સ્ત્રી પાટપર બેઠી બેઠી માળા ફેરવતી હતી. તેની આંખો જરા લાલ અને વદન મ્લાન લાગતાં. મુંજાલ સામા ઉમરાપર બેઠો. સ્ત્રીએ માળા ઉંચી મૂકી, અને નાનાં પણ તેજસ્વી નયનો મંત્રીપર ઠેરવ્યાં. તેનું રૂપ સાદું, અને રંગ કાળો હતો.

"મુંજાલ! શી નવાજૂની છે?"

"નવાજૂનીમાં તો વાદળાં ઘેરાય છે."

"કેમ?" "દેવપ્રસાદ અહિંયાં આવ્યો છે," મુંજાલે કહ્યું.

"હેં! શું કહે છે? વગર રજાયે!"

"એમાં રજા શું કામ જોઇએ? કાકા મરવા પડે ત્યારે ભત્રીજો જોવા ન આવે?"

"અને આપણું બધું લૂંટી લે? અત્યારે એમને તો કશું ભાન નથી, ને કાંઈ કહી દેશે તો વળી પંચાત થશે."

"કાંઈ નહિ થાય. તમે બેફિકર રહો. પણ આ ઘડી એને છેડાય એમ નથી. નહિ તો હું ચૂકું? મારે તો હજુ એની સાથે ઘણો હિસાબ ચૂકવવાનો છે."

"મહેતા! ચૂકવતાં ચૂકવતાં પંદર વર્ષ થયાં. હજુ કાંઈ થયું નથી."

"તમારે વાસ્તે."

"મારે?

"હા! તમારા જયદેવને માટે પાટણ રહે, તેટલા માટે મારું વેર અને સ્વાર્થ છોડી, આ ખટમાળમાં ગુંથાઈ રહ્યો છું."

"તેમાં કર્યું શું?" જરા કચવાઈ મીનળદેવીએ કહ્યું; "તેર વર્ષ પર ગુજરાતમાં પગ મૂક્યો અને જેવી સત્તા વિનાની શોભાની રાણી હતી, તેવીજ આજે હું છું. તારાપર વિશ્વાસ રાખતાં તો હવે ઘરડી થઈ."

અન્યાયભર્યા વેણથી થયેલા આઘાતને લીધે દબાયેલે સ્વરે મુંજાલે કહ્યું, "દેવી! દેવી! આવું કહો છો? તેર વર્ષપર પૂરું પાટણે તમારું ન હતું. આજે મોટા ગ્રાસો અને મંડળો સિવાય બધે તમારી આણ વર્તે છે. ચંદ્રાવતીએ પણ આપણે માટે લશ્કર તૈયાર કર્યું છે, અને જો કાંઈ વધારે ન થયું હોય તો તમારે લીધે જ."

"એ તો તમારી ફરિયાદ સાંભળતાં સાંભળતાં હું થાકી ગઈ."

"અને હજુ વધારે થાકશો. રાજ્યસત્તા ગમે તેવી રીતે પણ થાપવી, એ મારા મગજમાં નથી ઉતરતું."

"ના, ત્યારે મારે બધાનાં ઓશિયાળાં થઈ રહેવું? તમારા –

દાતા ભલા છે, તેથી આખો અવતાર શોભાની સત્તા ભોગવીને કહાડ્યો. પણ મારાથી કેમ રહેવાય ?"

"હું ક્યાં કહું છું કે કહાડો ? પણ શામાટે ગમે તેવી રીતે એકબીજા પક્ષોને લડાવી સત્તા બેસાડવી ? ગરાસીઆઓની અને મંડલેશ્વરોની સત્તા નબળી કરવા શા માટે રાજપૂતોને હલકા પાડી, શ્રાવકોને શ્રેષ્ઠતા આપવી ? તેથી પાટણ સત્તાવાન્ થશે ? એ તો સ્વપ્નું છે, દેવી !"

"મને તો તારું સ્વપ્નું લાગે છે. જ્યાં સુધી આ બે પક્ષો એક બીજાને નિર્બળ કરશે નહિ ત્યાં સુધી રાજનો કોણ હિસાબ ગણવાનું છે ?"

"નિર્બળતા ઉપર રાજ્ય રચવું, એ તો રાંડીરાંડોની રમત છે. પરિણામ શું થશે, તેની ખબર છે ? અમારા શ્રાવકોએ પાટણથી કંટાળી ચંદ્રાવતી સ્થાપ્યું, અને અહિંયાં પણ તેમનું ચાલે તો રાજાને ઉઠાડી મહાજનનું રાજ્ય સ્થાપે. તે આખરે કરશે, પણ તે આજે નથી થયું, તે પણ મારા જ પ્રતાપ," મગરુરીથી મહામંત્રીએ કહ્યું.

"શું કરવા ડરે છે ત્યારે ? અહિયાં મહાજનનું રાજ્ય થશે તો નગરશેઠ તું જ છે ને ? પછી તારા માસા વિમળમંત્રીએ ચંદ્રાવતીનું રાજ્ય કર્યું. તારી બીજી માસીનો સૌભાગ્ય હમણાં ત્યાં રાજ્ય કરે છે, અને તું અહિંયાં કર," જરા કટાક્ષથી રાણીએ કહ્યું.

"હું કેમ નથી કરતો, તેનાં કારણો ક્યાં તમે નથી જાણતાં ?" કહી મુંજાલે વિચિત્ર રીતે મીનળ સામું જોયું. મીનળે જરાક નીચું જોયું. થોડી વાર બન્ને મૂગાં રહ્યાં.

"અને બીજું કારણ એ કે," જાણે પહેલું કારણ કહ્યું હોય તેમ મુંજાલે કહ્યું; "ઠેરઠેર ચન્દ્રાવતીઓ કરવી, તેમાં શો ફાયદો ? એકલા વેપારીઓની સત્તામાં પ્રભાવ શો ? સત્તા આખા દેશની જોઇએ. મૂળરાજદેવની એ રાજ્યનીતિ હતી. આખા ગુજરાતને એક રાજ્યને તાબે કરી બધી પ્રજાને સબળ બનાવીએ, તો જ આપણા પાટણનો ડંકો દેશદેશાંતર વગડે. જ્યારથી બીજી જાતના વિચારો અહીં પેઠા છે, ત્યારથી બધું બગડ્યું છે, અને જે માળવા અને કચ્છ મૂળરાજદેવને નામે થરથરતાં હતાં, તે આજે દર વર્ષે કાંઈ ને કાંઈ પડાવી લે છે, અને કયી પળે પાટણપર સ્વારી લાવે, તે સમજાતું નથી."

"કેમ, માલવરાજ પણ તૈયાર થયો છે કે શું ?"

"ક્યારે નહોતો ? અવન્તીમાં તો આ ગુજરાત માળવાનું મંડલ છે, એમ લેખાય છે."

"તેથી જ પ્રસન્નનું કરવા માગું છું ને?"

"મને બહુ સારાં ફળ તેમાંથી લાગતાં નથી, પણ હું તો એટલું જ

કહું છું કે, તેર વર્ષ વિશ્વાસ રાખ્યો તો હવે થોડો વખત વધારે રાખો. મારી રીતે મને કામ કરવા દો; જયદેવ સમસ્ત ગુજરાતનો ધણી થશે.”

“પણ આ મંડલેશ્વરનું શું કરશે?”

“તે એની મેળે સીધો થશે. કાંઈ તોફાન જાગશે તો એનો હાથ જબરો થઈ જશે. ગામેગામના રાજપૂતો એના તરફ વળશે. તેના કરતાં એના બાહુ એવા નબળા કરીશ અને એનાજ માણસોને એવી ખાત્રી કરી આપીશ કે, તેને છોડી પાટણના નરપતિના બધા નોકરો થઈ રહેશે.”

“એ ધારો છો એવું સહેલું નથી.”

“ઘણું સહેલું છે. જો રાજ્યનીતિ લોકોના લાભની રાખીશું તો માલવરાજા જોડે લડાઈ સહેલાઈથી શરુ કરીશું, અને આપણી ઉત્સાહી પ્રજાનું ધ્યાન જો તે તરફ ગયું તો પાંચ વર્ષમાં આખો દેશ તમારો. આપણામાં ઉત્સાહ છે, શક્તિ છે; પણ તે દાખવવાનો અવસર ઉભો થતો નથી.”

“મહેતા! મહેતા! મને તો બધું સ્વપ્ન જેવું લાગે છે.”

“સ્વપ્નાં કાલે સવારે ખરાં કરું. જો એક મારું માનો તો.”

“શું?”

“વિમલશાહ પછી કોઈ દંડનાયક આપણે ત્યાં નીમાયો નથી. દેવપ્રસાદ ફાંફાં મારી મરી ગયો, પણ અન્નદાતાએ તેને બનાવ્યો નહિ. મને દંડનાયક નીમો, અને પછી જુઓ.”

“મુંજાલ આવી પદવીનો લોભ તને ક્યારનો થયો? તને ઓછું શું છે?” ઠપકાભર્યાં અવાજે મીનળે પૂછ્યું.

“ઓછું તો બધું જ,” કહી મુંજાલે દયામણી નજરે જોયું; ફરી ઉમેર્યું; “દેવી! તમને ખબર નથી કે, પદવીઓની મને કાંઈ પરવા નથી. ઓછું તો એટલું જ કે, આ રાજ્યમાં એક કઢંગી રીત પડી ગઈ છે કે સત્તા એક હાથે રહેતી નથી, અને બધા ધ્યાનમાં આવે તેમ વર્ત્યાં જાય છે.”

“તારી શી ઓછી સત્તા છે કે આમ બોલે છે?”

“સત્તા ઓછી પડે છે, કારણ કે તમારા રાજ્યતંત્રમાં એકતાનતા નથી. દેવપ્રસાદ સેનાધિપતિ નામનો, તે આપણો દુશ્મન; શાન્તિચંદ્ર મંત્રી અને કોષાધ્યક્ષ તે ચન્દ્રાવતીના પક્ષનો; ઉદયબાનો ભાઈ મદનપાલ કર્ણાવતીનો દુર્ગપાલ એટલે ત્યાંનો રાજા; હું પાટણનો દુર્ગપાલ એટલે—”

“તું અહિંયાંનો રાજા.”

“ના, મારાથી કાંઈ થતું નથી; કારણ કે તમારો પંથ દહાડે દહાડે જૂદો થાય છે. શાન્તિચંદ્રનો તો છેજ, એટલે હું અહિંયાં શોભાનો.”

"છતાં તુંજ ખરું રાજ કરે છે!"

"કારણ કે કોઇનામાં અક્કલ નથી. પણ જો આ બધા કોઈ એકની સત્તા નીચે આવે, અને પાટણનો દુર્ગપાલ તે હોય તો જરૂર તમારા રાજ્યની સત્તા વધે."

"કે ઘટે."

"તેજ દુઃખ છે ને." જરા દીલગીરીભર્યા અવાજે મુંજાલે કહ્યું. "આટલાં આટલાં દુઃખો સહતાં, આટલી આટલી સેવા કરતાં તમને વ્હેમ છે, કે મને સત્તા આપશો તો હું દુરુપયોગ કરીશ."

"ના, ના, મહેતા! એવું કાંઈ નથી."

"જો જો, વિચાર કરી જો જો. હજુ થોડો વખત છે. પણ અન્નદાતાનો પ્રાણ જશે કે બીજી પળે તમારે કાંઈ કરવું પડશે; નહિં તો છે, તેના કરતાં અંધારું ફરી વળશે અને જે કાંઈ પણ કર્યુંકારવ્યું છે, તે નકામું જશે."

"ત્યારે ચન્દ્રાવતીમાંથી લશ્કર મંગાવ્યું છે,તેનો સેનાધિપતિ કોણ થશે?"

"હા! એ વિચારવા જેવું છે. શ્રાવક સિવાય કોઇને તો તે ગાંઠે નહિ, ને આપણી સત્તાની બધી કુંચી પણ તે છે. મારા ધારવા પ્રમાણે જો શાન્તિચંદ્રને નીમો તો ઠીક પડશે."

"કેમ?" રાણીએ પૂછ્યું.

"કારણકે ત્યાંના લોકો એને તેમનો માને છે; વળી એ વયોવૃદ્ધ છે, એટલે વજન પડશે; અને સોલંકીઓ પ્રતિ તેની રાજભક્તિ અચળ છે, એટલે તમારું કહ્યું માન્યા વિના નહિ રહે."

"ઠીક, જોઇશું, પ્રભુ કરે ને એ વખત આવતાં વિલંબ થાય."

"દેવી! બીજું સૌભાગ્યભાઇએ એક જતિ અહિંયાં મોકલ્યો છે, અને લખ્યું છે કે, તેને રાજસેવાની ઇચ્છા છે. અત્યારે તેને મળશો કે સવારે?"

"કાંઈ પાણીવાળો છે?"

"લાગે છે તો હોંશિયાર, અને સૌભાગ્યભાઈ તો ઘણાં વખાણ કરે છે."

"ઠીક, તો અત્યારે જ મળીશ."

"આપણે એક રીતે કામ તો લાગશે. શાન્તિચંદ્ર અને ચન્દ્રાવતીપર એને લીધે આપણો કાબુ રહેશે. પણ જો જો હો, એ ચન્દ્રાવતીનો પગ નહિ પેસાડે."

"મુંજાલ! મારાપર વિશ્વાસ નથી?"

"ના છે, પણ તમારી આ લડાવી મારવાની રાજનીતિમાં મને શ્રદ્ધા નથી."

"નહિ, નહિ; જા બોલાવ. પણ, મુંજાલ!" રાણીએ ધીમે અવાજે કહ્યું; "દેવપ્રસાદ અહિંયાં છે, અને કાંઈ તોફાન થાય, તેથી તેને અહિયાં લાવીને રાખીયે તો કેમ?"

મુંજાલનું મોં ઉતરી ગયું. તેના કપાળપર કરચલીઓ પડી.

"કોને?" "પેલીને," કહી રાણીએ બારી તરફ આંગળી કરી. મુંજાલની આંખમાંથી જ્વાળા નીકળી.

"દેવી! નજરમાં આવે તેમ કરો. મને એ વાત કરશો જ નહિ."

"આ જતિને સોંપું? એ અજાણ્યો છે, એટલે વહેમાયા વગર કામ કરશે."

"જેમ ફાવે તેમ કરો," કહી ઉતાવળથી મુંજાલ બારણા આગળ ગયો, અને આનંદસૂરીને બૂમ પાડી. આનંદસૂરી અંદર આવ્યો.

## પ્રકરણ ૭ સું

### ધર્મ અને સામ્રાજ્ય

આનંદસૂરીએ પ્રણામ કર્યા; મીનળે સામો જવાબ વાળ્યો.

"દેવી! આ સૌભાગ્યલાઇએ મોકલેલા મહાત્મા. હવે હું જઇશ. જોઈ આવું કે, અન્નદાતાની તબિયેત કેમ છે."

"હા. જા, હું પણ હમણાં આવું છું."

મુંજાલ જતિ તરફ તીક્ષ્ણ નજર નાંખીને ચાલ્યો ગયો.

"દેવી!" આનંદસૂરીએ કહ્યું, "આજ મારાં અહોભાગ્ય છે. હું દેશેદેશ રખડ્યો, પણ આપને જોવાની ઇચ્છા હૃદયમાં હંમેશ હતી. આજે હું કૃતાર્થ થયો."

"આપનું નામ?" "આનંદસૂરી."

"આપ અહિંયાં કેમ આવ્યા છો? કાંઈ ખાસ કામ છે?"

"મહારાણી! ખરું કહું?" જતિની આંખમાં જૂદું જ તેજ આવ્યું. મુંજાલની હાજરીમાં જે ક્ષોભ હતો, તે ચાલ્યો ગયો. ધીમે ધીમે તેનો પ્રભાવ દેખાવા લાગ્યો. "મારું જીવન મેં જીનપ્રભુજીને અર્પણ કર્યું છે."

"ત્યારે રાજખટપટમાં પડો છો શા માટે?"

"રાજનીતિ શું ધર્મ નથી? ધર્મ અને જીવન અભિન્ન છે, દેવી! અને આપણી અવનતિ એ ભિન્નતાએ જ આણી છે."

"મહારાજ! શિખામણ દો છો?" જરા ગર્વથી મીનળે પૂછ્યું.

"દઉં છું, શા માટે નહિ? તમારા કરતાં ગીઝનીના યવનો વધારે ડાહ્યા છે. દુનિયાની કતલ તે, પણ એમનાં શાસ્ત્રો જ શીખવે છે."

"મુંજાલ મંત્રીનો અભિપ્રાય જૂદો જ છે."

"તેથી જ તે ખત્તા ખાય છે."

"તમે શું ધારો છો સારે?" આતુરતાથી મીનળે પૂછ્યું."

"મંત્રીએ અમારી ચન્દ્રાવતીની રાજ્યપદ્ધતિ વિષે બહુ બોલવા મને ના કહી છે, અને તેમાં આપ તો ચિન્તાતુર છો. પછી વાત કરીશું."

"નહિ, મારે હમણાં જ સાંભળવું છે. પાટણની સ્થિતિ હમણાં કઢંગી છે, અને તમારા જેવા વિદ્વાન્ અનુભવીના અભિપ્રાયો મને ઘણા કામ લાગશે."

"મુંજાલ મંત્રી સિવાય બીજાનો અભિપ્રાય કામ નહિ લાગે," ધીમે રહીને ઝેર પ્રસારતા જતિએ કહ્યું; "પણ હું માનું છું કે, એક ધર્મ વિના એકતા નથી, એક ધર્મના પ્રભાવ વિના પ્રજા નથી, તેના ઉત્સાહ વિના વીરતા નથી."

"તમે અત્યારે પાટણના પ્રધાન હો તો શું કરો?"

"હું? મારું ચાલે તો જૈન ધર્મને મારી રાજનીતિનો પહેલો મંત્ર કરીને સ્થાપું, તેના અનુયાયીઓમાં તેને નામે ઉત્સાહ અને એકતા પ્રેરું, તેના રક્ષણ માટે લોકોમાં વીરતા પ્રગટાવું; અને તેના પ્રચલન માટે દેશેદેશમાં જીન ભગવાનનો ભગવો વાવટો ઉડતો કરું," ધર્મના જુસ્સાથી જ્વલંત મુખે જતિએ કહ્યું.

"તમારી વાત ઠીક તો લાગે છે, પણ રાજપૂતોનું શું?"

"રાજપૂતો સત્તાના અને શૌર્યના સેવકો છે, અને ધર્મને જ્યાં તેનો પ્રતિનિધિ દેખશે, એટલે તરત તેને આધીન થશે."

"મહારાજા મને વાત કરતા હતા. તેમણે સસરાજી પાસે સાંભળી હતી. ગીઝનીના બાદશાહે નવ ખંડ જિતી પોતાની આણ આખી દુનિયામાં વર્તાવી હતી."

"તેનું કારણ પણ તે જ. તે એકલો રાજા જ નથી, ધર્મવીર છે. હું ઉત્તર પ્રદેશમાં ગયો હતો ત્યારે એમનો એક ધર્મગુરુ મને મળ્યો હતો. તેણે મને એમના કેટલાક સિદ્ધાંતો સમજાવ્યા હતા. એ યવનો તો એટલું જ શીખ્યા છે કે, ધર્મની ઝનૂન વિના રાજ્ય નહિ."

"આનંદસૂરી!" વિચારમાં ડોકું હલાવતાં મીનળદેવીએ કહ્યું, "તમે જાણે કે અજાણે મારા અન્તરની ઇચ્છાને અનુસરતા ઉદ્ગાર કહાડો છો. પણ શ્રાવકોની સત્તા થાય તો વિમલશાહે કર્યું, તેમ રાજાને તિરસ્કારી તેઓ મહાજનની સત્તા જ બેસાડે! પાટણ બીજું ચન્દ્રાવતી થાય."

"રાણી! સાચું કહું?" જતિએ નીચાં વળી ભયંકર શાંતિથી કહ્યું; "એ ડર તમારો ખરો છે. પણ સારી વસ્તુ ગ્રહી ખરાબ દૂર કરાય તેમ છે."

"કેવી રીતે?" "રીત તમને પસંદ નહિ આવે."

"તે જોઇશ, તમે કહો તો ખરા."

"આને દૂર કરો."

"કોને? મુંજાલને?" ગૌરવથી માથું ઉંચકી, તીક્ષ્ણ સચોટ નજર આનંદસૂરીપર નાંખી મીનળદેવી બોલી; "તમે પરદેશી છો, તેથી જાણતા નથી. મુંજાલ મારો જમણો હાથ છે. ચન્દ્રપૂરમાં પહેલાં ગુજરાતની મોહિની મને એણે લગાડી; મહારાજા સાથે લગ્નની સગવડ એણે કરી આપી; મહારાજાએ જ્યારે મારા રૂપપર નાખુશ થઈ મારો ત્યાગ કર્યો, ત્યારે એણે સમાધાન કરાવ્યું; અને તેર તેર વર્ષ થયાં મારે પડખે નિશ્ચળ ભક્તિથી તે ઉભો રહ્યો છે."

"આ ઉદ્‌ગારો તમારી વડાઈ દેખાડે છે. મુંજાલ રાજભક્ત છે, બાહોશ છે, પણ તેની રાજનીતિ ટૂંક બુદ્ધિની છે. એ જો માને તો તો ઘણુંજ સારું, પણ નહિં તો થોડો વખત મુખ્ય સત્તા તમારા હાથમાં તમારે લેની જોઈએ. મુંજાલ મંત્રીની નજરે જુવે છે, રાજાની નહિ."

"જતિ! તમારી હિંમત જબરી છે. પરદેશી માણસ જોડે ખાનગી વાત મારાથી આજે પહેલી જ થાય છે. પણ તમારી સત્યતાપર ભરોંસો રાખું છું."

"જરા ડરતાં નહિં. હું તમારી સેવા કરવા આવ્યો છું, અને મારા જેવો નિમકહલાલ બીજો નહિં મળે."

"ઠીક, ત્યારે કહું? મુંજાલ અડગ છે; તે તૂટશે પણ વળશે નહિં."

"વાળતાં આવડતું હોય તો બધા વળે." "કેમ?"

"ચન્દ્રાવતીએ મોકલેલા લશ્કરનો અધિપતિ મુંજાલને બનાવો. શ્રાવકો એને ઠેકાણે રાખશે. શાંતિચંદ્ર કુશળ છે. તેને પાટણનો દુર્ગપાલ બનાવો, અને બને તો દંડનાયક."

રાણી ચમકી. "શું? વારુ, હું વિચાર કરી જોઈશ. કાલે સવારે શાંતિચંદ્ર શેઠને લઈ મારી પાસે આવજો."

"જરૂર, દેવી! બીજું કાંઈ કામ હોય તો હું હંમેશ હાજર છું."

"હા, એક કામ કરશો?"

"શું? જે કહેશો તે કરવા તૈયાર છું."

"શહેર બહાર વિમલશાહનું સ્થાનક જોયું છે?"

"હા, આજે આવતાં હું ત્યાં જ થોભ્યો હતો."

"ત્યાં જઈ આચાર્યને ખાનગીમાં બોલાવી કહેજો કે, મીનળદેવી ગોરી સાધ્વીને બોલાવે છે."

"ગોરી સાધ્વી?"

"હા, અને તેને ડોળીમાં ઘાલી અહિંયાં લઈ આવજો. ડોળીને ગઢમાં નહિ આણતા. આ પાછળ દાદર છે ત્યાં તેને લાવજો, અને મારી દાસીને સોંપજો."

"જેવી દેવીની ઇચ્છા."

"આ વાત ઘણી ખાનગી રાખવાની છે."

"એમાં કાંઈ કહેવું નહિ પડે," કહી આનંદસૂરી ગયો

મીનળદેવી ક્યાં સુધી મૂગી મૂગી ઉભી રહી.

મુંજાલ અને જતિના વાક્યોનો ધ્વનિ તેના કાનમાં સંભળાતો હતો. "શું કરવું?"

## પ્રકરણ ૮ મું

### કર્ણદેવ

આ બધી વખત બિચારો મંડલેશ્વર વાચસ્પતિની વાટ જોતો છજામાં આંટા મારતો હતો. પહેલાં તેણે વાચસ્પતિને ગાળો દીધી; પછી લીલા વૈદને, પછી મુંજાલને, પછી મીનળદેવીને, પછી પોતાના ભાગ્યને; છતાં કોઈ આવ્યું નહિ. આખરે બગાસું આવ્યું, એટલે તે ભોંયપર બેસી ગયો. તરત તેને એક ઝોકો આવ્યો, અને તે ઉંઘી ગયો. ઉંઘમાં તેને અનેક સ્વપ્નાં આવ્યાં. એક સુંદર મુખ હંમેશાં તેમાં દેખાયાં કરતું. મંડલેશ્વર વધારે નિરાશ અને ચિન્તાતુર થયો. ઉંઘમાં પણ જાણે છાતી બેસી ગઈ હોય એમ તેને લાગ્યું. આમ કેટલીક ઘડીઓ વહી ગઈ, મધ્યરાત્રિ વીતી, પરોઢિયું ફાટવાનો વખત પાસે આવ્યો; રાતના અંધકારમાં ન સમજાય એવો મીઠો, આછો પ્રકાશ ભળવા લાગ્યો. પાછળથી વાચસ્પતિએ આવી મંડલેશ્વરના ખભાપર હાથ મૂક્યો અને તે ચમકીને તરત જાગ્યો, ઉભો થઈ ગયો, અને આમ તેમ જોવા લાગ્યો.

"વાચસ્પતિ! કેટલી રાત ગઈ? અરુણોદય થયો?" કહી છજામાંથી ડોકું કહાડી મંડલેશ્વર પૂર્વ તરફ નીચો વળી જોઇ રહ્યો.

"હા, થોડીક વાર થઈ," વાચસ્પતિએ કહ્યું, પણ મંડલેશ્વરે કાંઈ ઉત્તર વાળ્યો નહિ. તે છજામાં વળેલો રહ્યો. તેના ડોળા જાણે આંખોમાંથી નીકળી જતા હોય, તેમ બહાર નીકળ્યા હતા, અને એકાગ્ર નજરે તે નીચે બાગમાં કાંઈ જોઈ રહ્યો હતો. તેનું અંગેઅંગ ધ્રુજતું હતું, કપાળે પરસેવાનાં મોટાં મોટાં બિન્દુ આવી ગયાં હતાં.

"શું છે, મંડલેશ્વર?"

તે ફર્યો; લોઢાની સાંડસી વળગાડી હોય તેવા બળથી વાચસ્પતિનો હાથ દાબ્યો. "જો, જો; પેલું શું દેખાય છે?"

"મને તો કાંઈ દેખાતું નથી," વાચસ્પતિએ અંધારામાં કાંઈ ન દેખાતાં કહ્યું.

"પેલી સ્ત્રી જેવું; જો, જો, આ જાય છે. આ ગઈ, આ, આ—"

"ના, ભાઈ! મારી આંખ જરા નબળી છે, એટલે અત્યારે નહિ દેખાય."

"આજે બીજી વખત. ઉભો રહે, હું ખાત્રી કરી આવું."

"ક્યાં ખાત્રી કરવા જશો? ભલભાકળું તો થયું છે, અને અન્નદાતા જરા હમણાં શુદ્ધિમાં છે, તે પાછા બેભાન થઈ જશે. તેમને મળવું નથી?"

"વાચસ્પતિ!" ઉંડા વિચારના વમળમાં પડી મંડલેશ્વરે કહ્યું, "વાચસ્પતિ! શું કરું? મારું મન ચકડોળે ચઢ્યું છે."

"પણ કોઈ સ્ત્રી ગઈ, તેમાં તમે કેમ આટલા બીધા?"

"પંડિત! તું શું જાણે? પંદર વર્ષે આજે મેં પાછી બે વખત દીઠી."

"કોને?"

"મારી પ્રિયતમાને. મારી વર્ષો થયાં મરેલી પણ અણવિસરેલી હૃદયેશ્વરીને," ધ્રુજતા અને બેસી ગયલા અવાજે મંડલેશ્વરે કહ્યું.

"બાપુ! ભ્રમણતા હશે."

"ભ્રમણતા? ના, ના. હજુ મારી આંખો નિસ્તેજ નથી થઈ, મારી બુદ્ધિ ઘરડી નથી થઈ."

"ત્યારે શું ભૂત?" વિચારમાં પડતાં વાચસ્પતિએ પૂછ્યું, અને ગભરાટમાં કહ્યું:–"તમે એમ ધારો છો?–શાન્તં પાપં શાન્તં પાપં!"

"પંડિત એમાં શાન્તં પાપંની જરૂર નથી. મારા માથાપર મોત ભમવા માંડ્યું છે. ગુજરાતના શ્રેષ્ટ યોધાના દહાડા ગણાઈ ગયા છે. એક જણે આજે એમ પણ ભવિષ્ય ભાખ્યું કે, હું થોડા વખતમાં મરવાનો. આજે બે વખત સ્વર્ગે સંચરેલી સ્ત્રી પણ તેજ ચેતવી ગઈ. હરકત નહિ, જેવી મેં જીંદગી ગાળી છે, તેવો જ મરીશ. મારે નામે બારે મંડલો અને બાવન શહેર ત્રાસી મરશે, પછી હું મરીશ. ચાલો, વાચસ્પતિ! કાકાજી પાસે લઈ જાઓ."

મંડલેશ્વરે ભયંકર અવાજે કહ્યું, અને વાચસ્પતિની પાછળ દ્રઢતાથી જવા લાગ્યો.

પાસે એક ઓરડામાં પાટણનો ધણી છેલ્લી પથારીએ પડ્યો હતો. લીલો વૈદ અને એક બે બીજા માણસો કાંઈ દવા તૈયાર કરતા હતા. મંડલેશ્વરને આવતાં જોયો, એટલે લીલો ઉઠ્યો અને પાસે આવ્યો.

"મંડલેશ્વર! કેટલી વાર લાગી? મહા મુશ્કેલીએ બેભાન થતા અટકાવ્યા છે, અને હવે ભાન જશે તો પછી રામ રામ."

"ઠીક," કહી મંડલેશ્વર પથારી પાસે આવ્યો. લીલાએ નિશાનીથી બીજા માણસોને બહાર મોકલ્યા, અને નિરાંતે દવા વાટવા પોતાનું જાડું શરીર ગોઠવ્યું.

"કાકાજી! કાકાજી! ઓળખો છો?"

મરણપથારીમાં પણ સ્વરૂપવાન્ લાગતા કર્ણદેવે જરાક પાસું બદલ્યું, અને મહા મુશ્કેલીએ આંખો ઉઘાડી. તેનું આખું શરીર મરી ગયા જેવું થયું હતું. અત્યારે દવાના જોરથી મગજમાં કાંઈ શુદ્ધ હતી.

"કોણ? દેવુ"

મહા મુશ્કેલીએ કર્ણદેવે અવાજ કહાડ્યો.

"હા, કાકાજી! દેવુ. કાંઈ કહેવું છે? જે કાંઈ કહેવું હોય તે કહો."

"તો...ફાન કરવા," પોતાની ફિક્કી પડતી આંખો દેવપ્રસાદપર ઠેરવતાં રાજાએ પૂછ્યું.

"ના, કાકાજી! મેં કાંઈ તોફાન કર્યું હોય તો બીજાના જુલમને લીધે જ. મારું ચાલશે તો હું સમાધાન કરીશ. બીજું કાંઈ કહેવું છે." કાનમાં દેવપ્રસાદે બૂમ પાડી કહ્યું.

"જયદેવ," કર્ણદેવે ધીમે ધીમે અક્ષરો મોંડામાંથી કહાડ્યા.

"કાકાજી! તમારો છોકરો તે મારો ભાઈ. તેને આડી આંચ નહિં આવવા દઉં."

"વચન." "વચન. મારું માનભંગ કરવા કોઈ નહિં ઇચ્છે તો જરૂર જયદેવનો વાંકો વાળ થવા નહિ દઉં."

"અં–અં! દેવુ!" મહા મહેનતે ચિત્ત ઠેકાણે રાખતાં કર્ણદેવે કહ્યું.

"હો! બીજું કાંઈ."

"પાસે." દેવપ્રસાદ પાસે આવ્યો અને નીચો વળ્યો.

"હં–હં–સા જીવે છે." દેવપ્રસાદ ચમક્યો. "હેં," કહી એકદમ પાછળ હઠ્યો; "શું? ક્યાં?" તેની આંખ આગળ ઓરડો ફરવા માંડ્યો.

"વિ–વિ–વિ," કહેતાં કર્ણદેવને ગળે ઘરઘરી આવી. તેના ડોળા દેવપ્રસાદની પાછળ કોઈ વસ્તુપર ઠરી ગયા. દેવપ્રસાદે પાછળ જોયું. તેજસ્વી આંખની ભયંકર સ્થિરતાથી મીનળદેવી રાજા સામું જોઈ રહી હતી. મરતાં મરતાં પણ ભલા રાજા પ્રતાપી રાણીની એક નજરથી મૂગા રહ્યા. શાન્તિથી, તિરસ્કારથી રાણી ત્યાં ઉભી રહી. રાજાની આંખો ફાટવા માંડી.

"વૈદરાજ!" રાણીનો શાન્ત સ્વર આવ્યો; "જુઓ પાછું ભાન જાય છે કે શું?"

દેવપ્રસાદના ઉકળતા સ્વભાવમાં રાજાની વાતે તેલ હોમ્યું હતું. તેની ઉગ્રતા વધી ગઈ હતી. હંસા, તેની ઘણાં વર્ષ થયાં ગુમાવેલી પત્ની, જીવે છે! પોતે ભાનમાં છે કે બેભાનમાં તે પણ તે કળી શક્યો નહિ. સામે મીનળદેવીને જોઈ તે વધારે અકળાયો. મહામુસ્કેલીએ તેણે મીજાજ કાબુમાં રાખ્યો અને પૂછ્યું:–"કાકી! ખરી વાત?"

"શી?" "મારી હંસા જીવે છે?"

"હું શું જાણું?"

"મેં આજે બે વખત જોઈ; અત્યારે કાકાજીએ પણ કહ્યું."

"તમારા કાકાજી અત્યારે બોલે, એ તો તમે જ માનો," જરા કટાક્ષમયતાથી મીનળદેવીએ કહ્યું; "પછી બધી વાત કરીશું. હમણાં મારો જીવ ઠેકાણે નથી."

"તમારો જીવ ઠેકાણે નથી તો મારો ક્યાં છે? મારી હંસા તમારા મહેલમાં છે," આ વખતે શું કરવું, તે નહિ સૂઝતાં દેવપ્રસાદે કહ્યું.

"કોણે કહ્યું?" "મેં દીઠી, અને અત્યારે."

ન જણાય એવી રીતે મીનળદેવી ચમકી.

"ભ્રમણતા, મંડલેશ્વર! ભ્રમણતા. અત્યારે તમારે રાજ્યની ફિકર રાખવી જોઇએ. આમ નકામી વાતો કરો, તે કાંઈ સારુ?"

"કાકી! રાજ્યની તો શી ફિકર રાખું? તમારા મસલતીઆઓએ તો તમને ભરમાવી મૂક્યાં છે, એટલે તમે તો મારું સાંભળો એમ જ ક્યાં છે? કાકાજીને મેં હમણાં જ વચન આપ્યું છે કે, હું મારા ભાઇની સેવા કરવા તૈયાર છું."

દેવપ્રસાદનું ભોળાપણું જોઈ રાણીની આંખો જરા હસી.

"પણ હું ક્યાં ના પાડું છું? તમે કાંઈ ને કાંઈ છીંડાં શોધો છો," જાણે નિરાધાર હોય તેવો ડોળ કરી રાણીએ કહ્યું. દેવપ્રસાદના વિચારો જાણવાની તેને આ સારી તક મળી હતી.

"હું છીંડાં શોધું છું કે તમારા મંત્રીઓ? કાકી, હજુ કાંઈ ગયું નથી. ગઈ ગુજરી જવા દો. તમે કહો તે કરવા તૈયાર છું," ભોળા મંડલેશ્વરે કહ્યું.

"હું ક્યાં ના કહું છું? વાર ફક્ત તમારી છે."

"મારી વાર! શું જોઇએ છે?"

"મારો દીકરો એકચક્રે રાજ્ય કરે, એટલું જ જોઇએ છે," મીઠાશથી મીનળદેવીએ કહ્યું.

"કાકી! પાટણનો ધણી હમેશાં એક જ ચક્રે રાજ્ય કરે છે."

"માત્ર વાતોમાં! ખરું જોતાં તો પાટણ બહાર એક કુતરું પણ તેની સામું જોતું નથી."

"એકચક્રે રાજ્ય કરવું છે? કાકી! મને દંડનાયક નીમો. કાલે સવારે આખા ભરતખંડને પાટણને તાબે કરું," મગરૂરીથી દેવપ્રસાદે કહ્યું.

"ભરતખંડ તો આઘો રહ્યો. સોરઠ અને કોલાપુરનું શું? ઘેર તો સાંસાં છે."

"એટલે?" જરાક મીનળની લુચ્ચાઇનો ખ્યાલ આવતાં દેવપ્રસાદે પૂછ્યું. તેને લાગ્યું કે, મીનળદેવી પોતાની પક્કાઇમાં વાતો કરે છે.

"એટલે એ, કે બાર બાર મંડલો અને બાવન શહેરો ધ્યાનમાં આવે તેમ કરે, ત્યાં પાટણનો ભાવ કોણ પૂછે?"

"તમારે તે બધું સર કરવું છે?" જરા મૂંછપર હાથ નાંખી દેવ-પ્રસાદ બોલ્યો. એ મીનળદેવીની વાત સમજી ગયો.

"હા, ત્યાર વગર મારો દીકરો એકચક્રે કેમ રાજ્ય કરે?"

"એટલે મંડલેશ્વરો બધા તમારા ગુલામો થઈ રહે! સિંહ મટી તમારા ઘરનાં બીલાડાં થાય!"

"રાજ્યના દુશ્મન મટી રાજ્યના સ્તંભ થાય" મીનળે કહ્યું.

"અને તે કરવા મારું દેહસ્થલી તમને સોંપી દઉં, મારું લશ્કર તમને આપી દઉં, જે બહાદુર વીરોએ મારા દાદાની સાથે રહી યવનોને ગુજરાત બહાર કર્યા, તેમની સ્વતંત્રતા સામું દ્રોહ કરું?"

મીનળ મૂંગી રહી. લીલો વૈદ છાનોમાનો રાજાને ઉપચાર કરી રહ્યો હતો. થોડી વાર બધાં છાનાં રહ્યાં.

"અને આ અધમતાનો અને દ્રોહનો શિરપાવ શો આપશો?" મશ્કરી કરતાં મંડલેશ્વર ક્રૂરતાથી હસ્યો. મીનળની આંખો શાન્તિથી તેના સામું જોઈ રહી.

"દંડનાયકની પદવી નાની નથી," તેણે ધીમેથી કહ્યું; "તે તમારા જેવા સોલંકી શૂરાને જ શોભે."

"તમારી પદવી ખાતર મારો દેશ, મારી સત્તા, મારી સ્વતંત્રતા ખોઉં?" દેવપ્રસાદે બોખરે અવાજે પૂછ્યું. તેની આંખો વિકાળ થઈ ગઈ. તેના મોંડા પર સિંહનો સીનો આવ્યો. છાતી ઠોકી તે બોલ્યો:– "કાકી! તમારી બુદ્ધિ તમારી પાસે રાખો. જ્યાં સૂધી મંડલેશ્વરમાં પ્રાણ છે ત્યાં સૂધી રાજપૂત વીરોને તાબે કરનાર કોની માએ જણ્યો છે તે હું જોઇશ. જે રાજ્યનીતિ પરાપૂર્વથી ચાલી આવી છે તે જોઉં છું કે કોણ બદલે છે?'

"જોઇશ કે ગુજરાતમાં કેટલું પાણી છે?"

"તેમાં પસ્તાશો. પદવીને લોભે બાપદાદાની ટેક છોડવા કોઈ નીકળશે તો તેને ભારે પડશે."

"મંડલેશ્વર! પાટણની રાણી કોઇની પણ ડરાવી ડરતી નથી."

"ત્યારે ભીમદેવ સોલંકીના પૌત્રને પાંજરામાં પૂરનાર જોઉં તો ખરો કોણ છે?" કહી મંડલેશ્વરે મૂછો મરડી; પછી નરમ પડી કહ્યું; "કાકી! હજુ કાંઈ સારી સલાહ લો, અને કલહનું મૂળ ટાળો."

"સલાહ માટે હું દેહસ્થલી નથી આવવાની, નિરાંત રાખજે." કહી મીનળદેવી ત્યાંથી રાજા તરફ ગઈ.

દેવપ્રસાદ ગુસ્સામાં ત્યાંથી ચાલ્યો ગયો.

લીલા વૈદે દવા બનાવતાં ઉંચું જોયું અને રાણીના મુખપર કચવાટ જોયો.

"બા! આ સિંહને પાંજરામાં પૂરવો સહેલ નથી."

"વૈદરાજ! વખત આવે તે પણ કરીશું."

"જે કરો તે; પણ, બા! પાટણની ગાદીને કલંક ન ચોંટે તે સમાલજો," ઘરડા વૈદે હિંમતથી કહ્યું.

મીનળદેવીએ કાંઈ જવાબ દીધો નહિ.

## પ્રકરણ ૯ મું

## બાપ અને દીકરો

દેવપ્રસાદ ભારે હૈયે ઘેર આવ્યો. તે ઘડીભર રાજ્યખટપટ ભૂલી ગયો. તેના મગજમાં બેજ શબ્દો અથડાયા કર્યા:—"હંસા જીવે છે." ઉંડો વિચાર કરવાની શક્તિ તેનામાં ઝાઝી હતી નહિ, છતાં અત્યારે તો પૂરેપૂરી જ મારી ગઈ હતી. અત્યારે શું કરવું, તે તેને સૂઝયું નહિ. તેના મનમાં અનેક વિચારો થયા, કાંઈ કાંઈ જૂની આશાઓ અને સંકલ્પો ફરી પ્રકટયા. પહેલાં તો પોતાની આંખને, અને રાજાના શબ્દોને માનવા કે નહિ, તેનો વિચાર આવ્યો. એક રીતે રાજ્યખટપટની અણીને પ્રસંગે હંસાના હૃદયભેદક વિચારોએ તેની હિંમત ઓછી કરી, અને બુદ્ધિની તીક્ષ્ણતા કાંઈક બુઠ્ઠી થઈ.

એ પાટણમાં ખાનગી રીતે આવ્યો હતો, એટલે તે છાનોમાનો પોતાને પાછલે બારણે ગયો.

"જોરાવર! ભાઈ ક્યાં છે?"

"ઉપર ફરે છે, બાપુ!"

"ઉંઘી નથી ગયો? આખા દિવસનો થાકી ગયો હશે?"

"ના, નથી ઉંઘી ગયા."

ઠીક, કોઈને કહેતો નહિ. પણ જો વલ્લભ આવે તો ઉપર મોકલજે."

"જેવી બાપુની આજ્ઞા."

મંડલેશ્વર ઉપર ગયો. તેના હૃદયરૂપી અરણ્યમાં ત્રિભુવનજ વિશ્રામસ્થાન હતો. તેણે જોયું કે, છોકરો પણ ઉદાસ દેખાતો હતો.

"કેમ, બેટા! ઉંઘી નથી ગયો?"

"ના, કાંઈ ઉંઘ નહિ આવી."

"ત્રિભુવન! હજુ તને ચિન્તા કરવા માંડવાની ઘણી વાર છે," ત્રિભુવનના ખભાપર હાથ મૂકી મંડલેશ્વરે સ્નેહથી કહ્યું.

"બાપુ! એ કાંઈ આપણા હાથમાં છે? પણ એ વાત જવા દો. તમે જઈ આવ્યા, તે શું થયું?"

"શું કહું?" એક નિસાસો નાંખી મંડલેશ્વરે કહ્યું; "મારી પીડાઓ ઘણી ભારે છે." કહેતાં કહેતાં તેની આંખમાં પાણી આવ્યું.

ત્રિભુવને અત્યંત ભાવથી બાપની સામું જોયું.

"બાપુ! બાપુ! તમે મને હજુ બાળક ગણી કાંઈ પણ કહેતા નથી, હો? ઘણીએ વખત તમારું દુઃખ સાંભળવા, તેમજ તે સાંભળી મારાથી બનતી મદદ કરવા મન તલસે છે. પણ તમને હજુ વિશ્વાસ નથી."

"વિશ્વાસની વાત નથી, ભાઈ! પણ તારા કોમળ મનપર કેટલો બોજો મૂકું?"

"તમને ખબર નથી બાપુ! કે સોળ વર્ષનો સોલંકી બધી દુનિયાને ભારે છે."

"બેટા! હું જાણું છું. મારી નજર આગળ તું ઉછર્યો છે અને મારાં બધાં કોડ તેં પૂર્યાં છે," ગર્વથી મંડલેશ્વરે કહ્યું.

"ત્યારે શા માટે મને તમારા દુઃખમાં ભાગિયો નથી કરતા?"

"કરું? થશે? શો ફાયદો? ઠીક. તું આ રાજ્યની પંચાત જાણે છે?"

"થોડી જાણું છું, પણ કારણ બરોબર સમજાતાં નથી."

"એ ઇતિહાસ ઘણો જૂનો છે, અને તારો જીવ દુભાય નહિ, માટે મેં સવિસ્તર કહ્યો નથી. અત્યારે કહું છું, સાંભળ. તું જાણે છે કે, ભીમદેવને ત્રણ સ્ત્રીઓ હતી. પહેલાં સ્ત્રી નાનાં મરી ગયાં, અને તેના પુત્ર મૂલરાજદેવના મૃત્યુની વાત પણ તું જાણે છે. બીજી બકુલાદેવી, વણિક કન્યા, પિતાજીની મા, અને ત્રીજાં ઉદયામતિ તે કાકાજીની મા."

"તે મને ખબર છે."

"હા, પણ તને ખબર નહિ હોય કે, પિતાજી ક્ષેમરાજ મોટા પુત્ર છતાં રાજ્ય છોડી દાદાજી જોડે કેમ વાનપ્રસ્થ થયા? વૈરાગ્યબુદ્ધિ કરતાં તેમનામાં વ્યવહારકુશળતા ઘણી હતી. તેણે જોયું કે, જો તે ગાદી લેશે તો ગુજરાતના સામન્તો માંહોમાંહ કપાઈ મરવાના."

"તે કેમ?"

"ત્રિભુવન! જ્યારે યવન બાદશાહે પાટણપર સ્વારી કરી, અને થોડા મહીના પોતાની સત્તા અહિંયાં જમાવી ત્યારે દેશની પાયમાલી થઈ ગઈ હતી. દરેક સામન્ત છૂપાતો ફરતો, દરેક શેઠિયો ધન અને સ્ત્રી સંતાડી મૂકતો. આખરે ભીમદેવ કંથકોટથી આવ્યા; તેમણે ધ્રુજતા

સામન્તોમાં હિંમત પ્રેરી એકઠા કર્યા. શ્રાવકો પણ પરદેશીના જુલમથી કંટાળી દાદાજી તરફ વળ્યા. દાદાજીનું લશ્કર પાટણને પાધરે આવ્યું, અને પાપી યવનના મદદગારો ભાગ્યા અને પાટણમાં પાછો સોલંકીનો ડંકો વગાડ્યો. પણ આપણે હીણભાગ્યે સાપે છછુંદર ગળી."

"કેમ ?"

"પાટણના નગર શેઠ વિમલશાહ, આ મુંજાલના માસાનું માથું ફરી ગયું. તે પોતાની જાતને દાદાજી કરતાંએ મોટો યોધો માનવા લાગ્યો."

"વિમલ મંત્રીની વીરતા વિષે મેં ઘણું સાંભળ્યું છે. ચન્દ્રાવતી એણે જ વસાવ્યું ને ?"

"હા, પણ તેનું મૂળ કારણ એ હતું કે, એ સ્વાર્થપટુ વેપારીઓને આપણું રાજ્ય નહિ ગમ્યું. એમને તો જ્યાં ને ત્યાં મહાજન જ જોઇએ."

"પણ દાદાજી તે કેમ સાંખી શકયા ?"

"શું કરે ? રાજ્યનું ઠેકાણું નહોતું, અને શ્રાવકો વિના પૈસો મળે એમ હતું પણ નહિ."

"ત્યારે સામન્તો શું કરતા હતા ?"

"તેમાં દાદાજીની ભૂલ હતી. તે સામન્તોપર સત્તા બેસાડવા મથતા, એટલે તેઓ ખીજવાયલા રહેતા. સામન્તોનું જોર ઘણું હતું, અને મહા-મહેનતે તેઓ ધનાઢ્યોને થોડા ઘણા કાબુમાં રાખતા. પિતાજીએ તેથી ધાર્યું કે,-જો તે ગાદી લેશે તો સામન્તો બધા કાકાજીનો પક્ષ લેશે અને ગુજરાતમાં લડાઈ પેદા થશે. તેમ થવા-દેવા કરતાં વાનપ્રસ્થાશ્રમ તેણે વધારે પસંદ કર્યો. પણ કાકાજી કર્ણદેવ તેથી પણ ભૂંડા નિવડ્યા. લહેરમાં ને લહેરમાં શ્રાવક મંત્રીઓના હાથમાં તેઓ રમકડાં થઈ રહ્યા. છતાં જ્યાં સૂધી મીનળદેવી કાકાજી સાથે પરણ્યાં નહોતાં, ત્યાં સૂધી બધા મારા દાબમાં રહેતા હતા, અને શૂરવીર સામન્તો ધારે તે કરતા. પણ પાટણને હીણભાગ્યે મીનળકાકી આવ્યાં. મુંજાલ નગરશેઠ કાકાજીનો માનીતો હતો, તેમાં નવાં રાણીનો પણ તે માનીતો થયો; અને સામન્તો-ની સત્તા તોડવાના પ્રયાસો શરુ થયા. આજે હું જ તેમાં આડીખીલી છું. આપણું મંડળ બધાથી મોટું છે અને સ્વતંત્ર છે. જ્યાં સૂધી તે સ્વતંત્ર છે ત્યાં સૂધી બીજા કોઈ મંડળને છેડાય એમ નથી. સામન્તોનું સ્વાતંત્ર્ય આજે મારાવડે છે. હવે આ બધા મને રાજનો એક ગુલામ કરવા મથે છે. પણ આ બધાને ખબર નથી કે, એમને ખાતરજમા કરી આપીશ. જ્યાં સૂધી મંડલેશ્વર છે, ત્યાં સૂધી કોઇની મગદુર નથી કે, મારા દેહસ્થલીને કે સામન્તોને કોઈ છેડે. જે રાજા ભીમદેવે નથી કર્યું, તે આ વાણીઆઓ કોણ કરનાર ?"

"પણ ત્યારે આ બધા શું કરવા માંગે છે?"

"કાકાજી વિદેહ થાય ત્યારે જોવાનું છે. આ બધા શી રમત રમે છે તે ત્યારે સમજાશે. આટલાં વર્ષ હું આપણા દેહસ્થલીમાં જ પડ્યો રહ્યો, તેનું પણ કારણ કાકાજી જ. જ્યાં સૂધી તે છે, ત્યાં સૂધી પાટણનો પતિ તે મારો પરમેશ્વર."

"પણ બાપુ એમાં દુઃખ શું? તમે દેહસ્થલીમાં વલ્લભસેનને કહી આવ્યા છો કે, આપણું દળ મેરળને પાધરે લાવી રાખે. પછી શી ફિકર છે? તમારો શબ્દ પડતાં ગુજરાતના વીરો ઉભા થઈ જશે. એટલે સીનળકાકી એની મેળે સીધાં થશે."

બોલતાં બોલતાં મંડલેશ્વરને પરસેવો વળ્યો હતો, તે લુછતાં તેણે કહ્યું, "તે તો હું જાણું છું. તે હીસાબ ગણીને જ હું આવ્યો છું. પણ અહિંયાં બીજું દુઃખ સામું નજું."

"તે શું?" આતુરતાથી છોકરાએ પૂછ્યું.

"એ દુઃખ અંતરનું છે," ભારે હૃદયે દેવપ્રસાદે કહ્યું; "તે લશ્કરોથી કે કોઈ બાહુબળથી દૂર થાય એમ નથી. છોકરા!" દેવપ્રસાદે ફરીથી પોતાનો હાથ ત્રિભુવનના ખભાપર મૂક્યો. "શું કહું? ક્યાંથી શરુ કરું? તને ખબર તો છે કે, તારી મા કોણ હતી?"

"હા, સુંજાલ નગરશેઠની બહેન. નહિ?"

"હા, પણ અમે વિચિત્ર રીતે પરણ્યાં હતાં. એનો ભાઈ અને મા અમારાં લગ્નની વિરુદ્ધ હતાં, કોઈની સંમતિ વિના હું તેને દેહસ્થલી લઈ ગયો. અમે પરણ્યાં. અમારા સુખની સીમા કાંઈ રહી નહોતી;" હૃદય ચીરાઈ જતું હોય, એવે અવાજે તેણે કહેવા માંડ્યું. છોકરો પાકું મૂગો રહ્યો.

"પણ મારાપર બધા શ્રાવકો બળતા. મેં એમને બહુ દુઃખ દીધું હતું, તેનું વેર વાળવા તેઓ તલપી રહ્યા હતા. એક વખત હું શિકારેથી આવ્યો. ઘેર આવ્યો તો મારી હંસા નહિ મળે."

"હેં! શું થયું?" બાવરે ડોળે ત્રિભુવને પૂછ્યું.

"કોણ જાણે શું થયું? મારા ઘરમાં દુશ્મનો ફાવ્યા, મારી લક્ષ્મી લુંટી ગયા," નિરાશામાં તબિયેત વાળી, માથું હલાવી મંડલેશ્વરે કહ્યું.

"ત્યારે તમે તપાસ કેમ નહિ કરી? એમ ક્યાં લઈ જાય?"

"બેટા! એમ હું બેસી રહું, એવો નથી. કાકાજીને મળ્યો, તારા મામાને મળ્યો, બધા નામક્કર ગયા. હું હાથપગ પછાડતો રહ્યો. ધીમે ધીમે વાતો ઉડવા માંડી કે 'હંસા મરી ગઈ' કે એ ચંડાલોએ તેને મારી નાંખી. મારી નિર્દોષ, સુકુમાર પ્રિયતમા એમના દ્વેષની ભોગ થઈ પડી."

"પણ એમાં વાંધો શો હતો? બકુલાદેવી દાદાજીને જ પરણ્યાં હતાં?"

"દીકરા! તે વખતે વાત જૂદી હતી. શ્રાવકો સબળ નહોતા. હવે તેઓ અભિમાની અને સત્તાવાળા થયા છે, અને આ તો પાછો હું રહ્યો તેમનો કટ્ટો શત્રુ."

"પણ, બાપુ! મને શું ખબર કે, આ લોકોએ આવો કેર વર્તાવ્યો છે? ઘણીએ વખત બાળપણમાં દીઠેલી માતાને સંભારવા પ્રયત્ન કરું છું. હું તો એમ જ સમજતો કે, દૈવકોપે જ તેને લઈ લીધી."

"ના, દૈવનો ભાવ તો તારા મુંજાલ મામાએ ભજવ્યો," નિઃશ્વાસ નાંખી દેવપ્રસાદે કહ્યું.

"પણ, બાપુ! તેમાં નિરાશ શા માટે થાઓ છો? મામાનું દૈવ તે આપણે. આપણો કોપ તેને ભારે પડશે."

"હા, ભાઈ! પણ વાત આટલેથી અધુરી નથી." "કેમ?"

"બેટા! તારી મા જીવે છે," રડતે સાદે દેવપ્રસાદ બોલ્યો.

"હેં! શું કહો છો?" વિજળી પડી હોય, તેમ ચમકતાં ત્રિભુવને કહ્યું. હોઠ પીસી, ડોળા ફાડી, તે બાપ સામું જોઈ રહ્યો. તેના હૃદયમાં મરેલી મા માટે સંઘરી રાખેલી ઊર્મિઓ ઉછળી રહી.

"સાચું, કાલે રાતે મેં બે વખત જોઈ. એક આપણે વિમલના અપાસરા આગળથી આવતા હતા ત્યારે......."

"ઘોડો ભડક્યો ત્યારે કે?"

"હા, અને બીજી વખતે અત્યારે રાજગઢના છજામાં ઉભો હતો ત્યારે. મેં પળ વાર તેની સ્વર્ગીય છબી જોઈ. ક્ષણમાં તે અન્તર્ધ્યાન થઈ ગઈ," જાણે તે છબી મન આગળ લાવવા પ્રયત્ન કરતો હોય, તેમ આંખ બારી બહાર ફેરવતાં તેણે કહ્યું.

"બાપુ! કાંઈ ભ્રમ તો નહિ હોય?"

"એ વિચાર કરતાં મેં પણ એમ જ ધાર્યું. પણ કાકા

"કાકાજી!"—

"તેમણે મરતાં મરતાં મને કહ્યું કે, હંસા જીવે છે, અને કાકી નહિ આવ્યાં હોત તો વધારે પત્તો મળત."

"એટલે આટલાં વર્ષ ક્યાંય શું છૂપાવી રાખી છે?"

"એમ જ, બીજું શું? આ મારી પીડા! બેટા! હવે શું કરવું?"

"શું કરવું, એ તમે પૂછો છો? હવે કરવાનું એક જ રહ્યું છે. જો આ વાત ખરી હશે, બાને જો જીવતાંજીવત આવું દુઃખ દીધું હશે, તો તેનો જવાબ આપણે લઈશું, હંસાબાને છોડવીશું, અને આ ચાંડાલોને શીખવીશું કે એને આંગળી અડકાડવી કેટલા શેરની થાય છે?"

"એ ખરું, પણ તે ક્યાં છે તે કોને ખબર?"

"ક્યાં તો વિમલના અપાસરામાં કે રાજગઢમાં, તમે બાને ત્યાં જ જોઇને?"

"હા, પણ રાજગઢમાં તપાસ કરવી, એ કાંઈ સહેલ છે?"

"મેં મીનળકાકીને પૂછ્યું, પણ તે તો એકનાં બે થતાં નથી," મંડલેશ્વરે કહ્યું.

"તે શું કહે છે?"

"એ તો અમણુતા જ કહે છે. પણ એ વખત છે ને નહિં પણ જાણતાં હોય"

"ત્યારે કોણ જાણે?"

"મુંજાલ. મીનળ કાકી આવ્યાં, તે પહેલાં હુંસાને ઉપાડી ગયા હતા; એટલે તેને અણજાણ પણ રાખ્યાં હોય. પણ કાકાજી જાણે ને કાકી ન જાણે, તે કેમ બને?"

"પણ કાકીને કેમ સમજાવાય?" ત્રિભુવને વિચાર કરતાં કહ્યું; "બાપુ! એક રસ્તો છે. રજા હોય તો તેમ કરું. મુંજાલમામાને હું મળ્યો નથી. હું જઇને તેમને મળું, વિનવું; જોઇએ માને છે?"

"દીકરા! તું એને ઓળખતો નથી. મુંજાલ હાથ કરવો સ્હેલ નથી."

"પણ જોઉં તો ખરો. એમાં ગયું શું? બહુ બહુ તો ના કહેશે."

"જા ત્યારે, પણ ટેક સંભાળજે. અત્યારે કાકી મને લાંચ આપવા આવ્યાં હતાં, તેમ તને લલચાવે નહિ."

"તે મને નહિં કહેવું પડે. હું હમણાં પાછો આવીશ. જોરાવર! જોરાવર! બાપુને અને મારે માટે દાતણપાણી લાવ."

નોકર દાતણપાણી લાવ્યો, અને ધીમેથી તેણે દેવપ્રસાદને કહ્યું:—

"...જી! વલ્લભસેને માણસ મોકલ્યું છે."

"...કહે છે?"

"...હે છે કે, વલ્લભસેન મેરળ આવી લાગ્યા છે."

"જખ મારે છે. બેટા! એ પણ સારા સમાચાર છે. તું જઈ આવ. પછી જોઇએ શું થાય છે?"

લશ્કર આવ્યાની વાત સાંભળતાં મંડલેશ્વરનું મન નિરાશાથી જરા મુક્ત થયું. તેનો વિચાર મુંજાલની સત્તા નિર્બળ કરી નાંખવાની હતી. પોતે અહિયાં રહે, પાટણથી થોડે દૂર મેરળ વલ્લભ પડી રહે, અને દેહસ્થલીની સ્વતંત્ર ધ્વજા ફરક્યાં કરે તો તેને લાગ્યું કે, સામા પક્ષનું કાંઇ ચાલશે નહિં. આ વખત તેને દુભાવી છંછેડવાની કોઈ હિમ્મત કરશે જ નહિં, એમ તેને ખાત્રી હતી. એટલે કર્ણદેવના મૃત્યું પછી ધાંધળ-

નો લાભ લઇને પોતાની સત્તા પાટણમાં પાછી જમાવવાનો ઇરાદો તેણે રાખ્યો હતો.

---

## પ્રકરણ ૧૦ મું

### મામા અને ભાણેજ

મામાને મળવા જતાં ત્રિભુવન ગભરાયો. તેણે આખી જીન્દગીભર તેને દુશ્મન ગણ્યો હતો. કોઈ દિવસ એક અક્ષર પણ તેની સાથે બોલ્યો નહોતો, અને તેની ખ્યાતિ મોટા મોટા મુત્સદ્દીને પણ મુંઝાવે એવી હતી. છતાં છોકરાનો નિશ્ચય દૃઢ હતો. પોતાની માપર ગુજારેલા જુલમની વાતથી તેનું હૃદય ઘવાયું હતું. જુલ્મગારોને યોગ્ય શિક્ષા કરવા તેનો હાથ તલસી રહ્યો હતો. પણ તેના બાપ કરતાં તેનામાં દુનિયાનું જ્ઞાન વધારે હતું. જાણીજોઇને પોતે બધી વાતથી અજાણ જ છે, એમ તેણે મંડળેશ્વરને દેખાડ્યું હતું; પણ સામળ બારોટ તેમ જ બીજા માણસો પાસે તેણે ઘણી વાતો સાંભળી હતી, અને તેનાપર પોતાના અભિપ્રાય બાંધ્યા હતા. અત્યારે પણ તેણે ઉકળતા હૃદયને શાન્ત કર્યું. તેને ખાત્રી હતી કે, મુંજાલ જેવા મુત્સદ્દી પાસે ભીનાજ બોલો, તે તિરસ્કારપાત્ર થવા જેવું હતું.

જ્યારે તે મુંજાલના ગુમાસ્તા બેસતા હતા ત્યાં આવ્યો ત્યારે બધા ખળભળી ઉઠ્યા. ત્રિભુવનનું બાળપણ, મ્હોડાપરની ભવ્ય રેખાઓ, આંખોનું તેજ જોતાં બધા વિચારમાં પડ્યા, અને કોણ છે, તે પૂછવા બેઠા. સાધારણ રીતે મુંજાલ હમણાં કોઇને મળતો નહિ; પણ ત્રિભુવનને ના કહેવાની કોઇએ હિંમત કરી નહિ.

"આપનું નામ?" "ત્રિભુવનપાલ સોલંકી."

માણસે ઉંચું જોયું, ચમક્યો, તેને ઓળખ્યો. "ઉભા રહો, મહારાજ! હું જોઈ આવું. વખતે છે મંત્રી કામમાં હોય."

"હા; કહેજો કે જ્યારે ફુરસદ મળે ત્યારે; ત્યાં સુધી હું અહિંયાં છું."

ગુમાસ્તો ગયો અને તરત પાછો આવ્યો:—"પધારો."

ત્રિભુવન છાતીના ધબકારાને શાન્ત રાખવા મથતો હતો. તે અંદર ગયો. અંદર ગાદીપર રૂપાળો, તીક્ષ્ણ નજરનો એક માણસ બેઠો હતો. ત્રિભુવને મ્હોડાનું રૂપ, અને ભવ્યતા ભાળ્યાં, તરત તેને ઓળખ્યો; જરા ધ્રુજતે અવાજે પૂછ્યું, "મામા! ઓળખો છો?"

મંત્રીના શાન્ત મોંપર છાયા બદલાઈ; પળ બે પળ ગભરાટની, ઉછ-

ળતા સ્નેહની છાયા પડી રહી. તેણે હાથ લંબાવ્યો; તેના હાથમાં અણદીઠો કંપ હતો.

"કોણ? હંસાનો ત્રિભુવન?" જરાક અશાન્ત લાગતા સ્વરથી મંત્રીએ પૂછ્યું.

ત્રિભુવન મામાને નમસ્કાર કરી ગાદીની નીચે બેઠો.

"ઉપર બેસ, ભાઈ! જોઉં, આમ જો તો. જોઉં તારું મ્હોડું. ઉંચો આવ ઉંચો."

ત્રિભુવનને આશ્ચર્ય લાગ્યું કે, આ સ્નેહભીનો, ભાવવાળો પુરુષ, તે તેનો ક્રૂર ગણાતો મામો! થોડી વાર સૂધી કોઈ બોલ્યું નહીં.

"તને ઘણે વખતે મેં જોયો."

"પહેલી જ વખત, નહિ?"

ત્રિભુવનના શબ્દોએ મંત્રીની બુદ્ધિ સતેજ કરી. તેણે સ્વાસ્થ્ય મેળવ્યું. ત્રિભુવને જાણ્યું કે, આવું કટાક્ષભર્યું વાક્ય બોલી તેણે ભૂલ કરી હતી.

"કેમ, બા! કેમ આવ્યો છે?" મંત્રીનો ઉમળકાભર્યો અવાજ શાન્ત અને ભાવહીન થવા લાગ્યો.

"એક ભીખ માગવા આવ્યો છું," કેમ વાત શરુ કરવી, તે નહિ સૂઝવાથી ત્રિભુવને ઝંપલાવ્યું.

"ભીખ! મારી બહેનનો છોકરો મારા જીવતાં ભીખ માગે?" જરાક હસતાં મંત્રીએ કહ્યું.

"હા, મામા! ભીખ કહો, કે જે કહો તે. પણ મને એક વસ્તુ આપો," કરગરી પડતાં ત્રિભુવન બોલ્યો.

"શી વસ્તુ?" "મારી જનેતા."

બીજો કોઈ માણસ ચમકત, પણ મુંજાલના મોઢાપર એક ક્ષણવાર આશ્ચર્યની વિજળી ચમકી અને અદીઠ થઈ.

"એ શું કહે છે?"

"હું સાચું કહું છું. સત્તર વર્ષ સૂધી મારું જીવન મને રસ વગરનું હતું. આજે મેં જાણ્યું કે, તે શાથી નીરસ છે. મારાથી મારી મા વિના રહેવાતું નથી; તે મને આપો."

"બેટા! તું ગાંડો છે? તારી મા તો ક્યારની સ્વધામ—"

"મામા! તમે છેતરશો? મારી મા જીવે છે."

"કોણે કહ્યું?" નિશ્ચળ નજરથી ત્રિભુવન તરફ જોતાં મુંજાલે પૂછ્યું. તેના અવાજમાં બનાવટી શાન્ત મીઠાશ હતી, છતાં આંખો કહી આપતી કે, મંત્રીનું મગજ ઝપાટાભેર કામ કરી રહ્યું છે.

"કોણે કહ્યું? હું કહું છું. જોનારે તેને સદેહે જોઈ છે, અને કહેનારે ચોખ્ખેચોખ્ખું કહ્યું છે."

"કોણે જોઈ? કોણે કહ્યું?"

"મામા!" ગળગળો થઈ ત્રિભુવન બોલ્યો; "મારી સાથે આમ વર્તશો? જન્મ લઈ મેં માનો ખોળો જોયો નથી; જન્મ લઈ, હેતે ઉભરાતે નયને માડીના મોંઘા બોલો ઉપાડ્યા નથી. તમે પાષાણ નથી, માણસ છો. તમને રડતા, કકળતા, કોડઘેલા બાળની દયા નથી આવતી? તમારા હૈયામાં હોંસભરી બહેન માટે જરા પણ જગ્યા નથી? શા માટે તે ગઈ, તે મારે જાણવું નથી; કોણે તેને રીબાવી, તે મારે સાંભળવું નથી; પણ અત્યારે તે મને જુએ તો કેટલા આશિષ તમને દે? માબાપ તમારે શરણે તેને છોડી ગયાં. આજે તે બિચારી રંક બહેનની એટલી ઇચ્છા નહિ પૂરો? ૭ મહિનાના કોડીલા કુંવર પાસેથી તેને લોકો લઈ ગયા; તેણે ફરી તેને જોયો નથી. આજે છોકરો મોટો થયો; માની આંખો ઠારે એવો થયો. બહેનની તથા ભાણેજની એટલી વિનતિ નહિ સાંભળો? મામા, બેન નહિ મેળવો?"

ત્રિભુવનનું મોં દયામણું હતું, તેની આંખોમાંથી આંસુ વહેતાં હતાં; સામુ મંત્રી સ્થિર થઈ બેઠો હતો; મુઠી વાળેલા હાથના નખ માંસમાં જોરથી પેસી જતા હતા; તે સિવાય તેનાપર લાગણીનાં કાંઈ ચિહ્ન નહોતાં.

"છોકરા! છોકરા! શામાટે આક્રન્દ કરે છે? તે બધું મિથ્યા છે. હું કાંઈ પરમેશ્વર છું કે અસંભવિત વાત કરી શકું?" ભાવહીન અવાજે તેણે કહ્યું.

"ના, પણ તમે મુંજાલ છો; ગુજરાતમાં દશે દિશામાં પ્રસરતી ખ્યાતિના ધણી છો; તમારી શક્તિ અથાગ છે. તમે ધારો તે કરો એમ છે."

"ભાઈ! ભૂલે છે. તને હજુ કેટલીક વાતો સમજતાં ઘણી વાર છે. વિજયી વીરની સત્તાશીલ કારકીર્દી પાછળ શી શી પીડાઓ પડી છે, હસતાં મોઢાની સુંદર રેખાઓ કેટલાં કેટલાં આંસુઓ ઢાંકે છે, એ બધું સમજતાં તને હજુ વાર છે. મારાથી જો મારી બહેન સજીવન થઈ શકતી હોય તો હું આમ બેસી રહું? મારી બહેન મારે મન પણ પ્રાણ સમાન હતી. તેણે મને છેહ દીધો, મેં કદી તેને દીધો નહોતો."

"ત્યારે શું તમે એમ કહો છો કે, તે મરી ગઈ છે? અથવા એવા હાથમાં છે કે, જ્યાં તમારી સત્તા ચાલતી નથી? તમે આમ આંસુ ઢાળશો, તો મારું શું?"

"કાંઈ નહિ. એ ક્યાંથી મળે? હરિ ઇચ્છા," મુંજાલની આંખમાં પણ દુઃખની છાયા આવી.

"એમ નહિં, શું મરી ગઈ છે? ખરેખાત?"

"ત્યારે બીજું શું? બ્હેનનું તો થવાનું હતું તે થયું; પણ ભાણો મારું માનશે?" મીઠાશથી મુંજાલે પૂછ્યું.

ત્રિભુવન વિચારમાં પડ્યો હતો. 'આની સાથે શી વાત કરવી? બાપની કે કર્ણદેવની ભૂલ તો નહિં હોય?'

"ત્રિભુવન! મારી પાસે રહેશે?" એકદમ નિશ્ચયપર આવતો હોય, તેમ મુંજાલ બોલ્યો.

"કેમ?" ચમકીને ત્રિભુવન બોલ્યો.

"જો, મને છોકરાં નથી. સંસારમાં બીજો કોઈ મારો આરો નથી. ચાલતે દિવસ મને ઘડપણ આવશે. મારી જોડે રહેશે? મારા ખાલી હૃદયની આશાઓ પૂરશે?"

"મામા! તે એક જ રીતે થાય. મારા બાપુ જોડે સલાહ કરો."

મુંજાલના હોઠો પીસાયા, એની આંખો વધારે ધારદાર થઈ. તે બોલ્યો; "તને સલાહ કરવા મોકલ્યો છે?"

"મંડલેશ્વર! સમાધાન યાચતા નથી," મગરૂરીમાં માથું ઉંચકી ત્રિભુવને કહ્યું.

"ભાઈ! આટલું મારું કહ્યું માને તો તારી માનું સુખ તું ભૂલી જાય, એવું સુખ આપું," મીઠાશથી મુંજાલે કહ્યું.

"તે કેમ બને? તે સુખ ખાતર મારા બાપુને એકલા છોડું?"

"મંડલેશ્વર પોતાનું સંભાળી લેશે. અહિંયાં તારા જેવાને માટે આબરુ છે, પૈસો છે, કીર્તિ છે."

"પછી?—"

"પછી શું? કર્ણદેવ જશે કે, તારા બાપની સ્થિતિ છે તેના કરતાં બગડશે. ત્યાં તારા જેવાને નહિં પાલવે."

"મામા! તે બગાડવી કે સુધારવી સહેલ નથી. દેહસ્થલીના ગઢ ઉંચા છે, અને ત્યાંના વીરોએ ચુડીઓ નથી પહેરી."

"ત્યાં એક ચીજ નથી." "શી?"

"મુંજાલમંત્રીની બુદ્ધિ."

"મામા! બુદ્ધિ પરમેશ્વરે એકને નથી આપી."

"છોકરા! ટાળલા માટે મને વખત નથી. મારું હૃદય તારે માટે તલસે છે. મારી પૂંઠ તું નહિ પૂરશે ત્યારે કોણ પૂરશે?"

"કીર્તિની અને પૈસાની લાલચ આપી મને લોભાવો છો? અને તમારું કહેવું ખરું હોય, મુંજાલમંત્રીની બુદ્ધિથી પાટણનો જુલમ મારા બાપ ઉપર થતો હોય, તો આવી વખતે હું તમારી પાસે આવીને બેસું?

મને કેવો ધારો છો? મા વિનાના જે બાળને માના વહાલથી તેણે ઉછેરી મોટો કર્યો, અને તમારા જેવા જુલમ કરી રહ્યા, તેને માટે રાજ્ય અને કીર્તિ સાચવી રાખ્યાં? છોકરો શું એવો કમજાત, કૃતઘ્ની થશે કે, તે સિંહ જેવા બાપની સોબત છોડી અત્યારે તમારી સુંવાળી ગોદમાં આવી લપાઈ બેસશે? મામા, તમારું મંત્રીપણું આ ઠેકાણે નહિ કામ લાગે."

મુંજાલે મુંગે મોડે સાંભળ્યાં કર્યું. તેનો ચહેરો સખત થયો. "જેવી તારી મરજી. મેં મારું બનતું કર્યું."

"હંસાદેવીના ઘાતક પાસે તેના છોકરાને શી આશા હોય," તિરસ્કારથી ત્રિભુવન બોલ્યો અને ઉભો થઈ ગયો.

"છોકરા! સખત શબ્દો વાપરતાં તને બહુ સારા આવડે છે," જરા ફીકું હસતાં મુંજાલે કહ્યું.

"શબ્દો સખત છે, તેમ સાચા પણ છે. મામા! તમે સુખી નથી. તમારું પણ હૃદય કોણ જાણે શાથી રડે છે? તમે જાણો ને તમારું હૃદય જાણે. હું જાઉં છું, પણ અત્યારે મારી યાચના તિરસ્કારી છે, તે પરિણામે પસ્તાશો," કહી ત્રિભુવન નમસ્કાર કરી ચાલ્યો ગયો.

મુંજાલ ક્યાં સુધી બારણા તરફ જોઈ રહ્યો અને નિશ્વાઃસ મૂકયો. લોકો તેને મજબૂત, માથાનો ફરેલો ધારતા; તેને હૃદય છે કે હશે, તે પણ કેટલાંક માનતાં નહિં; છતાં મુંજાલે બેસવતી આંખો લુછી અને ત્યાંથી ઉઠ્યો. ત્રિભુવન ઝપાટાભેર રાજગઢનો દાદરો ઉતર્યો, અને ઘેર જવા પાલખીમાં પગ મૂકતો હતો, એવામાં એક દાસી આવી અને તેને રોકયો.

"ત્રિભુવનપાલ! બાણે વિંધ્યાં તો ખરાં, વિંધણ ક્યારે મટાડશો?" દાસીએ એક બાણ સામું ધર્યું. ત્રિભુવને બાણ જોયું, પોતાનું છે એમ પારખ્યું. પ્રસન્ન પાસે ધનુષ્ય અને બાણ રહી ગયાં હતાં, તે યાદ આવ્યું. બાણની અણીપર લોહીનું બિંદુ પડ્યું હતું. તેને પ્રસન્ન યાદ આવી; તેની પાસે જઈ, દુઃખી હૃદયની બે ઊર્મિઓ કહાડવાનું મન થયું. ફરી વિચાર આવ્યો કે તે કોણ અને કેવી હશે? તેણે મન દૃઢ કર્યું.

"દાસી! જઇને કહેજે કે, વિંધાયલાને ઉપચાર આજ ઠેર ઠેર જડે છે," કહી તેણે બાણના બે કકડા કરી નાંખ્યા, અને દાસી જોડે પાછા મોકલાવ્યા.

ફરીથી તે પાલખીપર ચઢવા ગયો, એટલામાં એક કારમું રુદન ગઢમાંથી શરુ થયું. બધે ખળભળાટ થઈ રહ્યો. ત્રિભુવન કચવાતો પાછો ફર્યો. રાજા કર્ણદેવ સોલંકીનો પ્રાણ પરલોક ગયો હતો.

# પ્રકરણ ૧૧ મું

## કર્ણદેવનું મરણ

ત્રિભુવન જ્યાં કર્ણદેવને ભોંયે નાંખ્યા હતા ત્યાં ગયો. આખા ગઢમાંથી બધા ત્યાં દોડી આવ્યા હતા; અને પળે પળે બહારથી માણસોનાં ટોળાં પર ટોળાં ત્યાં આવતાં હતાં. રડારોળ શરુ થઈ ગઈ હતી. આજે કેટલા દિવસ થયાં સામાન્ય લોકોને લાગતું હતું કે, કાંઈ ભયંકર પીડા પાટણને માથે આવી પડવાની છે. કર્ણદેવના મૃત્યુએ તે પીડાના ગણેશ બેસાડ્યા. બને એટલા લોકો રાજગઢમાં આવ્યા, બાકીના બહાર ચોરે ઉભા, ત્યાં નહિં માયા તે ચકલે ઉભા; અને સર્વ જૂદી જૂદી વાતો કરવા લાગ્યા. રાણી કેવાં દેખાય છે, મુંજાલના મ્હોડાપર શા ભાવો છે, દેવપ્રસાદ પાટણ આવ્યો છે કે નહિ, એવા એવા અનેક પ્રશ્નોની ચર્ચા થવા માંડી, અને બને તેટલાની આબરુનાં ચીથરાં ફડાવા માંડ્યાં. આ ખબર પહોંચતાં મંડલેશ્વર આવી પહોંચ્યો. તેને જોઈ લોકોમાં વધારે ગભરાટ થયો. આજે કેટલે વર્ષે તે જાહેર રીતે ગઢમાં આવ્યો હતો.

મંડલેશ્વરે કર્ણદેવના શબને પ્રણામ કર્યાં, અને ત્રિભુવનને બોળી કહાડ્યો.

"કેમ કાંઈ થયું?" ધીમેથી તેણે પૂછ્યું.

ત્રિભુવને ડોકું હલાવ્યું. "ના."

"પણ જીવે છે કે નહિં, તે કાંઈ જાણ્યું?" મંડલેશ્વરે પૂછ્યું.

"કાંઈ કહેવાય નહિં. મને કાંઈ ભેદ લાગે છે."

"ઠીક; પછી વિચારીશું, પણ હવે આંખ અને કાન ઉઘાડા રાખજે. કાલ સવારે ઉઠમણા પહેલાં કાંઈ નવુંજૂનું થશે."

"હરકત નહિં."

એટલામાં ક્રિયા માટે રાજગોર આવ્યા, અને ઓરડામાં લોકો આઘાપાછા થયા. એટલામાં એક બીહામણો રજપૂત મૂછોના થોભિયા ચડાવતો આવ્યો, અને જાણે જાણતો નહિં હોય, તેમ મંડળેશ્વરની પાસે ઉભો રહ્યો. તે વીરપૂરનો સામન્ત હતો.

"રાજા! તૈયાર છો કે?" ધીમેથી મંડલેશ્વરને તેણે પૂછ્યું.

"શામાટે?"

"મેં તમને નહોતું કહ્યું? મારાં માણસો તૈયાર છે. કહો તો કાલે સવારે આની જગ્યા તમે પૂરો," કહી તેણે રાજાના શબ તરફ નજર કરી.

મંડલેશ્વર મૂછમાં હસ્યો. "વિજયમલ્લજી! પાટણનો રાજા હવે જયદેવ, બીજો કોઈ નહિ."

વિજયમલ્લે હોઠ કરડ્યા અને ડોળા ધુરકાવી ત્યાંથી તે ખસી ગયો. થોડી વારે કર્ણદેવના શબને ત્યાંથી સ્મશાને લઈ ગયા. આખું ગામ લોકપ્રિય રાજાને વળાવવા આવ્યું; અને શોભાને ખાતર, રાજાની ભલાઇની ખાતર, ભવિષ્યની બીકને લીધે ઘણાએ આંસુ ઢાળ્યાં. પાટણના રાજાની રાખ થઈ ગઈ; અને સ્મશાનીઆ પાછા આવ્યા. સહુથી આગળ જયદેવ કુમાર સાથે દેવપ્રસાદ ચાલતો. દુશ્મન બની રહેલા ભાઇઓને સાથે જોઈ લોકોને ભાતભાતના વિચારો આવ્યા. બધા રાજગઢ ગયા, રડ્યા, કકળ્યા, છૂટા પડ્યા, થાક્યા, હાર્યા. મંડલેશ્વર અને ત્રિભુવન ઘેર આવ્યા, અને થોડી વારે જોરાવર આવ્યો.

"બાપુ! પાછલે બારણે રાજા મદનપાળ આવીને ઉભા છે. તેઓ અન્નદાતાને ખાનગીમાં મળવા માંગે છે," જોરાવરે કહ્યું.

"આજે આ બધાને થયું છે શું? બધા કાવત્રાંબાજ થઈ ગયા છે, ઠીક! અંદર બોલાવ."

મદનપાળ આવ્યો. તે સાઠ વર્ષનો મજબૂત, જમાનાનો ખાધેલ રજપૂત યોધો હતો, અને તે કર્ણદેવનો મામો થતો હતો. મુંજાળે તેની સત્તા ઓછી કરવા તેને કર્ણાવતીના દુર્ગપાળની માનભરી પદવી આપી હતી. બધા જાણતા હતા કે, મદનપાળના મગજમાં કાંઈ કાંઈ કાવત્રાં રચાતાં હતાં, પણ એની આકાંક્ષા શી હતી, તે કોઈ કળી શક્યું નહોતું.

"કેમ મંડલેશ્વર! શી નવા જૂની?" જરા હસતાં મદનપાળે પૂછ્યું. તેની ઘરડી પણ તીક્ષ્ણ આંખે તે દેવપ્રસાદનું મન કળવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

"તમે કહો તે," દેવપ્રસાદે જવાબ વાળ્યો.

"કેમ હવે કાંઈ કરવું છે? આમ ને આમ ક્યાં સૂધી બેસી રહેવું છે?" ગાદીપર બેસી, હાથમાં હુક્કો લેતાં મદનપાળે પૂછ્યું.

"શું કરીએ? કાલે ઉઠમણું છે. આપણા રિવાજ પ્રમાણે નવા રાજાને તિલક થશે ત્યારે નવા ફેરફાર કાંઈ થશે. પછી જોઇશું કે શું કરવું? હમણાં તો પાટણમાં બેઠા છીએ."

"મંડલેશ્વર! આ થોડી મૂર્ખાઈ કરો છો? તમે સામંતોના મુકુટરૂપ છો, છતાં આટલી બેદરકારીથી બેઠા છો? શરમ નથી આવતી?" જરા તોછડાઇથી મદનપાળે કહ્યું.

"શું કરવું? બહુ થશે તો મારું દેહસ્થલી તો છે. ત્યાં જઈ

નિરાંતે રાજ કરીશ," મદનપાળનું મન જાણવા કૃત્રિમ બેદરકારીથી તેણે જવાબ આપ્યો.

"મીનળ જવા દેશે? રાજા! દરેક પળ સોનાની જાય છે."

"મને દેહસ્થલી જતાં કોઈ રોકશે? શી ગાંડી વાત કરો છો?"

"મંડલેશ્વર! તમે ભલા છો; ભોળા છો. એ રાણીની ખટપટને પહોંચો એમ નથી."

"પણ કરીશું શું ત્યારે?" ગુંચવાડામાં હોય તેમ મંડલેશ્વર બોલ્યો.

"હું તે જ વિચાર કરવા આવ્યો છું. મારું મંડલ નાનું સરખું છે, અને એણે મને કર્ણાવતીમાં સડવા મોકલી આપ્યો છે. કાલે ઉઠીને મારું મંડલ સર કરતાં એને વાર શી?"

દેવપ્રસાદે જોયું કે, મદનપાળ કાંઈ યુક્તિ રચીને આવ્યો છે. તે જાણવી, એ તેને અવશ્યની લાગી. "ત્યારે તમે શો રસ્તો કહાડ્યો છે?"

"હું તે તમને પૂછવા આવ્યો છું. જ્યાં સુધી મીનળદેવીના હાથમાં લગામ છે ત્યાં સુધી મંડળો નિર્ભય કદી નથી બનવાનાં," પોતાની યુક્તિ ઉકેલતાં ડોસાએ કહેવા માંડ્યું.

"કાકી તે કાંઈ રસ્તાનો કાંકરો છે કે, ઉંચકીને ફેંકી દેવાશે?"

"ના, પણ માદીકરો છૂટાં પાડી શકાય ખરાં."

"હેં! શું કહો છો? કેવી રીતે?" ચમકીને દેવપ્રસાદ બોલ્યો.

"હા, તમારી હિમ્મત જોઇએ. આજે રાત્રે અહિંયાંથી જયદેવ કુમારને ઉપાડીએ, અને પરમ દિવસે કર્ણાવતીમાં તિલક કરીએ."

દેવપ્રસાદ ડોસાની હિમ્મતપર આશ્ચર્ય થયો. જયદેવને કર્ણાવતીમાં ગાદીએ બેસાડવો, અને ત્યાંથી રાજ્યસત્તા ચલાવવી, એ યુક્તિ ઘણી સારી હતી. દેવપ્રસાદને વિચાર આવ્યો કે; 'રાજ્યબાજી શું શું કરાવે છે?'

"પણ જયદેવને લઈ જવો સહેલ નથી."

"રાજા! બધું નક્કી કર્યા વિના હુ કાંઈ કહુ નહિ."

"પણ, મદનપાળજી! તમે કેમ જાણ્યું કે, આ તોફાનમાં હું સામેલ થઈશ?"

"મંડળેશ્વર! મારા કરતાં તમારી સ્થિતિ વધારે ખરાબ છે અને થશે."

"પણ મામા! દુઃખ કરતાં ટેક મને વધારે વહાલો છે."

"રાજ્યખટપટમાં બહુ ટેક રાખશો તો માર્યા જશો. સામું મીનળ અને મુંજાળ બે કપટીઓ ભેગાં મળ્યાં છે. એ તો शठं प्रति शाठ्यं कुर्यात्."

"આટલાં વર્ષો થયાં આ હાથ અનીતિએ દૂષિત ન કર્યા, તે હવે કરું? રજપૂતવીરની શૂરતા સિવાય બીજો એક પણ રસ્તો હું તો નહિ ગ્રહણ કરું."

"પણ, ભાઈ! આ જમાનો તે નથી. હજુ વિચાર કરી જોજો," જરા સમજાવતાં મદનપાળ બોલ્યો.

"એમાં વિચાર શો કરવો હતો? એક લુંટારુની માફક છાનામાના રાત્રે પાટણના ધણીને ઉપાડી લઈ જાઉં, અને તેને કબજામાં રાખી હકુમત ચલાવું? તેના કરતાં મારું લશ્કર લાવી પાટણને સર શામાટે ન કરું? મર્દાઈ તો તેમાં."

"મંડલેશ્વર!" મદનપાળે પાન લીધું અને ઉઠતાં કહ્યું; "તમારી મર્દાઈ તમે જાણો. પણ કોઇને કહેશો નહિ."

"હા." "વચન આપો."

"હા, આ વચન. શું કરું? મારું મન ના પાડે છે. નહિ તો તમારી યોજનામાં સામેલ થાત," દેવપ્રસાદે કહ્યું.

* * * * *

મોડે સૂધી મુંજાલમંત્રી રાજ્યતંત્રને ઠેકાણે રાખવાનો પ્રયત્ન કરી રહ્યો. અત્યાર સૂધી કરેલી મહેનતથી તે કામ તેને ઘણું સહેલું લાગ્યું. દરેક પક્ષની શી હિલચાલ છે, કયો કયો મંડલેશ્વર સામો થાય એમ છે, પાટણમાં કોના કોના જાસુસો ફરે છે, તે સર્વ ખબર તેણે સાંભળી લીધી, ને દરેક ઠેકાણે વિશ્વાસુ માણસો છે કે નહિ, તેની તપાસ કરી, અને આખા મહેલમાં સખત ચોકી પહેરા મૂક્યો. પછી તે રણવાસ તરફ ગયો.

"બાનું માથું ઘણું દુઃખે છે. સવારે મળો તો નહિ ચાલે?" દાસીએ કહ્યું.

મુંજાલ માથું દુઃખવાના બહાના ઉપર હસ્યો. તેને ખબર આવી ગઈ હતી કે, 'અત્યાર સૂધી મીનળદેવી શાંતિચંદ્ર અને જતિ જોડે મસલત કરી રહી હતી.' 'કાંઈક નવો પ્રયોગ થાય છે,' એમ તેને લાગ્યું હતું, અને તે જાણવા જ તે અત્યારે આવ્યો હતો.

"ના, અત્યારે ઘણું જ જરૂરી કામ છે."

દાસી અંદર જઈ આવી; "આવો, બા બેઠાં છે."

સ્વસ્થતા રાખી મુંજાલ અંદર ગયો. મીનળદેવીની વૈધવ્યદશા જોતાં તેના હૃદયને દુઃખ થયું. કાળા લુગડામાં આંસુવાળી આંખો લઈ મીનળદેવી બેઠી હતી, છતાં તેનામાં કાંઈ અદ્‌ભુત મોહકતા મુંજાલને દેખાઈ. ખિન્ન હૃદયને દબાવી તેણે કર્તવ્યને આગળ ધર્યું.

"દેવી! અત્યારે આવ્યો તે ક્ષમા કરજો; પણ કાલે સવારે ઉઠમણા વખતે કુમારને તિલક કરવું પડશે. પછી શો હુકમ બહાર પાડવો છે? નવાં પદો પણ તે જ વખત આપવાં પડશે." દબાયલે સ્વરે મંત્રીએ કહ્યું.

મીનળે કંટાળાથી ઉંચું જોયું. મુંજાલે જોયું કે, તે ખેલ કરતી હતી.

"હવે અત્યારે કાંઈ વાત થાય એમ નથી. મારું તો માથું ભમે છે. હમણાં તો ચાલે છે, તેમ ચાલવા દો."

"દેવી! હમણાં શાંતિચંદ્ર અને જતિ જોડે વાત કરતાં માથું નહિ ભમ્યું?" રાણીએ હોઠ કરડ્યા. "જોજો, એક પગલું ઉંધું ભરશો તો કર્યુંકારવ્યું ધૂળ થઈ જશે."

"પછી બધી વાત નિરાંતે કરીશું."

"મીનળદેવી રાજ્યની વાતોથી કંટાળે, એ આટલે વર્ષે આજેજ જોયું. ઠીક. મને કાંઈ પરવા નથી, પણ એટલું યાદ રાખજો કે, મુંજાલ જેવી નિઃસ્વાર્થી સલાહ કોઈ નહિં આપે," ગર્વથી માથું ઉંચકી મુંજાલે કહ્યું.

"હું ક્યાં નથી જાણતી?"

અશ્રદ્ધાથી મુંજાલે ડોકું ધુણાવ્યું. "ઠીક ત્યારે," કહી તે બહાર ગયો, અને પોતાના ઓરડા તરફ વિચારમાં અને વિચારમાં ફર્યો. એટલામાં એક જાસુસ સામો મળ્યો. તેણે કાનમાં કાંઈ કહ્યું.

તેના ઓરડામાં આનન્દસૂરી તેની વાટ જોતો બેઠો હતો.

તેને જોઈ મંત્રીએ નિરાશા દબાવી, હંમેશનો સ્વસ્થ, વિજયી રુવાબ ધારણ કર્યો. જરા સખ્તાઇથી તેણે પૂછ્યું: "કેમ, જતિજી! કાંઈ અત્યારે?"

"મહેતાજી! જરા કામ છે."

"શું છે બોલો? પણ જે કહેવું હોય તે જલ્દી કહો. આજે તો હું થાકી ગયો છું."

"આપ શ્રાવક શ્રેષ્ઠ છો, બુદ્ધિશાળી છો. આપને એક વિનતિ કરવા આવ્યો છું."

"શું છે?" જરા ભવાં ચઢાવી મુંજાલે પૂછ્યું.

"હાલ પાટણની સ્થિતિ ખરાબ છે, અને તે સુધારવી તમારા જ હાથમાં છે."

"કેવી રીતે?" તિક્ષ્ણ નજરે જતિ સામું જોતાં મુંજાલે પૂછ્યું.

"આપ દંડનાયક થાઓ તો સુધરે એમ છે," જતિએ કહ્યું.

મુંજાલ એમ પકડાય એમ નહોતો.

"તે કાંઈ આપણા હાથમાં છે?" તેણે ઠંડે પેટે જવાબ વાળ્યો.

"પણ મીનળબાને કહી શકાય એમ નથી?"

"તેની મને કશી પરવા નથી," બનાવટી બેદરકારીથી મંત્રીએ કહ્યું; "કરતાકારવતા દેવી છે. તેનો હુકમ મારે શિરસાવંદ્ય છે."

"પણ તમારી રાજ્યનીતિથી તે થાકી ગયાં છે."

"તે કહેવાને માટે દેવીએ તમને અત્યારે મોકલ્યા છે?" જરા સખ્તાઈથી મુંજાલે પૂછ્યું.

જતિએ હોઠ કરડ્યા. મુંજાલને મહાત કરવાની આશા તેણે છોડી. "જુઓ, મંત્રીજી! આપણા જેવા રાજ્યના મિત્રોએ સમજીને કામ કરવું જોઈએ."

મુંજાલે એક તિરસ્કારભરી નજર નાંખી, ઉત્તર વાળ્યો નહિ.

"તમે જૈનસત્તાના પ્રતિનિધિ થાઓ તો તરત દંડનાયક બની શકો."

"જતિજી!" શાન્તિથી, હૃદયભેદક ભાવહીનતાથી મુંજાલે કહ્યું; "રાજ્ય કેમ ચલાવવું, તે હવે આજ કાલના, ગમે તે આવે, તેની પાસે મારે શિખવાનું નથી રહ્યું. હું કોઈનો પ્રતિનિધિ નથી, માત્ર સમસ્ત ગુજરાતનો છું. હું પાટણનું ચક્ર ફરતું કરીશ તો તે આખી પ્રજાનું, અને જયદેવકુમાર મહારાજા થશે તો તે આખા દેશના. પક્ષાપક્ષી સાથે મારે કાંઈ સંબંધ નથી."

"પણ તે હું ક્યાં કહું છું?"

"કહો કે નહિ કહો. જતિ! હજુ તમે બાળક છો. મુંજાલ પોતાના અભિપ્રાય પ્રમાણે રાજ્ય ચલાવશે, નહિ તો ઉઠી બેસશે, સમજ્યા? જેણે તમને મોકલ્યા હોય તેને કહેજો કે, મુંજાલને શાસન કરવાની ફરી હિંમત કરે નહિ. લોકોના હેતથી અને મારી બુદ્ધિથી હું મારું પદ ભોગવું છું; અને તે કોણ ખુંચવી લેવાની હિમ્મત કરે છે તે હું જોઈશ. તમે પણ મેં ધાર્યા હતા, તેવા જ ટુંક બુદ્ધિના નીકળ્યા. હરકત નહિ. પધારો હવે."

મુંજાલની આંખોમાંથી તરવારની ધાર જેવું તીક્ષ્ણ તેજ નીકળ્યું. તેના પીસેલા હોઠોપર અડગતાનો મુદ્રાલેખ પડ્યો હતો. જતિ નિરાશ થયો; નિરાશામાં પણ મંત્રિની શક્તિ વખાણી.

"જેવી મરજી," કહી આનંદસૂરી ત્યાંથી ગયો.

"દેવી! દેવી! આ શું કરવાં બેઠાં છો?" મુંજાલ બબડ્યો.

ક્યાં સૂધી વિચારમાં અને વિચારમાં મંત્રીએ ફર્યા કર્યું. સામ્રાજ્ય પેદા કરવાનાં તેનાં સ્વપ્નાં અત્યારે જતાં દેખાયાં. બાળપણથી તે વિમલમંત્રીની બુદ્ધિને ઉંચી બુદ્ધિ લેખતો હતો. તેના કરતાં સત્તાવાન્ થવાની હોંસ મુંજાલને વધારે હતી; ભીમદેવ કરતાં કર્ણદેવ વધારે અશક્ત અને પ્રભાવહીન હતો; બીજું ચન્દ્રાવતી વસાવતાં એને જરા વાર લાગે એમ નહોતું. છતાં એ બધા એને મન ટુંકી બુદ્ધિના વિચારો હતા. તેના કરતાં પાટણની સત્તા દૃઢ કરી, આખા દેશને પ્રભાવશાળી

કરવા તરફ તેની નજર દોરાઈ. તેમાં સદ્‌ભાગ્યે તે જ્યારે ચન્દ્ર
ત્યારે મીનળકુંવરીની મૈત્રી મેળવી શક્યો. મહામહેનતે તેને પ
રાણી બનાવી; અત્યાર સુધી તો બધું બરોબર ચાલ્યું; હં
આશાની અટારીઓ પડી જવા લાગી. મુંજાલ અભિમાની
સત્તાનો શોખીન હતો; છતાં ભરતખંડમાં પાટણનો ડંકો પોતે
એમ તેની આકાંક્ષા હતી. પણ જ્યારે એ બધી આકાંક્ષાઓ
થયેલી દેખાઈ ત્યારે તેને સખત ઘા લાગ્યો. વર્ષો થયાં સ્વીકારેલી
ગીરી, રાણીના હુકમે વર્ષો થયાં રીબાવેલી બહેન, વિના કારણે
છોડેલો ભાણેજ—એ બધાની મૂર્તિ મનચક્ષુ આગળ ખડી થઈ.
આ બધું કર્યું? રાણીની અદેખાઇથી ટળવળી ટળવળી મરી ગયેલ
કેટલે વર્ષે યાદ આવી; પ્રભાવશાળી માણસની દૃઢતાથી તેણે તે વિ
દૂર કર્યા. 'હવે શું કરવું?' એક વિચાર આવ્યો. 'તોફાન ઉઠાવી
હાથ કરી, રાણીને રઝળાવું? ના, ના. દેવી તે તો દેવી જ ગણવી.'
આકાંક્ષા તો ગઈ, પણ આટલા વર્ષના સ્નેહને ઠેસે મારવો, તે
ગમ્યું નહિ. ગમે તે થાય, પણ હાલ મૂંગે મોઢે જોયાં કરવું,
વખત આવે એવો હાથ દેખાડવો કે, જેથી પોતાનાં સ્વમાં પણ
પડે અને રાણીનો સ્નેહ પણ કાયમ રહે. સવારે શું થશે, તે
ચોક્કસ જાણતો નહોતો. 'જેવાં પડશે તેવાં દેવાશે' એમ નક્કી
તે સુઈ ગયો.

## પ્રકરણ ૧૨ મું

### ઉઠમણું

પરોઢિયું થતાં રાજગઢના ચોરાપર લોકોની ઠઠ જામવા લાગ
થોડે દૂર ચકલામાં ગામની બૈરાંઓનો સમૂહ ભેગો થયો, અને તે
આક્રન્દ કરવું શરુ કર્યું. અસલના રાજાઓ આખા ગામના પિતા ગણાત
અને પુત્ર જેવો ભાવ પ્રજા પણ રાખતી. રાજગઢના મોટા ચોગા
માં બધા લોકો ઉભા રહ્યા; ગરાસિયાઓ અને સામન્તો, મંડલેશ્વરો અ
શાહુકારો સર્વે આજુબાજુ ઓટલાપર બેઠા. થોડી વારે દેવપ્રસા
આવ્યો અને બારણા આગળ બેઠો, પછી મુંજાલ આવ્યો. સૂર્યોદય
તૈયારી થતાં જયદેવકુમાર, આનંદસૂરી, શાન્તિચંદ્ર અને રાજગો
આવ્યા, અને બધા લોકો જળદર્શન કરવા નીકળ્યા. કાન્તિમાન કુમાર
જતિ અને રાજગોર જોડે પહેલાં ચાલતો; પછી બે જણ
સિંહના ભયંકર સીનામાં દીપતો દેવપ્રસાદ, અને સ્વસ્થ, મૈત્રીએ
સૌન્દર્યવાન મુંજાલ. બધા પાટણવાસીઓ ... શિરસાટે છે."

મંડલેશ્વરથી તેઓ બીહીતા, મહામંત્રીને પૂજતા. ગમે તે થાય તોપણ મુંજાલપર તેઓનો વિશ્વાસ અચળ હતો. તે હોય ત્યાં તેમને ભય બીલકુલ નહતો.

બધું મંડલ મૂગે મોઢે જળદર્શન કરી પાછું આવ્યું, અને કુમાર અને સામન્તો વગેરે ઓટલાપર પાછા બેઠા. ઉપર ગોખની બારીની જાળીમાંથી કેટલીક સ્ત્રીઓ જોઈ રહી હોય એમ લાગતું. લોકોએ આંખો માંડી, હવે શું થાય છે તે જોવા માંડ્યું. પરાપૂર્વથી પાટણના રાજાઓનો પહેલો પટ્ટાભિષેક આમ થતો હતો; પછી બીજો જે શોભાનો, તે થોડા દિવસ રહીને થતો. વચ્ચે ઓટલાપર ગાદી માંડી હતી, તેનાપર જયદેવકુમાર બેઠો; પાસે રાજગોર ઉભો રહ્યો. બીજી બાજુપર નગરશેઠ મુંજાલ હોઠ દાબી સત્તાના અવતાર સરખો ઉભો. તેનું મોહક રૂપ અત્યારે વધારે મોહક લાગતું. તેની આંખોમાંથી દુર્જયનાં સ્થિર કિરણો ફૂટતાં હતાં. રાજગોરે જયદેવકુમારને તિલક કર્યું, અને તેના બાપની તરવાર તેના ખોળામાં મૂકી. રાજગોર પાછો ફર્યો, અને આનંદસૂરી તિલક કરવા આવતો હોય તેમ આગળ આવ્યો. દેવપ્રસાદે હોઠ કરડ્યા, કારણ કે આ નવો રિવાજ જૈનોને જ માત્ર માનભર્યો હતો. લોકો ચમક્યા, કારણ કે રાજગોર પછી તિલક કરવાનો અધિકાર નગરશેઠનો હતો. પણ જતિ પાસે જાય, તે પહેલાં મુંજાલ વચ્ચે આવ્યો. સ્થિરતાથી તેણે જતિના હાથમાંનું ચંદનપાત્ર લઈ લીધું, અને ધીમેથી જયદેવને તિલક કર્યું. હોઠ કરડી, ગભરાયલો જતિ પાછળ હટ્યો. કેટલાક સામન્તો ખુલ્લી રીતે હસ્યા. મુંજાલ તિલક કરી પાછો હટ્યો, અને બોલ્યો, "જયદેવ મહારાજની જય." લોકોએ જયઘોષ કર્યો.

લોકોનો અવાજ શાન્ત પડતાં એક બારોટ કવિત ગાઈ ગયો. પછી, "મારે એક બે ફેરફાર કરવાના છે," જયદેવે ધીમેથી કહ્યું. લોકો બધા શાન્ત થઈ ગયા દરેકના હૃદયમાં કાંઈ કાંઈ વિચારો ઉદ્ભવ્યા. જયદેવે ગોખેલા બોલ બોલવા માંડ્યા: "મારા પરમપૂજ્ય પિતાશ્રીના જાને લીધે રાજ્ય સૂનું પડ્યું છે. હું હજુ બાળક છું, માટે કેટલી[illegible] ફારણુ કરવાની જરૂર છે. મારા વિશ્વાસુ અને બ[illegible]શ મંત્રી મુંજાલને [illegible]રમાં પડેલા આપણા અને ચન્દ્રાવતીના સૈન્યનો નાયક ઠેરવું છું." અણસમજ લોકો, આ સાંભળી ખુશ થયા. મુંજાલ રમત પારખી ગયો, અસંકેત તિરસ્કારમાં જરા હસતો ઉભો રહ્યો. એના દુશ્મનો હરખાયા. ચાર લાગે ધ્યાનપૂર્વક મુંજાલ સામું જોવા માંડ્યું..."અને મારા જૂના મંત્રી હતા. તેના[illegible] હાલ પાટણના દુર્ગપાલની પદવી આપું છું, અને સાથે ઘણાં

વર્ષ થયાં ખાલી પડેલી દંડનાયકની પદવી પણ તેને જ આપું છું." આટલું કહી જયદેવે પોતાની તરવાર શાન્તિચંદ્રના હાથમાં આપી.

મુંજાલ સિવાય બધા લોકો જાણે વિજળી પડી હોય તેમ ચમક્યા. 'ચાલીશ વર્ષે દંડનાયક, અને તે લોકપ્રિય મુંજાલ નહિ, પણ શ્રાવકોનો ચૂસ્ત નેતા શાન્તિચંદ્ર!' પાટણના લોકો પણ ચન્દ્રાવતીને તુચ્છકારતા, અને તેના તરફના મંત્રીને દંડનાયક જોઈ કચવાયા; પણ તે વખત કોઈ કાંઈ પૂરેપૂરું સમજી શક્યું નહિ. તરત બંદીજનોએ સ્તુતિ ગાવા માંડી, અને ગભરાયેલાં બકરાંનાં ટોળાંની માફક લોકો ચાલ્યા ગયા. સામંતો ખુશ થયા; કારણ કે મુંજાલથી તેઓ ડરતા હતા, અને તેની સત્તા જવાથી તેમનો ગભરાટ અર્ધો ઓછો થયો હતો. દેવપ્રસાદના ગીજાજનો પાર રહ્યો નહિ. પોતાને માથે કોઈ પણ દંડનાયક થાય, તે તેના ગર્વને પસંદ પડ્યું નહિ. છતાં શાન્તિચંદ્ર આવ્યો એ તેને ફાવ્યું. કારણ કે મુંજાલ જવાથી હવે સહેલાઈથી તે પોતાનો હાથ શ્રાવકોને બતાવી શકશે, એમ તેને લાગ્યું. અપમાન મળ્યા છતાં વધારે આશાઓ બાંધતો તે પોતાને મહેલે આવ્યો.

ઘેર ત્રિભુવન તેની વાટ જોતો હતો. "કેમ, બાપુ! શું લાગે છે?"

"કાંઈ નહિ. મારા લશ્કરની મદદથી શાંતિચંદ્રને સીધો રાખવો, એ તો રમત વાત છે. અને હવે એ ડોસો શું કરવાનો છે? આપણે અહિયાં નીરાંતે બેઠા છીએ. અત્યાર સુધી તો દુશ્મનોએ ઠોકર ખાધી છે."

"બાપુ! પણ એક બીજું સાંભળ્યું?" "શું?"

"આજે બપોરે બાર વાગે પાટણના દરવાજા બંધ થવાના છે."

"શું કહે છે? ક્યાંથી સાંભળ્યું?" જરા ડોળા ફાડી દેવપ્રસાદે પૂછ્યું.

"મુંજાલ મામા હું જ્યાં ઉભો હતો ત્યાં આવ્યા અને મારા કાનમાં કહ્યું કે, બપોરે પાટણના દરવાજા બંધ કરવાનો હુકમ થયો છે."

"પછી?" આતુરતાથી મંડલેશ્વરે પૂછ્યું.

"પછી તરત તો તે ચાલ્યા ગયા; પણ મને એમની સૂચના ખાસ તમારે માટે હોય તેમ લાગી."

"શું મને પકડવાની તૈયારીઓ ચાલે છે?"

"ના, પણ આપણા મેરળના લશ્કરને આપણાથી જૂદું પાડવાની તજવીજ ચાલતી હોય એમ લાગે છે."

"બરોબર છે," કહી મંડલેશ્વરે ત્રિભુવનના ખભાપર હાથ ઠોક્યો; 'પાટણના દરવાજા બંધ કરી મને અહિયાં પૂરી રાખશે, અને મારા લશ્કરને ભરમાવી તાબે કરશે. સલાહકાર કોઈ પાકો છે. આમાં મુંજાલનો હાથ તો છે નહિ—હા, એ પેલા જતિનાં કારસ્તાન."

"આપણે રસ્તે મળ્યો હતો તે કે?"

"હા તે જ."

"ત્યારે તમે જે વિચાર કરતા હતા તે નહિં બને." ત્રિભુવને પૂછ્યું; "તમે તો મેરળ લશ્કર રાખી, નીરાંતે પાટણમાં રહેવાનો વિચાર કરતા હતા."

"હા, તે હવે નહિ ચાલે. કાકી તો એક ગમથી મુંજાલ અને બીજી ગમથી મને, એમ બન્નેને પાંગળા કરવા માંગે છે. જરૂર આ બાજી ચંદ્રાવતીના પેલા જતિનીજ છે. હું અને મારું લશ્કર છૂટા પડિયે! મુંજાલ અને પાટણ જૂદા થાય!"

"મામા કાંઈ નહિ બોલે?"

"તારા મામા તો કાકીના દાસ બનીને બેઠા છે. પણ તેને જે કરવું હોય તે તે કરે. ચાલ આપણે જમીને તૈયાર થઈ જઈએ. બને તો પહેલાં પાટણ બહાર નીકળી જઈએ, પછી બધું સમે સુતરે ઉતરશે તો પાછા આવીશું," દેવપ્રસાદે કહ્યું; "દિકરા! હવે વખત ખરેખરો આવે છે. તારી પણ કસોટી થશે, હોં."

"બાપુ! કસોટી માટે હું તૈયાર જ છું."

"જોઈશું," દિકરાની હિંમતથી હરખાતાં મંડલેશ્વરે કહ્યું; "હાલ તો મંડુકેશ્વર મહાદેવની મહેર જોઈએ."

બાપ અને દીકરાએ જવાની તૈયારી કરવા માંડી.

## પ્રકરણ ૧૩ મું

## શાળા અને બનેવી

હિંમતવાન શિકારી પ્રાણીઓને શરતમાં ઉતારતાં ખરું પાણી આવે છે. પહેલાં શાંત, નરમ દેખાય છે, પણ જ્યાં રસાકસીમાં તે ઉતરે બદલાઈ જાય છે, આંખોમાંથી તણખા ખરે છે, નસ્કોરાં ફાટે છે; ગમે તે બહાને જિતવા તરફ જ તેની નજર ચોંટે છે. મીનળદેવીમાં એ પ્રાણીઓનો સ્વભાવ હતો. શરત શરુ થઈ હતી. હિંમતથી મુંજાલના અને મંડલેશ્વરની સાથે તે બાથાબાથીમાં ઉતરી હતી. કેટલાં વર્ષો થયાં દબાવી રાખેલી શક્તિઓ બહાર કહાડી, તેણે રાજ્યની લગામ હાથમાં લીધી, અને રાજગઢના પહેરાવાળાથી માંડીને તે મેરળના લશ્કર સૂધી બધે પોતાનું ધ્યાન આપવા લાગી. અનુભવી મુંજાલની મદદ વગર તેણે અને જતિએ જાણે બધો કારભાર હાથમાં લીધો. પણ મીનળદેવી આખરે સ્ત્રી હતી; આ ગોઠવણમાં મુંજાલને ખીજવવાનો, તેને બતલાવવાનો કે, મીનળદેવી એકલે હાથે રાજ્યસત્તા ચલાવી શકે છે, એ ઘણે ભાગે તે

હતો. આટલાં વર્ષો જે ગુરુની શિખે તે ચાલતી, તેને પાઠ પઢાવવાની હોંસ તેને થઈ. તેની સાથે જરા ખિન્નતા પણ આવી. મુંજાલને આપેલો અન્યાય તેના હૃદયમાં સાલતો, અને તે એ અન્યાય કેવી રીતે સ્વીકારે છે, તે જોવા તેને ઘણું મન થયું; એક બે ઘડી વાટ તેણે જોઈ; હમણાં ફફડતો મુંજાલ આવશે; હમણા ગુસ્સામાં દેદીપ્યમાન થઈ રહેલી તેની કાંતિ તે જોશે; પણ તે આવ્યો નહિ. સૂર્ય તપવા માંડ્યો, પણ મુંજાલનું મોઢું તેણે દીઠું નહિ. રાણીને ચિંતા થઈ.

"દાસી! જો તો બહાર કોણ છે?"

"હા જી!" દાસી બહાર જોઈ પાછી આવી બોલી; "બહાર સમરસેન ચોપદાર છે. બોલાવું?" "હા."

સમરસેન આવ્યો, અને હાથ જોડી ઉભો રહ્યો:

"સમર! મુંજાલ મહેતા ક્યાં છે, તે જોઈ આવ તો. કોઇને કહેતો નહિ. તરત પાછો આવ."

"જેવી બાની મરજી!" કહી તે ગયો.

સમરસેન પાછો આવ્યો ત્યાં સુધી મીનળે જેસલમેર હિંચકા ખાધા. તેની આતુરતા વધતી જતી હતી. એટલામાં ચોપદાર પાછો આવ્યો.

"કેમ? સમર!"

"બા! મંત્રીમહારાજે હમણાં જ હિસાબ કરી ચોપડા શાંતિચંદ્ર શેઠપર મોકલાવ્યા, અને મધુપુર જવા માટે ઘોડો મંગાવ્યો છે."

મીનળદેવી કચવાઈ. આ કર્તવ્યપરાયણતા કરતાં મુંજાલ ચીડાયો હોત તો વધારે સારું. તેણે કરેલા અન્યાય માટે મુંજાલ શું તેને શિક્ષા આપતો હતો? શું ફરીથી મંત્રીનું સ્નેહભર્યું સ્મિત નહિ જ મળે? મીનળદેવીનું હૃદય બુદ્ધિના બખ્તરમાં હમેશાં ફરતું; તેમાં મુંજાલ જ ઘા મારી શકે એટલી જગ્યા હતી. મુંજાલે ઘા કરવો શરુ કર્યો હતો. મીનળદેવીને ચેન નહિ પડ્યું.

"સમર! મુંજાલ મહેતાને કહે કે અહિંયા આવીને જાય," જરા આતુરતાથી તેણે કહ્યું.

"જી," કહી આજ્ઞાંકિત ચોપદાર પાછો ગયો.

રાણીની અધીરાઈ વધતી જતી હતી; હિંચકા મોટા ને મોટા આવતા. સમરસેન પાછો આવ્યો.

"બા! મુંજાલ મંત્રી કહે છે કે 'વખત મળે તો આવું છું;' કહે છે કે 'મધુપુર જવાની વાર થાય છે.'"

"મધુપુર ચૂલામાં ગયું! કહે કે હમણાં ને હમણાં બોલાવે છે," દાંતપર દાંત પીસી મીનળદેવીએ કહ્યું. દરેક પળ તેને ઝેર જેવી લાગી.

થોડી વારમાં તેને બહાર પગલાં સંભળાયાં, તે ઓળખ્યાં: મુંજાલ આવ્યો. પોતે બતાવેલી સત્તાનો સ્વાદ ચાખવા તેણે સ્વાસ્થ્ય મેળવ્યું. મુંજાલને પણ તેણે ઠેકાણે કર્યો હતો, તેનું જરા અભિમાન આવ્યું.

બારણામાંથી મુંજાલ આવ્યો. તે જ રૂપ, તે જ ગૌરવશીલ મ્હોડું, તે જ ચાલ; ફેરમાં ફક્ત આંખો ભાવહીન, સખત લાગતી હતી; હુકમને તાબે થતાં પણ પોતાની શક્તિની સાક્ષી તે પૂરતી હતી. નીચે મ્હોડે હાથમાં હાથ રાખી તે ઉભો.

"કેમ, મહેતા! અત્યારે ને અત્યારે નીકળવાની શી જરૂર છે?"

"મુંજાલ હુકમને તાબે થતાં શિખે છે," મગરૂરીથી મુંજાલે કહ્યું. રાણી જરા હરખાઈ;

ઘણે દિવસે આજે મુંજાલપર પણ હકુમત ચલાવવા ભાગ્યશાળી થઈ હતી.

"કેમ, તને આ ગોઠવણ નહિ ગમી?" તેણે પૂછ્યું.

"નોકરોને ગમતુંઅણગમતું શું? હુકમ થયો એટલે તાબે થવાનું."

"સારે આટલો કઠોર કેમ થઈ ગયો છે?" જરાક ખોટું હસતાં રાણીએ પૂછ્યું.

"મને તિરસ્કાર આવ્યો છે."	"કોના પર?"

"મારાપર. મૂર્ખ મુંજાલ નાનપણથી પોતાને વિમલ મંત્રીના સમોવડીઓ ધારતો. મને હવે ખાત્રી થઈ છે કે, તેની પગની ટચલી આંગલી સમાન પણ હું નથી."

"વારુ પણ મધુપુર જઈને શું કરશે?" રાણીએ પોતાની સત્તાનું પ્રદર્શન કરવા પૂછ્યું.

"જે દંડનાયકનો હુકમ થશે તે."

"આમને આમ શું કહ્યા કરે છે? બરોબર બોલની."

"શું બોલું? સેવકોની ભાષા મારી જીભે ચડવી એટલી સહેલ નથી. છતાં બને તેવું બોલું છું."

"અત્યારે તું છેક નકામો થઈ ગયો છે."

મુંજાલ મુંગો રહ્યો. રાણીને શું વાત કરવી તે સૂઝયું નહિ.

"સારે રજા?" શાંતિથી મુંજાલે પૂછ્યું.

"હા, પધારો," જરા ચીરડાઈ રાણી બોલી; "ભોગ છે મારા કે, આવી વખતે પણ કોઈ વિશ્વાસપાત્ર નથી."

મુંજાલે એક ભયંકર, તીક્ષ્ણ, સાર્થક દૃષ્ટિ નાંખી; તે જરા વધારે ટટાર થયો, ધીમે અવાજે બોલ્યો; "દેવી! વિશ્વાસુ માણસો સંઘરતાં

નથી આવડતાં. વારુ! એક વાત કહું. રાત્રે આ મહેલમાં રહેશો તો કાવત્રાંખોર જયદેવકુમારને ઉપાડી જશે."

રાણી આ શબ્દોનો અર્થ સમજે, ને તે શબ્દની ભયંકરતા ગ્રહણ કરે, તે પહેલાં મુંજાલ ત્યાંથી ચાલ્યો ગયો. ગભરાયલી રાણીને શું કરવું, તે સૂઝ્યું નહિ. માથે હાથ દઈ તે બેસી ગઈ; અત્યારે મુંજાલ હાજર હોત તો રાણી વિનયની મર્યાદા છોડી રડી પડત. અત્યારે એકલી, સલાહ વગરની, ગુંચવાયલી રાણી વિચારના વમળમાં પડી. હિંચકાપરથી ઉઠી તેણે બારી ઉઘાડી. થોડી વાર તે ત્યાં ઉભી રહી. થોડાક રસાલા સાથે મુંજાલને જતાં તેણે જોયો. તે જોઈ એક નિઃસાસો નાંખ્યો. તેણે પોતે યોજેલી રચના જોઇએ તેવી સહેલી નહીં લાગી.

તરત તેને એક વિચાર આવ્યો. "અરે હા! પેલીને બીજે ઠેકાણે સંતાડું. મુંજાલ પણ વખત છે ને સામું થાય. એ તો મારું બ્રહ્માસ્ત્ર છે. હવે તો બેવડું ખપ લાગશે," કહી મીનળદેવી અંદરના ખંડમાં ગઈ.

× × × × ×

મુંજાલ ઝપાટાભેર મોઢેરી દરવાજા તરફ ચાલ્યો. મધ્યાન્હને હજુ બેત્રણ ઘડીની વાર હતી. બજારુઓના 'જયગોપાલ' સ્વીકારતો મંત્રી ચૌટામાંથી ચાલ્યો જતો હતો. ગામમાં એનું જવાનું નક્કી થવાથી બીક પેદા થઈ હતી. લોકોનાં ટોળાં ઠેકાણે ઠેકાણે ઉભાં રહી વાતો કરી રહ્યાં હતાં અને હડતાળ પાડવાની વાતો ચાલતી હતી, એટલામાં પાસેની ગલીમાંથી એક બીજો રસાલો નીકળ્યો. દેવપ્રસાદ અને ત્રિભુવન પણ ચાર પાંચ માણસો સાથે મોઢેરી દરવાજે જતા હતા. નાના સરખા રસ્તામાં બે રસાલા સામાસામી થઈ ગયા, અને કયો આગળ જાય, એ પ્રશ્ન ઉભો થયો. પ્રાચીનકાળમાં આ પ્રશ્ન હમેશાં આવી વખત ઉભો થતો, અને ઘણી વખત મારામારીઓ પણ થતી, અને લોહી રેડાતાં. દેવપ્રસાદ સ્વભાવનો આકળો હતો, અને આવી બાબતોમાં ઘણો મમતીલો હતો. તેણે મૂછને આંકડા ચડાવ્યા, તરવારની મૂઠપર હાથ મૂક્યો, અને એડ મારી પોતાની કાઠી ઘોડી આગળ કરી; તેની પાછળ તરત ત્રિભુવન આવ્યો. મુંજાલ પાછો ફર્યો, મમતી રજપૂતનો ઇરાદો પારખ્યો, અને તેણે પણ પાછળ આવતા સ્વાર પાસે તરવાર માંગી લીધી. દૂકાનો પર લોકો જોવા મળ્યા.

"ભીમદેવનો પ્રપૌત્ર પહેલાં જશે," મગરૂરીથી દેવપ્રસાદ બોલ્યો, અને મૂછ મરડી. મુંજાલના સેવકો લડવા તત્પર થઈ ગયા. મુંજાલે શાંતિથી મંડલેશ્વર સામું જોયું.

"પાટણનો નગરશેઠ એ પાટણમાં પહેલો." એક પળ સુધી બંને

એક એકની સામું જોયા કર્યું. વનરાજ કેસરી ગરુડરાજના તેજસ્વી નયનો તરફ પોતાની વિકરાળ નજર ફેરવે એમ લાગતું. બાલપણના કટ્ટા વૈરી આજે સામાસામી મળ્યા; વૈર, દ્વેષ, દબાવેલી લાગણીઓ ઉછળી રહી; કેટલા વર્ષના અણવિસરેલાં વૈર આજે તાજાં થયાં. દેવપ્રસાદે તરવાર મ્યાનમાંથી કહાડી, "જોઉં છું, પહેલો કોણ જાય છે?"

"મંડલેશ્વર! આ વખત આમ કપાઈ મરવાનો છે?" મુંજાલે ધીમેથી પૂછ્યું. તે બહાદુર હતો, સાથે શાણો પણ હતો. દેવપ્રસાદ જરા હસ્યો, ધીમેથી બબડ્યો: "વાણિયો!" મુંજાલે તે સાંભળ્યું, તેની આંખોમાં તેજ વધારે ધારદાર થયું.

"સોલંકી! મુંજાલની હિંમત તો બધી દુનિયા જાણે છે. પણ અત્યારે," ત્રિભુવન વચ્ચે આવ્યો; "બાપુ! સોલંકી આગળ જાય કે નગરશેઠ, એ વાત તો બાજુપર રહી, પણ સાળાબનેવી સાથે જાય." આ ભૂલેલું સગપણ આવી અચાનક રીતે સાંભળતાં બંને જણા ચમકયા, તેમના મોં ઉપર મ્લાનિ છવાઈ; બંને પાછા પડ્યા, તરવારપરથી હાથ છોડી દીધો, ત્રિભુવન તરફ જોઈ રહ્યા. બંનેએ તેની મુખરેખામાં તેની માની સુંદર રેખાઓ જોઈ. દીનવદને ત્રિભુવન જોઈ રહ્યો. સાળા-બનેવી પીગળ્યા.

દેવપ્રસાદ પાસે આવ્યો, અને ધીમેથી બોલ્યો; "મુંજાલ! તારા જુલમે તો મારું આખું જીવન બાળી મૂક્યું." તેણે દિલગીરીમાં માથું હલાવ્યું. દેવપ્રસાદ ભોળો હતો; આવે પ્રસંગે તે વૈર તરત ભૂલી જતો.

"મંડલેશ્વર!" ખેદયુક્ત અવાજે મુંજાલે કહ્યું; "દુનિયામાં ભૂલ કોણ નથી કરતું? અત્યારે જોઉં છું કે, મારા જેવો હતાશ બીજો કોઈ નથી." મંત્રીનો મોહ ઉતર્યો હતો; ધીમે ધીમે તેના વિચારશીલ મગજમાં પોતાની કરેલી ભૂલો સ્પષ્ટ દેખાતી હતી; તેનાં પાપોનો પશ્ચાત્તાપ કરવાનું તેણે શરુ કર્યું હતું. બન્નેનાં મન આગળ એક જ રમ્ય મૂર્તિ ખડી થઈ.

દેવપ્રસાદે જરા ઘોડી આગળ લીધી. મુંજાલ પણ સાથે આવ્યો. બધાથી દૂર જઈ મંડલેશ્વરે ધીમેથી પૂછ્યું, "સારે હંસા ખરેખર ગઈ જ?"

મુંજાલ વધારે ફિક્કો થઈ ગયો, તેના હોઠપર દુ:ખનો કંપ પળવાર રહ્યો. "ભાઈ!" હિંમતવાન્ મુંજાલની આંખમાં આંસુ હતાં; "એક વખત મેં હંસા તમારી પાસેથી લઈ લીધી. આજે તેને પાછી આપું છું. તે જીવે છે."

"ક્યાં છે?" આતુરતાથી મંડલેશ્વરે પૂછ્યું. તેનું હૃદય ધબકી ઉઠ્યું.

"રાજગઢનાં ઈશાનખૂણાની પાછલી બારી છે ને? તેની સામુના માળપર."

"હં! ત્યારે હું ત્યાં જઈ આવું," દેવપ્રસાદે દૃઢતાથી કહ્યું.

"તમને ખબર છે કે, પાટણના દરવાજા મધ્યાહ્ને બંધ થાય છે?"

"હા, પણ હજુ બે ઘડી છે. તેમાં તો આ જઇને આવ્યો."

"ઠીક ત્યારે, હું તો જઇશ."

"મુંજાલ! આજે સાથે મળ્યા તેવા પહેલાનાં મળ્યા હોત તો?" મંડલેશ્વરે ઇચ્છા દર્શાવી.

"ગુજરાતનાં ભાગ્ય ફરી જાત. વિધિના લેખ! બીજું શું? પણ હજુ સાથે મળી ઘણુંએ થાય એમ છે."

"હા, મુંજાલ! ખુશી છું. તારી અને મારી બન્નેની હાલ તો ગ્રહદશા સારી નથી. પણ બોલ કયાં મળીએ?"

"મેરળથી બે કોશ દૂર, વાગ્રેશ્વરી માતાનું મંદિર છે ત્યાં, કાલે સૂર્યોદયે મળજો. બીજી વાતો કરશું."

"ત્યારે કાલ સવાર સુધી રામ રામ," મોટેથી દેવપ્રસાદે કહ્યું. તેને ભાન નહિ રહ્યું કે, આસપાસના લોકોએ તે સાંભળ્યું.

મુંજાલ ત્યાંથી ઝપાટાબંધ પોતાના રસાલા સાથે શહેર બહાર ચાલ્યો ગયો.

અત્યાર સુધી વિનયથી ત્રિભુવન દૂર ઉભો રહ્યો હતો. તેની તરફ મંડલેશ્વર ફર્યો. "બેટા! હજુ મધ્યાહ્નને થોડી વાર છે. હું જરા રાજગઢ જઈ આવું."

દીકરો થોડું ઘણું સમજ્યો. "બાપુ! કહો તો હું સાથે આવું. વખત છે ને કામ પડે."

"નહિરે, હું હમણા આવ્યો," કહી દેવપ્રસાદે ઘોડી મારી મૂકી. તેનું લોહી ઉકળે ત્યારે તેની હિંમત બધું કરવા સમર્થ હતી. પાણીદાર ઘોડી પણ માલીકનો વિચાર સમજી ગઈ હતી; તે પવનવેગે રાજગઢ પહોંચી. ત્યાં બધું સ્મશાન જેવું શૂન્ય લાગતું. રાજગઢના ઈશાન ખૂણાની બારી એક ઉજ્જડ ભાગમાં પડતી હતી. દેવપ્રસાદે સાંકળ ખખડાવી, પણ કોઇએ જવાબ દીધો નહિ. અધીરાઇથી તેણે વધારે જોરથી તે ખખડાવી. એક બખ્તરમાં સજ્જ થયેલા કરકટિયાએ બારી અડધી ઉઘાડી.

"કોણ છે?" તેણે બારીમાંથી ડોકું બહાર કહાડતાં કહ્યું.

"કેમ, આ તે રાજગઢ છે કે બન્દીખાનું? ઉઘાડ."

"અહિંયાથી કોઇને આવવાનો હુકમ નથી. ક્ષમા કરજો, મંડલે-

અર! આવવું હોય તો મોટે દરવાજે આવો," કહી કરકટિયો બારી બંધ કરવા ગયો. પણ મંડલેશ્વરને સમજાવવો સ્હેલ વાત ન હતી. જેવી બારી અડધી દેવાઈ કે, તેણે એકદમ જોરથી લાત મારી. આખા ગુજરાતના મહાબાહુના અપ્રતિમ જોરે બારી ઉઘાડી નાંખી; પાછળનો કરકટિયો ભૂસ દઈ પડી ગયો, અને મંડલેશ્વર બારીમાં દાખલ થયો. તે અંદરના મહેલ તરફ દોડ્યો. તેને યાદ આવ્યું કે, પરમ દિવસે રાત્રે આ જ જગ્યાએ હંસાને અન્તર્ધ્યાન થતાં તેણે જોઈ હતી. એક પળમાં તે પગથીઆં ચ્હડી ગયો. પાછળ ધૂળ ખંખેરતો કરકટિયો દોડી આવ્યો.

"પ્રભુ! અન્નદાતા! બાનો સખત હુકમ—"

"ફરીથી સપાટો ચાખવો છે?" કહી દેવપ્રસાદે તરવાર કહાડી. માણસ બીધો, મૂગો થઈ ઉભો રહ્યો. ઝડપથી દેવપ્રસાદ સાંકડો દાદર ચ્હડી ગયો. તેની ભ્રૂકુટી ચડેલી હતી; આંખો ચમકી રહી હતી.

"હંસા! હંસા!" શાન્ત ઓરડામાં કાંઈ જવાબ મળ્યો નહિ. દેવપ્રસાદે ઓરડામાં એક જ બારણું હતું તે હચમચાવ્યું. અંદરથી કોઈએ તે દીધું હતું. તેણે તે ઠોક્યું; પણ કાંઈ જવાબ મળ્યો નહિ. દેવપ્રસાદે લાત મારી. ત્રીજી લાતે સાંકળ તૂટી ગઈ, અને બારણું ઉઘડી ગયું. તે અંદર ધસ્યો—અંદર કોઈ ન હતું. આમતેમ એક બે સફેત વસ્ત્ર અને એક માળા ભોંય પર પડી હતી. કોઈ બૈરીનો વાસ અહિંયા હોય તેમ લાગ્યું. "હંસા! હંસા!" નિર્જન શાન્તિમાંથી ઉઠતા પ્રતિશબ્દે જ માત્ર જવાબ આપ્યો. તે ધાંસભર અંદર દોડ્યો—બધે નિર્જનતા. બેત્રણ ખંડ વટાવ્યા, પણ કોઇનું નામ કે નિશાન દીઠું નહિ. દેવપ્રસાદની આતુરતાનો પાર રહ્યો નહિ. એક તરફથી પળેપળ જતાં મધ્યાહ્ન પાસે આવતો હતો. "હંસા! હંસા" તેણે બૂમ પાડી.

"કોણ છે?" એક જાણીતા અવાજે જવાબ દીધો. દેવપ્રસાદ ચમકીને ઉભો. બીજી પળે મીનળદેવી ત્યાં આવીને ઉભી રહી. મંડલેશ્વર શરમીન્દો પડ્યો.

"કોણ? મંડલેશ્વર? કેમ શું થયું છે કે, આટલા ધાંસભર્યા દોડ્યા આવો છો?" જરા સખ્તાઇથી તેણે પૂછ્યું.

"કાકી! કાકી! મારી હંસા આપો, મને આપો," કરગરતાં, શ્વાસ ઘેરાઈ ગયો હોવાથી જેમ તેમ મંડલેશ્વર બોલ્યો.

"હજી તમારું ગાંડપણ નથી ગયું?"

"ગાંડપણ નથી. કાકી! કાકી! મને શું કામ રીબાવી મારો છો? મારી પ્રિયતમા આપો. મારે કોઈ નથી જોઇતું. જે જોઇએ તે લો. મારી પ્રાણેશ્વરી પાછી આપો."

"એમ કાંઈ મુઓં જીવતાં થાય? શું આપવા તૈયાર છો?" શાન્તિથી **મીન**ળે પૂછ્યું.

"શું જોઈએ છે?"

"દેહસ્થલીનું મંડલ, **મે**રળ આગળ પડેલું લશ્કર એ સ્વાધીન કરો, અને હમણા ગઢમાં નજર કેદ રહો," શાન્તિથી **મીન**ળદેવીએ કહ્યું.

દેવપ્રસાદે શરત સાંભળી. તેના ઉકળતા મગજમાં વધારે આગ પેઠી. હંસા મેળવવાની તેની ઇચ્છા સબળ હતી. મહા મુશ્કેલીએ શાન્ત રહેતાં તેણે કહ્યું; "કાકી! હજુ તમારી જીદ તેની તે છે! લો, મંડલ આપું, મને દંડનાયક નીમો. તમારી પહેલાંની શરત કબુલ છે."

"તે વખત ગયો. હવે તો વૈરી જોઈતી હોય તો તે રસ્તો છે."

"ત્યારે તો મને અને મારી હંસાને બેઆબરુ કરતાં વિયોગ વધારે વહાલો છે," હોઠપર હોઠ બીડી ભયંકર આંખોની પ્રભા **મીન**ળપર એકાગ્ર કરતાં તે બોલ્યો "કાકી! રાક્ષસી કાકી! જુઓ, હવે તમે મારો પણ હાથ. અત્યાર સુધી હું **પાટણ** માટે મરવા તૈયાર હતો. હવે જોજો કે, **પાટણ**ના ગઢ કયાં સુધી રહે છે?"

**મીન**ળદેવી મૂંગી ઉભી. એટલામાં ગઢના ચોઘડીઆં શરુ થયાં. 'મધ્યાહ્ન થવા આવ્યો છે,' એમ મંડલેશ્વરને ભાન આવ્યું; 'મધ્યાહ્ને તે કેદ થશે,' એમ યાદ આવ્યું.

"કાકી! હવે જાઉં છું. ફરી મળીશું યમને ઘેર," કહી મંડલેશ્વર પાછો ફર્યો, અને ઉતાવળથી પાછલો દાદર ઉતરી રાજગઢમાં નીકળ્યો. મધ્યાહ્નના ચોઘડીઆં ગગડી રહ્યાં હતાં. આડું કે અવળું જોયા વિના દેવપ્રસાદે પોતાની ઘોડીને એડ મારી દોડાવી મૂકી.

કર્યું, તે થોડા દિવસમાં કરી બતલાવી, મુંજાલપર પોતાની મહત્તા સિદ્ધ કરવી, એ પણ એક કારણ હતું; અને જતિની શિખામણ, તેનો ધાર્મિક જુસ્સો તેને એટલાં સારાં લાગ્યાં કે, તેની મદદથી પોતાનો હેતુ પાર પાડવા, તેણે આવાં પગલાં લેવા માંડ્યાં.

મુંજાલને આમ મધુપુર મોકલવાથી તે ખીજવાશે, સામો થશે, પછી પોતે તેને રીઝવશે, એવી કાંઈક આશાઓ તેના મનમાં હતી. પણ જે ગૌરવનો પટ બે વચ્ચે મુંજાલે નાંખ્યો, તેથી તે ગભરાઈ. તેર વર્ષે બાજુમાંથી મુંજાલ ખસી જાય, એ નવો પ્રસંગ હતો. તેના મન આગળ, 'મુંજાલ કેમ પાટણ છોડી ગયો હશે,' એના વિચાર આવ્યા કરતા, પણ મુશ્કેલીમાં ઘેરાવાથી બહાદૂર યોધો વધારે શૌર્ય દાખવે, તેમ મીનળે પોતાની સ્થિતિનો વધારે ઉંડો વિચાર કરવા માંડ્યો. સ્થિતિ હમણા તો ઘણી સારી લાગી: દેવપ્રસાદ પાટણમાં કેદ થશે અને તેનું લશ્કર મેરળમાં પડ્યું રહેશે, એટલે તેના તરફથી નિરાંત હતી. મુંજાલ મધુપુર જઈ

"એમ કાંઈ મુઆં જીવતાં થાય? શું આપવા તૈયાર છો?" શાન્તિથી **મીન**ળે પૂછ્યું.

"શું જોઇએ છે?"

"દેહસ્થલીનું મંડલ, **મેર**ળ આગળ પડેલું લશ્કર બે સ્વાધીન કરો, અને હમણા ગઢમાં નજર કેદ રહો," શાન્તિથી **મીન**ળદેવીએ કહ્યું.

દેવપ્રસાદે શરત સાંભળી. તેના ઉકળતા મગજમાં વધારે આગ પેઠી. હંસા મેળવવાની તેની ઇચ્છા સબળ હતી. મહા મુશ્કેલીએ શાન્ત રહેતાં તેણે કહ્યું; "કાકી! હજુ તમારી જીદ તેની તે છે! લો, મંડલ આપું, મને દંડનાયક નીમો. તમારી પહેલાંની શરત કબુલ છે."

"તે વખત ગયો. હવે તો વૈરી જોઇતી હોય તો તે રસ્તો છે."

"ત્યારે તો મને અને મારી હંસાને બેઆબરુ કરતાં વિયોગ વધારે વહાલો છે," હોઠપર હોઠ ભીડી ભયંકર આંખોની પ્રભા **મીન**ળપર એકાગ્ર કરતાં તે બોલ્યો "કાકી! રાક્ષસી કાકી! જુઓ, હવે તમે મારો પણ હાથ. અત્યાર સૂધી હું પાટણ માટે મરવા તૈયાર હતો. હવે જોજો કે, પાટણના ગઢ ક્યાં સૂધી રહે છે?"

**મીન**ળદેવી મૂંગી ઉભી. એટલામાં ગઢના ચોઘડીઆં શરુ થયાં. 'મધ્યાહ્ન થવા આવ્યો છે,' એમ મંડલેશ્વરને ભાન આવ્યું; 'મધ્યાહ્ને તે કેદ થશે,' એમ યાદ આવ્યું.

"કાકી! હવે જાઉં છું. ફરી મળીશું યમને ઘેર," કહી મંડલેશ્વર પાછો ફર્યો, અને ઉતાવળથી પાછલો દાદર ઉતરી રાજગઢમાં નીકળ્યો. મધ્યાહ્નના ચોઘડીઆં ગગડી રહ્યાં હતાં. આડું કે અવળું જોયા વિના દેવપ્રસાદે પોતાની ઘોડીને એડ મારી દોડાવી મૂકી.

---

## પ્રકરણ ૧૪ મું

### બાજી બદલાઈ

મીનળદેવીએ મુંજાલની શિખામણ દૂર કરી જતિએ દેખાડેલો રસ્તો લીધો, તેનાં ઘણા કારણો હતાં. એક તો મીનળ વાટ જોઈ જોઈ થાકી ગઈ હતી. તેને ભાન નહતું કે રાજ્યસત્તા એકદમ બેસાડવી, એ કેટલું મુશ્કેલ હતું. એ ઉપરાંત બીજો હેતુ પણ હતો કે, જે એ પોતાને જાતને પણ સ્પષ્ટ શબ્દોમાં કહેતાં શરમાતી. નહાનપણથી મુંજાલમાટે તેને ઘણી પ્રીતિ અને માન હતું; છતાં તેની બુદ્ધિ, તેનું મુત્સદ્દીપણું, તેની લોકપ્રિયતા તેને સાલતી. રાજ્યમાં અત્યાર સૂધી મીનળ મુંજાલને લીધે હતી; આ પરતંત્રતામાંથી છૂટા થઈ પોતાની બાહોશીવડે મુંજાલે ન

કર્યું, તે થોડા દિવસમાં કરી બતલાવી, મુંજાલપર પોતાની મહત્તા સિદ્ધ કરવી, એ પણ એક કારણ હતું; અને જતિની શિખામણ, તેનો ધાર્મિક જુસ્સો તેને એટલાં સારાં લાગ્યાં કે, તેની મદદથી પોતાનો હેતુ પાર પાડવા, તેણે આવાં પગલાં લેવા માંડ્યાં.

મુંજાલને આમ મધુપુર મોકલવાથી તે ખીજવાશે, સામો થશે, પછી પોતે તેને રીઝવશે, એવી કાંઈક આશાઓ તેના મનમાં હતી. પણ જે ગૌરવનો પટ બે વચ્ચે મુંજાલે નાંખ્યો, તેથી તે ગભરાઈ. તેર વર્ષે બાજુમાંથી મુંજાલ ખસી જાય, એ નવો પ્રસંગ હતો. તેના મન આગળ, 'મુંજાલ કેમ પાટણ છોડી ગયો હશે,' એના વિચાર આવ્યા કરતા, પણ મુશ્કેલીમાં ઘેરાવાથી બહાદુર યોધો વધારે શૌર્ય દાખવે, તેમ મીનળે પોતાની સ્થિતિનો વધારે ઉંડો વિચાર કરવા માંડ્યો. સ્થિતિ હમણા તો ઘણી સારી લાગીઃ દેવપ્રસાદ પાટણમાં કેદ થશે અને તેનું લશ્કર મેરળમાં પડ્યું રહેશે, એટલે તેના તરફથી નિરાંત હતી. મુંજાલ મધુપુર જઈ કાંઈ કરશે નહિ, છતાં મેરળનું લશ્કર ધાકમાં રહેશે. થોડો વખત આમ રાખી, મુંજાલને બન્ને લશ્કર લઈ માલવરાજની સામે મોકલવો, અને પાટણમાં પડેલા મંડલેશ્વરને પોતાની કળાથી વશ કરવો. ચંદ્રાવતીથી થોડું બીજું લશ્કર પણ મંગાવ્યું હતું, તે દેહસ્થલી જઇને પડશે, એટલે દેવપ્રસાદ પણ ઠેકાણે આવશે; નહિ તો તેને પાટણમાં પૂરી રાખતાં કાંઈ વાર લાગે એમ નહોતું. રાણીને આ યુક્તિ એટલી સહેલી લાગી, અને સત્તાનો સ્વાદ એવો રસમય લાગ્યો કે, એનાં સ્વપ્નાં હવે ખરાં પડવાનાં, એમ મીનળને ખાત્રી થઈ ચૂકી. પણ મુંજાલે જતાં જતાં શું કહ્યું?

"બા! શાન્તિચન્દ્ર શેઠ આવ્યા છે!" દાસીએ વિચારમાલા તોડી.

"હા, આવો, શાન્તુ મહેતા! કેમ?" શાન્તિચન્દ્રના મ્હોડાપર ચિન્તાનાં ચિહ્ન જોઈ રાણીએ પૂછ્યું. શાન્તિચન્દ્ર ઘરડા, વિશ્વાસુ, ભલા, અને ધર્મિષ્ઠ મંત્રી હતા; અથાગ દોલત કમાયા હતા અને પાટણના મહારાજાઓની તીજોરી સાચવી હતી; બીજી તરફ દૃષ્ટિ આખી જીંદગીમાં તેણે ભાગ્યે નાંખી હતી; છતાં પાટણના પેઢીદરના મંત્રી હતા, અને ચંદ્રાવતીમાં શાન્તિચન્દ્ર શેઠ દેવના અવતાર મનાતા હતા.

"કાંઈ નહીં, બા! કાંઈ નહીં; પાટણના દરવાજા હવે બંધ થઈ ગયા હશે. દરવાજે દરવાજે આપણા વિશ્વાસુ માણસો મૂકાઈ ગયા છે."

"સારું, નિરાંત થઈ," મીનળદેવીએ કહ્યું.

"હા. જરૂર હવે દેવપ્રસાદ અહિયાં સપડાઈ જાય. એટલે પછી નિરાંત થાય."

"એ તો થઈ ગયો હશે."

"હા, જરૂર; પણ હમણાં ખબર આવશે."

"કેમ, તમને બીક લાગે છે કે, તે ભાગી જશે? કે આમ ડરતાં ડરતાં કેમ બોલો છો?"

"ના ના, ડર શાનો? પણ મંડલેશ્વર ઘણો હુશિયાર છે."

"તે તો છેસ્તો," જરા કચવાટથી મીનળે કહ્યું; "કાંઈ પણ તમારે કહેવું છે. શું કહેવું છે? કહી નાંખો."

"ના ના; ખાસ કંઈ નહી," જરા ક્ષોભથી દંડનાયકે કહ્યું.

"ખાસ નહિ હોય, તે પણ કહોની," જરા ત્રિશૂલ ચડાવી મીનળદેવીએ કહ્યું.

"હા, બા! હા. બીજું કાંઈ નહિ. માત્ર મુંજાલ મહેતા અને દેવપ્રસાદ મોતીચોક આગળ મળ્યા'તા. બીજું તો કાંઈ નહિ. પણ...બા! ત્યાં તકરાર થઈ કે પહેલો કોણ જાય."

"પછી શું થયું?" ચિન્તાતુર મોંઢે મીનળે પૂછ્યું.

"પછી તકરાર શમી ગઈ, અને આવતી કાલે સવારે મળવાની કાંઈ સંતલસ થઈ છે."

મીનળદેવીને જરા ગભરાટ થયો; તેની ચિન્તા વધી.

"ત્યારે ક્યારના તે કહેતા કેમ નથી? ક્યાં મળવાના છે? શી વાત થઈ? પછી લડ્યા કે નહિ?" રાણીએ અધીરાઇથી કહ્યું.

"લડ્યા તો મુદ્દલે નહિ; સમાધાન થઈ ગયું. બીજું કાંઈ નહિ; પછી તરત મંડલેશ્વર અહિંયાં આવ્યા."

રાણી સમજી ગઈ; 'મુંજાલેજ વાત કરી હોવી જોઇએ, અને તેથીજ દેવપ્રસાદ અહિયાં આવ્યો હશે. વળી તે વહેલોવહેલો જતો રહ્યો, તેથી તે જાણતો પણ હોવો જોઇએ કે, દરવાજા બપોરે બંધ થવાના છે. એ બધાં મુંજાલનાંજ કારસ્તાન.'

"પછી તમે શું કર્યું?" રાણીએ પૂછ્યું

"બીજું શું કરું? તિરંબાજોને કહી આવ્યો છું કે, દેવપ્રસાદને કોઈ રીતે પણ બહાર જવા નહિ દેવો. મંડલેશ્વર શું કરે છે, તેની હમણાં ખબર આવશે."

"એ તો ઠીક, તે ક્યાં જવાનો છે? પણ આપણે અહિંયાં કાંઈ બીજી જાતનો ભય નથી?"

"બીજી જાતનો ભય શો? બા! આપણા વિશ્વાસુ સૈનિકો રાજગઢની ચોકી બારે પોર કર્યાં કરે છે."

"મારા સાંભળવામાં આવ્યું છે કે, કાંઈ કાવત્રું રચાય છે."

"ના, ના," જરા ગભરાતાં શાન્તિચંદ્રે કહ્યું; "એમ કોની મગદૂર છે?"

"બા! આવું કે?" બહારથી એક અવાજ આવ્યો.

"કોણ? વૈદરાજ! આવો. કેમ અત્યારે? ને આટલા બધા કાંઈ હાંફેલા હાંફેલા?"

વૈદરાજ આવ્યા અને દોપટ્ટાવતી મ્હોડાપરનો પરસેવો લૂછવા માંડ્યો. "બા! એક જરૂરની વાત મારા જમાઈ વાચસ્પતિ લઈ આવ્યા છે; મનાતી નથી, પણ આપને કહેવા આવ્યો છું," જાડું શરીર સ્વસ્થ કરતાં વૈદ બોલ્યો. શાન્ત આંખે કાંઈ ઘણી નવાઈની વાત સાંભળી હોય, એમ લાગતું હતું. "શેઠજીનો કાંઈ વાંધો તો નથી?"

"ના સુખેથી કહો," મીનળે કહ્યું.

"બા! કેટલાક મંડલેશ્વરો જયદેવકુમાર મહારાજને કર્ણાવતી ઉપાડી જવાનો વિચાર કરે છે."

"હેં!" શાન્તિચંદ્ર શેઠે ગભરાઈ ઉઠી કહ્યું.

"હું જાણું છું," રાણીએ શાન્તિથી કહ્યું. એને લાગ્યું કે અત્યારે હિંમત ખોવામાં માલ નથી; સ્વાસ્થ્યમાં જ સત્તા રહેલી છે.

"હેં બા! તમે પણ જાણો છો?" શાન્તિચંદ્રે પૂછ્યું.

"હા, અને દંડનાયક થઈ તમે નથી જાણતા, ઠીક. પણ કેવી રીતે, ક્યાં, તે કોઈ જાણે છે?"

"ના! બા! તે કાંઈ ખબર નથી. અત્યારે મુંજાલ મહેતા હોત તો બધીએ ખબર પડત." લીલાએ ઉમેર્યું.

રાણીને જરા ક્રોધ આવ્યો. જે તેના મનમાં હતું, તે જ લીલાએ કહ્યું હતું. પોતાના હૃદયની વાત કોઈ જાણી જાય, એ કોને ગમે?

"ત્યારે અહિંયાં બધા શું કરે છે?"

"બા! હું ઘરડો છું, દવા કૂટતાં મારી આખી જીંદગી ગઈ છે. એટલે હું શું જાણું? પણ એટલું તો પટ્ટણીઓ બધા કહે છે કે, મુંજાલ મહેતાને કહાડ્યા, એ ઠીક નહીં કર્યું," હિંમતથી વૈદે કહ્યું.

"પટ્ટણીઓને કહીએ કે, તમે તમારું કામ કર્યા જાઓ. મને શું કરવું, તે ખબર છે."

"તે કોણ ના કહે છે? પણ બા! કાંઈ ભયંકર સ્થિતિ આવી પડશે તો?"

"આવી પડશે તો તમારી રાણીને તમારી ફિકર પડી છે," રાણીએ મગરૂરીથી કહ્યું.

"બા! ત્રણ પેઢી થયાં સોલંકીઓનો સેવક છું. એટલે વધતુંઓછું બોલું તો ક્ષમા કરજો. પણ આ બધાનું પરિણામ સારું નથી આવવાનું," બહુ હિંમત ભીડી વૈદે કહ્યું, અને જોરથી પરસેવો લૂછવા માંડ્યો.

"હા, જરૂર; પણ હમણાં ખબર આવશે."

"કેમ, તમને બીક લાગે છે કે, તે ભાગી જશે? કે આમ ડરતાં ડરતાં કેમ બોલો છો?"

"ના ના, ડર શાનો? પણ મંડલેશ્વર ઘણો હુશિયાર છે."

"તે તો છેસ્તો," જરા કચવાટથી મીનળે કહ્યું; "કાંઈ પણ તમારે કહેવું છે. શું કહેવું છે? કહી નાંખો."

[illegible] કહ્યું.

આનંદસૂરીએ કહ્યું; "પ્રસંગને લીધે વેશ બદલવો પડ્યો છે.

શાન્તિચંદ્ર અને લીલો વૈદ્ય આ જતિને આ વેશમાં જોઈ જરા ચકિત થયા.

"પણ, બા!" જતિએ ઉતાવળથી કહેવા માંડ્યું, "આપણા બાર વાગી ગયા!"

"કેમ? શું થયું?" ત્રણે જણ બોલી ઉઠ્યા.

"તમારે અહિંયાં મંડલેશ્વર આવ્યા, એટલે તરત મેં સાંભળ્યું કે, તેણે અને મુંજાલે કાંઈ ગોઠવણ કરી છે; એટલે હું આ વેશ પહેરીને તૈયાર ઉભો. જેવા મંડલેશ્વર નીચે ઉતર્યા કે, હું તેની પાછળ થયો. તેણે ઘોડી મારી મૂકી; પાછળ મેં પણ ઘોડો દોડાવ્યો. મોંઢેરી દરવાજા તરફ જતાં પહેલાં ચાંપાનેરી દરવાજો આવ્યો. તે બંધ જોયો, એટલે મંડલેશ્વર ચમક્યા, અને મોંઢેરી દરવાજે જવાનો વિચાર માંડી વાળ્યો. આગળ એક તરફ જરા ટેકરો હતો ત્યાં તે ગયા અને ત્યાંથી કોટ કુદાવી ગયા."

"શું! શું! શું!" ત્રણે જણ બોલી ઉઠ્યા.

"શું શું? આપણે વાતો કરતા રહ્યા અને મંડલેશ્વર ચાલી ગયા."

ચારે જણાએ એક બીજાની સામું જોયું.

"હવે એ અને મુંજાલ મળવાના, જરૂર," રાણીએ જતિની સામું જોતાં કહ્યું.

"મેં નહોતું કહ્યું, બા!" વૈદે કહ્યું.

"હવે કહેલું સંભારવાની કાંઈ જરૂર નથી."

"હવે કરવું શું? કાલે એ બે જણા મળે અને મેરળ અને મધુપુરનાં લશ્કર એક થાય તો મરી ગયા," રાણીએ કહ્યું.

"ત્રિભુવનપાલનું શું થયું?" શાન્તિચંદ્રે પૂછ્યું.

"તે તો ઘણું કરીને પાટણમાં જ છે," જતિ બોલ્યો.

"ત્યારે તેને તો હાથપર લઇએ," શાન્તિચંદ્રે કહ્યું. ખ

'આ શિખામણ ખરી હતી.'

"હા, પણ કોઈ રીતે એ બે મળવા નહિં જોઇએ.

"એ કેમ બને ?" શાન્તિચંદ્રે પૂછ્યું.

"એક રસ્તો છે," જતિએ વિચાર કરીને કહ્યું; "આપ અને જયદેવકુમાર મધુપુર જાઓ તો મુંજાલ તો અટકે."

"પણ બાને ધીરાય કેમ ?" શાન્તિચંદ્રે પૂછ્યું.

"હું છું ને. ચંદ્રાવતીના લશ્કરમાં મારી સાથે શો ભય છે? તેમાં આજે ત્રણ દિવસ થયાં મેં ચંદ્રાવતી લખ્યું છે. બીજી ફોજ પણ તૈયાર થાય છે, તે આપણને મળશે."

"એ ખરું, પણ પટ્ટણીઓ જાણે તો? ગામમાં તો અત્યારે પણ હુલકું પડ્યું છે," વૈદે કહ્યું.

"એ તો સાંજ પછી નીકળીએ તોજ બને."

"આનંદસૂરીજી ! તમારી વાત ખરી છે. અત્યારે આપણે હાથમાંથી બે જણને ખોયા. એ બે જણ ભેગા મળે તો આપણો ખેલ ખલાસ થઈ જાય, અને તે માટે રસ્તો પણ એક જ છે. જતિએ કહ્યો તે. એથી એક બીજો પણ ફાયદો છે," રાણીએ કહ્યું.

"શો ?" શાન્તિચંદ્રે પૂછ્યું.

"જો આ વૈદરાજે કહ્યું તેવું કાવતરું હોય તો તેમાંથી પણ બચી જઈએ; પણ પાટણનું કેમ ?"

"પાટણમાં તો શાંતિચંદ્ર શેઠ છે ને ?" જતિએ કહ્યું.

"બા ! એ સંભાળજો. પટ્ટણીઓપર બહુ વિશ્વાસ રાખવા જેવું નથી," વૈદે પોતાનો ડર બતાવ્યો.

"શું કરશે પટ્ટણીઓ ?" આંખોમાંથી વિદ્યુત્ ખરતાં નેત્રોએ રાણીએ કહ્યું; "વૈદરાજ ! તમને લોકોનો બહુ ધાક લાગે છે !"

"હશે; બા ! પણ ધારો કે મંડલેશ્વર મેરળનું લશ્કર લઈને અહિંયાં આવે તો ?"

"આવે તો શું"? જતિએ કહ્યું; "શાન્તિચંદ્રશેઠ બે દહાડા પાટણ નહિ રાખી શકે ?"

"એ તમે ભૂલો છો, જતિજી !" શાન્તિચંદ્રે કહ્યું; "સામો સોલંકી આવે તો પટ્ટણીઓ બે ઘડી બારણાં બંધ નહિ રાખવા દે."

"ઠીક, હું વિચાર કરીશ. શાન્તુ મહેતા ! તમે જઈને ત્રિભુવનપાલને સમજાવી લઈ આવો."

"જેવી બાની મરજી."

"વૈદરાજ ! તમે ઘેર જશો નહિ. વખત છે ને તમારું એ કામ પડે."

"તો હરકત નહિં. હું અહિંયાં જ બેઠો છું," વૈદરાજે કહ્યું.

ત્રણે પુરુષો વિદાય થયા. રાણી એકલી રહી. તેનું મગજ ગુંચવાડામાં

"બહુ સારું. જુઓ તો ખરા, બધાં રુડા વાનાં થશે."

"બા! આનંદસૂરીજી પધાર્યા છે," દાસીએ આવીને કહ્યું.

"મોકલ, મોકલ. તેનું જ કામ છે." આતુરતાથી રાણીએ કહ્યું.

બખ્તર સજેલો, એક રજપૂતના વેશમાં એક પુરુષ અંદર આવ્યો. તેનું મ્હોંડું એવી રીતે બાંધેલું હતું કે, એકાએક ઓળખાય નહિ.

"કોણ? આનંદસૂરીજી!" રાણીએ સાશ્ચર્ય પૂછ્યું.

[illegible] હું [illegible]" મ્હોંઢાપરથી ફેંટાનો છેડો કહાડી નાંખતાં [illegible] આનંદસૂરીએ કહ્યું; "પ્રસંગને લીધે વેશ બદલવો પડ્યો છે."

શાન્તિચંદ્ર અને લીલો વૈદ્ય આ જતિને આ વેશમાં જોઈ જરા ચકિત થયા.

"પણ, બા!" જતિએ ઉતાવળથી કહેવા માંડ્યું, "આપણા બાર વાગી ગયા!"

"કેમ? શું થયું?" ત્રણે જણ બોલી ઉઠ્યા.

"તમારે અહિંયાં મંડલેશ્વર આવ્યા, એટલે તરત મેં સાંભળ્યું કે, તેણે અને મુંજાલે કાંઈ ગોઠવણ કરી છે; એટલે હું આ વેશ પહેરીને તૈયાર ઉભો. જેવા મંડલેશ્વર નીચે ઉતર્યા કે, હું તેની પાછળ થયો. તેણે ઘોડી મારી મૂકી; પાછળ મેં પણ ઘોડો દોડાવ્યો. મોંઢેરી દરવાજા તરફ જતાં પહેલાં ચાંપાનેરી દરવાજો આવ્યો. તે બંધ જોયો, એટલે મંડલેશ્વર ચમક્યા, અને મોંઢેરી દરવાજે જવાનો વિચાર માંડી વાળ્યો. આગળ એક તરફ જરા ટેકરો હતો ત્યાં તે ગયા અને ત્યાંથી કોટ કુદાવી ગયા."

"શું! શું! શું!" ત્રણે જણ બોલી ઉઠ્યા.

"શું શું? આપણે વાતો કરતા રહ્યા અને મંડલેશ્વર ચાલી ગયા."

ચારે જણાએ એક બીજાની સામું જોયું.

"હવે એ અને મુંજાલ મળવાના, જરૂર," રાણીએ જતિની સામું જોતાં કહ્યું.

"મેં નહોતું કહ્યું, બા!" વૈદે કહ્યું.

"હવે કહેલું સંભારવાની કાંઈ જરૂર નથી."

"હવે કરવું શું? કાલે એ બે જણા મળે અને મેરળ અને મધુપુરનાં લશ્કર એક થાય તો મરી ગયા," રાણીએ કહ્યું.

"ત્રિભુવનપાલનું શું થયું?" શાન્તિચંદ્રે પૂછ્યું.

"તે તો ઘણું કરીને પાટણમાં જ છે," જતિ બોલ્યો.

"ત્યારે તેને તો હાથપર લઇએ," શાન્તિચંદ્રે કહ્યું. બધાને લાગ્યું કે, 'આ શિખામણ ખરી હતી.'

"હા, પણ કોઈ રીતે એ બે મળવા નહિં જોઇએ," રાણીએ કહ્યું.

"બા! આવું કે?" બહારથી એક અવાજ આવ્યો.

"કોણ? વૈદરાજ! આવો. કેમ અત્યારે? ને આટલા બધા કાંઈ હાંફલા હાંફલા?"

વૈદરાજ આવ્યા અને દોપટ્ટાવતી મ્હોડાપરનો પરસેવો લૂંછવા માંડ્યો. "બા! એક જરૂરની વાત મારા જમાઈ વાચસ્પતિ લઈ આવ્યા છે; મનાતી નથી, પણ આપને કહેવા આવ્યો છું," જાડું શરીર સ્વસ્થ કરતાં ધીમેથી બોલ્યો.

"એ ખરું, પણ પટ્ટણીઓ જાણે તો? ગામમાં તો [illegible] હુલકું પડ્યું છે," વૈદે કહ્યું.

"એ તો સાંજ પછી નીકળીએ તોજ બને."

"આનંદસૂરીજી! તમારી વાત ખરી છે. અત્યારે આપણે હાથમાંથી બે જણને ખોયા. એ બે જણ ભેગા મળે તો આપણો ખેલ ખલાસ થઈ જાય, અને તે માટે રસ્તો પણ એક જ છે. જતિએ કહ્યો તે. એથી એક બીજો પણ ફાયદો છે," રાણીએ કહ્યું.

"શો?" શાન્તિચંદ્રે પૂછ્યું.

"જો આ વૈદરાજે કહ્યું તેવું કાવતરું હોય તો તેમાંથી પણ બચી જઈએ; પણ પાટણનું કેમ?"

"પાટણમાં તો શાંતિચંદ્ર શેઠ છે ને?" જતિએ કહ્યું.

"બા! એ સંભાળજો. પટ્ટણીઓપર બહુ વિશ્વાસ રાખવા જેવું નથી," વૈદે પોતાનો ડર બતાવ્યો.

"શું કરશે પટ્ટણીઓ?" આંખોમાંથી વિદ્યુત્ ખરતાં નેત્રોએ રાણીએ કહ્યું; "વૈદરાજ! તમને લોકોનો બહુ ધાક લાગે છે!"

"હશે, બા! પણ ધારો કે મંડલેશ્વર મેરળનું લશ્કર લઇને અહિંયાં આવે તો?"

"આવે તો શું"? જતિએ કહ્યું; "શાન્તિચંદ્રશેઠ બે દહાડા પાટણ નહિં રાખી શકે?"

"એ તમે ભૂલો છો, જતિજી!" શાન્તિચંદ્રે કહ્યું; "સામો સોલંકી આવે તો પટ્ટણીઓ બે ઘડી બારણાં બંધ નહિ રાખવા દે."

"ઠીક, હું વિચાર કરીશ. શાન્તુ મહેતા! તમે જઇને ત્રિભુવનપાલને સમજાવી લઈ આવો."

"જેવી બાની મરજી."

"વૈદરાજ! તમે ઘેર જશો નહિં. વખત છે ને તમારુંએ કામ પડે."

"તો હરકત નહિં. હું અહિંયાં જ બેઠો છું," વૈદરાજે કહ્યું.

ત્રણે પુરુષો વિદાય થયા. રાણી એકલી રહી. તેનું મગજ ગુંચવાડામાં

પણું હતું. 'ચારે ગમથી એક પળમાં તોફાન ઉભું થયું. અત્યારે મુંજાલ હોત તો કેવું સારુ?' બીજી પળે વિચાર આવ્યો કે, 'શું મુંજાલની મદદ વિના ન જ ચાલે?' હાથપર માથુ મૂકી મીનળદેવીએ ક્યાં સુધી વિચાર કર્યો. અત્યારસુધી બધું શાન્ત ચાલતું હતું. ચક્રવર્તી થવા તેણે હોળી સળગાવી હતી. હોળીની આગ પોતાના ઘરને જ લાગવા માંડી હોય એમ દેખાયું. ક્યાં જવું? કોને પૂછવું? ધીમે ધીમે વિચારના ગુંચવાડામાંથી હેતુ સ્પષ્ટ થયો. કાંઈ રીતે મંડલેશ્વર બેત્રણ દિવસ શાન્ત પડી રહેવો જોઇએ; અને તેને કોઈ રીતે પાટણ તરફ આવતો કે મુંજાલ સાથે મળતો અટકાવવો જોઇએ. શું કરવું? અંધકારમાં વીજ ચમકે, ઘનઘટામાં સૂર્યનું પ્રથમ કિરણ પ્રવેશે, તેમ એકાએક વિચાર આવ્યો. મિનળની આંખો ચમકી ઉઠી, હોઠ પીસાયા, મ્હોડા પર એક ભયંકર ક્રૂર હાસ્ય રમી રહ્યું.

"હા, મારું બ્રહ્માસ્ત્ર તો હું ભુલી જ ગઈ," કહી મીનળ ઉઠી અને અંદર ગઈ. પોતાના પૂજાના ઓરડાની પાછળ એક ઓરડો હતો, તેનાં દીધેલાં બારણાં જરા ઠોક્યાં. અંદરથી કોઈ આવતું સંભળાયું, તેણે સાંકળ ઉઘાડી. મીનળદેવી અંદર પેઠી.

## પ્રકરણ ૧૫ મું
## શિકારી અને શિકાર

જેણે સાંકળ ઉઘાડી, એ ત્રીશેક વર્ષની સ્ત્રી હતી. તેનું સફેત વસ્ત્ર, તદ્દન ફીક્કો અને સુક્કો પડી ગયેલો મ્હોંડાનો રંગ, સ્થિર અને ભાવહીન થઈ ગયેલી મોટી આંખો, તે જાણે શબ હોય એવો ખ્યાલ આપતાં, છતાં સફેત વસ્ત્રના પટોમાં, અત્યંત ક્ષીણતાથી થયેલા ખૂણાદાર હાડકાંમાં, શબવત્ ભાવહીનતામાં પણ અદ્ભુત લાલિત્ય દેખાતું. ચાલવામાં, આંખોના ઘાટમાં, હાથના હાલવામાં કાંઈ આંખને આહ્લાદે એવી છટા, કાવ્યમયતા લાગતાં. જોનારને એમ થતું કે, આ માનુષી છબી, દૈવી આકાશ તત્ત્વથી બનેલી છે; આ જીવન્ત છે કે પ્રેતલોકમાં ભૂલથી જઈ પાછી ફરેલી દેવાંગના છે, એવો સંશય પેદા થતો; અને જો ક્ષીણતા અને ભાવહીનતા ન હોય તો આ રમણી કેવીક લાગતી હશે, તેનો તરત વિચાર આવતો. પણ દૈવની અવકૃપાએ ઘણા થોડા એને જોતા.

"કેમ? હંસા!" જરાક મીઠું હસતાં મીનળદેવીએ કહ્યું.

હંસાની મોટી આંખો ભાવહીન સ્થિરતાથી મીનળ સામું જોઇ રહી; તે ગાંડી હોય, એમ લાગતું.

"કેમ બોલતી નથી? મારાપર બહુ ગુસ્સે બળે છે?"

"મારું શું કામ પડ્યું છે?" અવાજ એક વખત મધુર હશે. પણ હાલમાં હંમેશાં મૂંગા રહેવાની ટેવથી બોલતાં જરા મુશ્કેલીથી સ્વર ઉચરાતા.

"તારું કામ! કામ હોય તો જ આવું?"

"નહિ તો શા માટે કોઈ મારી પાસે આવે?"

જરા કઠોરતાથી હસતાં હંસાએ કહ્યું, "કેટલાં વર્ષ થયાં કોણે મારી સામું જોયું છે?"

"હંસા! તને એક વધામણી દેવા આવી છું. તને હવે છૂટી કરવી છે."

"મારે હાથે કાંઈ તમારો સ્વાર્થ સાધવો હશે," તિરસ્કારથી હંસાએ કહ્યું.

"મને તું એટલી બધી સ્વાર્થી ધારે છે? તારી ભૂલ છે."

"સ્વાર્થી! મને શું કામ બોલાવો છો? બોલવામાં સાર નથી. પણ તમે આવો છો, તો મારા ભાઈને કોઈ દિવસ તો લઈ આવો."

"તારો ભાઈ તો જતો રહ્યો. તે પણ મારાથી રીસાઈ ગયો," જરા કડવાશથી મીનળદેવીએ કહ્યું.

હંસાના ભાવહીન ચહેરાપર પણ સખ્તાઈ જરા વધારે દેખાઈ. "તેમાં નવાઈ જેવું શું? હું પહેલેથી જાણતી હતી. તમે આવ્યાં, અને મારો માડીજાયો મુંજાલ, જે મને પળ પણ દૂર ન કરે, તે મને છોડી, મને સડવા દેઈ, ચાલ્યો ગયો. તમે તેને લઈ લીધો, પણ તમારા સ્વાર્થ આગળ તે પણ થાક્યો હશે."

"તું મને બહુ ખરાબ ધારે છે. ઠીક. ઉલટી મેં તો તને તારા ભાઈ પાસેથી લઈ લીધી, મોક્ષને માર્ગે ચઢાવી; અને તું આવું બોલે છે?"

"કોનો મોક્ષ?" હંસા જાણે થાકી જતી હોય તેમ બોલી; "વર્ષોનાં વર્ષો આમ રીબાતાં, અકળાતાં, ન છૂટકે જીનરાજ પ્રભુની ભક્તિ કરતાં મોક્ષ મળશે? એકાન્તમાં વિચાર કરવાનો મને ઘણો વખત મળ્યો છે. મીનળદેવી! તમારા સ્વાર્થ માટે આજે હું અહિંયાં સડું છું. પ્રભુ મોતે નથી આપતો કે છૂટી થાઉં." આંખમાં આંસુ આણવાની શક્તિ પણ જણાતી નહોતી.

"હંસા! હંસા! આવું આવું શું બોલે છે? હજુ જો તારા જેવી પરમાર્થપરાયણ સ્ત્રીને શું શું કરવાનું છે?"

"પરમાર્થપરાયણ! કોણે કહ્યું?" હંસાએ પૂછ્યું.

"હું કહું છું."

હંસા ફરીથી, કઠોર, કૃત્રિમ હસી.

"અમારા બધાં કરતાં તારામાં દૈવી અંશ વધારે છે," મીનળદેવીએ મીઠી રીતે કહ્યું, અને હેતથી હંસાના હાથપર હાથ મૂકવા ગઈ.

હંસા અગ્નિસ્પર્શ થયો હોય એમ ચમકી, અને આઘી જઈ ઉભી રહી. "રાણી! શા માટે ખુશામત કરો છો? તમારું કોઈ કામ સાધવા શા માટે નકામી મને ફૂલાવો છો?"

"ફૂલાવું છું?" જાણે ખોટો આરોપ મૂકાયો હોય એવો ડોળ કરતાં મીનળે કહ્યું. તેનું મગજ આ નિરાશ સ્ત્રીને વશ કરવા ઉપાયો યોજતું હતું.

"ત્યારે બીજું શું? હું ઈશ્વરી અંશની હતી, માટે મારા ભાઈએ પંદર વર્ષ સૂધી મને જીવતી બાળી! હું ઈશ્વરી અંશની છું, માટે આજે પંદર વર્ષનાં વહાણાં વાયાં, પણ એક અમી ભર્યું વહાલ ઝીલી હૈયું ઠાર્યું નથી." અવાજમાં સચોટતા આણતાં હંસાએ બોલવા માંડ્યું; તેની આંખોમાં કાંઈ કાંઈ તેજ આવવા માંડ્યું. ઉકળતા ભાવના જોરથી તેના હોઠ અને હાથ થરથર ધ્રૂજવા લાગ્યા હતા.

"આ કલ્પાંતનું શું કામ? જરા ધીરજ રાખ," આશ્વાસન આપતી હોય, તેમ મીનળદેવી બોલી.

"ધીરજ! ધીરજ! શું ક્રૂરતાથી કહો છો! જરા શરમ આવે છે? તમે છૂટાં છો! ધણી હતો, છોકરો છે, મારા ભાઈ જેવો તમારો ગુલામ છે. તમે કેટલી ધીરજ રાખી? ધીરજ! ધીરજ! પંદર વર્ષની કોમળ વયે પ્રભુ જેવો પતિ તમે ખોયો હોત; ફૂલ જેવો સુકુમાર લાડકવાયો તરફડતો તમારે ખોળેથી કોઈએ ઝુંટવી લીધો હોત; દિવસોના દિવસો એકલાં, કોઈની હિંમત વિના, છાતીફાટ આક્રન્દ કરતાં ગાળ્યાં હોત, તો તમને ખબર પડત કે, ધીરજ કેમ રખાય છે?" ધ્રૂજતે અવાજે શબ્દોપર શબ્દો મોંડામાંથી કહાડતાં હંસાએ કહ્યું.

રાણીએ હોઠ કરડ્યા. "બહેન! ગઈ ગુજરી વિસરી જા." રાણીના શાંત હૃદયમાં બીજા માટે ઘણી ઊર્મિઓ ન હોતી. "હવે તો તારે શરણે આવી છું," ગરવાઈ જતાં તેણે ઉમેર્યું.

"હા, તેમ કહો. હું પહેલેથી જાણું છું કે, શા કારણે તમે જૂની વાતે મને ચડાવો છો. બોલો, કહો, શો હુકમ છે?" ફરીથી તિરસ્કાર-ભર્યા અવાજે હંસાએ કહ્યું.

"બહેન! તું જરા ધીરી પડ. જો, રાજા ગયા, જયદેવ હજુ બાળક છે, અને સોલંકીઓનું રાજ જવા બેઠું છે, અને તે રાખવું તારે હાથ છે."

"મારે હાથ કેમ કરીને?"

"તારો ભાઈ રીસાઇને મધુપુર ચાલ્યો ગયો છે, અને દેવપ્રસાદ—"

હંસા ચમકી, હોઠ કરડ્યા, તેના શંખ જેવા ધોળા ગાલની પાતળી ચામડીમાં જરાક લાલાશ આવતી જણાઈ; તેનું શરીર વધારે કંપવા લાગ્યું.

"દેવપ્રસાદ મેરળનું લશ્કર લઈ પાટણને પાધર કરવા આવે છે, કાલે સવારે આવશે. આ રાજ્યનું–ગુજરાતનું પછી શું થશે?" ચિન્તાતુર અવાજે મીનળે કહ્યું.

"આવશે? ભલે આવવા દો. રાણી! તમારા દહાડા ભરાઈ ચૂક્યા છે," કઠોર અવાજે હંસાએ કહ્યું.

"તું પણ એમ કહે છે? જે રાજ્યના નગરશેઠની તું બહેન થાય, જેની છાયા નીચે તારી કેટલીએ પેઢીએ સુખચેન કર્યું, તે રાજ્યને માટે આવું કહે છે?" ઠપકો દેતાં રાણી બોલી.

"જે રાજ્યે મારા મંડલેશ્વરને આટલું આટલું દુઃખ દીધું, જે રાજ્યે તેની સ્ત્રીને કેદ કરી, તેના છોકરાને રીબાવી માર્યો, તે રાજ્યને એથી બીજું શું સારું મળે? હું તેની સાથે હોઉં તો પછી તમને ખબર પડે. સો દહાડા સાસુના, પણ એક દહાડો વહુનો પણ આવે."

"હંસા! હંસા! બહેન! જેણે તને આટલા આટલા દિવસ સડવા દીધી, જેણે તારે માટે તપાસ સુદ્ધાંએ નાહ કરી, ને આજે કેટલી કેટલી સ્ત્રીઓ જોડે મોજમજાહ મારે છે, તેને સારુ પણ હજુ તારો આ પ્રેમ નિશ્ચળ છે?"

હંસા ગર્વમાં ટટાર થઈ, તેની સતેજ થતી નિસ્તેજ આંખો જરા મોટી થઈ. "રાણી! સતીને તો એક જ સ્વામી હોય; અને તે એક અવતાર નહિ પણ ચોરાશી લાખે અવતાર. કેમ જાણ્યું કે, સડવા દીધી? કેમ જાણ્યું કે, તપાસ નહિ કરી હોય? અને એમ હોય તોએ શું? તે માલીક છે, હું તો તેનાં ચરણની રજ છું."

"હા, પણ લશ્કર લઈ તે અહિયાં આવે છે," આ રીતે વાત કરતાં કાંઈ નહિ ફાવે, એમ જોતાં મીનળે વાત બદલી.

"આવે! તેમાં હું શું કરું?" બેદરકારીથી હંસાએ કહ્યું.

"તું જા, અને કોઈ પણ રીતે તે આવતાં અટકે એમ કર."

"શા માટે કરું?" ભયંકર ભ્રૂભંગ કરી હંસાએ પૂછ્યું; "મારે શું? જેને પડી હોય તે ભોગવે."

"તારે શું? હંસા, તારા જેવી આમ પૂછશે ત્યારે શું થશે? રાજ્ય માટે આટલી સેવા નહિ કરે?"

"ફરીથી શું કામ કહેવડાવો છો? રાજ્યે મારે માટે શું કર્યું છે? પતિ પાસેથી ચોરી ગયાં, વિન ગુનાહે મને કેદમાં પૂરી રાખી! હવે મારે અને તમારા રાજ્યને શો સંબંધ?"

"એમ દરેક માણસ કહે તો પછી રાજ્યનું શું થાય?"

"થોડાકની મોજશોખ માટેજ રાજ્ય ચાલે ત્યાં મારે શું છે?" હંસાએ જવાબ આપ્યો.

"ધનપાલ નગરશેઠની છોકરીને મ્હોડે આ શોભતું નથી!"

"તમારા કોણ જાણે કીયા હેતુ માટે મને અત્યારે બોલાવી કહાડી છે, તે તમને શોભે છે! જાઓ, અત્યારે તમારા ખુશામતીઆઓ પાસે, જેને ખવાડી, સુવાડી, પંપાળ્યા હોય તેને ત્યાં. હું તો મારા મંડલેશ્વરની, અને તેની ઇચ્છા, એટલે મારે મન બ્રહ્મવાક્ય. સમજ્યા?"

"હંસા! તું નહિ કરે આટલું?" દયામણે મોહોડે મીનળ બોલી. અંદરથી તે હંસા ઉપર ક્રોધે બળતી હતી; તેનું બ્રહ્માસ્ત્ર અત્યારે નકામું નીવડ્યું હતું. "જો આટલું કરશે તો કેટલો આશીર્વાદ પામશે! પાટણના લોકો તને દેવીસમાન ગણશે, તારી કીર્તિ અમર થશે, તું આખા ગુજરાતની જનેતા થશે."

"હા! હા! હા!" કઠોર રીતે હસતાં હંસાએ કહ્યું; "રાણી! રાણી! હંસા એકાન્તમાં બહુ શીખી છે. તમારાથી છેતરાઉં એમ નથી. મારા મંડલેશ્વર આવશે, તેમાં લોકોને શું? તમારે બદલે લોકોને તો પ્રેમાલ હૃદયના વીરનર મળશે; પટ્ટણીઓ હારતોરા લઈ તેને વધાવવા નીકળશે. એમ કહો કે તમારી સત્તા, માત્ર તમારી મજાહ જશે."

રાણીએ હોઠ કરડ્યા; "તું જાણતી નથી કે, મારો દેશ છોડી ગુજરાતને માટે તો હું અહિંયાં આવી, મહારાજાને પરણી?"

"એમ કહો કે, ચંદ્રપુરના કોઈ સામન્તને પરણત, તેના કરતાં ગૂર્જર દેશની ધણિયાણી થઈ એકચક્રે રાજ્ય કરો છો," હંસાએ જવાબ દીધો.

"છોકરી! તું બહુ બોલે છે?" જરા ભ્રૂકુટી ચઢાવી રાણીએ કહ્યું. તેને હંસાની ખુશામત કરવી પડતી હતી, તે ઘણું સાલતું હતું.

"મને કોની પરવા છે? તમારું ચાલ્યું તેટલું તમે કર્યું; શા માટે નહિ બોલું? મારા બાપદાદાની મહેનતથી તમારું રાજ્ય ઉભું થયું છે; મારા પતિના બાહુબળથી તમારી આણ વર્તે છે; મારા ભાઇની બુદ્ધિથી તમારી સત્તા ટકી રહી છે; પછી હું કેમ નહિં બોલું? આ બધાની મહેનતનાં મફતનાં ફળ ચાખવા તત્પર થયેલાં તમે, ઉલટાં તમે શું મ્હોડું લઇને મને કહો છો?"

મીનળની આંખે અંધારાં આવ્યાં. કેટલીક વાતો કે જે કોઈ એને હેવાની મગદૂર ધરાવતું નહિ, જે ભાગ્યેજ તેના સ્વાર્થી હૃદયમાં સ્ફુરતી, ત આજે હંસાએ ભયંકર શબ્દોમાં કહી હતી. પોતાનું સ્વાર્થીપણું નજર આગળ ખડું થયું; આ કુટુંબના ઉપકાર બદલ તેણે શું દુઃખ દીધું

હતું, તેનું ભાન આવ્યું; સાથે, હંસા કાંઈ માને એવું લાગ્યું નહિ. બીજો કોઈ પણ રસ્તો જડ્યો નહિ. 'શું કરવું? દરેક પળે મંડળેશ્વર મેરળ તરફ જતો હશે, એક મહા પ્રયત્ન કરી દુઃખના વિચાર દૂર કર્યા. આ અણીમાંથી કેમ બચવું, તે જ તરફ તે નજર રાખી રહી.

"હંસા! ફરીથી તારા મંડલેશ્વર સાથે રહેવાને પણ તું ઇચ્છતી નથી?" લાલચ બતાવતાં રાણીએ પૂછ્યું.

"ઇચ્છું છું, શા માટે નહિં? આ ભવે નહિ તો આવતે ભવે. પણ હમણા શું કામ કઢાવા તમે મને મોકલો છો, તે મને સમજાતું નથી. જ્યાં સૂધી સમજાશે નહિં ત્યાં સૂધી કાંઈ કરવાની નથી. તમારી ભલમનસાઇનાં બહુ ફળ ચાખ્યાં,"–બોલતાં બોલતાં હંસાને શ્વાસ ભરાઇ આવ્યો, આંખે અંધારાં આવ્યાં; તેણે લમણે હાથ મૂક્યા; તેના અશક્ત શરીરને આટલું બોલવાની તસ્દી પણ ઘણી પડી.

એટલામાં નીચે, રાજગઢના પાછલા ચોકમાં, એકદમ મોટો કોલાહલ જાગ્યો. મીનળને તે અપરિચિત લાગ્યો. જે ઓરડામાં તે હતી, ત્યાંની બારીઓ બધી બંધ હતી; માત્ર બે લાકડાંની જાળીઓ નીચેના ચોકમાં પડતી. તે જાળી તરફ મીનળ ગઈ; નીચે ચોક પાસેના ઓટલાપર ઉઘાડે માથે જયદેવ ઉભો હતો. તેના હાથમાંથી રુધિર વહેતું હતું. એક સૈનિક તેને પાટો બાંધવાની તૈયારી કરતો હતો. જયદેવનો હાથ એક તીરે ઘવાયો હોય, એમ લાગતું હતું. તેની નાની તરવાર તેના પગ આગળ પડી હતી; સામું ચોકમાં દાનેશ્વર કર્ણનું ભવ્ય સૌંદર્ય અને વીરતા દાખવતો એક જુવાન હાથમાં નાગી તરવાર લઈ ઉભો હતો. એની આંખમાં ઝનૂન હતું; એના સીનાપર સત્તા હતી. દશપંદર સૈનિકો એના તરફ ધસવા પ્રયત્ન કરતા હતા. એકલે હાથે, કાંઇક અભિમન્યુનો ખ્યાલ દેતો, એ બધાને ડરાવતો હતો. રાણીએ તેને તરત ઓળખ્યો. હંસાની મુખરેખાઓ એ છોકરાપર ચોખ્ખી રીતે ચીતરાઈ રહી હતી. તે ત્રિભુવનપાલ હતો.

ત્રિભુવનને જોતાં રાણીની ભ્રૂકુટી ચડી; તરત એક વિચાર આવ્યો, ચિન્તાતુર હૈયામાં હર્ષનાં અંકુર ફૂટ્યાં. અત્યારની ભયંકર વિટંબનામાંથી છૂટવાને તત્પર થઈ રહેલી તેની સ્વાર્થબુદ્ધિ રસ્તો ખોળવા સમર્થ થઈ હતી. સારી લાગણીઓ તેણે બધી દબાવી; રાક્ષસી હૃદયની શક્તિ તેની મદદે આવી; તે હંસા તરફ ફરી.

## પ્રકરણ ૧૬ મું
### તમે કોણ છો?

રાણીએ જે દેખાવ જોયો, તે કેમ બનવા પામ્યો એ જોઈએ.

ત્રિભુવનપાળ મોંઢેરી દરવાજાના રસ્તાપર, પોતાના રસાલા સાથે મંડલેશ્વરની વાટ જોતો ઉભો રહ્યો. શામાટે તે રાજગઢ પાછા ગયા, મુંજાલ જોડે શી વાતો કરી, એ જાણવા તેનું મન ઉત્કંઠિત થયું હતું. પણ નાનપણથી જ તેને હુકમ પ્રમાણે અમલ કરવાની ટેવ પડી હતી, એટલે દરવાજા બંધ થયા ત્યાં સૂધી તે થોભ્યો. પછી ધીમે ધીમે તે રાજગઢ તરફ જવા લાગ્યો. ચૌટામાં ધમાચકડી થઈ રહી હતી. દુકાનો બંધ કરવી કે કેમ તે, ભેગા મળી વેપારીઓ વિચાર કરી રહ્યા હતા. કેટલાક મોટેથી રાજ્યની સ્થિતિની વાત કરતા હતા. ત્રિભુવને પોતાના એક બે માણસ પાસે ખબર કઢાવી ત્યારે તેને માલમ પડ્યું કે, મંડલેશ્વર રાજગઢમાંથી આવી, કોટ કુદાવી બહાર નીકળી ગયા હતા. તરત તે દોડતે ઘોડે ત્યાં ગયો. ત્યાં બસેં પાંચસેં લોકો ભેગા મળી વાતો કરી રહ્યા હતા, અને કયે ઠેકાણેથી દેવપ્રસાદ ગયો, તે એક બીજાને દેખાડતા હતા. ત્રિભુવનને જોઈ ઘણા ખરા શાન્ત પડી ગયા, અને આંગળીવતે તેને ઓળખાવવા લાગ્યા. ત્રિભુવન ચાંપાનેરી દરવાજે ગયો, અને દરવાનને તે ઉઘાડવા કહ્યું. દરવાને ના પાડી. નિરાશ થઈ, ત્રિભુવને કોટની ઉંચાઇ જોઈ, પોતાના ઘોડા તરફ જોયું, અને નિસાસો નાંખ્યો. પાટણનો કોટ કુદાવવો, એ તો એના બાપ જ કરી શકે. ત્યાંથી ઝપાટાબંધ તે રાજગઢ આવ્યો, અને પાછલો રસ્તો ઉઘાડો દીઠો, એટલે તે તરફથી અંદર આવ્યો. પહેરેગીરોએ તેને રોકયો.

"મારે મીનળબાને મળવું છે. મને ઓળખતા નથી? હું મંડલેશ્વરનો પુત્ર ત્રિભુવનપાળ. જાઓ, હું ઉભો છું. કોઈ જઇને કહી આવો."

એક પહેરેગીર મીનળદેવીને સંદેશો કહેવા ગયો. ત્રિભુવન ઘોડાપરથી ઉતરી ઉભો રહ્યો. એક જ વસ્તુ કરવાની તેની નજરે દેખાઈ, 'બહાર જઈ તેના પિતાને મળવું.' એ બળથી થાય એમ હતું નહિ, એટલે કળથી કરવા તેણે નિશ્ચય કર્યો.

આનંદસૂરી નીચે ઉતર્યો:—"બા મળી શકે એમ નથી. શું કામ છે?"

"તેનું તમારે શું કામ છે? કેમ નહિ મળે? મને ઘણું જરૂરનું કામ છે. મારાથી થોભાય એમ નથી," ત્રિભુવને ઉતાવળા થઈ કહ્યું.

"મળવું હોય તો થોભવું પડશે," કહી જતિ ચાલ્યો ગયો. અધીરાઇમાં અકળાતો ત્રિભુવન ઉભો રહ્યો. તેને ઉપર જવાનું મન થયું. દરેક પળ જતી, તે ઘણી કીમતી હતી.

એટલામાં સામું બાજુના ઓટલાપરથી જયદેવને જતાં જોયો. ત્રિભુવન એકદમ તે તરફ દોડ્યો.

"કાકા–જયદેવકુમાર–મહારાજ !"

ગૌરવથી ચાલતો બાલ ગુર્જરેશ ઉભો રહ્યો. જરા ભ્રૂકુટી ચડાવી તે અટક્યો, અને ત્રિભુવન તરફ જોયું.

"કાકા! મને પાટણની બહાર જવાની રજા આપો. દરવાજા બંધ થઈ ગયા છે અને કાકી કામમાં છે; કોઇને મળતાં નથી."

આટલાં વર્ષો પાટણ બહાર કહાઢ્યાથી જયદેવ ત્રિભુવનના સંસર્ગમાં ઘણો થોડો આવ્યો હતો. તેને વિષે તેને માહિતી પણ ઘણી થોડી હતી. તેમાં 'પરમ દિવસે રાત્રે સામળ બારોટ પાસે મીનળબાની મગદૂર પૂછતાં આ છોકરાને સાંભળ્યો હતો, એ સિવાય એ કોણ છે તથા કાકા! કહેવાની કેમ હિંમત કરે છે' તેની ચોક્કસ ખબર ન હોતી.

"કોણ છે તું?" આ ઉંમરે પણ સત્તાદર્શક અવાજે જયદેવે પૂછ્યું.

"મને ઓળખતા નથી? શી દૈવની ખૂબી! હું મંડલેશ્વરનો છોકરો ત્રિભુવનપાળ. જયદેવ! જયદેવ! મારા બાપની સાથે મારે જવું છે. 'મને દરવાજા બહાર જવા દે,' એવો હુકમ આપો."

જયદેવે એની માની તાલીમ લીધી હતી અને તે ઉપરાંત મીનળ જેટલી હિંમતવાન્ હતી, તેટલો આ અંદરથી ડરતો હતો. તેણે ત્રિભુવનનું રૂપ, તેની શૌર્યદર્શક છટા જોઈ, અને તેનામાં કાંઇક દ્વેષબુદ્ધિ આવી; દેવપ્રસાદ સામે જે ઝહેર મીનળને હતું, તે કાંઈક એનામાં આવ્યું; સામળ બારોટ આગળ ત્રિભુવને બોલેલા બોલ તેને યાદ આવ્યા; તે લાડમાં ફાટેલો હતો; ખુશામતે તેને સત્તાનો શોખીન બનાવ્યો હતો.

"તું પરમ દહાડે કહેતો હતો કે, મીનળદેવીની શી મગદૂર છે? લે લેતો જા," તિરસ્કારથી તેણે કહ્યું.

"જયદેવ! આ તમને શોભે? હું પણ ભીમદેવના કુળનો છું અને યાચના કરું છું," સમજાવવાનો પ્રયત્ન કરતાં ત્રિભુવને કહ્યું.

"તારો બાપ તો બળિયાનો બળિયો કહેવડાવે છે, અને તું ભીખ માગે છે?" મશ્કરી કરતાં ગૂજરાતનો બાલરાજા બોલ્યો. ત્રિભુવને મીજાજ મહા મહેનતે શાંત કર્યો. તેની આંખો જરા સખત થઈ.

"મહારાજ! મોટાઓની વાત મોટા જાણે, મને તો માત્ર પાટણ-ની બહાર જવું છે."

"કેમ બહારવટું લેવું છે?" જરા હસતાં અવિચારી કુંવરે પૂછ્યું.

"જયદેવ મહારાજ! સોલંકીઓને બહારવટું લેતાં વાર છે. હું અરજ કરું છું; કારણ કે તમે રાજા છો, હું સામન્ત છું. પણ તેથી

એમ નહિ ધારશો કે, તમારાં શકુનોનો સાંખવા આવ્યો છું," ગૌરવથી ત્રિભુવને કહ્યું.

"આ અરજ કરવા આવ્યો છે! ઉભો રહે. બા શું કહેશે તે જોઇશું. હમણાં તો કલ્યાણમલ્લ આને પકડીને રાખો."

ત્રિભુવનની આંખો ચમકી ઉઠી, તેનું સૌંદર્ય જ્વલંત થઈ રહ્યું. તેણે સખ્તાઇથી કહ્યું,

"હું જોઉં છું કે, મને જીવતો પકડવાની કોણ હિંમત કરે છે?" કહી ત્રિભુવન તરવારની મૂઠપર હાથ મૂકી આગળ કોણ આવે છે, તેની વાટ જોતો ઉભો. તે જાણીજોઇને શાન્ત રહ્યો. રાજા આગળ તરવાર કહાડતાં પોતાનું કામ નહિં સરે, એમ તેને ખાત્રી હતી.

કલ્યાણમલ્લ જરા આઘો, માનભેર ઉભો રહ્યો. આસપાસ ફરતા સૈનિકો આવી લાગ્યા. ભીમદેવના પ્રપૌત્રને પકડવાની કોઇએ હિંમત કરી નહિ.

"એમ? એટલી બડાશ કરે છે? ઉભો રહે, હુંજ પકડું છું," કહી જયદેવે પોતાની તરવાર કહાડી. તે અભિમાની હતો. ખુશામતિયા સામન્તોના અભિપ્રાય પ્રમાણે તે પોતાની જાતને મહારથી માનવા લાગ્યો હતો. પોતાના કટ્ટા દુશ્મનના છોકરાને પોતાને હાથે કેદ પકડવો, એ ઘણું સંતોષકારક તેને લાગ્યું. એક ડગલું આગળ વધી, તેણે તરવાર ઉગામી.

"કલ્યાણમલ્લ!"–પણ એ શબ્દ પૂરો નીકળે, તે પહેલાં ઉપરથી કોઈ ન જાણે એમ એક તીર આવ્યું જે જયદેવને જમણે હાથે વાગ્યું. તે ક્યાંથી આવ્યું તે કોઇએ બરોબર જોયું નહિ, પણ બધાએ પાછળ જોયું. ત્રિભુવને પણ પાછળ જોયું. જયદેવના હાથમાંથી તરવાર પડી ગઈ, હાથપર લોહીની શેર ફૂટવા માંડી; રાજાનો ક્રોધ વધ્યો. આમ તેમ જોયા વગર તેણે બરાડો માર્યો.

"આ હરામખોરને પકડો છો કે નહિ? પકડો, મારો."

સૈનિકો અત્યાર સૂધી જોઈ રહ્યા હતા; પણ હવે મીનળદેવીના ક્રોધનો ધાક બધાને લાગ્યો. 'તેમના રાજાને ઘાયલ થવા દીધા!' તેઓ આગળ આવ્યા. ત્રિભુવને જોયું કે, બાજી બગડી ગઈ. તેણે તરત તરવાર કાઢી, અને ઘેરાયેલા વાઘ માફક ચારે તરફ જોવા લાગ્યો. એક સૈનિકે જયદેવને પાટો બાંધવા માંડ્યો.

કલ્યાણમલ્લે ત્રિભુવનને કહ્યું:—"બાપુ! પકડાઈ જાઓ. પછી બાને સમજાવીશું."

"પકડાઈ જાઉં? મલ્લરાજ! સોલંકીઓ પકડાતા નથી; બીજાને પટકે છે. જોઉં છું, મને કોણ પકડવા આવે છે?"

"પકડો, પકડો; જોયાં શું કરો છો?" ઘાથી પીડાતા જયદેવે ફરી બૂમ મારી. સૈનિકો વધારે વાર થોભી શકયા નહીં; તેઓ આગળ આવ્યા.

આ ઘડીએ ઉપરથી મીનળે આ દેખાવ જોયો, અને તેને ગયા પ્રકરણમાં લખેલી દૈવી કે રાક્ષસી પ્રેરણા થઈ.

"હંસા! આમ આવ, કાંઈ બતાવું," રાણીના અવાજમાં ફત્તેહનો ધ્રુજારો હતો; "આમ આવ."

હંસા જાળી પાસે આવી. "શું જોઉં?" તેણે પૂછ્યું.

"જો, જો; આ પેલા છોકરાને ઓળખે છે? આ નહિ, પેલો; હાથમાં તરવાર લઈ ઉભો છે તે; જેને સૈનિકો પકડવા જાય છે તે, આ રહ્યો."

હંસાએ થોડી પળ જોયું. ઉંઘમાંથી જાગતી હોય તેમ પૂછ્યું; "કોણ છે? તેનું શું?" બેદરકારીથી હંસાએ કહ્યું.

"શું શું? તું ઓળખતી નથી?"

"ના, કોણ છે એ?" આંખો તકાસી હંસા બોલી "કોણ—"

"કોણ શું? તારો છોકરો." મીનળદેવીએ કહ્યું.

"હેં" આંખો ફાડી ગાંડા જેવી હંસા બોલી; "મારો ત્રિભુવન! તમે કહેતાં હતાં કે, તે તો બાલપણમાં મરી ગયો." ગભરાટમાં કંઈ ન સમજ પડતાં હંસા બોલી.

"નથી મરી ગયો; એ જીવતો છે. તારા ધણી સાથે હતો. જો આ સૈનિકો સાથે એણે લડવા માંડ્યું. હંસા! તારો છોકરો જીવાડવો છે? હમણાં આ સૈનિકો એને પૂરો કરશે. જો એક બે ઘા પણ આ લાગ્યા. આ મરશે. બચાવવો છે? તો વચન આપ. મંડલેશ્વર પાસે તું જા પાટણપર આવતો અટકાવ; બે દહાડા પણ રોકી રાખ. કેમ? શું કહે છે?" મીનળે ઉતાવળથી કહ્યું.

હંસાની આંખમાં આંસુની ધારા ચાલી, તે ગુંચવાઈ; "મારો દિકરો! મારો દેવ જેવો ત્રિભુવન! પંદર વર્ષે મળ્યો તે મરતો જોવા! મીનળદેવી! એને બચાવો. અહિંયાંથી બૂમ પાડો."

"શામાટે? વચન આપ, વખત નથી, આ હમણાં ગયો," ક્રૂરતાથી રાણીએ કહ્યું.

"શું કેસરી સમો લડે છે? મારા ત્રિભુવન!" "છાતીપર હાથ દાબતાં હંસા બોલી.

"તારો ત્રિભુવન આ ગયો; દશ પળમાં હમણાં ભોંયે પડશે. જો બીજા માણસો આવ્યા. માત, વચન આપ."

હંસાએ ગાંડાની માફક આમતેમ જોયું. તેની આંખોમાંથી આંસું વહ્યાં; ઉછળતી છાતી તેણે હાથવતી દાબી રાખી. તેણે દિકરા સામ

જોયું; તેનું દૈવી મુખારવિંદ વીરતાના સોનેરી કિરણોએ છવાતું જોયું. તે સિંહની માફક સૈનિક સામું ધસતો, એટલે સૈનિકોને પણ બચાવમાં શસ્ત્ર વાપર્યાં વગર છૂટકો નહિ થતો.

"બોલ, બોલ, હંસા! આ બીજી બે પળ નહિં જીવે."

"રાક્ષસિ! ચંડાલિનિ! લે મારો જીવ, પણ મારો છોકરો બચાવ. મારું કુળ સંહારવા તું બેઠી છે."

"વચન? તારા ધણીના સમ?"

"હા, હા. અરે–રે! જો બીચારાને, હાય હાય! રાણી! બચાવ," કહી હંસાએ ચીસ પાડી.

રાણીએ વચન લીધું, અને દોડતી આગલા ઓરડામાં આવી. ત્યાંની બારીઓ ઉઘાડી હતી તેમાંથી તેણે નીચે જોયું અને બૂમ પાડી. "કલ્યાણ! કલ્યાણ! 'સબૂર, ઉભા રહો.' સબૂર" મીનળદેવીનો અવાજ ગાજી રહ્યો. તોફાનમાં પણ તે અવાજ સંભળાયો. રાણીને બધાએ જોઈ, અને અટક્યા. ત્રિભુવનને ઘા પડ્યા હતા; તેની શક્તિ ઓછી થતી જતી હતી; આંખોમાં અંધારાં આવવાની તૈયારી થઈ હતી. માત્ર ઝનૂનથી તે લડતો. તેમાં એકદમ બધા અટકી પડ્યા. બધાએ ઉંચું જોયું. એણે પણ તરવાર થોભાવી; પળ બે પળ ઉભો રહ્યો.

તેની આંખ આગળ જાણે પડદો પડતો હોય એવું લાગ્યું. એકદમ એક સ્ત્રી આવી; તેણે કાંઈક ઓળખી; "મીનળકાકી!" બૂમ પાડવા ગયો, પણ ગળું સુકાઈ ગયું હતું.

પાછળ બીજી સ્ત્રી આવી. ત્રિભુવને કોઈ દિવસ તેને જોઈ ન હતી, છતાં પરિચિત લાગી. તે આટલી બધી સુક્કી કેમ હતી? તે જીવતી હતી કે શબ હતું? તે વિચાર કરવાની તૈયારી કરતો હતો, પણ બધું ફરતું હોય એમ લાગ્યું. તે સ્ત્રી પાસે આવી, એકદમ ત્રિભુવનને બાઝી પડી.

ત્રિભુવનની ઝનૂન ઉતરવા માંડી હતી; અંગે અંગ જાણે કળતાં હોય એમ લાગ્યું. આ સ્ત્રી કોણ હતી? તેને કાંઈ શાંતિ વળી; આ નવી સ્ત્રીએ તેને ચુંબન કર્યું, તેના વાળ ઉંચા કર્યા.

ત્રિભુવનને હસવું આવ્યું. એને તો હજુ લડવું છે, આ લાડ શા માટે? એટલામાં પાસેથી એક બીજી છોકરી આવી. આ કોણ? ઓળખતો હતો, ક્યાં જોઈ હતી? બીજી સ્ત્રી તરફ તે ફર્યો; તે તેનો હાથ નાના ખભાપર મૂકી ચલાવતી હતી. ત્રિભુવન સોલંકીને તે વળી બૈરીની મદદની જરૂર પડે? ત્રિભુવન હસ્યો. આ બધા કેમ ફરે છે? અંધારા જેવું કેમ લાગે છે? આ સ્ત્રી શું કહે છે? "મારા દીકરા!"

ત્રિભુવન જરા ફરી હસ્યો. તેની મા તો મરી ગઈ હતી, મુંજાલ મામાએ મારી નાંખી હતી. "તમે કોણ છો?" ત્રિભુવને પૂછવા પ્રયત્ન કર્યો.

"હું–હંસા–" જેવો કાંઈ સ્વર આવ્યો. ત્રિભુવનના મગજમાં અંધકાર વધવા લાગ્યો. આટલું બધું અંધારું શા માટે? તેણે નવી સ્રીનાપર હાથ ટેકવ્યાં–તેને લાગ્યું કે ભોંય સરે છે, સરી ગઈ, અંધકાર થઈ રહ્યો.

* * * *

ત્રિભુવને ફરી આંખ ઉઘાડી જોયું ત્યારે એક ઓરડા જેવું જણાયું. તેને પથારીમાં સુવાડ્યો હતો. તેના દુઃખતા દીલપર હાથ નાંખી પેલી નવી પણ પરિચિત લાગતી સ્રી બેઠી હતી. ત્રિભુવનને લાગ્યું કે, આ સ્રીને પહેલાં સ્વપ્નમાં જોઈ હતી. ધીમેથી ત્રિભુવને કહ્યું, "બા!" સ્રી ચમકી; તેણે ત્રિભુવન સામું જોયું. તેની આંખમાંથી અશ્રુની સતત ધારા વહેતી હતી; તે ફરીથી ત્રિભુવનને બાઝી પડી; ત્રિભુવન પાછો બેભાન થઈ ગયો.

પાછળ મીનળદેવી આવીને ઉભી રહી, અને નિશ્ચળ અવાજે કહ્યું, "હંસા! આમ તો તું અહિંયાંની અહિંયાં જ પડી રહેશે. વખત જાય છે, હવે તું જા."

"અઢળક દોલત પાસે છે, છતાં મારી રાંકડીની કોડી પણ થોડી વાર રહેવા દેતાં નથી?" હંસાએ કચવાઇને કહ્યું.

સખ્ત શાંતિથી મીનળદેવીએ જોયાં કર્યું. "તે કેમ ચાલશે? મંડલેશ્વર મેરળ પહોંચી પણ ગયા હશે; બધી તૈયારી કરાવી છે; જતિ આનંદસૂરી તારી જોડે આવશે. ચાલ, ઉઠ."

"એક પળ, રાણી! એક પળ," કહી હંસાએ રાણીની સામું એવા દયામણાપણાથી જોયું કે, મીનળનું હૈયું પણ પીગળ્યું.

"ઠીક; હું પાલખી તૈયાર કરાવું છું, તું તૈયાર થા." કહી ઇશ્વરીસત્તાની અચળ ભાવહીનતાથી મીનળદેવી ચાલી ગઈ.

હંસાના મગજની સ્થિતિ કલ્પી શકાય એવી નહોતી. પંદર વર્ષ થયાં તેના જીવનના એકેએક ઝરણાં સુકાઈ ગયાં હતાં. ધણીથી તથા બાલકથી વિખૂટી, કોમળ હૃદયની હંસાએ એકાન્તમાં અશ્રુપાતથી પોતાના મોંઘા મનોરથોપર તિલાંજલિ અર્પી હતી. જે બહાર ફરે, સગાંસ્નેહીનો સદાનો સંગ કરી રહ્યાં હોય, તે ભાગ્યે જ સમજે કે, કારાગ્રહનો એકાન્તવાસ કેટલો ભયંકર હોય છે; દિવસોપર દિવસો વીતે, પણ ભયાનક એકાન્ત–એકલતા; તેના તે જ વિચારોની ત્રાસજનક સોબત; બહારની દુનિયા બીજા ગ્રહ જેટલી દૂર; સંસારના અનુભવો બીજા અવતાર જેટલા અસ્પર્શ્ય. આ દુઃખમાં, વિયોગમાં હંસાએ આટલાં વર્ષો વીતાવ્યાં,

મનની લાગણીઓ મારી–આશાઓ સંહારી; આજે એક પળમાં પતિને મળવાની આશા ઉભી થઈ, મરેલે મને તે નહિ સ્વીકારી; બીજી પળે જે પુત્રને મરેલો ધાર્યો હતો તેને જોયો, તેને બચાવવા નહિં સ્વીકારેલી પતિને મળવાની આશા પાછી સ્વીકારી. હંસા વિચાર કરી શકતી નહીં; એક એક ઊર્મિને વશ થઈ બધું કરતી. પુત્રને જોયો; તેનું રૂપ, તેનું શૌર્ય જોઈ હૃદય ઠાર્યું; તેને પણ છોડવો, એ હૃદયભેદક લાગ્યું. મીનળદેવી ભાવી જેવી નિશ્ચલ હતી, અને નાનપણથી હંસા કોમળ સ્વભાવની, બીજાની ઇચ્છાને તાબે થવાની હોંસવાળી હતી; જરા પ્રસંગ સખ્ત આવતાં સુંવાળી લતા જેમ નીચું માથું નમાવી ઝપાટો સહન કરતી; છતાં અત્યારે તાબે થવું કઠણ લાગ્યું. ત્રિભુવન બેભાન થઈ પડ્યો હતો; તેનું કોમળ મુખ કરમાઈ ગયું હતું; તેને મૂકી જવું! વારંવાર તેણે દીકરાનું મુખ ચુમ્યું.

પાછળ એક પડછાયો પડ્યો; હંસાએ એકદમ ચમકીને ઉંચું જોયું; પંદરસોળ વર્ષની એક બાળા સામે ઉભી હતી.

"તમે ત્રિભુવનનાં મા થાઓ?"

"હા, બહેન! તું કોણ છે?"

"હું મીનળદેવીની ભત્રીજી થાઉં છું."

"એમ?" કહી હંસા જરા ધ્રૂજી, અને ત્રિભુવન સામું જોયું.

"જરા ગભરાશો નહિ; ફોઈબા કરતાં ત્રિભુવનની હું વધારે છું."

હંસાએ ઉંચું જોયું. છોકરીના મુખપર નિર્દોષતા સ્પષ્ટ દેખાતી હતી.

"તારૂં નામ શું?" "પ્રસન્ન."

"બહેન! મારાપર તો દૈવ કોપ્યો છે. હું જાઉં છું, પણ આને અહિંયાં કોણ જોશે?"

"જરા ગભરાશો નહિ. હું છું ત્યાં સૂધી ત્રિભુવનને જરા પણ આંચ નહિ આવવા દઉં."

"સારૂં; મને કાંઈ નિરાંત રહેશે;" હંસાની આંખમાં વધારે આંસુ આવ્યાં "મારા નમાયા છોકરાનાં કોડ પૂરજે."

પ્રસન્ને છેડાવડે આંસું લુછ્યાં–"તમારો આશીર્વાદ."

"જેટલું મને દુઃખ પડ્યું છે, તેટલું તને સુખ મળજો," કહી હંસાએ ઓવારણાં લીધાં, અને ફરીથી ત્રિભુવનને ચુંબન કર્યું.

"હંસા! ચાલે છે કે?" બહારથી મીનળદેવીનો અવાજ આવ્યો.

"હા, આવી," કહી ફરીથી હૃદયને દબાવી નિરાશાના અવતાર સમી હંસા ત્યાંથી ગઈ; તેનું ભરેલું હૈયું ફરી સજીવન થઈ, અગ્નિદાહની ભયંકર વેદના વેઠતું હતું.

## પ્રકરણ ૧૭ મું
## પ્રસન્નની પીડા

"હંસા!" મીનળદેવીએ કહ્યું; "જો આ આનંદસૂરીજી તારી સાથે અડધે રસ્તે આવશે; પણ તારું વચન પાળજે, હોં."

"રાણી! હંસાએ હજુ વચન તોડયું નથી; ગભરાશો નહીં. મારા કુળનું મારે હાથે જ નિકંદન કરવા હું સરજાયેલી છું," કહી હંસા આગળ ગઈ. પાછળ આનંદસૂરી રહ્યો. તેણે સાધુનો વેશ તજી, રજપૂતનો વેશ પહેર્યો હતો.

"જુઓ, જતિજી! પાછા સાંજ પડે પાછા ફરજો, અને ચાંપાનેરી દરવાજા બહાર ઉભા રહેશો તો ચાલશે, હું ત્યાં મળીશ."

"બેફીકર રહો, હું હમણાં આવ્યો;" જતિએ જવાબ વાળ્યો, અને ત્યાંથી ચાલ્યો ગયો.

'હાર્યો જુગારી બમણું રમે,' એવી સ્થિતિ રાણીની થઈ હતી. કોઈ પણ રીતે મુંજાલ અને મંડલેશ્વર ન મળે, એવો રસ્તો તે લેતી હતી. તે ઘડીભર બીજી બધી વસ્તુઓ વિસરી ગઈ; એટલામાં ત્રિભુવન સાંભર્યો, અને તે સૂતો હતો, તે ઓરડા તરફ ફરી. તે અંદર ગઈ, અને તેનો મીજાજ વધારે ગયો. ખાટલાની બાજુમાં ભોંયપર પ્રસન્ન બેઠી હતી. ઉંઘમાં પડેલા ત્રિભુવનનો એક હાથ તેના હાથમાં હતો, તેને તે અવારનવાર છાતી સરસો ચાંપતી.

"પ્રસન્ન! શું કરે છે?"

પ્રસન્ને જોયું, શરમાઈ, અને તરત ઉભી થઈ ગઈ. "કાંઈ નહીં."

"તું પણ હવે ફાટવા માંડી છે. ચાલ, હવે તૈયાર થા. વખત છે ને આજે રાત્રે તારે પણ મુસાફરી કરવી પડે."

"મારે! હું ક્યાં જાઉં?" જરા ગભરાટથી પ્રસન્ને પૂછ્યું.

"તેની તારે શી પંચાત? તારો ધર્મ મારું વચન પાળવાનો છે."

"પણ, ફોઈબા! મારો ધર્મ આની પાસે રહેવાનો છે," ત્રિભુવન તરફ હાથ દેખાડતાં પ્રસન્ન બોલી. "એની મા મને સોંપી ગઈ છે."

"તે નહિં ચાલે. તારું તો હજુ ઘણું કામ છે. મેં તને થોડા દહાડાપર શી વાત કહી હતી?" મીનળદેવીએ સખ્તાઇથી પૂછ્યું.

"તે વાત મારે નથી જોઇતી. અવંતી રહે ઉંચું," જરા હિંમતથી માથું ઉંચકી પ્રસન્ને કહ્યું.

"કેમ? બહુ બોલવા માંડ્યું કે?" મીનળે ભવાં ચડાવી કહ્યું.

"ના. આ જ્યાં સૂધી સારા નહિ થાય ત્યાં સૂધી હું અહિંયાં રહેવાની." પ્રસન્ને જોયું કે, હવે દૃઢતા દેખાડ્યા વિના છૂટકો નથી.

"પણ એની સાથે તારે શું?" ખરી વાતનો કાંઈ વહેમ પડતાં મીનળે પૂછ્યું.

"એની સાથે બધું જ છે. એ તો મારો માથાનો મુકૂટ છે," હિમ્મતપર ચઢતાં પ્રસન્ન બોલી.

"એમ?" ભયંકર રીતે રાણીએ કહ્યું; "માળવા નહિ રુચ્યું કે આનાપર મોહી પડી?"

"ફોઇબા! ફોઇબા! શું કામ વધારે બોલાવો છો? મારે તમારે માળવા નથી જોઈતું."

"એટલે મારી બધી યોજના પાણીમાં જાય, એમ? છોકરી! તારા જેવીને સીધી કરતાં મને જરા વાર નહિ લાગે; સમજી? સાંજ પહેલાં તૈયાર થા; નહિ થશે, તો જોરજુલમથી તારી સાથે કામ લઈશ. આ કાને સાંભળ કે પેલે કાને," કહી ગુસ્સામાં મીનળ ત્યાંથી ચાલી ગઈ.

પ્રસન્નને મીનળદેવીનો ધાક ઘણો હતો; શું કરવું તે સૂઝ્યું નહિ. તેણે ત્રિભુવન સામું જોયું. 'એને આવી સ્થિતિમાં મૂકીને જવું એ કેમ બને?' પણ ફોઈબાએ ધાર્યું હોય તો જુલમથી પણ તેને મોકલી આપે, એમ તેને ખાત્રી હતી. તે ઉઠી, અને ઉતાવળીઉતાવળી ઉપર ગઈ અને સામળ બારોટને મળી. બારોટને તેણે બધી વાત કહી, અને હેઠળ આવી, ત્રિભુવનની પાસે બેસવા કહ્યું. ડોસાએ તે સ્વીકાર્યું.

"પણ, બહેન! આંખો વિના હું શું કરું? કોઇને મારી સાથે રાખ."

"કોને બોલાવું? હા, આત્રાના વરને બોલાવું?"

"કોણ? વાચસ્પતિ? એ છોકરો છેતો સારો. ચાલ ત્યારે મને દોરી જા, અને પંડિતજીને પણ કહી આવ."

"બારોટજી! મને જે થાય તે, પણ ત્રિભુવનની સારવાર બરોબર કરજો હોં," જરા ધ્રૂજતે અવાજે પ્રસન્ને કહ્યું.

"આમ ગભરાય છે શું? કાલે સવારે ત્રિભુવન સારો થશે. હું પણ જરા વૈદ છું. ઘા પડ્યા હોય ત્યાં લીલો શું કરતો હતો? જો પેલા ભંડારીયામાં ઉપર દાબડો છેની? તે લાવ."

પ્રસન્ને તે લાવી આપ્યો. તે હાથમાં લઈ સામળ બારોટ હેઠળ ઉતર્યાં, અને પ્રસન્ન વાચસ્પતિને તેડવા ગઈ.

વાચસ્પતિ નવરા બેઠાબેઠા કોઇક સંસ્કૃત પુસ્તકનો પાઠ કરતા હતા, ત્યાંથી તેમને પ્રસન્ને ઉઠાડ્યા, અને ત્રિભુવનની સોંપણ કરી. પંડિત દોડતા દોડતા ત્રિભુવન પાસે આવ્યા, અને બારોટના બતાવ્યા પ્રમાણે ઉપચાર કરવામાં રોકાયા.

સાંજ સૂધી પ્રસન્નની કોઇએ ખબર પૂછી નહિં. સાંજના એક

નોકર તેને જમવા તેડવા આવ્યો. મીનળદેવીના ઓરડામાં ત્રણને માટે વહેલી રસોઈ કરવામાં આવી હતી. જયદેવ એક ભાણાપર બેઠો હતો, અને જમણો હાથ ઘવાયો હોવાથી કટીજાણું મોઢું કરી, ડાબે હાથે ખાતો હતો. બીજે ભાણે રાણી બેસવાની તૈયારી કરતી હતી. ગુસ્સામાં મીનળે ત્રીજી થાળી પ્રસન્નને દેખાડી; "જમી લે."

આવી નજીવી બાબતમાં કોઇને ન ચીડવવાના હેતુથી પ્રસન્ને કબુલ કર્યું અને ખાધું. આટલું વહેલું વાળું કેમ કરવા માંડ્યું હતું, તેની કાંઈ સમજ પડી નહીં. પ્રસન્ને થોડું ખાધું, પણ તે ઘણું ભારે લાગ્યું, તરસ પણ વધારે લાગી. તે ખાઈ ઉઠી, અને પાછી ત્રિભુવન પાસે જઈ આવી; પણ કાંઈ બેચેની લાગી. આંખમાં ઘેન આવવા માંડ્યું; ક્યાં સુધી તો, 'થાકથી ઉંઘ આવતી હશે' એમ તેણે ધાર્યું. હિંચકાપર તે બેઠી, સુતી, અડધી ઉંઘમાં વિચાર આવ્યો કે, તેને 'કાંઈ નિશો તો નહિ ચઢ્યો હોય?' પણ તે પ્રશ્નનું નિરાકરણ આવે, તે પહેલાં આંખો મીચાઈ ગઈ. પ્રસન્ને ઘસઘસાટ ઉંઘવા માંડ્યું.

———:૦:———

## પ્રકરણ ૧૮ મું

### રાજગઢમાં રાત

રાત પડી. રાજગઢમાં બધું શાન્ત થઈ ગયું. શહેરમાં બહુ શાન્તિ પ્રસરી ન હતી; કારણ કે ચંદ્રના પ્રકાશમાં કોઈક કોઈક ઓટલે ટોળું વળાઇને લોકો ગપાટા મારતા હતા. આખા વાતાવરણમાં કાંઈ ભય હોય, એવું બધાને ભાસતું હતું. શાનો ભય હતો, તે કોઈ ઉચ્ચારતું નહિ; પણ બધા ઘરેણાં અને પૈસો ઠેકાણે કરી, ઘરમાં હથિયાર હોય, તે ઘસવા મંડી ગયા હતા.

મધ્યરાત્રિનો સમય થયો ત્યારે રાજગઢની પાછળ ત્રણ ઉંચા, મજબૂત, બુકાની બાંધેલા પુરુષો છાનામાના ઉભા હતા. થોડે દૂર ચાર મજબૂત ઘોડાઓ ઝાડ સાથે બાંધ્યા હતા. ત્રણે જણ કોઈની વાટ જોતા હોય, એમ લાગતું હતું. થોડી વારે એક ચોથો માણસ ઘોડાપર બેસી આવ્યો; તે શસ્ત્રથી સજ્જ થયેલો હતો, અને બે આંખો સિવાય તેનું બધું મોઢું ઢાંકેલું હતું. તે ઘોડાપરથી ઉતર્યો અને ત્રણ જણ ઉભા હતા, તેની પાસે આવ્યો. તેઓએ એની સામું આતુરતાથી જોયું; નવો આવનાર જરા હસ્યો.

"થઈ ગયું. આપણે જઈશું કે, તરત બારી ખોલશે."

"ચાલો ત્યારે, મહારાજ! નકામો શા માટે વિલંબ કરીએ?" ત્રણમાંના એક જણે કહ્યું.

"શા માટે? ચાલો. રાયમલ્લજી! તમે ઘોડા આગળ રહો, અમે ત્રણ જઈએ," નવા આવનારે કહ્યું.

"ઠીક. મારે આવવાનું રાખ્યું હોત તો ઘણું સારું," પાછળ રહ્યો, તેથી કચવાઈ રાયમલ્લે કહ્યું.

"કંઈ નહિ. હજુ ઘણો વખત છે," કહી નવો આવનાર ઝાડના છાંયડામાં થઈ રાજગઢના કોટ સરસો ગયો અને પાસેની નાની બારી ખોલવા પ્રયત્ન કર્યો, પણ બારી ઉઘડી નહિ.

"રત્નસિંહ! કાંઈ ગરબડ થઈ લાગે છે," ડોસાએ કહ્યું.

"કેમ?"

"આ બારી ખુલ્લી રાખવાની કહી હતી, છતાં આ તો બંધ છે. હવે શું કરવું?" નિરાશ અવાજે, દાંત પીસી ડોસાએ કહ્યું.

"ચાલો! પાછા જઈએ," રત્નસિંહે કહ્યું.

ડોસો વિકાળતાથી તેના તરફ ફર્યો. "શા માટે? તને જીવ વહાલો હોય તો ચાલ્યો જા. ક્યાં તો આપણે અત્યારે જોઇતી વસ્તુ ઉપાડી જઈએ કે મરવા પડીએ? બાયલો છે? હિંમતનાં કામ આમ થતાં હશે?" સાપની માફક સુસવાટાથી બોલતાં ડોસાએ કહ્યું.

ગરીબ બાપડો રત્નસિંહ શરમીન્દો થઈ પાછો હઠ્યો.

"ત્યારે કરીશું શું?" ત્રીજાએ પૂછ્યું.

"રાજગઢ આટલો મોટો છે. કોઈ પણ બારીબારણું ઉઘાડું હશે," કહી ઉંચી નજરે ડોસાએ કોટની આસપાસ ફરવા માંડ્યું. ક્યાં સુધી કાંઈ માલમ પડ્યું નહિ; કોઈ કોઈ ઠેકાણે જરુખો બહાર પડતો હતો, પણ ઝરુખે ચહડવું અશક્ય હતું અને બારીઓ બંધ હતી. પણ દૃઢતાથી ડોસો આગળ વધ્યો. થોડેક દૂર જતાં રત્નસિંહે ડોસાનો હાથ ખેંચ્યો, અને એક ગોખમાંથી લટકતું દોરડું બતાવ્યું. ત્રણ દહાડાપર જે દોરડાવતી ત્રિભુવન ઉપર ચઢ્યો હતો, તે રાજાના મરણની ગરબડમાં છોડવું પ્રસન્ન ભૂલી ગઈ હતી. ડોસાની આંખમાં હર્ષ આવ્યો, તેણે ઉંચું જોયું, માથાપરનો ફેંટો બરોબર દાબ્યો અને છલંગ મારી દોરડું પકડ્યું, અને સડસડાટ ગોખમાં જઈ ઉભો. પાછળ બીજા બે પણ ચઢીને આવ્યા. તેમની પાસે ઘર ફાડવાનાં ઓજાર તૈયાર હતાં, એટલે ઝપાટાબંધ બારણામાં બાકોરું પાડ્યું, અને આગળો ઉઘાડી બારણું ખોલ્યું. મૂગા મૂગા ત્રણે જણા ઝપાટાબંધ અંદર ગયા અને જે તરફ મીનળદેવીનો વાસ હતો, તે તરફ ચાલ્યા. આખા મહેલમાં બધા નિરાંતે ઉંઘતા હોય એમ લાગ્યું.

બધી વાતની માહીતી હોય, તેમ ડોસો આગળ ચાલતો. થોડી વારે રાણી હંમેશાં જ્યાં સૂતી ત્યાં તેઓ આવ્યા. બહાર એક દાસી,

નિદ્રાવશ થઈ પથારી પર પડી હતી; બારણું અધ ઉઘાડું હતું. ડોસાએ તે ધકેલ્યું. હર્ષના આવેશમાં તેનું હૃદય છલકાતું હતું. ઓરડામાં પેસતાં પહેલો જ ઢોલીઓ જયદેવકુમારનો હતો, તે તરફ એ વળ્યો, મચ્છરદાની ઉઘાડી, અને ચમક્યો. તેમાં કોઈ નહોતું! અંધારામાં પણ તેના ડોળામાંથી તનખા નીકળ્યા. તેણે આસપાસ જોયું, પણ બધું તદ્દન શાંત હતું. થોડીવાર તે ઉભો રહ્યો. તેને ઓરડામાં અજબ શાન્તિ લાગી. ધીમે પગલે તે બીજે ખૂણે ગયો, અને બીજો ઢોળીઓ હતો ત્યાં ઉભો રહ્યો, કાન માંડ્યા, નીચા વળી જોયું, અને મચ્છરદાની ઉંચી કરી. તેમાં પણ કોઈ નહોતું! ડોસો ફર્યો. બીજા બે જણ પાછળ ઉભા હતા.

"રત્ના! બન્ને નાસી ગયા." "હેં!"

"હા, આપણી વાત જણાઈ ગઈ. હવે અહિંયાંથી નાસી છૂટવા સિવાય રસ્તો નથી," તેણે ધીમેથી કહ્યું; "ચાલો" કહી બારણા તરફ બીજા બેને તેણે ધકેલ્યા. બારણા આગળ તેઓ ગયા તો બારણાં દેવાઈ ગયાં હતાં; જરા જોરથી ઉઘાડવા જતાં બહારથી દેવાઈ ગયેલાં લાગ્યાં. ડોસો બબડ્યો, "માર્યાં!" તે થોડી વાર વિચારમાં ઉભો રહ્યો; પાછળ બીજા બે જણાના હૃદયના ધબકારા તેને સંભળાતા હતા. તે પાછો ફર્યો અને ઝપાટાબંધ બીજા બારણા તરફ ગયો, અને તેને ધકેલ્યું; તે પણ બહારથી બંધ હતું.

"રત્ના! બચ્ચા! સપડાઈ ગયા!"

"બારીએથી જવાય એમ નથી?" રત્નસિંહે કહ્યું.

"જેણે બારણાં બંધ કર્યાં, તેણે બારી ઉઘાડી રાખી હશે?" કહી ડોસો બારીઓ તરફ ગયો. કોટ બહાર પડતી બારીઓ એટલી ઉંચી હતી કે, ત્યાંથી કોઈ પણ રીતે બહાર જવાય એમ નહોતું. બીજી તરફની બારીઓ અંદરના ચોકમાં પડતી હતી; નીચે પાંચ સાત પહેરેગીરો નાગી તરવારે પાહરો ભરતા હતા, એકના હાથમાં ધનુષ્ય અને બાણ તૈયાર હતાં.

"બધી ગમથી ફસાયા; મહારાજ! હવે શું કરીશું?"

"જોઇએ હવે; આખી રાત બધી વિચાર કરવાને છે. કાંઈ પણ રસ્તો જડશે." કૃત્રિમ હિંમત ધરી ડોસાએ કહ્યું; "રત્ના! જા તો, આ બધાં બારણાં અંદરથી પણ દઈ દે"

રત્નાએ તે પ્રમાણે કર્યું. થોડી વાર કોઈ બોલ્યું નહિં

"જુઓ; એક રસ્તો છે. આ હિંચકાના ગજીયા મોભ સૂધી જાય છે; ઉપર ચઢી થોડીક વળીઓ કાપીએ તો ઉપર જવાનો રસ્તો મળે ખરો," કહી ડોસો ઉઠ્યો, પણ હિંચકા આગળ જાય, તે પહેલાં તે

"શા માટે? ચાલો. રાયમલ્લજી! તમે ઘોડા આગળ રહો, અમે ત્રણ જઈએ," નવા આવનારે કહ્યું.

"ઠીક. મારે આવવાનું રાખ્યું હોત તો ઘણું સારું," પાછળ રહ્યો, તેથી કચવાઈ રાયમલ્લે કહ્યું.

"કંઈ નહિ. હજુ ઘણો વખત છે," કહી નવો આવનાર ઝાડના છાંયડામાં થઈ રાજગઢના કોટ સરસો ગયો અને પાસેની નાની બારી ખોલવા પ્રયત્ન કર્યો, પણ બારી ઉઘડી નહિ.

"રત્નસિંહ! કાંઈ ગરબડ થઈ લાગે છે," ડોસાએ કહ્યું.

"કેમ?"

"આ બારી ખુલ્લી રાખવાની કહી હતી, છતાં આ તો બંધ છે. હવે શું કરવું?" નિરાશ અવાજે, દાંત પીસી ડોસાએ કહ્યું.

"ચાલો! પાછા જઈએ," રત્નસિંહે કહ્યું.

ડોસો વિક્રાળતાથી તેના તરફ ફર્યો. "શા માટે? તને જીવ વહાલો હોય તો ચાલ્યો જા. ક્યાં તો આપણે અત્યારે જોઈતી વસ્તુ ઉપાડી જઈએ કે મરવા પડીએ? બાયલો છે? હિંમતનાં કામ આમ થતાં હશે?" સાપની માફક સુસવાટાથી બોલતાં ડોસાએ કહ્યું.

ગરીબ બાપડો રત્નસિંહ શરમીન્દો થઈ પાછો હઠ્યો.

"ત્યારે કરીશું શું?" ત્રીજાએ પૂછ્યું.

"રાજગઢ આટલો મોટો છે. કોઈ પણ બારીબારણું ઉઘાડું હશે," કહી ઉંચી નજરે ડોસાએ કોટની આસપાસ ફરવા માંડ્યું. ક્યાં સૂધી કાંઈ માલમ પડ્યું નહિ; કોઈ કોઈ ઠેકાણે જરુખો બહાર પડતો હતો, પણ ઝરુખે ચહડવું અશક્ય હતું અને બારીઓ બંધ હતી. પણ દ્દઢતાથી ડોસો આગળ વધ્યો. થોડેક દૂર જતાં રત્નસિંહે ડોસાનો હાથ ખેંચ્યો, અને એક ગોખમાંથી લટકતું દોરડું બતાવ્યું. ત્રણ દહાડાપર જે દોરડાવતી ત્રિભુવન ઉપર ચઢ્યો હતો, તે રાજાના મરણની ગરબડમાં છોડવું પ્રસન્ન ભૂલી ગઈ હતી. ડોસાની આંખમાં હર્ષ આવ્યો, તેણે ઉંચું જોયું, માથાપરનો ફેંટો બરોબર દાબ્યો અને છલંગ મારી દોરડું પકડ્યું, અને સડસડાટ ગોખમાં જઈ ઉભો. પાછળ બીજા બે પણ ચઢીને આવ્યા. તેમની પાસે ઘર ફાડવાનાં ઓજાર તૈયાર હતાં, એટલે ઝપાટાબંધ બારણામાં બાકોરું પાડ્યું, અને આગળો ઉઘાડી બારણું ખોલ્યું. મૂગા મૂગા ત્રણે જણા ઝપાટાબંધ અંદર ગયા અને જે તરફ મીનળદેવીનો વાસ હતો, તે તરફ ચાલ્યા. આખા મહેલમાં બધા નિરાંતે ઉંઘતા હોય એમ લાગ્યું.

બધી વાતની માહીતી હોય, તેમ ડોસો આગળ ચાલતો. થોડી વારે રાણી હંમેશાં જ્યાં સૂતી ત્યાં તેઓ આવ્યા. બહાર એક દાસી,

નિદ્રાવશ થઈ પથારી પર પડી હતી; બારણું અધ ઉઘાડું હતું. ડોસાએ તે ધકેલ્યું. હર્ષના આવેશમાં તેનું હૃદય છલકાતું હતું. ઓરડામાં પેસતાં પહેલો જ ઢોલીઓ જયદેવકુમારનો હતો, તે તરફ એ વળ્યો, મચ્છરદાની ઉઘાડી, અને ચમક્યો. તેમાં કોઈ નહોતું! અંધારામાં પણ તેના ડોળા-માંથી તનખા નીકળ્યા. તેણે આસપાસ જોયું, પણ બધું તદ્દન શાંત હતું. થોડીવાર તે ઉભો રહ્યો. તેને ઓરડામાં અજબ શાન્તિ લાગી. ધીમે પગલે તે બીજે ખૂણે ગયો, અને બીજો ઢોળીઓ હતો ત્યાં ઉભો રહ્યો, કાન માંડ્યા, નીચા વળી જોયું, અને મચ્છરદાની ઉંચી કરી. તેમાં પણ કોઈ નહોતું! ડોસો ફર્યો. બીજા બે જણ પાછળ ઉભા હતા.

"રત્ના! બન્ને નાસી ગયા." "હેં!"

"હા, આપણી વાત જણાઈ ગઈ. હવે અહિંયાંથી નાસી છૂટવા સિવાય રસ્તો નથી," તેણે ધીમેથી કહ્યું; "ચાલો" કહી બારણા તરફ બીજા બેને તેણે ધકેલ્યા. બારણા આગળ તેઓ ગયા તો બારણાં દેવાઈ ગયાં હતાં; જરા જોરથી ઉઘાડવા જતાં બહારથી દેવાઈ ગયેલાં લાગ્યાં. ડોસો બબડ્યો, "માર્યાં!" તે થોડી વાર વિચારમાં ઉભો રહ્યો; પાછળ બીજા બે જણાના હૃદયના ધબકારા તેને સંભળાતા હતા. તે પાછો ફર્યો અને ઝપાટાબંધ બીજા બારણા તરફ ગયો, અને તેને ધકેલ્યું; તે પણ બહારથી બંધ હતું.

"રત્ના! બચ્ચા! સપડાઈ ગયા!"

"બારીએથી જવાય એમ નથી?" રત્નસિંહે કહ્યું.

"જેણે બારણાં બંધ કર્યાં, તેણે બારી ઉઘાડી રાખી હશે?" કહી ડોસો બારીઓ તરફ ગયો. કોટ બહાર પડતી બારીઓ એટલી ઉંચી હતી કે, ત્યાંથી કોઈ પણ રીતે બહાર જવાય એમ નહોતું. બીજી તરફની બારીઓ અંદરના ચોકમાં પડતી હતી; નીચે પાંચ સાત પહેરેગીરો નાગી તરવારે પાહરો ભરતા હતા, એકના હાથમાં ધનુષ્ય અને બાણ તૈયાર હતાં.

"બધી ગમથી ફસાયા; મહારાજ! હવે શું કરીશું?"

"જોઈએ હવે; આખી રાત બધી વિચાર કરવાને છે. કાંઈ પણ રસ્તો જડશે." કૃત્રિમ હિંમત ધરી ડોસાએ કહ્યું; "રત્ના! જા તો, આ બધાં બારણાં અંદરથી પણ દઈ દે"

રત્નાએ તે પ્રમાણે કર્યું. થોડી વાર કોઈ બોલ્યું નહિં

"જુઓ; એક રસ્તો છે. આ હિંચકાના ગળ્યા મોભ સુધી જાય છે; ઉપર ચડી થોડીક વળીઓ કાપીએ તો ઉપર જવાનો રસ્તો મળે ખરો," કહી ડોસો ઉઠ્યો, પણ હિંચકા આગળ જાય, તે પહેલાં તે

ઉભો રહ્યો; છાપરા ઉપર થોડાંક માણસો ચાલતાં હોય, એવો સ્પષ્ટ અવાજ સંભળાયો.

"ચાલો, એ પણ પતી ગયું," ડોસાએ કહ્યું.

બીજા બે જણ આગળ આવ્યા. "સારે મદનપાળજી! હવે શું કરવું છે?" રત્નસિંહે પૂછ્યું.

"હું પણ તે જ વિચાર કરું છું," બહારની જ્યોત્સ્નાના આભાસમાં ભયાનક લાગતા મદનપાળે કહ્યું.

"જો પકડાયા તો મીનળદેવી હાથીને પગે કરવાની. નહિં તો બે રસ્તા છે."

"શા?" બીજા બન્ને બોલી ઉઠ્યા.

"એક તો એ કે, આ બારી વાટે ભૂસ્કો મારીએ, અને હેઠળ છે તેને હુલાવતા પેલી બારી સૂધી જઇએ. નહિ તો સવારે જે પકડવા આવે, તેની સાથે લઢી રસ્તો કહાડીએ."

"પણ, કાકા! એ તો બન્ને મોતના રસ્તા. એના કરતાં હું એક સારો રસ્તો બતાવું. કાલે સવારે પકડવા આવે ત્યારે મીનળદેવીને પગે પડી માફી માંગીએ; વખત છે ને બચી પણ જઇએ. જોઇએ તો આપણા ગ્રાસ હાથ કરશે. પણ આપણે નમી જઇશું તો જીવતા જવા દેશે."

"છોકરા! મદનપાલ ચાવડો નમી જશે! ગાંડો થયો છે?"

"સારે, મદનપાલજી!" રત્નસિંહે કહ્યું, "અમે આ કાચી વયમાં આમ મરીએ પણ ખરા કે? તમારે તો છેલ્લો પાયો ચાલે છે."

"તમારી ડાચાકુટ બહુ થઈ," કચવાઈ, દાંતમાંથી અવાજ કહાડતાં મદનપાળે કહ્યું; "તમારા રસ્તા મારે નથી જોઈતા. હવે તો કેસરિયાં જ કરવાનાં; જરા ડગ્યા તો હું પહેલાં તમને ઠાર કરીશ, યાદ રાખજો."

બન્ને જુવાનીઆઓ જરા ચમક્યા; ડોસાની આંખોમાં ભયંકર દૃઢતા દેખાતી હતી; ડોસો તેમને મારી નાંખે, એમાં પણ કાંઈ સંશય લાગ્યો નહિ; એટલે તેઓ છાના રહ્યા.

"હું મીનળદેવી પાસે ક્ષમા માગું?" બોખરે ઘાંટે મદનપાલ બબડ્યો; "હું—હું—ભીમદેવ મહારાજનો સાળો. એ કોણ? ઠીક, હવે એ જ રસ્તો છે.

"કાલે મારો હાથ બતાવું છું; અને રાણીને પણ કહું છું કે, જોઈ લે. છોકરાઓ!" કહી મદનપાલ ફર્યો, અને જોયું તો બીજા બન્ને જણ ઉંઘી ગયેલા જણાયા. ખરું જોતાં, એ બન્ને જાણી જોઈ, ઢોંગ કરી, સુતા હતા; કારણ કે આવી સ્થિતિમાં મદનપાળ શું કરે, કાંઈ તે

કહી શકાતું નહિં. આખી રાત તેઓ જાગતા જાગતા, સવારે શું થશે તેના વિચારમાં, પડી રહ્યા; અને આખી રાત મદનપાળ આમથી તેમ અને તેમથી આમ ફર્યો, અને કાંઈ કાંઈ બબડ્યો. અરુણોદયનો વખત થયો, એટલે બહારના ઓરડામાં કાંઈ ખખડાટ થયો. મદનપાળે આવી બન્ને સૂતેલા છોકરાઓને લાત મારી.

"ઉઠો, છોકરાઓ! સૂતા શરમ નથી આવતી? હવે ખરી ક્ષત્રિવટ બતાવવાનો વખત આવ્યો છે."

બન્ને જુવાનીઆઓ ઉઠ્યા.

"કાકા! હજુ માનો, આપણને માફી મળશે. આવી મૂર્ખાઈ નહિ કરો," કરગરતાં ભત્રિજાએ કહ્યું.

"ચંડાલ! કુત્રા! આના કરતાં, તો તારી માએ પત્થર જણ્યો હોત તો સારું. ચાલ, ઉઠ; નહિ તો પહેલાં તને જમને ઘેર પહોંચાડું છું," કહી ડોસાએ તરવાર કાઢી. ધ્રૂજતે હાથે બન્ને છોકરાઓએ પણ તરવારો કાઢી અને થરથરતે હૃદયે બારણા આગળ ઉભા રહ્યા. મદનપાળ વિકાળ દશનાની પરિસીમાએ પહોંચ્યો હતો; ગુસ્સામાં તેનું આખું અંગ કાંપતું હતું; સાવજની એકાગ્રતાથી તે બારણું ઉઘડે કે તૂટી પડવા તૈયાર ઉભો હતો.

બહારથી આગળો ઉઘડ્યો, કોઇએ બારણું હચમચાવ્યું; અંદરથી બંધ જોઈ બહારથી બારણું ઉતારવાની તજવીજ ચાલી. મદનપાળની અધીરાઈ વધી. તે મરવા કે મારવા તલપી રહ્યો હતો. તેણે એકદમ આગળો ઉઘાડી નાંખ્યો. બહારના દબાણથી એકદમ બારણું ઉઘડી ગયું. મદનપાળ બહાર કોણ છે, કેટલા માણસો છે, તે જોવા પણ ન રહ્યો. કાંઈક મશાલો જોઈ, કાંઈક તરવારો જોઈ; વિકાળ વાઘની માફક તે કુદ્યો. "જય સોમનાથ!" કહી તેણે બૂમ પાડી.

વીશપચ્ચીશ સૈનિકોની ઉઘાડી તરવાર સામે મદનપાળ એકલે હાથે ધૂમ્યો. પાછળ બે જુવાનીઆઓ કાયરની માફક ઉભા રહ્યા. મદનપાળમાં રાક્ષસી ઝનૂન ભરાઈ હતી; તેને રોકવો, તેને ઘાયલ કરવો, એ કામ અશક્ય હતું; તે તરવારથી રસ્તો કાપતો ચાલ્યો; તેને શરીરે લોહીની ધારા વહેવા લાગી, તેને આંખે અંધારા આવવા માંડ્યાં; તે દાદર સૂધી પહોંચ્યો, દાદર ઉતર્યો. હેઠળ બીજા સૈનિકોએ તેની સ્વાગત કરવા માંડી. વિષ્ણુના સુદર્શનની ત્વરાથી તેની તરવાર તેના માથાની આસપાસ ફરતી. કોલાહલથી વધારે લોકો આવ્યા. ચોમેર મશાલો ચેતી રહી. મદનપાલ બારી તરફ દોડ્યો, દોડવા ગયો, દૈવયોગે પગ લપસ્યો. મદનપાળ પડ્યો; પંદર તરવારની અણીઓએ તેનું શરીર વિંધી નાંખ્યું.

તે ગયો, અને બધા ગભરાયાં. રાણી શું કહેશે? એટલાપર શાંતિચંદ્ર હાથમાં તરવાર સહિત ઉભો હતો. બજારમાં વાત ચાલી કે. મીનળદેવી અને જયદેવકુમાર રાત્રે પાટણ છોડી ચાલ્યાં ગયાં. સૈનિકોમાં ગભરાટ વધ્યો: મૂંગે મોઢે બધા ધ્રૂજવા લાગ્યા. શું થશે?

શાંતિચંદ્રે રાજગઢનાં બારણાઓપર સખ્ત પહેરો ફરીથી મૂકાવ્યો.

——:०:——

## પ્રકરણ ૧૯ મું

## મોરારપાલ

પ્રસન્નને આંખ ઉઘાડતાં ઘણી મુશ્કેલી નડી; તેના માથામાં કાંઈ વેદના થતી હોય તેમ લાગ્યું; તેમ જ તે ઝુલતી પથારીમાં સુતી હોય, તેવો ભાસ થયો. તેણે આંખો ઉઘાડી, બધું અંધારું દેખાયું; ધીમે ધીમે તેને લાગ્યું કે, એક બંધ પાલખીમાં તેને એકલી સુવાડવામાં આવી હતી. તે સમજી ગઈ:–મીનળદેવીએ તેને કોઈ કેફ આપી. નિદ્રાવશ બનાવી, કોઈ ઠેકાણે મોકલી હતી. ક્યાં? માલવરાજને ત્યાં તો નહિં હોય? કાન માંડીને સાંભળતાં તેને એમ પણ લાગ્યું કે, આસપાસ થોડા ઘોડા ચાલતા હતા. તેણે આડા થઈ પાલખીના પડદા ઉંચકવા પ્રયત્ન કર્યો, પણ ઉંચકનારા જાણી જાય, તેના ડરથી પડી રહી.

એટલામાં બધા થોભ્યા; પ્રસન્નની પાલખી ભોંયપર મૂકાઈ. હવે શું થશે, તેની વાટ જોતી તે પડી રહી. તેને લાગ્યું કે, એક મશાલ સાથે કોઈ તેના તરફ આવતું હતું. કોણ છે અને શું છે, તે જાણવા તે ઉંઘતી હોય તેમ પડી રહી. કોઈ આવ્યું, પડદો ઉંચક્યો, અને નીચા વળી તેણે પ્રસન્ન તરફ જોયું. અડધી આંખે પ્રસન્ને જોયું, અને એકદમ આંખો ઉઘાડવા જતી હતી, પણ અટકી. 'કોણ? શોભા! અત્યારે, આવી વખતે, શોક કે મર્યાદાના વિચાર વિના ગુજરાતની રાણી અહિંયાં?' પ્રસન્ન જરા પણ હાલી નહિ. પડદો પાડી મીનળદેવી ચાલી ગઈ; અને બધું અંધારું થયું, એટલે તેણે આંખો ઉઘાડી, અને વિચાર કરવા માંડ્યો. પાટણની બહાર ક્યાંય નાસી જતા હતા: ક્યાં? તરત ત્રિભુવન યાદ આવ્યો; ત્રિભુવન ત્યાં જ પડ્યો હશે, ટળવળતો હશે, તેની શોઈ તેને પોતાની સાથે લઈ જતી હતી; હવે શું કરવું? તેના મન આગળ એક જ વિચાર આવ્યો. 'પાછા પાટણ કેમ જવાય?' હમણાં તે પાટણથી કેટલે દૂર પડી છે, તેનો પણ તેને ખ્યાલ ન હતો. હિંમત રાખી તે પડદા પાસે આવી, અને તેને જરા ખસેડી બહાર જોયું. થોડે દૂર પાલખીના ઉંચકનારા ભોઇઓ બેસી પાન ખાતા હતા

અને વાતો કરતા હતા. શું થશે, તેનો વિચાર કર્યાં વિના તે ચાર પગે થઈ, છાનીમાની બહાર નીકળી, અને પાસે એક ઝાડને ઓથે ઉભી રહી.

એટલામાં દૂરથી તેણે મીનળદેવીને પાછી આવતાં જોઈ; સાથે આનંદસૂરી અને મોરારપાલ સામન્ત હતા. તેઓ સૈનિકો અને પાલખી ઉંચકનારાઓ પાસેથી પ્રસન્ન તરફ આવ્યા. તેને ધ્રાસ્કો પડ્યો; તે પકડાઈ જાય તો શું કરવું? પણ પેલાં ત્રણ જણ વધારે ગંભીર વાતમાં ગુંથાયાં હતાં, એટલે કોઈએ આસપાસ જોયું નહિ.

"પણ બા," મોરારપાલ કહેતો હતો, "પાટણમાં તોફાન થયા વિના રહેશે નહિ. તમે ગયાં તે ખબર પડી કે, પટ્ટણીઓ કાંઈ પણ કરવાના જ."

"લીલો કહેતો હતો, મુંજાલ કહેતો હતો, અને તું પણ એ જ કહે છે. પણ મેં તો પંદર વર્ષ કાંઈ જોયું નહિ. શું રાણી જરા કોટ બહાર પણ જાય નહિ?" મીનળદેવીએ ગુસ્સામાં કહ્યું.

"બા! વધારે બોલું તો ક્ષમા કરજો. પણ કર્ણદેવના નામે આખું પાટણ કહો તે કરવા ખુશી હતું; આપને નામે આજે છે. પણ જ્યાં એમને લાગ્યું કે, તમે પાટણનું ગૌરવ જાય, એવું કાંઈ પણ પગલું લીધું—"

"તમને બધાને આમ બોલવાની ઘણી ટેવ પડી છે," સખ્તાઈથી રાણીએ કહ્યું.

"માફ કરો, હવે નહિ બોલું," ખોટું લાગવાથી સામન્ત બોલ્યો.

"ના, ના; મોરાર એમ નહિ." મીનળદેવીએ જરા નમ્રતાથી કહ્યું; "પણ આપણે એવું કાંઈ નહિ કરીએ કે, જેથી પાટણમાં કાંઈ પીડા ઉભી થાય, અને મધુપુરનું લશ્કર હાથમાં લઈ હું પાછી આવીશ."

"મોરારપાલજી!" જતિએ કહ્યું; "તમે પાછો સંદેશા કહેવા તો પાટણ જવાના જ છો. ત્યારે પરમ દિવસ સુધી ત્યાં જ રહો. એટલે દેવી મુંજાલને વશ કરશે, અને ચંદ્રાવતીના લશ્કરને દેવપ્રસાદ સામું મોકલી, થોડાક માણસો સાથે પાટણ આવી પહોંચશે."

"પણ હું ત્યાં શું કરું?"

"શું કરું? તમે આ ચાંપાનેરી દરવાજાની બારીની કુંચી લઈ જાઓ. ન કરે નારાયણ ને જો કાંઈ તોફાન થાય તો આ કુંચી કામ લાગશે. પરમ દિવસે સાંજના અમારી વાટ જોજો," રાણીએ કહ્યું; "સાથે હું થોડાં માણસ પણ લાવીશ, કે કાંઈ વાંધો નહિ પડે."

"જેવી બાની મરજી. શંભુ કરે અને બધું સમે સુતરે ઉતરે તો તો નિરાંત."

"ઠીક; ત્યારે હવે અમે જઈએ છીએ," મીનળે કહ્યું; "અને

બનશે તો મધુપુરની થોડી ફોજ પાટણ તરફ રવાના કરીશું, કે કામ પડે ખપ લાગે. મધુપુર પડી રહેશે, તે શું કામ લાગવાની હતી?" કહી રાણી ફરી, અને બીજા બે જણા પાછળ પાછળ ચાલ્યા.

પ્રસન્નને હવે ફરી ધ્રાસ્કો પડ્યો. જો મીનળદેવી તેની પાલખી જોવા જાય, તો તે નાસી આવી છે તે જણાઈ જાય, અને વખત છેને શોધવા માંડે તો પકડાઈ જાય; પણ તેને સારે નસીબે તેવું કાંઈ થયું નહિ. મીનળદેવી ઘણી વિચારગ્રસ્ત હતી, એટલે પ્રસન્ન વિષે વિચાર કરવાનો ખ્યાલ તેને આવ્યો નહિ. રાણી પોતાની પાલખીમાં બેઠી, ઉંચકનારાઓ ઉઠ્યા, ઘોડેસ્વારોએ ઘોડા પલાણ્યા, અને બધા ત્યાંથી ચાલી ગયા. ધીમે ધીમે મશાલો અદૃષ્ટ થઈ ગઈ.

ચંદ્રતેજમાં એકલો મોરારપાલ ઘોડાપર હાથ ફેરવી ઉભો રહ્યો. તેને યુદ્ધનો ઘણો શોખ હતો, અત્યાર સુધી ધાંડનાં તોફાની પ્રદેશમાં સરદારી કરી પોતાની બાહોશી દેખાડી હતી, એટલે યુદ્ધનું સ્થાન છોડી પાટણ પાછા જવું, તે તેને રુચ્યું નહિ. ન છૂટકે તેણે મીનળદેવીનો હુકમ સ્વીકાર્યો હતો.

એકદમ તેની વિચારમાલા તૂટી. સામે દેવાંગના જેવી સુંદર બાળા આવીને ઉભી રહી. મોરારે આંખો ચોળી: શું સ્વપ્નું તો નહોતું?

"રજપૂતરાજ! આ વયે બહુ વિચાર નહિ કરીએ."

મોરારે હાંફળા ફાંફળા આમતેમ જોયું; કાંઇક ડાકણનો વ્હેમ પડ્યો; તેણે તરવારપર પણ હાથ મૂક્યો. તે ધાંડથી નવો આવેલો હતો, એટલે રાણીની લાવણ્યવતી ભત્રીજીને ઓળખી શક્યો નહિ. "કોણ છે?"

"આટલી તોછડાઇથી તે પૂછીએ? ધાંડના ભીલો વશ કરતાં ક્ષત્રિયપણું પણ ખોયું કે શું?" કહી પ્રસન્ન ખડખડ હસી.

મોરારની બીક ગઈ, આશ્ચર્ય વધ્યું; "કોણ છો, બહેન! અત્યારે, અહિંયાં એકલાં ક્યાંથી?"

"તમારી સાથે પાટણ આવવું છે તેમાં. ચાલો, હવે ઘોડાના તંગ ખેંચો; વાતમાં ને વાતમાં આખી રાત જશે;" જરા હસતાં પ્રસન્ને કહ્યું; "તમારી જોડે વાત કરતાં વ્હાણું ક્યારે વાશે, તે પણ નહિ ખબર પડે."

"પણ તમે કોણ છો?"

"એક નિરાધાર બાળા"

"એ તો વગર કહે દેખાય છે."

"ચાલો, ત્યારે લઈ જાઓ"

"જ્યાંસૂધી મારા પર વિશ્વાસ રાખી બધું કહો નહિ, ત્યાંસૂધી કાંઈ કરવાનો નથી. હમણાં ઘોડાપર બેસાડવા જાઉં અને અલોપ થઈ

જાઓ તો ક્યાં વળી પીડા કરવા રહું," હસતો હસતો મોરારપાલ બોલ્યો. રૂપગર્વિતા બાળા જોઈ તેનું મન લોભાયું હતું. એકાન્ત સ્થળ, રમણીય જ્યોત્સ્નાનો આહ્લાદજનક કેફ, પ્રસન્નના તેજસ્વી મુખનું આકર્ષણ; મોરાર એ બધું ભૂલી જઈ, સાધુ થવા જેટલો વિરાગી નહોતો.

"રાજ! એકલી અત્યારે આવવા ખુશી છું, એ વિશ્વાસ ઓછો છે?"

"નહિ તો શું કરશો? મારી સાથે આવ્યા વિના છૂટકો જ નથી, એટલે એમ બોલો તે શા કામનું?" મોરારપાળે મશ્કરીમાં કહ્યું; "ઠીક. તમારે કહેવું ન હોય તો ભલે. તમારે ક્યાં પાટણ જવું છે?"

"મારું મા લગાડશો. પણ વખત આવે બધું કહીશ. હમણાં તો પાટણ લઈ જાઓ, એટલે મહેરબાની."

"ઠીક;" ઘોડાના તંગ ખેંચી રહી મોરારે કહ્યું; "ત્યારે આવો બેસાડી દઉં." મોરારનું હૃદય પ્રસન્નને ઉંચકવાનો પ્રસંગ આવતાં ધબકી ઉઠ્યું.

"જરૂર નથી, મને બેસતાં આવડે છે," કહી પ્રસન્ન ઘોડાપર ચડી ગઈ. પછી મોરાર ચઢ્યો અને આગળ બેઠો, અને ઘોડાને પાટણને રસ્તે દોડાવ્યો.

"તમે ક્ષત્રિય છો?" મોરારપાળે પૂછ્યું.

"હા. કેમ?" "પરણેલાં છો?"

"ના," કહી પ્રસન્ન ખડખડ હસી.

## પ્રકરણ ૨૦ મું

## જેનું જે થાય તે ખરૂં

દેવપ્રસાદ ઉઠ્યો ત્યારે તેને એક નાના છોકરાના જેવો ઉત્સાહ અને ખુશાલી આવી. જ્યાં સુધી માત્ર ખટપટની વાતો કરવી હતી, જ્યાં સુધી મુંજાલની અસ્પર્શ્ય રાજ્યનીતિ તેની આસપાસ વીંટાતી હતી, ત્યાંસુધી તેને રસ્તો ખુલ્લો દેખાતો નહોતો. પણ હવે રણશીંગાનો નાદ શરુ થયો હતો. સામે મ્હોડે લઢવાનો પ્રસંગ આવ્યો હતો; એટલે તે દેવપ્રસાદને ઘણું રુચ્યું. તેના હાથમાં હજારગણું જોર આવ્યું; તેનું દુઃખ, તેનાપર વર્તેલો જુલમ એ બધું તે વિસરી ગયો.

તે અંધારાનો ઉઠ્યો; મંડુકેશ્વરના રુદ્ર મહાલયમાં તે હતો, એટલે પાસે જઈ મહાદેવને બીલી ચઢાવ્યાં; પૂજા કરી અને શસ્ત્ર સજી તૈયાર થયો. સૂર્યોદયને સમયે મુંજાલ જોડે તે વાતચીત કરવા જવાનો હતો અને તેને માટે સઘળી તૈયારી કરી હતી. હેઠળ ઘોડાઓનો હણહણાટ થવા લાગ્યો. એની સાથે જનારા સામન્તો પણ ઘોડેસ્વાર થઈ હેઠળ ભરાવા લાગ્યા.

દેવપ્રસાદનો ઇરાદો મુંજાલ જોડે સલાહ કરી, બે લશ્કર બને તો ભેગાં કરી પાટણની પાસે પડાવ નાંખવાનો હતો. જ્યાં સૂધી ચંદ્રાવતીનું લશ્કર સામું પડ્યું હતું ત્યાંસૂધી સલાહશાન્તિથી કાંઈ કામ થાય એવું નહોતું; પણ મુંજાલની મદદથી કયાં તો ચંદ્રાવતીનું લશ્કર પોતાના સાથે જોડાશે નહિ તો પાછું વિદાય થશે, એમ તે માનતો હતો. પછી પાટણની પાસે જઈ પડવું એ સહેલ વાત હતી એટલે મીનળદેવી કંટાળી, થાકી, કાંઈ સમાધાન કરશે, અને જરા પણ લોહી રેડાયા વિના તેની ધારેલી મુરાદ બર આવશે. મુંજાલ હવે તેના પક્ષમાં આવ્યો હતો; તેથી તેને એક નીરાંત થઈ હતી; મુંજાલ બધા વિચારો કર્યાં કરશે, અને એને કાંઈ તસ્દી પડશે નહિ.

મંડલેશ્વર સજ્જ થઈ નીચે ઉતર્યો. બારણા આગળ દશબાર સામન્તો રસાલા સાથે તેની વાટ જોતા ઉભા હતા.

"ગંભીરમલ્લજી!" મૂછોપર હાથ દેતાં મંડલેશ્વરે પૂછ્યું, "કેમ પાટણ કુચ મુકામ કયારે કરશું?" "ગંભીરમલ્લ દેવપ્રસાદનો મદદગાર સામન્ત હતો.

"પ્રભુ! વલ્લભસેન મેરળથી ઉપડવાની તૈયારી કરે છે. તમે જઈ મુંજાલને મળો, એટલે કાલે સવારે કુચ કરીએ."

"પણ જોજો, વલ્લભ ચંદ્રાવતીના લશ્કર જોડે વઢી નહિ મરે," દેવપ્રસાદે કહ્યું.

"નહિ રે. લો આપની ઘોડી આવી; અજવાળું પણ થવા માણ્યું. ચાલો નહિ તો મોડા પડીશું."

દેવપ્રસાદની ઘોડી આગળ આવી, માલીકને જોઈ હણહણી;–તે સફેદ રંગની અને રૂપવતી હતી.

"કેમ બેટા રૂપલી!" કહી હર્ષના આવેશમાં દેવપ્રસાદે પાસે જઈ ઘોડીને થાબડી. લાડથી નિમકહલાલ પ્રાણી જરા નાચ્યું. દેવપ્રસાદે તેના વાળમાં આંગળાં ઘાલી સેરવ્યાં; ચઢવાને માટે તેણે ઘોડીની ડોક ઉપર હાથ મૂકયો.

પરોઢીઆના આભાસમાં સામેથી પાંચસાત સ્વારો મશાલો સાથે આવતા દેખાયા. તેમની સાથે એક પાલખી હતી. સામન્તોના ઘોડા હણહણી ઉઠ્યા. દેવપ્રસાદ અજાયબીથી ઘોડી પાસેથી ખસી ગયો. સામું આવનારમાંનો એક સ્વાર આગળ આવ્યો. દેવપ્રસાદ જરા આગળ ગયો.

"કોણ છો? કોણ, વસ્તુચંદ? કેમ?" જરા સખ્તાઇથી મંડલેશ્વરે પૂછ્યું; "શું છે?"

"પ્રભુ! મીનળબાએ આશીર્વાદ કહાવ્યા છે."

"બહુ સારું; પછી?" અધીરાઇથી દેવપ્રસાદે પૂછ્યું.

"સાથે આ ઉપહાર મોકલાવ્યો છે."

"શું?" દેવપ્રસાદ પાલખી સામું જોઈ રહ્યો. 'શી મશ્કરી મીનળે કરી છે' તે જોવા તે આતુર થયો. પાલખી આગળ આવી, ઇન્તેજાર સામન્તોનો વ્યૂહ આસપાસ ગોઠવાઈ ગયો. મશાલચીઓ પાસે આવ્યા. એક શાન્ત, ભયંકર પળ ગઈ—પાલખીનો પડદો વસ્તુચંદે ખસેડ્યો. તેમાંથી હંસા નીકળીને ઉભી રહી. દેવપ્રસાદે તેને જોઈ; આટલા શૂરવીરોના વિકાળ મ્હોડા આગળ કરમાયલી રમણીનું વણભૂલેલું મુખ જોયું; તેના આખા શરીરે ધ્રુજારી આવી; તેનું માથું ફરવા માંડ્યું; ભાવના પ્રાબલ્યથી તેણે આંખો મીંચી, અને પોતાનો હાથ છાતીએ દાબ્યો.

ફરી તેણે ઉંચું જોયું; થોડાક ડગલાં દૂર તેની પ્રિયતમા ઉભી હતી; પંદર વર્ષે તેને જોઈ; તે ગળામાંથી એક શબ્દ પણ કહાડી શક્યો નહિં.

હંસા પંદર વર્ષની મુગ્ધા હોય તેમ પગના નખ સામું જોઈ રહી; તેનું અંગ થરથર ધ્રુજતું હતું, તેની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી, આસપાસ ઉભેલું મંડલ દિઙ્મૂઢ બની જોયાં કરતું હતું. આખરે મંડલેશ્વર બોલી શક્યો, "કોણ? હંસા!"

હંસાએ ઉંચું જોયું; તેની મોટી આંખમાં અકલ્પ્ય પ્રેમનું તેજ સ્ફુર્યું. તે બોલવા ગઈ; અચાનક હાથ ઉંચા થઈ ગયા; તેનું ભાન જતું રહ્યું; તે પડી. મંડલેશ્વર દોડ્યો, અને તેને ઉંચકી લીધી; પોતાના ભૂખ્યા હાથમાં તેને દાબી; ઓટલાપર ઉભેલા પૂજારીને તેણે બોલાવ્યો, "મહારાજ! જાઓ તમારાં પત્નીને બોલાવો. જલદી દોડો!" કહી તે હંસાને ઉંચકી અંદર ગયો. રુદ્રમહાલયમાં ધમ્માચકડી થઈ રહી. શું છે, કોણ છે, તેનો કોઇએ વિચાર કર્યો નહિ, પણ બધાં દોડવા મંડી ગયાં. દેવપ્રસાદે બૂમેબૂમ મારવા માંડી; અને બને તેટલા માણસ હંસાને ભાનમાં લાવવામાં ગુંથાયાં.

સૂર્યનારાયણનાં ઉગતાં કિરણો આકાશમાં આવ્યાં; ગંભીરમલ ઉપર આવ્યો, અને મંડલેશ્વરને બોલાવ્યો. "મહારાજ! વખત ચાલ્યો જાય છે."

"શાનો?" "કેમ? મુંજાલ વાટ જોતા હશે. સૂર્યોદય થયો."

"થવા દે, કેમ કરશે?" કચવાઈ મંડલેશ્વરે કહ્યું. તેનો જીવ બેભાન હંસામાં હતો.

"પણ, મહારાજ! આપ અને મુંજાલ મંત્રી મળો, તેનાપર તો આપણા બધાનું ભાવી ટકી રહ્યું છે. હંસાબા હમણાં ભાનમાં આવશે; તમે ચાલો."

"નાથ! આવા બોલો તમને છાજે? દુનિયાં શું કહેશે?"

"હંસા! એ વાત જવા દે. દુનિયાની મને શી દરકાર છે? તારો ખોળો, તેજ મારી દુનિયા," કહી દેવપ્રસાદે હંસાના ખોળામાં માથું મૂક્યું.

સુખના સાગરમાં ડુબતાં હંસાએ હૃદયની ભયંકર ચેતવણી અળગી કરી. તેણે અશ્રસહિત મંડલેશ્વર સામે જોયું. તેની સુંદર આંખોમાં આટલાં વર્ષો થયાં દબાયેલો પ્રેમ દેખાતો હતો. બંને બાલ પ્રણયીના કોડથી એકએકને વળગ્યાં.

કઠોર સૂર્યનારાયણ આગળ વધ્યો; સૃષ્ટિક્રમની નિયમિતતા ભયંકર રીતે ચાલી રહી; પ્રણયીઓ એકબીજાની બાથમાં પડી રહ્યાં.

* * * * *

રાત પડી. ચંદ્ર ધીમે ધીમે વ્યોમમાં આવ્યો; એ ગાંડાં પ્રણયીને જોઈ જરા હસ્યો; પોતાની અમૃતમયી જ્યોત્સ્નામાં જ્વાલા પ્રેરી તેમને વધારે ગાંડાં કર્યાં.

"નાથ! આખો દહાડો ગયો, પણ ભાઈ નહિ આવ્યો; લશ્કરનું શું થશે?" હંસાએ પૂછ્યું.

"જેનું જે થાય તે ખરું. વ્હાલી! આપણો પ્રેમ અમર રહો!"

જુલમગાર ચંદ્ર સૃષ્ટિપર પોતાના સામ્રાજ્યની અચળતા જોઈ ફરી હસ્યો.

## પ્રકરણ ૨૧ મું

### સત્તાનો નિશો

જતિની બાહોશી હવે પૂર્ણ કળાએ પ્રકટવા માંડી. ચન્દ્રાવતીની નવી ફોજની કેટલીક ટુકડીઓ ઠેકાણે ઠેકાણે મળતી ગઈ; અને રાણીને લાગ્યું કે, હવે તે ખરેખરી સત્તાવાન્ થઈ. અવારનવાર આનંદસૂરી, તેણે શી શી ગોઠવણો કરી છે, તે તેને કહેતો. મધુપૂરના લશ્કરને થોડીઘણી ખબર પહોંચાડાવી હતી; નવી ફોજનો થોડોઘણો ભાગ થોડેક દૂર આવીને પડ્યો હતો; અને મુંજાલપર પણ ચોકી રાખી હતી. માણસો થોડીથોડી વારે તેની ખબર કહી જતા.

બ્રાહ્મમુહૂર્ત થતાં પહેલી ટુકડી મળી, તેણે તેને બધી ખબર આપી. લશ્કર બધું જતિની વાટ જોતું હતું, અને જેઓ મુંજાલના પક્ષીઓ હતા તેઓપર સખ્ત, પણ છાનો, જાપ્તો રાખવામાં આવ્યો હતો. પણ રાણીની આતુરતા મુંજાલની હિલચાલ જાણવાની હતી. એટલામાં ખબર આવી કે, પરોઢિયું થતાં મુંજાલ થોડાક માણસો લઈ વાઘેશ્વરી માતાના મંદિર તરફ જવાનો હતો; ત્યાં જરૂર તે દેવપ્રસાદને મળશે,

એમ લાગ્યું. રાણીનું હૃદય ઘવાયું; તેનો મુંજાલ આમ વિફરે? આટલાં વર્ષ તેની ગુલામગીરી વેઠી, છતાં છેલ્લી વારે એ દુશ્મનને જઈ મળ્યો? પોતે કરેલો અન્યાય **મીનળદેવી** ભૂલી ગઈ.

'શું કરવું? આ નાની ટુકડી લઈ, વાઘેશ્વરીને રસ્તે મધુપુર જવું, અને બને તો રસ્તામાં મુંજાલને અટકાવવો. મુંજાલ કેવો દેખાતો હશે? આમ પકડાશે તો શું કહેશે?' રાણીને પાછો સત્તાનો ગર્વ આવ્યો. 'તેને પકડી તાબે કરું; તેને પણ દેખાડું કે, મીનળદેવી એકલે હાથે સત્તા મેળવી શકે છે.'

"જતિજી! વાઘેશ્વરી માતાને રસ્તે મધુપુર જઇએ તો કેમ?"

"બા! એ રસ્તે વાર ઘણી લાગશે."

"હરકત નહિ."

જતિ સમજ્યો; ધર્મના વિગ્રહમાં માણસો પોતાની ખાનગી ઇચ્છાઓ કેમ લાવે છે, તે જોઈ તેને તિરસ્કાર ઉપજ્યો. તેણે જોયું કે, આ બાબતમાં રાણીની સાથે વાદવિવાદ ચાલે એમ નહોતું. તેણે કબુલ કર્યું, અને ઉમેર્યું,

"પણ હવે જયદેવકુમારને પાલખીમાંથી કહાડી ઘોડાપર બેસાડવા જોઇએ. સાર વગર લોકોને ઝનૂન નહિં આવે."

"બરાબર છે," કહી રાણીએ જયદેવને ઉઠાડ્યો, અને ઘોડાપર બેસાડ્યો. જયદેવને લશ્કર સાથે જવું ઘણું ગમતું, એટલે તે પણ ખુશીથી આગળ થયો, અને ડંકાનિશાનની શોભા સાથે તેઓ આગળ ચાલ્યા.

અરુણોદય થયો, જરાજરા અજવાળું થવા માંડ્યું, અને મધુપુર છેક પાસે આવી લાગ્યું, એટલામાં દૂરથી દોડતા ઘોડાઓનો અવાજ સંભળાયો; રાણીનું હૃદય ધબકી ઉઠ્યું; તે હોઠ દાબી પાલખીમાં બેસી રહી; થોડી વારે જતિને બોલાવ્યો.

"જતિજી! આ ઘોડા કોના સંભળાય છે?"

"મુંજાલમંત્રી મંડલેશ્વરને મળવા જતા હશે. શું કરીશું?"

"અહિંયાં અટકાવવો. બીજું શું?" રાણીએ કહ્યું.

"વારુ."

"પણ જોજો." જરા સત્તાવાહી અવાજે રાણીએ કહ્યું; "મુંજાલનો વાળ વાંકો નહિં થાય."

"ફીકર નહિં." અદૃષ્ટ તિરસ્કારભર્યા અવાજે જતિએ કહ્યું.

સામે આવતા ઘોડેસ્વાર જરાજરા દેખાવા માંડ્યા. તેમની ઝપટથી ચોમેર ધૂળના ગોટા ઉડતા હતા. ઉગતા અજવાળામાં ઝાંખી પડતી મશાલોનો પ્રકાશ, ધૂળના ગોટામાંથી દેખાતો હતો. તે પ્રકાશ પાસે

આવ્યો. રાણીએ સહુથી આગળ સફેત ઘોડાપર બેઠેલો, ચળકતા બખ્તરમાં સુશોભિત મુંજાલને જોયો, અને ધ્રૂજી ઉઠી. આ એનો વિજયી મુંજાલ આજે સામો!

જતિએ પોતાના માણસો આખા રસ્તાપર પહોળા પાથરી દીધા હતા. મુંજાલે તે જોઈ ઘોડો રોક્યો અને સખત અવાજે પૂછ્યું, "માર્ગ આપો, રસ્તો કેમ રોકીને પડ્યા છો?"

"અહિંયાંથી કોઈ પણ જઈ શકે એમ નથી," એક નાયકે જવાબ આપ્યો.

મુંજાલે એક તીક્ષ્ણ નજરે પોતાની અને સામેની શક્તિ માપી. પોતાની પાસે વીશેક માણસ હતાં, અને સામે પચાશ સાઠ હતાં. તેણે તિરસ્કારથી નાયક સામું જોયું. "કેમ નહિં જઈ શકે? તું કોણ છે?"

"હું ચંદ્રાવતીનો નાયક છું."

"તું મને ઓળખે છે?" "ના."

"હું ચંદ્રાવતીના લશ્કરનો અધિપતિ છું. ચાલ રસ્તો આપ."

નાયક હસ્યો, અને હાથમાંની નાગી તરવાર હલાવી. મુંજાલની આંખમાંથી અગ્નિ નીકળ્યો. તેણે હાથમાં રાખેલો ભાલો ઉચકી વિજળીની ત્વરાથી નાયકનું હૃદય ભેદ્યું, પાછળ ફરી પોતાના સૈનિકો સામે જોયું અને ઉંચે સ્વરે બૂમ મારી, "જય જય સોમનાથ!"

જવાબમાં તેના સૈનિકોએ હાથમાં ભાલા લીધા અને સામેની ટુકડી તરફ ધસવાની તૈયારી કરી. જતિ આ ખેલ જોઈ રહ્યો હતો. તેને અત્યારે ધર્મની ઝનૂને આંધળો કર્યો હતો. તેની નજરે ધર્મના વિજયમાં બે આડી ખીલી દેખાઈઃ મુંજાલ અને દેવપ્રસાદ. તેનું ચાલત તો અત્યારે મુંજાલને એક બાણે પૂરો કરત; પણ તે રાણીને ઓળખી ગયો હતો. તેને ખાત્રી હતી કે, જો 'મુંજાલને કાંઈ પણ થયું તો રાણી અત્યારે બધું છોડી, તેનાપર ગુસ્સે થશે, અને આ બધું ચુંથાઈ જશે.' એટલે જેવો મુંજાલ ધસારો કરવાની તૈયારી કરતો હતો, એટલે જયદેવને સાથે લઈ તે આગળ આવ્યો. "જયદેવ મહારાજની જય!" જતિએ બુમ પાડી. સૈનિકોએ તે ઉપાડી લીધી.

મુંજાલે જતિને જોયો, જયદેવને ઓળખ્યો, અને સામેના માણસો કોણ હતા, તેનો કાંઈ સંશય પડ્યો. તરત તેણે ઘોડો રોક્યો, અને ભાલાની અણી નીચી નમાવી. તેના બધા સૈનિકોએ પણ તે પ્રમાણે કર્યું.

જયદેવ કુમાર નાનો હતો, છતાં વખતસર વેશ ભજવવામાં હુશીયાર હતો, તે તરત આગળ આવ્યો અને બોલ્યો, "કોણ? મુંજાલ! મારી સામે લડવા આવે છે?"

"કુમાર! ક્ષમા કરો; મેં ઓળખ્યા નહિ. આપ અહિયાં ક્યાંથી? મને ખબર તો કહાવવી હતી ને?" કહી મુંજાલે વહેમથી રજપૂત બનેલા જતિ સામું જોયું.

"મંત્રીમહારાજ!" જતિએ જરા મશ્કરીમાં કહ્યું, "આટલા વહેલા ક્યાં નીકળ્યા?"

"તેની તમારે શી પંચાત?" તિરસ્કારમાં મુંજાલે કહ્યું; "તમે તમારાં જપતપ છોડી આ સ્વરૂપ ક્યારથી લીધું? પણ, મહારાજ! મને ક્ષમા કરો. આપ આ રસ્તે મધુપુર જાઓ. હું બે ઘડીમાં પાછો આવું છું. મારે ઘણુંજ જરૂરનું કામ છે," "કહી, જયદેવને નમન કરી, મુંજાલે ઘોડાનું મ્હોડું ફેરવ્યું.

જયદેવ મંત્રીથી ડરતો હતો, છતાં તેને માટે ઘણું માન ધરાવતો, [illegible]ને શી શી ખટપટો મચી રહી હતી, તેનું એને ઘણું ભાન નહોતું, એટલે શું કરવું તે સૂઝ્યું નહિ. પણ જતિ કાબેલ હતો.

"મંત્રીમહારાજ! મીનળબા પણ સાથે છે; તેને મળ્યા વગર ક્યાં જશો?"

મુંજાલે હોઠ કરડ્યા. "હું પછી મળીશ. હું આ આવ્યો."

"ના, ના. બાને મળ તો ખરો," જયદેવે કહ્યું.

"પછી, પછી—"

એટલામાં પાછળથી સૈનિકોની હાર જૂદી થઈ, અને મીનળદેવીની પાલખી આગળ આવી. મુંજાલ આવ્યો, કાંઈ લડાઈ થઈ, જયદેવ આગળ ગયો; એટલું જોઈ, શું થાય છે તે જોવાની ઉત્કંઠા રાણીને ઘણી [illegible]ી. તેણે ઉંચકનારાઓને આગળ આવવાનો હુકમ આપ્યો. રાણીને આવતી જોઈ મહા મુશ્કેલીએ મુંજાલે ગુસ્સો દબાવ્યો. મુંજાલને [illegible]ોધા તરીકે જોઈ રાણીનું હૈયું જરા ભરાયું; તરત તેણે તેને કાબુમાં આણ્યું. તેને જોતાં તેને વિષે ચિન્તા દૂર થઈ, અને તેને તાબે કરવાનો ગુસ્સો આગળ આવ્યો. તે હસતે મ્હોડે આવી.

"કોણ? મુંજાલ મંત્રી, અત્યારે તમે ક્યાંથી? આમ આવો."

મુંજાલ સ્વસ્થતાથી પોતાનો ઘોડો પાલખી પાસે લઈ ગયો. બીજા બધા દૂર, માનભેર ઉભા રહ્યા.

રાણીએ સત્તાદર્શક પણ ધીમે અવાજે કહ્યું:—"મુંજાલ! તું આખરે આ[illegible] નીવડશે, એ નહોતું જાણ્યું. અત્યારે ક્યાં જાય છે? અહિયાં તું [illegible] હિત સાચવવા આવ્યો છે કે દુશ્મનાવટ કેળવવા? તું, મુંજાલ, [illegible] મ્હોડું લઈ મારી સામે જુવે છે?"

મુંજાલ ગંભીર વદને જોઈ રહ્યો. તેને અત્યાર સૂધી આશા હ[ti]
કે, કોઈ પણ પ્રકારે તે રાણીને સીધે માર્ગે ચહડાવશે; પણ આ[ ]
રાણીએ અવિચારમાં એવાં પગલાં લેવા માંડ્યાં હતાં કે, જેનું પરિણ[ામ]
ભયંકર આવ્યા વિના રહે નહિ. પાટણ એકલું, તેની ગેરહાજરી[માં]
ગુસ્સે થયેલો દેવપ્રસાદ, શોક મૂકી નીકળેલી રાણી તરફ લોકોનો તિ[ર]
સ્કાર, એ બધા વિચાર તેને આવ્યા. તેને લાગ્યું કે, 'વિનાશ કાળ આવ્યો
છે, સોલંકીઓની પડતી શરુ થઈ છે,' આ વિચારથી તે બોલ્યો:– 'દેવી
અત્યારે તમે શું કરો છો, તેનો તમને ખ્યાલ નથી. હજુ જો મારા[માં]
જરા પણ વિશ્વાસ હોય તો મને અત્યારે જવા દો. હું મધ્યાહ્ન પહેલ[ાં]
પાછો આવીશ."

"ક્યાં? મારા ભત્રીજાને મળવા?" રાણીએ પૂછ્યું; "મુંજાલ
તું મારા કુળનું નિકંદન કહાડવા બેઠો છે, કેમ? તારા બનેવીને પાટણ
ની ગાદીએ બેસાડવો હશે?"

"દેવી!" છેક ધીમે ઘાંટે મુંજાલે કહ્યું, "પાટણની ગાદીપ[ર]
ક્યાં તો જયદેવ બેસે કે પાટણ પડીને પાધર થાય; એ સિવાય મા[રા]
જીવતાં બીજું થવા નહિ દઉં. પણ તમારી મતિ વિપરીત થઈ છે."

રાણીએ અભિમાનથી ઉંચું જોયું; તેને આ માણસપર ક્[રોધ]
આવી. પોતાના ગૌરવને અડગ રાખવા તેણે ગુસ્સો દબાવ્યો હતો
પણ અત્યારે તે તેમ કરી શકી નહિ. તે બધું ભૂલી ગઈ; ફક્ત સત્તાન[ા]
નિશામાં પોતે રાણી છે, એટલું જ યાદ રાખી રહી. તેની આંખમ[ાં]
ઘાતકીપણું આવ્યું, અને બોલી:– "મુંજાલ! મુંજાલ! વાણિયાન[ી]
જાતપર જાય છે કે? આવી રીતે મારી જોડે વર્તે છે? આટલા દિવ[સ]
વધારે છૂટ આપી તેમાં કે? તું જાણે છે, હું કોણ છું?"

મુંજાલ ભયંકર રીતે હસ્યો. તે સ્વસ્થ અને શાન્ત હતો; "તમે
રાણીમાતા! ક્ષમા કરો; મને ભૂલવાની ટેવ નથી. તમે મારા મ્હોં
આગળ ઉછરેલાં, મારી મ્હેનતે હુશિયાર થયેલાં, ચંદ્રપુરનાં કુંવરી
મારી યુક્તિથી આણેલાં તે, અને મારી બુદ્ધિથી માનીતાં કરેલાં પાટ
ણનાં રાણી; અને અત્યારે—અત્યારે કહું તો," નીચાં વળી મુંજાલ
મીનળદેવીના કાનમાં કહ્યું, "સોલંકીઓના રાજ્યને ભસ્મીભૂત કર[વા]
પેદા થયેલાં જોગમાયા, અને મારે મન નિમકહરામ, અવિશ્વાસી, ભાન
હીન અને સ્નેહ વિનાનાં..." મુંજાલ છેલ્લો શબ્દ ખાઈ ગયો. "હવે
કાંઈ કહેવું છે?"

બે ત્રણ પળ જાણે માથાપર એક સખત ફટકો પડ્યો હોય, તેમ
મીનળદેવી જોઈ રહી. તેનો ગુસ્સો માથું ફાડી નાંખશે કે શું, એમ [તે]

ાગ્યું. તેને એક જ વિચાર આવ્યોઃ—'મુંજાલને કોઈ પણ રીતે દબાવી દેવો.' ણે આસપાસ જોયું. જતિ અને બીજા માણસો હથિયારબંધ ઉભા તા. મુંજાલ ચેતી ગયો. તેને કોઈ પણ રીતે આ પીડાઓમાંથી છૂટવું તું. કારણ કે હવે બાજી કાંઈ એની સુધારી સુધરે એમ નહોતી. ણે હાથમાંનો ભાલો અને ખભે ભેરવેલું ધનુષ્ય લઇને ભોંયપર ફેંકી ધાં, અને જયદેવકુમાર તરફ ફર્યો; "મહારાજ! આ મારાં શસ્ત્ર ા. એનો સદુપયોગ કરશો તો દુનિયામાં અમર થશો. મારે હવે એનું ામ નથી. આનંદસૂરીજી! મને કેદ કરો."

બધા જોઈ રહ્યા. શું કરવું, તે કોઇને સૂઝ્યું નહિ.

"હા," મીનળદેવી બોલી ઉઠી, "આનંદસૂરીજી! મુંજાલને ાકડો. બધા દ્રોહીઓને પૂરતી શિક્ષા કરીશ."

જતિ ક્યાં સૂધી ઉભો રહ્યો; પછી આગળ આવ્યો, અને મુંજાલે ોડી દીધેલી ઘોડાની લગામ હાથમાં ઝાલી.

"ચાલો હવે જલદી, મધુપુર તરફ. સૂર્ય કેટલો ચહડ્યો છે?" ાણીએ કહ્યું.

ધીમે ધીમે બધા ચાલવા લાગ્યા. થોડી વારે રાણીએ જતિને બોલાવ્યો; "જતિજી! આ કામ તો પૂરું થયું; હવે બીજું રહ્યું. તમે થોડા ાણસ લઈ મંડુકેશ્વરને રસ્તે રહો. હવે કોઈ રીતે મંડલેશ્વરને ત્યાં જ પૂરી ાખવો જોઇએ; એટલે વલ્લભસેનને તે કાંઈ કહાવે નહિ. ત્યારે તે પણ ાકીને લલચાશે."

"ઠીક ત્યારે. હું ત્રીશેક માણસો લઇને જાઉં છું."

"બને તો બેએક દિવસ સૂધી મંડલેશ્વરને બહાર નીકળવા નહિં ેશો. એટલામાં હું અહિંયાંથી પાટણ તરફ પ્રયાણ શરુ કરીશ."

"વારુ; અમારો સેનાધિપતિ મધુપુરને પાદરે આપની વાટ જુવે છે, તેને કહેશો એટલે તે બધું કરશે. પડાવ તો વિખરાટ આગળ જ રાખશો કેની?"

"હા. એ જગ્યાએ લશ્કર હશે, તો તે પાટણની પાસેનું પાસે અને ૂરનું દૂર. એટલામાં વલ્લભસેન જો આવી જાય છે તો નિરાંત. જાઓ ત્યારે, જલદી કરો," કહી રાણી મધુપુર તરફ ચાલી.

જતિ ઝપાટાભેર મંડુકેશ્વર તરફ નીકળ્યો.

## પ્રકરણ ૨૨ સું

### ઉદો મારવાડી

પાટણમાં ઉદો મારવાડી આખી રાત પોતાના ઘરની બારીએ બેસી રહ્યો. તે ઉંડા વિચાર કરતો હતો; 'ગઈ કાલે મોડી રાત્રે તેન ઘરની સામે આવેલા ચાંપાનેરી દરવાજામાંથી એક બે પાલખીઓ ગઈ આવા ભયંકર વખતમાં જ્યારે પાટણના દરવાજામાંથી ચકલિયું પણ જઈ શકતું નહિં ત્યારે ત્યાંથી આ કોણ ગયું?' તેને લાગ્યું કે, પાટણન ઇતિહાસમાં એક સોનેરી પળ આવી છે; અને તેનો જો લાભ લેવા તો પોતાનું ભાગ્ય ઉઘડી જાય. કેટલાં વર્ષો થયાં તે પોતાનું ભાગ ઉઘડવાની રાહ જોયાં કરતો હતો; અને રખેને તે પળ બેદરકારીમ ચાલી જાય, તેની એને ઘણી ચિન્તા હતી.

તેને પોતાનામાં અડગ શ્રદ્ધા હતી. સત્તર વર્ષની ઉમરમાં વખાન માર્યો માબાપ વિનાનો ઉદો મારવાડના એક ઉજ્જડ ગામમાંથી ખભે ઝોળ ભેરવી બહાર પડ્યો હતો. તેની પાસે પહેરેલાં વસ્ત્ર ઉપરાંત માત્ર એ ધોતિયું અને એક દોરીલોટો હતો; છતાં છોકરાની હિંમત ભારે હતી તેના મગજમાં અનેક વિચાર આવતા. તે વિચારતો કે, આખી દુનિયામ અક્કલ નથી; કોઇક પ્રેમમાં તો કોઇક પરમાર્થમાં, કોઈ અભિમાનમ તો કોઈ ઉદારતામાં પોતાની જીંદગીને બરબાદ કરતા હતા. શામાં કિંમતી જીવન બરબાદ કરવું? તેના કરતાં શુદ્ધ વૈરાગ્યથી જ સ્વાર્ સેવાય તો જરૂર માણસ દુનિયાંની ટોંચપર પહોંચ્યા વિના રહે નહિ. પણ આ તત્વજ્ઞાનનો અખતરો કરવાની ઘણી તક ભૂખ્યા અને તરસ્ય ઉદાને મળી નહિં.

રખડતાં રઝળતાં નવી બંધાઈ રહેલી કર્ણાવતીને પાધરે ઉદો આવ પહોંચ્યો. તેણે ત્રણ દિવસ થયાં અન્ન દાંતે અરકાડ્યું નહોતું; તેને આંખે તમ્મર આવ્યાં અને બેભાન થઈ ગયો. તેને ભાન આવ્યું ત્યારે તે એ સારા ઘરમાં સૂતો હતો. એક ઉદાર, ધર્મપ્રેમી શ્રાવક વિધવા લાછીએ તેને પોતાના ઘરમાં આણ્યો હતો. પાસે એક જતિ તેની નાડ જોતો હતો ઉદાનું ભાગ્ય ફર્યું હતું; લાછીએ તેને દીકરો કરીને સ્થાપ્યો. તેણે જોયું કે 'હવે કેટલાં વર્ષો થયાં કરેલા વિચારોને અનુભવસિદ્ધ કરવાનો વખત આવ્યે છે.' તે નમ્રતાની મૂર્તિ હતો, સ્વભાવનો સાદો અને નિઃસ્વાર્થી લાગતો હતો પણ અક્કલમાં ચંચળ હતો એટલે તેણે પોતાની સ્થિતિનો બનતો લાભ લેવ માંડ્યો. તેને માટે ભવિષ્યવેત્તાઓનો અભિપ્રાય ઉંચો હતો; અને લાછીની દોલત એના હાથમાં હતી, એટલે કોઈ એને નાખુશ કરવાની હિંમત કરતું નહિં.

લાખી મરી ગઈ એટલે ઉદાએ કર્ણાવતીમાં રહેવાનું ઠીક ધાર્યું નહિ. નવા શહેરમાં, મદનપાલ જેવાની સત્તા નીચે, કાંઈ નસીબના પાસા સીધા પડે, એ તેને દેખાયું નહિ. તેણે કર્ણાવતીનાં ઘરો વેચી નાંખ્યાં, અને પાટણમાં એક નાનકડું ઘર લઈ ધંધો શરુ કર્યો. ઉદો પૈસાનો ઘણો લોભી નહોતો; તેને સત્તા જોઇતી હતી; અને ઘણી વખત મુંજાલ નગરશેઠ કે શાન્તિચંદ્રના જેવા આબરુદાર, પૈસાદાર અને સત્તાવાન્ શ્રાવકો જોઈ તેનો જીવ બળીને ખાખ થઈ જતો. પાટણમાં તેને આત્મજ્ઞાન થયું; પોતાની બુદ્ધિનો નિર્મળ સ્વાર્થ પણ તેને બહુ કામ લાગે એમ નહોતો. પાટણના જૈનસમાજની પ્રણાલિકાઓ, અને રાજ્યકારભાર એવા સ્થિર હતા કે, થોડા પૈસાવાળા ઉછરતા અને આશ્રય વિનાના માણસને એકદમ લાભ મળે એમ નહોતું. આમ ચિન્તામાં અને ચિન્તામાં ઉદો દિવસ અને રાત ગાળવા માંડ્યો.

મોટાં કુટુંબોમાં પગપેસારો કરવો ઘણો કઠણ લાગ્યો, એટલે તેણે સાંસ્તેથી શરુ કર્યું. તે ધીરજવાન્ પુરુષ હતો. તેણે જોયું કે, પાટણમાં ચાલતે દિવસે તોફાન તો થવાનુંજ, અને ત્યારે લાભ જરૂર નવા માણસોને મળવાનો. તે પ્રસંગને માટે ઉદાએ તૈયારી કરવા માંડી; ગરીબ પણ કામ લાગે એવા રાજપૂતોને અને રાજસેવકોને ધીરધાર કરવા માંડી; દરેક મોટા માણસનો અથથી ઇતિ સુધીનો ઇતિહાસ પૂછી ગાછી તૈયાર રાખ્યો; અને બને તેટલા મહાપુરુષોને ખુશ કરવાને નાના-મોટા પ્રયત્નો આદર્યા. રાજગઢમાં એના મિત્રો હતા, શહેરમાં એના મિત્રો હતા, જતિઓના એનાપર ચાર હાથ હતા, બ્રાહ્મણો પણ મીઠાબોલા શ્રાવકો પર રીઝાયેલા રહેતા. રાજપૂતો તેની ખુશામતથી ખુશ રહેતા. શાન્તિચંદ્ર, મુંજાલ, મીનળદેવી, કર્ણદેવ સુદ્ધાં ધીમેધીમે, 'એ સારો અને વિશ્વાસપાત્ર ગરીબ, વેપારી છે,' એમ માનવા લાગ્યાં; પણ કોઈ જાણતું નહોતું કે, એના મગજમાં શા શા વિચાર ચાલે છે.

કર્ણદેવ મરી ગયા, એટલે ઉદાએ કાન ફફડાવ્યા; ઘરમાં પડેલું સોનુંરુપું ભોંયમાં દાટ્યું, અને બુદ્ધિ તીવ્ર કરી તૈયાર થઈ બેઠો. મુંજાલ મલ્લપુર ગયો અને દેવપ્રસાદ કોટ કુદાવી નાઠો, એટલે તેને ખાત્રી થઈ કે, હવે તેનો વખત આવ્યો. રાત્રે તેણે બે પાલખીઓ જતી જોઈ, એટલે વિચાર કરવા લાગ્યો:-'એ કોણ ગયું?' એ વિચારમાં તેની આખી રાત વહી ગઈ. સવાર પડવાની તૈયારી હતી, એટલામાં ચાંપાનેર દર-વાજાની બારી ખુલી, બહારથી કોઇએ વાત કરી, અને બે જણ અંદર પેઠાં-એક મરદ અને એક છોકરી. અસ્ત પામતા ચંદ્રના તેજમાં તે બરાબર ઓળખી શક્યો નહિ કે, આ કોણ આવ્યું? તેણે કાનટોપી

પહેરી, બંડીના કસ બાંધ્યા, અને હેઠળ આવ્યો; બારણે તાળું માર્યું અ
પાછળ ચાલવા માંડ્યું.

"તમે અમારે ત્યાં ચાલશો?" મરદને પૂછતાં સાંભળી, "ના
શાન્તિથી મીઠું હસતાં છોકરી બોલી.

છોકરીનો અવાજ ઉદાને પરિચિત લાગ્યો; તે ક્યાં સાંભળ્યો હતો

"ત્યારે અત્યારે એકલાં ક્યાં જશો?" દબાયેલી ઉર્મિઓથ
ધ્રુજતે સ્વરે પુરુષ બોલ્યો.

"પાટણ તો મારું ઘર છે. અહિંયાં એકલું કેવું? આ રાજગ
સુધી આવો. પછી મારે જઈશ," છોકરીએ જવાબ દીધો.

"પછી ક્યાં જશો?"

"તે નહિં કહેવાય. આટલો વિશ્વાસ રાખ્યો તો જરા વધા
નથી રખાતો?" કહી તોફાનમાં છોકરી હસી.

ઉદો ચમક્યો, કાંઈક સ્વર ઓળખ્યો; 'મીનળદેવીની ભત્રીજી અત્યા
અહિંયાં!' તેણે વધારે ધ્યાનથી કાન દીધા.

"તમે તો વિશ્વાસ નથી કરતાં, અને વિશ્વાસ રખાવો છો! વા
પણ એક વચન આપશો? ફરી મળશો?"

"ઓહો! એટલુંજ? કબૂલ, પછી કાંઈ છે?" છોકરીએ કહ્યું.

"પછી છે તો બહુ લાંબી વાત, પણ કોઈ દિવસ કહીશું," રજપૂ
જવાબ દીધો.

પ્રસન્ન હસી. ક્યાં સૂધી તેઓ મૂગે મ્હોડે ચાલ્યા. પાછળ પાછ
શું કરવું, તેનો ઘાટ ઘડતો ઉદો ચાલ્યો. અંતે રાજગઢનો ચોક આવ્યે

"મોરારપાળ! હવે સીધાવો."

"પણ ગઢ બંધ હશે તો?"

"ભલે, વચન પાળો વચન. બહુ લોભાઇએ નહિં," કહી પ્રસ
રાજગઢની પાછલી તરફ એકલી ચાલી. મોરારપાળે ક્યાં સૂધી તે
પાછળ જોયાં કર્યું: અને અજવાળું થવાની તૈયારી હતી, એટલે નિસાસે
નાંખી ઘર તરફ વળ્યો.

ઉદો ક્યાં સૂધી પ્રસન્ન પાછળ ચાલ્યો. 'આ ભેદ શો? આ છોક
અહિંયાં ક્યાંથી?' તેના મગજમાં કાંઈક અજવાળું પડ્યું; 'મીનળ
દેવી તો રાતે પાલખીમાં પાટણ છોડી નહિં ગઈ હોય? એમ થયું હો
તો જરૂર તોફાન વધવાનું.'

પ્રસન્ન પાછલે બારણે ગઈ, અને ઘણીએ બારી ઠોકી, પ
કોઇએ જવાબ આપ્યો નહિં. અંદર શાન્તિચંદ્રશેઠના સખત હુકમ
લીધે કોઈ બારી ખોલી શક્યું નહિં. પ્રસન્ન ગભરાઈ, 'હવે શું કરવું!

બીજી તરફની બારીએ જવાને પગ ઉપાડ્યા; તેને ગભરાટ થયો. મોરારપાળ હતો ત્યાં સૂધી તેની હિંમત હતી, પણ હવે કોઈ મોટાની મદદ અને સલાહ વગર તે મુંઝાઈ.

"કેમ, પ્રસન્ન બ્હેન ક્યાં ચાલ્યાં અત્યારે ?"

"કોણ ? ઉદો !" પ્રસન્ન જરા હરખથી બોલી; "ઉદા ! તું ક્યાં જાય છે ?"

"હું તો, બા ! દર્શન કરવા જતો હતો. પણ તમે ક્યાંથી અહિંયાં ? કોઈ માણસ પણ નથી !"

"ઉદા ! તું વાત જવા દે. તારું ઘર ક્યાં છે ? મને ત્યાં લઈ જશે ? અત્યારે કોઈ મને જોશે તો ફજેતી થશે."

"જરૂર ? મારાં ધનભાગ્ય ક્યાંથી કે, તમે મારે ત્યાં ચાલો ! જરૂર;" ઉદાને એટલું જ જોઇતું હતું; "મારું ઘર પાસે જ છે," કહી તે પોતાના ઘર તરફ વળ્યો અને ઝપાટાબંધ ચાલવા માંડ્યું. "પણ, તમે અત્યારે ક્યાંથી ? કોઈ પીડામાં પડ્યાં હોય તો મને કહેજો. તાબેદાર હંમેશાં હાજર છે હોં કે."

"ઉદા !" પ્રસન્ન ઉદાને ઓળખતી હતી, અને તે ઘણો વિશ્વાસુ માણસ છે એમ પણ જાણતી હતી; "હું અત્યારે મોટી પીડામાં છું. હું ફોઇબા પાસેથી નાસી આવી છું."

"પણ તે તો પાટણ બહાર ગયાં છે ને ?" વાત જાણવા ચતુરાઇથી મારવાડીએ કહ્યું.

"તેં ક્યાંથી જાણ્યું ?"

"હું કેમ નહિં જાણું ? હું ચાંપાનેરી દરવાજા સામે જ રહું છું, એટલે રાત્રે જતાં જોયાં. પણ તમે કેમ નાસી આવ્યાં ?"

"ભાઇ ! મારું દુઃખ તું શું જાણે ?"

"બ્હેન ! નાસી આવ્યાં તો સારું થયું; નહિં તો પાટણનું નાક કપાઈ જાત," ધીમે રહીને ઉદાએ વાત સેરવી. કેમ નાક કપાત, તેની ચોક્કસ ખબર તેને નહોતી, પણ ખુશ કરી વાત કઢાવવામાં તે ઘણો હુશિયાર હતો.

"હા, ફોઇબાને પણ આવું શું સૂઝે છે ? અવન્તી કરતાં મારું પાટણ શું ખોટું છે ?"

"બરોબર છે," કાંઇક વાત સમજતાં તેણે કહ્યું; "પાટણ તે તો પાટણ જ, ભરતખંડનું શિખર. મીનળબાને આ તે શું સૂઝ્યું ?"

"હા. આવી વખતે પાટણ છોડાય ? ઉદા ! ઉદા ! શું કહું ? અમારા સામળ બારોટ કહે છે તેમ, પાટણની પ્રભુતા તો પરવારી. ફોઇબા

પાટણ છોડી મધુપૂર તરફ ગયાં. કેવું ખરાબ?" વિશ્વાસના ઉમળકામાં પ્રસન્ને કહેવા માંડ્યું.

ઉદાએ અણકહેલી વાત સમજવા માંડી. તેને રાજ્યખટપટના સમાચાર ઘણાખરા ખબર હતા, એટલે એક શબ્દ સાંભળતાં આખી વાત સમજતાં તેને વાર લાગી નહિ. "હાસ્તો. પાટણનાં મહારાણી પાટણની સામે જાય? શ્રાવક તો હું પણ છું, પણ તેથી કાંઈ આપણું પાટણ ભૂલાય? પણ કરવું શું? राजा कालस्य कारणम्।"

"શું કપાળ, राजा कालस्य कारणम्? તમારા પટ્ટણીઓ બધા ચુડી પહેરીને બેઠા છે, નહિં તો ચંદ્રાવતીનું ચાલે શું, અને આજે અહિયાં શાન્તિચંદ્ર પાટણનો દંડનાયક થાય શું?"

"શું કરીએ, બહેન! લો આવો. આ મારું ઘર આવ્યું," કહી ઉદાએ બારણું ઉઘાડી, દીવો કર્યો અને બન્ને જણ ઉપર ગયાં; "બહેન! વખત ભૂંડો છે. કોઈ પાટણમાં એવું રહ્યું નથી, કે અત્યારે કાંઈ કરી શકે. મુંજાલ મહેતા જો જરા સીધા હોય તો પાટણનો ડંકો દુનિયામાં વગડે."

"મુંજાલને તો પહેલેથી કહાડ્યો. મંડલેશ્વરે—અરે હા! વાત કરતાં મુખ્ય વાત તો ભૂલી ગઈ. ઉદા! ત્રિભુવનપાલ ઘાયલ થઈ રાજગઢમાં પડ્યા છે. સવાર થતાં પહેલી તેની ખબર કહાડી આવ; પછી મને નીરાંત વળશે."

ઉદો સમજ્યો; 'આ છોકરી મંડલેશ્વરના છોકરા વિષે કેમ આટલી ચિન્તા રાખે છે?' "બા! જરૂર. આ દાતણપાણી લો. સૂરજ ઉગે ને હું જાઉં. પણ સવાર પડતાં લોકો તો જાણશે કે, મીનળદેવી ચાલ્યાં ગયાં છે?"

"નારે. શાન્તિચંદ્ર રાજગઢમાં પહેરો રાખશે, એટલે કોણ જાણવાનું છે? અને કાલે રાત સૂધીમાં વખત છેને પાછાં પણ આવે."

"અરે એ વાત તો વાયે જશે. ચાલો ત્યારે હું મારી દુકાન ઉઘાડી આવું, અને દહેરે જતો આવું. સાથેસાથે ત્રિભુવનપાલની ખબર પણ લઈ આવું. કાંઈ કહેવુંકહાવવું છે?" જરાક ધીમેથી ઉદાએ પૂછ્યું. કોઇની ઇચ્છા પારખવાની તેની શક્તિ અજબ હતી.

"હા; લીલાવૈદને કહેજો કે, હું અહિયાં છું, અને ત્રિભુવનપાલ પૂછે તો વૈદને કહેજો કે કહે. મારું કામ હશે તો હું આવીશ. પણ જોજો, મેં વાત કહી તે કોઇને કહેતા નહિં," પ્રસન્ને કહ્યું.

"ના રે ના. એ કાંઈ કહેવાય? નીરાંતે રહો," કહી ઉદો નીચે ઉતર્યો.

ઉદાને ભવિષ્યવેત્તાઓનાં વચન યાદ આવ્યાં. જો આ પ્રસંગનો લાભ તે લે તો જરૂર નગરશેઠનો પણ શેઠ થાય. જેટલી વાર ચિન્તાતુર,

વિશ્વાસુ પ્રસન્ન વાત કરતી હતી, તેટલી વાર તેનું મગજ કામ કરતું હતું. જેમ જેમ વિચાર કર્યો તેમ તેમ તેને લાગ્યું કે, આવી તક સો વર્ષે એક વખત પણ નથી આવતી. આખા પાટણમાં એના સિવાય કોઇને ખબર નહોતી કે, મીનળદેવી પાટણ છોડી ચાલી ગઈ છે. એનો ઉપયોગ શો કરવો કે, જેથી ધાર્યું સરે?

---

## પ્રકરણ ૨૩ મું

## ઉદાએ વાત કેવી રીતે જાળવી

ઉદો બહાર નીકળ્યો, અને થોડું જતામાં રસ્તામાં વસ્તુપાલ શેઠ હાથમાં દુકાનની કુંચી હલાવતા જતા સામા મળ્યા. વસ્તુપાળ શેઠ જૈન-મત નહિ સ્વીકારેલા શેઠીઆઓનો આગેવાન હતો.

"કેમ, શેઠજી! જયગોપાળ!"

"કોણ, ઉદો?"

"હા. ક્યાં, મોતીચોક ચાલ્યા? આજે દુકાન ખોલવી છે?"

"ભાઈ! તે કાંઈ છૂટકો છે? સઇનો દીકરો જીવે ત્યાં સુધી સીવે," વસ્તુપાલે જવાબ દીધો.

"પણ, શેઠ! તમે તો મારા મુરબ્બી છો. ખાનગી રાખો તો એક વાત કહું," નીચા વળી ઉદાએ કહ્યું.

"શી?" આજકાલ લોકો એટલા ગભરાયેલા રહેતા હતા કે, વધારે ગભરાટ કરવો, એ રમતની વાત હતી.

"કોઇને કહેશો નહિ; નહિ તો મારું માથું જશે. તમે ગમે તેટલા પણ અસલી પટ્ટણી, એટલે તમને લાગે તેટલું કોઇને નહિ. પાટણ-માંથી રાજ્યકારભાર ગયો."

"હેં–," ચમકીને વસ્તુપાલે કહ્યું.

"ધીમેધીમે બોલો, મારા શેઠ! અહિંથી રાતે મીનળબા ચન્દ્રાવતી ચાલ્યાં ગયાં!" ઉદાએ જવાબ દીધો.

"શું કહો છો? ત્યારે રાજ્ય કોણ કરશે?"

"ચન્દ્રાવતીના આડતિયા શાન્તુ શેઠ છેને."

"જાઓ જાઓ; કાંઇથી ગપ તો લાવ્યા છો," ગભરાતાં ગભ-રાતાં વસ્તુપાલે કહ્યું; "એવું તે બને?"

"શેઠ! ખોટું માનવું હોય તો આ રહ્યું મારું પાછું. પણ ડાહ્યા હો તો ઘરેણાંબરેણાં ઠેકાણે કરજો. આ તો દોસ્તદાર ધારીને મેં કહ્યું. ચાલો, જયગોપાળ!"

"હા, ભાઈ જયગોપાળ!" કહી ધબકતે હૈયે વસ્તુપાલ શેઠ મોતીચોક તરફ ચાલ્યા. તે મોટા વિચારમાં પડી ગયા હતા.

ઉદો ત્યાંથી ઝપાટાભેર ચાવડીએ ચકલે ગયો, અને એક ગલીમાં જઈ, એક નાના ઘરનું કડું ઠોક્યું.

થોડી વારે એક જાડો, અડધો નિદ્રાથી અસ્પષ્ટ બનેલો અવાજ આવ્યો, "કોણ મૂઓ છે અત્યારે?"

"નાયક! એ તો હું."

"હું તે કોણ? કાલે આવજે."

"એ તો હું ઉદો. નાયક! એક જરૂરની વાત છે, બારણું તો ઉઘાડો."

"પાછો પૈસા લેવા આવ્યો છે કે, મારવાડિયા!"

"ના, ડુંગરનાયક! ના. કાંઈ પૈસા મળે એવી વાત છે."

તે સાંભળતાં ડુંગર નાયકે બૂમ મારી, "કુબ્જા! ક્યારની સાંભળતી નથી? કમાડ ઉઘાડ, ઉઘાડ નહિ તો ચીરી નાંખીશ."

એક સ્ત્રીએ ઝપાટાબંધ બારણાં ઉઘાડ્યાં અને હાથ જોડી બોલી, "ઉદાભાઈ! કહો તો પગે લાગું, પણ આજે એમને અહિયાંથી લઈ જાઓ. કાલે રાત્રે પાછી મને મારી મારીને બેવડ કરી નાંખી. મને કહે કે, ઉધાર ગાંજો લઈ આવ, પણ તે કોણ આપે?"

"ગભરાશો નહિ, ભાભી! હું હમણાં સીધા કરું છું," કહી ઉદો ઉપર ચઢ્યો.

ડુંગરસિંહ પથારીમાં પડ્યા પડ્યા ચલમ તાણતા હતા. તેની આંખો નિશામાં લાલ અને વિક્રાળ થઈ ગઈ હતી. તેનું ભાન અડધું હતું અને અડધું ધુમાડાના ગોટામાં વિહરતું હતું. પોતાના એક પડછંગ ભુજમાં એક મોટો તકિયો લઈ તે પડ્યા હતા.

"નાયક! આમ પડી શું રહ્યા છો? તમારા બાપદાદાની આબરૂપર પાણી ફરવા આવ્યું છે;" ઉદાએ જોયું કે, આના મગજપર અસર કરવા હથોડાના ઘા સિવાય બીજું કાંઈ ખપમાં આવે એવું નથી.

"જોઈએ જોઈએ કોની માએ શેર સૂંઠ ખાધી છે?"

"અરે બેસો બેસો, ચંદ્રાવતીનું દળ તો પાધરે આવીને પડ્યું છે. અહિયાં તો રજપૂતનો એક જાયો નથી કે, લડવા તૈયાર થાય?"

"હેં!" પથારીમાં એકદમ કૂદીને બેઠાં થતાં ડુંગરસિંહે બરાડો નાંખ્યો; "શું કહે છે?"

"જરા ધીમે ધીમે. પણ વખત આવ્યો છે બારીક," ઉદાએ કૃત્રિમ ગભરાટ દેખાડતાં કહેવા માંડ્યું; "મીનળબા ચંદ્રાવતી ચાલ્યાં

ગયાં છે. ત્યાંથી માત્ર લશ્કર આવે કે, પાટણના દરવાજા ખુલ્લા. કાંઈ કરવું છે કે સુઈ રહેશો ?"

"મારા જીવતાં—હું—હું—બેઠો છું, ને પા—પાટણ જાય?" નિશામાં જીભ બેવડ વળતી અટકાવતાં, ડુંગરનાયક બોલ્યા.

"જાય શું? ગયું. થોડો વખત પાટણના દરવાજા શાન્તિચંદ્રના હાથમાં રહ્યા તો જોઈ લ્યો. અમે શ્રાવકો તો બધા મોતીચોકમાં ભેગા મળીએ છીએ."

"કેમ?" પોતાનું પહેરણ પહેરતા નાયકે પૂછ્યું.

"કેમ કેમ શું? અમે ગમે તેવા પણ પટ્ટણીઓ છીએ. પરગામી પાટણમાં પેસે? એ તો આજે રાજપૂતો બાયલા છે, નહિ તો મગદૂર શું કે, અહિંયાં કોઈ આવે?"

"કોણ આવે? વાત શું કરો છો? એ અલી! સાંભળે છે કે? તારો દીકરો ક્યાં મૂઓ?"

"કેમ?" નીચેથી ડુંગરસિંહની ધર્મપત્નીનો અવાજ આવ્યો.

"તારા દીકરાને કહે તો કે, અખાડે જઈ બધાંને કહે કે, 'ડુંગરનાયક બોલાવે છે!' ચાલ જલ્દી કર, નહિ તો ધડથી માથું જૂદું કરીશ."

"ભાઈ! ભાઈ! હું તો જાઉં છું. મને ઘણું કામ છે."

"પાટણપર ચન્દ્રાવતી આવે! રજપૂત બચ્ચાને સાવકડા સંતાવે! મારો—કાપો એ કુબ્જા! તારો દીકરો—"

ઉદો ઝપાટાબંધ ઘરમાંથી નીકળી નાઠો. સવાર પડી ગઈ હતી, એટલે વખત ઘણો થોડો હતો. તે વિમલશેઠને ચકલે ગયો, અને શાન્તિચંદ્ર શેઠને ઘેર ગયો. તે મોટા કુટુંબોમાં ઘણી વખત જતો-આવતો, અને બૈરાંઓની અનેક સેવાઓ બજાવી તેમને ખુશ રાખતો. શાન્તિચંદ્ર શેઠનાં ધણિયાણી માનકુંવરબા ઉદાપર ખાસ પ્રીતિ રાખતાં, કારણ કે પાંચ દીકરા અને ચાર દીકરીના પરિવારપર રાજ્ય કરવું, તે તેમને ઘણું અઘરું લાગતું, અને ઉદો એ બધા પરિવારને સમજાવી શકે એવો હતો. ઉદો ગયો ત્યારે માનકુંવરબા ઘરની વહુ દીકરીઓને લઈ શાક સમારવા બેઠાં હતાં.

"કેમ, બા! કેમ છો?"

"કોણ, ઉદો! અસારમાં ક્યાંથી?"

"કેમ શું? રાજગઢમાં મ્હોં વાળી આવ્યાં."

"હા, આજે તો ઘણાં વહેલાં મ્હોંડાં વાળ્યાં. મીનળબા તો કુંકુટીયું વાળી છેક અંધારામાં બેઠાં હતાં. આટલું વહેલું તે આ ટાઢના દિવસો-માં કેમ પાલવે?"

"બા! જરા આમ તો આવો, એક વાત કહું."

"શું છે?" કરી માનકુંવરબા ઉઠ્યાં, અને પાસેના ઓરડામાં ગયાં. ઉદો પાછળ પાછળ ગયો.

"બા! મારા સમ, પણ આ શેઠ કાંઈ સમજે તો તો સારું, નહિં તો પાટણનું નાક જવાનું."

"કેમ, છે શું? પાછું કાંઈ ચન્દ્રાવતીનું હશે. એમને તો ઘરડે ઘડપણ તેનું ગાંડુ લાગ્યું છે," કહી માનકુંવરબા પાટપર બેઠાં.

"મીનળબા કાલનાં ચન્દ્રાવતી ગયાં, અને શેઠ અહિંયાં રહ્યા," ધીમેથી ઉદાએ વાત કહી.

"જા, જા. ગાંડો થયો છે? હમણાં તો હું મ્હોડાં વાળીને આવી. શોક મૂકીને તે બા જાય?"

"પણ, બા! તમેજ કહ્યું ને કે, બાને તો તમે જોયાં નહિં? કોઈ બીજું હશે? મેં મારી જાતે જતાં જોયાં; અને પ્રસન્નબાને લઈ ગયાં હતાં, તે પાછાં આવ્યાં છે. એ મારે ઘેર બેઠાં; જઈને પૂછી જુઓ."

"આય!આય! બાપ!—ઓ વિમળી! વિમળી!" માનકુંવરે બૂમ પાડી.

"કેમ શું છે? આટલી ચીસો કેમ પાડો છો?" લાડમાં ફાટેલી શાન્તુશેઠની નાની છોકરી આવી.

"અરે તારી બ્હેનપણી ઉદાને ઘેર એકલી છે, બીચારીને માથે બહુ દુઃખ પડ્યું છે. તું અને લાડીવહુ જાઓ, અને લઈ આવો તેને અહિંયાં. ગમે તેટલું પણ મા વગરનું છોકરું! જા, દોડ દોડ. ઉદા! હવે શેઠને તે શું કરીએ?"

"શું શું કરીએ? આખું ગામ તો કહે છે કે, 'અમે દરવાજા બંધ કરીએ છીએ, ને શાન્તુશેઠ ઉઘડાવશે તો મારામારી થશે.' હમણાં ડુંગરનાયક પણ એમ કહેતો હતો. વખતસર શેઠને વારો તો સારું, નહિં તો લોહીની નીકો વહેશે."

"શું કહે છે! હાય હાય? છોકરી! કોઈ છે કે? જા, પાલખી બોલાવ, હમણાં રાજગઢ જાઉં છું. મૂઓ ડુંગરીઓ તો ખૂની છે; આખા ગામને તોબા પોકરાવે છે; એ પાછળ પડ્યો તો થયું. તું ક્યાં જાય છે?" શેઠાણીએ કહ્યું.

"મારે તો હજુ બહુ કામ છે. આ તો તમને પોતાનાં જાણી કહું છું; મારું નામ દેશો નહિં."

"ના, ના. પણ, ઉદા! મારું આ ઝાલસેરું જોયું કે? નવાં મોતી હમણાં જ આવ્યાં તે મઢાવ્યાં છે; આ પેલું શું ગામ તો? અરખી જ શું

સુંઉ કાંઈ એવું છે ને? ભીમદેવ મહારાજના વખતમાં મૂઆ યવનો આવ્યા હતા, તેના ગામમાંથીસ્તો નવાં મોતી આવ્યાં છે.”

“વાહ! ઘણું સારું છે. પણ તમે જાઓ હવે. ચાલો, હું તો જાઉં છું.”

“આવજે હોં કે દીકરા!”

માનકુંવરબાએ રાજગઢ જવાની તૈયારી કરવા માંડી.

---

## પ્રકરણ ૨૪ મું

### જય સોમનાથ!

ઉદો ત્યાંથી મોતીચોક તરફ વળ્યો તો ત્યાં ખળભળાટ થઈ રહ્યો જણાયો. બધા વેપારીઓનાં ટોળેટોળાં લાંબાલાંબા હાથ કરી વાતો કરી રહ્યાં હતાં. કોઇએ દુકાનો ઉઘાડી નહોતી. કોઈ કહેતું કે, શાન્તિચંદ્ર શેઠ મરી ગયા; કોઈ કહે, મુંજાલનું ખૂન થયું; કોઈ કહે, મીનળદેવી ભોંયમાં પેસી ગયાં; પણ બધાં કહેતાં કે, પાટણમાં રાજા કે રાણી નથી; એટલે દુનિયાનો અંત આવ્યો.

“અરે મારા શેઠો!” એક ધનાઢ્ય શેઠિયો દુકાનના ઓટલાપર ઉભો ઉભો કહી રહ્યો હતો; “એ તો હું પહેલેથી જાણતો હતો. મેં તમને શું કહ્યું હતું? ગમે તેવો મુંજાલ મહેતો પણ સુંવાળો, ને આ તો શાન્તુ શેઠ! એ તો બધાને જતિ કરીને બેસાડે એમાંનો છે! હવે તમારામાં પાણી કયાં છે? પાણી હોય તો એની મગદૂર શું? ચંદ્રાવતીનો સૌભાગ્ય અહિંયાં શેઠાઈ કરે? મરો, મરો તમે બધા!”

“પણ, તિલકચંદ!” ઉદાએ કુંડાળામાં દાખલ થતાં કહ્યું; “આ બધું શા કામનું? કરવું શું?”

“ખરી વાત છે. ઉદો ખરું કહે છે. વાતો તો બધા કરે છે, પણ કરવું શું?” ચારે ગમથી બધા બોલી ઉઠ્યા. એટલામાં બીજાં ટોળાંઓ પણ આ તરફ આવ્યાં.

“ભાઈ! જુઓ, હું તો ગરીબ આદમી છું, ને મારી પાસે વાત ટુંકી છે. જો આપણામાં જોર હોય તો, આજ પાટણ આપણા તાબામાં કરો. નહિં તો શાન્તુ શેઠના હાથમાં રહે, તેના કરતાં તો દરવાજા ખોલીને બેસો, પછી જેને આવવું હોય તે આવે.”

“આવે કેમ?” તિલકચંદ ઉકળી ઉઠ્યો; “તું તો કર્ણાવતીનો છે, અમારાં પાટણમાં પારકું લશ્કર આવે? શું વાત કરે છે?”

“ત્યારે કરો કેસરિયાં. મારે કયાં ના છે? દરવાજા બંધ કરી લડવા તૈયાર થાઓ. બોલો, જય સોમનાથ!” ઉદાએ કહ્યું.

કેટલાકોએ બૂમ ઉપાડી લીધી.

શૂરા સોલંકીઓની રણહાકમાં પાટણનું ગૌરવ સમાયલું હતું. ગિરનારના ગૃહરિપુને ઉખેડી નાંખી, સોમનાથ પાટણ કબજે કરવાને મૂળરાજ સોલંકીએ પટ્ટણીઓને જ્યારે પ્રેર્યાં હતા, ત્યારે આજ હાક આખા સોરઠમાં વાગી હતી. ત્યારથી અણહિલવાડ-પાટણ અને સોમનાથ પાટણ એક બીજાનાં થઈ રહ્યાં હતાં.

"જય સોમનાથ"ની ઘોષણાઓવડે પટ્ટણીઓએ સોરઠ હાથમાં લીધું હતું; મહમદ ગિઝનીના અસંખ્ય દળને હંફાવી, અણહિલવાડના અને સોમનાથની રક્ષા કરવાના નિષ્ફલ પ્રયત્નો કર્યાં હતા; મહમદ ગયા પછી સોલંકીઓને પાછા ગૂર્જરેશ કરી સ્થાપ્યા હતા; માળવા, સોરઠ, થાંડ, લાટ વિગેરે પ્રદેશોના નાનામોટા રાજાઓને ધ્રુજાવ્યા હતા.

તે હાક પટ્ટણીઓને શ્વાસ અને પ્રાણ સમાન હતી; તે સાંભળતાં તેમના રુંવાં ઉભાં થતાં; હાથમાં અથાગ બળ આવતું; મગજમાં વીરતાની ઝનૂન પેદા થતી; પુરુષો તરવાર લઈ કેસરિયાં કરવા તત્પર થતા, કાયરોમાં હિંમત આવતી, વીરાંગનાઓ પોતાના સ્વામિનાથોને વિજયતિલક કરી, તેની પાછળ સતી થવાનો નિશ્ચય કરતી.

ઉદાએ લોકોના ઉત્સાહનો લાભ લઈ એ જ ઉત્સાહકારી હાકનાં સ્મરણો તાજાં કર્યાં.

"હા, હા. જરૂર, તૈયાર થાઓ. જય સોમનાથ! પણ, જો જો, ચાલો, શું કરીએ?" એમ બધા બોલી ઉઠ્યા.

બધા શાન્ત થયા એટલે ઉદો બોલ્યો, "જુઓ, ભાઈ! મને તિલકચંદ શેઠની વાત વાજબી લાગે છે. માલમીલકત કરી દો ઠેકાણે, શાન્તુ શેઠને કરો સીધા, ને થઈ જાઓ લડવાને તૈયાર. આપણા છતાં મગદૂર કોની કે પાટણમાં આવે?"

ત્યાં ઉભેલા બધા વણિકો ગભરાઈ ગયા, કેટલાકને મ્હોંડે શોષ પડ્યો; પણ જવું ક્યાં?

"પણ છે શું?" ઉદાએ આગળ આવી પૂછ્યું.

"શું શું છે?" એક વાણિયાએ હાંફલાંફાંફલાં બોલવા માંડ્યું; "આ લશ્કર આવ્યું. નાસો, નહિ તો મરી જશો."

ઘણાખરાએ ચારે દિશામાં નાસવાનો માર્ગ ખોળવા માંડ્યો.

"પણ કોનું લશ્કર છે એ તો કહે?"

"અરે આ પેલો જમડો ગદા હલાવતો આવે તેનું," કહી એક એક તરફના રસ્તા સામું નવા આવનારે આંગળી કરી. આગળ ડુંગરનાયક, ભીમસેનના અવતાર જેવો, એક લોખંડની ગદા હલાવતો આવતો દેખાયો. તેની પાછળ સોબસે માણસો આવતા હતા. કોઇના હાથમાં તરવાર તો કોઇના હાથમાં ભાલા હતા, અને કેટલાકોએ કાંઈ ન મળવાથી લાકડાનાં મગદળો હાથમાં લીધા હતા.

એકેએક શેઠ ગભરાયા. એમાંના ઘણા હિંમતવાન્ અને કસરતબાજ હતા, પણ અત્યારે હાથમાં કાંઈ હથિયાર નહિં હોવાથી કેમ બચાવ કરવો તે કોઇને સૂઝ્યું નહીં. ક્યાં સંતાવું, તેનો જ વિચાર બધા કરતા ઉભા.

"ઉભા રહો! ગભરાશો નહિ. આ તો આપણો ડુંગરનાયક. તમે બધા ઉભા રહો. હું એકલો જઇને પૂછી આવું. એ પણ વખત છે ને—"કહી ઉદો ત્યાંથી આગળ આવ્યો.

ડુંગરનાયક કેમ આવ્યા, તે હવે જોઇએ. ઉદો તેને ત્યાંથી ગયો ત્યારે તેના મગજમાં એક જ વિચાર રહ્યો કે, ડુંગરનાયક જીવતાં પાટણમાં શ્રાવકોનું રાજ્ય થાય છે! આખી જીંદગી તેણે વાણિયાનાં દેવાં કરી ગાળી હતી; દેવપ્રસાદનો અનુયાયી હોવાથી શ્રાવકો તરફ તેને તિરસ્કાર પૂરતો હતો, એટલે તેમને દુઃખ દેવાનો શોખ તેને ઘણી વાર થઈ આવતો. પણ તેમની ઘણી વાર જરૂર જણાયાથી એ શોખ પૂરો પડાતો નહિં. અત્યારે તેનું લોહી ખરેખરું ઉકળી આવ્યું. પાટણમાં ચન્દ્રાવતીની સત્તા! તેના ચકચૂર મગજને સ્પષ્ટ જણાયું કે, અત્યારે પોતાને લીધે જ પાટણ ઉભું છે, અને તે એની વાહરે નહિં ધાય તો બીજો કોણ ધાશે? જેમ તેમ કરતો તે ઉઠ્યો અને થોડા ઘણા દંડ ખેંચી કહાડ્યા, અને પોતાની ગદા લઈ ફેરવી જોઈ. જેમ જેમ કસરતના શોખીનનું લોહી ફરવા માંડ્યું, તેમ તેમ મન પણ વધારે આકું જવા માંડ્યું. તેને ખાત્રી થઈ કે, ચન્દ્રાવતીનું લશ્કર કોટની પેલી બાજુપર પડ્યું છે, અને શાન્તિચંદ્ર દરવાજા ઉઘાડવા જાય છે. તેને એમ પણ લાગ્યું કે, દરેક શ્રાવકને કેદ કર્યાં સિવાય પાટણનો

જયવારો છે જ નહિં. તેના શાગીર્દો આવે, તે પહેલાં તેણે ગદા લીધી; અને હેઠળ ઉતરવા માંડ્યું.

"સતી! સતી!" લાગણીથી ભરપૂર અવાજે ડુંગરસિંહ બોલ્યો.

"સતી" ચમકયાં; આટલાં માનભેર બોલાવનાર પતિ સામું ગભરાટથી જોયું. ગાંડા તો નથી થયા?

"કેમ શું છે?"

"સતી! હું રણસંગ્રામમાં જાઉં છું; પાટણના કાંગરા અખંડ રાખવા જાઉં છું. છોકરાને સંભાળજે."

સતીએ જાણ્યું કે, કાંઈ નવી ધૂન ભરાઈ હશે; "વારુ, વહેલા આવજો."

"નહિં આવું તો આવતે ભવે," કહી, કયાં જાય છે તેનો વિચાર કર્યા વિના, નાયક બહાર પડ્યા. સામે અખાડામાંથી સાતઆઠ રાજપૂતો આવતા મળ્યા.

"નાયક! કેમ? શું કામ છે?"

"બાયલાઓ! ચૂડીઓ પહેરીને બેસી રહો. તમારાં ઘરબાર લૂંટાવા રાખ્યાં, છે કેમ?"

"હેં! કેમ? શું છે?"

"ચન્દ્રાવતીનું લશ્કર કોટ બહાર પડ્યું છે, મીનળદેવી ચન્દ્રાવતી ગઈ!"

"શું કહો છો? અહિંયાં પાટણમાં પારકું લશ્કર!"

"શાન્તુ મહેતો તો સાંઝે તમને કેદ કરાવશે. બેસી રહો, હરામખોરો! હવે શ્રાવકોને ઘેર પાણી ભરજો પાણી!"

"અરે એમ તે શું થાય?"

"શું થાય શું? હિંમત હોય તો ચાલો મારી સાથે. બધા દરવાજા બંધ કરીએ. પાટણપર પરગામી ચડી આવે, ને એક રાજપૂત અચ્ચો સામો નહી થાય? હું તો મારવાનો કે મરવાનો," કહી નાયકે ગદા હલાવી; "મારી સાથે છે કોઈ માનો જણ્યો? બધા શ્રાવકોને પકડી બાંધી મારીએ. ચન્દ્રાવતી આવે શું?"

શ્રાવકોને પકડીને બાંધી મારવાની યોજના બધાને પસંદ પડી. "હા, હા. ચાલો, ચન્દ્રાવતી આવે શું?"

"ચાલો! ચાલો! લક્ષ્મણ રાવત! નીકળો બહાર."

"કોણ? ડુંગર! કેમ શું છે?" એક ડોસાએ બારી બહાર ડોકું કહાડી પૂછ્યું.

"પાટણમાં પરદેશીઓ પેસે છે; ચાલો, તેમને હાંકી કહાડીએ. મહેવ દાદાનો વખત આવ્યો છે. બોલો, છોકરાઓ! જય સોમનાથ!"

"જય સોમનાથ!" કહી બધા આગળ ચાલ્યા, અને જેનાથી જે બન્યું તે હાથમાં ઝાલ્યું.

રસ્તે ચાલતાં કોઈ હસ્યું. કોઈએ કહ્યું કે "માનો કોઠારી ડુંગરસિંહની મજાક કરે છે; તે કહે છે કે 'એ ગાંડાએ માંડ્યું છે શું?' ડુંગરનાયક વાઘની વિકાળતાથી ફર્યો.

"કોણ કહે છે એ? હું ગાંડો! એ કયો બાયલો છે કે, બેસી રહે છે?"

હલકા રાજપૂતોના વર્ગમાં ડુંગરનાયકની સત્તાની સામે પડનાર માનો કોઠારી હતો. ડુંગર તેનાપર ખારે બળી રહ્યો હતો, એટલે તેનું નામ સાંભળતાં તે ઉકળી ઉઠ્યો.

"માનો કોઠારી તો નામર્દ છે," ડુંગરે બરાડો માર્યો, અને તે ભેગા થતાં ટોળાં સાથે બાજુની ગલીમાં ચાલ્યો, અને કોઠારીના ઘર તરફ ધસ્યો. લોકોમાં કોલાહલ થઈ રહ્યો. ડુંગરનાયકનું લશ્કર ક્ષણે ક્ષણે વધવા લાગ્યું.

"માના! માના! પાટણપર પરદેશી ચડી આવ્યા છે, અને આમ બેસી શું રહ્યો છે?"

માનો કોઠારી બિચારો કાંઈ જાણતો પણ નહોતો, અને નીરાંતે ઓટલે બેસી હુક્કો ગગડાવતો હતો; પણ ડુંગરનાયકના આવા તોછડા શબ્દો સાંભળી, તેણે હુક્કો આઘો મૂક્યો, ને ડોળા કહાડ્યા; પછી બેદરકારીમાં તેણે કહ્યું, "જે ચડી આવે તે. તું લવારી કરતો બેસની. તારું શું જાય છે?"

"બાયલા!" કહી ડુંગરે મોટી બૂમ પાડી; "પટ્ટણી થયો છે! થૂ તારા મ્હોંપર," કહી ડુંગર તેનાપર થુંક્યો; તેની પાછળ તરત દશપંદર જણ થુંક્યા; "નિમકહરામ, કુત્રા, ચંડાલ, ગુલામ," એમ અનેક નામો માનાને અપાઈ ગયાં.

લોકોને પાણી ચડ્યું; માનો સામો થયો, અને પાસે પડેલી તરવાર ઉંચકવા ગયો; જોતજોતામાં પાંચસાત જણે તેને પકડ્યો, તેનો હુક્કો કઉંનો કઉં જતો રહ્યો. "પાટણમાં પરદેશી બોલાવવા છે! એ ચંદ્રાવતીનો છે, મારો, પકડો," કહી લોકોએ તેને બાંધ્યો અને સાથે લીધો.

આ તોફાનથી લોકો પણ ઘણા થયા, અને જુસ્સો પણ વધ્યો. આમ હોકારાણુમાટા કરતું ડુંગરનાયકનું સૈન્ય મોતીચોકમાં આવી લાગ્યું.

સામે ઉદો આવ્યોઃ– "કેમ, નાયક! શાબાશ! ઠીક કરી છે!"

"ઉદાશેઠ! શું બેસી રહ્યા છો? પાટણને પાધરે તો પરગામી

પડ્યા છે, ને વાતો શું કરો છો?" જાણે ઉદાને નવી વાત કહેતો હોય તેમ ડુંગર બોલ્યો.

"પણ તમે જાઓ છો ક્યાં?"

"બધા દરવાજા કબજે કરીએ છીએ, અને બહુ થશે તો કેસરિયાં. કેમ, છોકરાઓ! બોલો, જય સોમનાથ!"

"જય સોમનાથ!" લોકોએ જવાબ આપ્યો.

"પણ તમારા શેઠિયાઓ શું કરે છે?"

"બધા પાટણ માટે શિર આપવા તૈયાર છે. એમને પણ સાથે લો."

"શ્રાવકો દગો દેશે સારે?"

એક જણે પાછળથી ડોકું કહાડી જવાબ દીધો, "બેસ, બેસ ચીબાવલા!"

ડુંગરનાયકે પાછા ફરી કહ્યું, "તું શું જાણે? એ ગમે તેવા પણ પટ્ટણી."

"હાસ્તો, પણ પહેલાં રાજગઢ જઈ ખાત્રી તો કરો; ત્યાં વળી કાંઈનું કાંઈ મળશે."

"અરે હારે! ત્યાં જ જઈએ છે." ડુંગરનાયક રાજગઢના આગલા ચોકમાં આખી જીંદગીમાં એકબે વખત ગયા હતા; અને તે પણ નોકર તરીકે, કે એક વખત ગુનાહમાં આવ્યા હતા ત્યારે. અત્યારે પાટણના રક્ષક તરીકે જવું, તે તેને મન સ્વર્ગે સીધા જવા જેવું હતું:—"ચાલો રાજગઢમાં! એ શાન્તુ શેઠ બેઠા બેઠા શું કરે છે? તમારા શેઠો આવે છે કે?"

"હા, હા," કહી ઉદો પાછો આવ્યો; "ભાઇઓ! ડુંગરનાયક પણ પાટણની ટેક રાખવા જ આવ્યો છે. ચાલો આપણે બધા રાજગઢ; પૂછીએ તો ખરા કે શું છે?"

"હા, ચાલો, ચાલો," કહી ઘણાખરા તૈયાર થયા, અને ડુંગરસિંહના લશ્કર સાથે બધા પટ્ટણીઓ રાજગઢ તરફ ચાલ્યા. ધીમેધીમે લોકોનું જૂથ જબરું થતું ગયું. 'પાટણપર પરદેશી ચડી આવ્યા છે,' એમ ચારેગમ બૂમ પડી. ધીમેધીમે ઘોડાપર કે પાલખીમાં મોટા મોટા સામન્તો, શેઠો, અને શ્રાસીયાઓ પણ આવવા માંડ્યા. થોડી વારે રાજગઢ આગળ મોટી મેદની થઈ ગઈ.

આટલા થોડા વખતમાં આવો ખળભળાટ થવાનું મૂળ કારણ લોકોનું શહેરનું અભિમાન હતું. માંહોમાંહ્ય ગમેતેટલા ઝઘડા ચાલ્યા કરે, તોપણ પાટણના કોટ અને પાટણનો પતિ એ બન્ને તેઓમાં દુર્જય મનાતાં. અભિમાન લોકોમાં ગૌરવ અને મુશ્કેલીની વખતે એકતા પ્રેરતું;

અને એ દુર્જયતા ટકાવી રાખવા પટ્ટણીઓ પોતાનો પ્રાણ આપવા પણ ચૂકે એમ નહોતું. મૂળરાજના વખતથી પાટણ એટલે તેમને મન દુનિયાનું પાટનગર. તેઓ નગરને જીવન્ત વ્યક્તિ માની તેના ચરણ સેવવા તત્પર રહેતા; અને તેના રાજા, તેના શેઠ, તેની દોલત એ બધાં કરતાં તેના ગૌરવ તરફ તેઓનું ધ્યાન હંમેશા વધારે રહેતું. મૂળરાજ, ભીમદેવ, અને કર્ણદેવ તેમને મન પાટણના ગૌરવની મૂર્તિઓ હતા; અને મુંજાલ તરફ પણ લોકોના પ્રેમનું કારણ એ જ હતું. તેઓનાં ગુણ, દૂષણ, અભિમાન, શક્તિ એ બધાં નગરશેઠમાં અદ્દભુત ખુબીથી વ્યક્ત થતાં તેઓ જોતા, અને તેની વડાઈ જોઈ હરખાતા. અત્યારે પટ્ટણીઓ માનભંગ થયા હતા, અને તેથી જ તેઓ વિફર્યા હતા. પાટણનું નાક જાય, તેના પહેલાં દુનિયા રસાતળ જાય, એમ તેઓનું માનવું હતું.

---:o:---

## પ્રકરણ ૨૫ મું

## સોલંકીની શોધમાં

પાટણના શહેરીઓનું સરઘસ હોકારા કરતું રાજગઢ તરફ ચાલ્યું. શા ચોક્કસ કારણને લીધે આ તોફાન થતું હતું, તે કોઇને માલમ નહોતું. પણ 'મીનળદેવી પાટણ છોડી ચાલી ગઈ છે, અને શાન્તિચંદ્ર ચંદ્રાવતીનો માણસ હતો, માટે વિશ્વાસપાત્ર નથી,' એ વાત બધાને ગળે ઉતરી. કેટલાક ભટકતા, કામ વગરના, શહેરી મજાહને ખાતર આવ્યા; કેટલાક શું થાય છે, તે જોવા આવ્યા. દરેક એકબીજાને કહેતા કે 'મીનળદેવી રાત્રે ગઈ; ચન્દ્રાવતીનું દળ કોટ બહાર પડ્યું છે.' કેટલાક કહેતા કે, એ બધું તેમણે જાતે જોયું હતું; કેટલાકને ખાત્રી હતી કે 'ગુજરાતનું પાટનગર હવેથી ચન્દ્રાવતી થવાનું છે;' કેટલાકે ભવિષ્ય ભાખ્યું કે, 'જ્યાંસુધી મીનળ છે ત્યાંસુધી પાટણ સુખે સુવાનું નથી, ગમે તેવી પણ તે પરદેશી.'

પહેલાં સ્ત્રીઓ જરા ગભરાઈ, બારણાં દીધાં, પછી કારણ જાણ્યું અને બારીએ નીકળી. ચન્દ્રાવતીનું લશ્કર કોટ બહાર આવ્યું છે જાણી, તેમણે પણ પોતાના પતિઓને બહાર કહાડવા માંડ્યા. એમ કરતાં બધા રાજગઢના કોટની બહારના ચકલામાં આવી પહોંચ્યા. શું છે, તે જોવા આસપાસ રહેતા ધનાઢ્ય શેઠો અને મોટા સામન્તો બહાર નીકળ્યા. દરેક જણ, 'શું છે' તે પૂછતું, અને 'મીનળદેવી નાસી ગઈ છે,' એ સાંભળી અજાયબ થતું અને સાથે સામેલ થતું. એમ, આગળ પડતા કેટલાક મોટા લોકો આવ્યા. હાલારના ઘરડા મંડલેશ્વરે આ

વાત સાંભળી, અને 'ચન્દ્રાવતીનું લશ્કર આવે છે,' એ જાણી તેનો પીત્તો ઉછળી આવ્યો. તરત ઘોડાપર સવાર થઈ ખેંગાર આવ્યો અને ટોળામાં સામેલ થયો. તે જૂના જમાનાનો બહાદુર, ઝનૂની રજપૂત હતો. તેને આવેલો જોઈ ઉદો તેના તરફ ગયો.

"બાપુ ! જોયું ? હવે તમારા જેવાને હાથે પાટણની લાજ છે."

"અરે શું વાત? હમણાં શાન્તુને ઠેકાણે કરું છું. પાટણની સામે થનાર કોણ, તે જોઉં છું. ક્યાં, બધા ગઢે જાઓ છો? ચાલો," કહી તે આગળ થયો.

ઉદાએ વધતા સરઘસ તરફ નજર નાંખી. તેણે જોયું કે, એક-એકનું જોઇને સારા માણસો પણ મોટી સંખ્યામાં જોડાયા છે. ડુંગરનાયક જેવાનો ઉત્સાહ ક્ષણભંગુર હતો, તે તે જાણતો હતો; માટે જ્યાંસુધી સારા માણસોમાં ઝનૂન પેદા થાય નહિ ત્યાંસુધી કાંઈ પણ સરવાનું નથી, એમ તેને લાગ્યું. તેને એક યુક્તિ સૂઝી. લોકો એટલા બધા વધી ગયા હતા અને તોફાન એટલું વધી ગયું હતું કે, તેના તરફ કોઇનું લક્ષ નહોતું. તે ધીમે રહીને ત્યાંથી સટકી, બાજુની શેરીમાં થઈ, રાજગઢને બાજુને દરવાજે ગયો; દરવાજો તેમ જ બારી બંધ હતાં. તે દોડતો દોડતો પાછલે દરવાજે ગયો. તે પણ બંધ હતો. તેણે તડ વાટે જોયું, તો પાછલ પહેરેગીર દેખાયો.

"ઓ-અરે, ઓ-" કહી મોટેથી ઉદાએ બૂમ મારી.

"કોણ છે?" કહી પહેરેગીરે પણ તડમાંથી જોયું.

"એ તો હું ઉદો. જરા બારી ઉઘાડ."

"નહિ ઉઘડે, બાનો સખત હુકમ છે."

"અરે ગાંડા! તને ભાન છે, ઉઘાડ, નહિ તો કચડાઈ જશે."

"કેમ, ઉદાશેઠ! તમારી પણ અક્કલ ગઈ છે. ચાલ્યા જાઓ, હમણાં કોઈ જાણશે તો બા મારી ધૂળ કહાડી નાંખશે. હુકમ ઘણો સખત છે."

"અરે મૂર્ખા! રાણી તો ક્યારનાં પોબારા ગણી ગયાં છે, ને આખું પાટણ ઉઠીને અહિંયાં આવે છે."

"શું કહો છો? બા—"

"અરે બા તો ચન્દ્રાવતી પહોંચી ગયાં. જો, તને પૈસા જોઇતા હોય તો કહે તે આપું, તને પદવી જોઇતી હોય તો કાલે સવારે અપાવું; પણ અત્યારે બારી ખોલ."

"પણ બા ગયાં? હવે થશે શું?"

"ગાંડા! ત્રિભુવનપાલ સોલંકી ગઢમાં છેને. મને આવવા દે, તો તને કાલે નાયક બનાવું. કહે તો ગ્રાસ અપાવું," ઉદાએ કહ્યું.

"એ બધું તો પછી, હમણાં તમારા કાનની કડી આપો, પછી બધું."

"ઠીક, લે," કહી ઉદાએ ઝપાટાબંધ કાનની મોટા મોતીની કડી કહાડી.

સૈનિકે ધીરે રહીને બારી ખોલી. "જો જો, હોં? કાલે ગ્રાસ મળવો જોઇએ."

"જરૂર," કહી ઉદો અંદર પેઠો, અને રહેવાના ઓરડાઓ તરફ ચાલ્યો. તે ઝપાટાબંધ લીલાના ઓરડા તરફ ગયો. કર્ણદેવની માંદગીને લીધે રાજવૈદે પણ કેટલા દિવસ થયાં ગઢમાં જ ઘર કર્યું હતું. "લીલા કાકા! ઓ લીલાકાકા!"

"કોણ એ?" એક સ્ત્રીના અવાજે પૂછ્યું, અને એક જુવાન સ્ત્રીએ બારણું ઉઘાડ્યું.

"કોણ? માત્રા બહેન! તમારા બાપા ક્યાં છે? એ તો હું ઉદો."

"કોણ? ઉદો મારવાડી! બાપા તો ત્રિભુવનપાલની પાસે છે."

"તે ક્યાં છે?"

"પેલી બાજુએ. પેલા—" કહી નવોઢાએ જરા નીચું જોયું.

"આ પેલા પંડિતજી ઉભા છે ત્યાં? આટલાં મોટાં થઈ શરમાઓ છો શું? ગજાનનનાં તમે સિદ્ધિ કે બુદ્ધિ?" કહી, જરાક મશ્કરી કરી, ઉદો પેલી તરફ ઝપાટાબંધ દોડ્યો.

"વાચસ્પતિ! તમારા સસરા ક્યાં છે? ત્રિભુવન સોલંકી ક્યાં છે?"

"કોણ છે?" કહી વૈદે અંદરથી જવાબ દીધો, એટલે તે તરફ ઉદો દોડ્યો.

લીલો વૈદ નિરાંતે પાન ખાતા હતા, સામળ-બારોટ નિસ્તેજ આંખો આકાશ તરફ ફેરવી હુક્કો ગગડાવતા હતા, અને ખાટલાપર ત્રિભુવનપાળ બેઠો હતો. તેને ગઈ કાલના ઘાથી લોહી ઘણું વહ્યું હતું; પણ સામળ બારોટની જડીબુટ્ટીથી તે તરત બંધ થયું હતું; અને આખી રાત નિરાંતે ઉંઘવાથી અત્યારે તેની તબિયત ઘણી નબળી છતાં ઠીક થઈ રહી હતી. તેનું તેજસ્વી મ્હોડું લોહી વગરની ફિક્કાસથી આકર્ષક લાગતું. તેના બાલમુખપર ચિન્તાનાં ચિહ્ન હતાં. તેના પિતા ગયા હતા; તેની સખી નિમકહરામ થઈ ગઈ હતી, અત્યાર સૂધી દેખાઇએ નહોતી; પોતે મીનળકાકીના હાથમાં કેદીની માફક પડ્યો હતો, પણ દ્રઢતાથી તે વિચાર કરી રહ્યો હતો.

"નમસ્કાર મહારાજ! જયજય વૈદરાજ! રામ રામ બારોટજી!"

કહી ઉદો ઓરડામાં પેઠો. બે જણે તેની સામું જોયું; બારોટે આંખો તે તરફ ફેરવી. ત્રિભુવનના કપાળે કરચલી આવી.

"મહારાજ ! ક્ષમા કરો. આપને શરણે આવ્યો છું, પાટણ લોકોની વિનતિ રજુ કરવા."

"મારી આગળ ! પાટણના લોકોની વિનતિ !" ત્રિભુવને અજયબીથી પૂછ્યું. લીલો અને બારોટ મૂગા મૂગા જોઈ રહ્યા.

"હાજી. નગરજનપ્રતિપાળમાં તમે રહ્યા છો; લોકો તમારે શરણે આવે છે."

"ચાલો, ઉઠો, લીલા!" બારોટે કહ્યું, "મારા વીરની સાથે થા. જીવતો રહે મારો સોલંકી! જય સોમનાથ!"

---

## પ્રકરણ ૨૬ મું
### બીચારો દંડનાયક

શાન્તિચંદ્ર શેઠ ઉઠ્યા, તેવા તેણે મદનપાલની લાશ ઠેકાણે કરવાની નેવડ કરવા માંડી; થોડાઘણા સીપાઇઓને ભેગા કરી, મદનપાલને સ્મશાને વિદાય કર્યાં, અને અંધારામાં અગ્નિદાહ અપાવ્યો. દંડનાયકે પછી રાજગઢની બારીબારણાંઓપર સખત ચોકી પહેરો મૂકી, સવારનાં બેસણાંની તૈયારી કરી, કે જેથી કોઈ જાણવા પામે નહિં કે મીનળદેવી ગેરહાજર છે; અને બેસવા આવેલી સ્ત્રીઓ જ્યારે વિખરાઈ ગઈ ત્યારે તેને અડધી નિરાંત વળી. તે વહેલા વહેલા નિત્યકર્મ પરવારી રહ્યા, અને અધીરા હૃદયને હિંમત આપવા લાગ્યા કે, 'બે દિવસ તો આમ વહી જશે, રાણી પાછાં આવશે, અને બધું બરોબર ઉતરશે.' આ હિંમત આપતાં પણ કોઇનું પગલું કે કોઈનો અવાજ તેમને ગભરાવતાં; આખરે નિત્યકર્મ માટે ઉતારેલો પહેરવેશ ફરી પેહેર્યો, અને જાણે કાંઈ થવાની વાટ જોતા હોય તેમ બેઠા.

થોડી વારે દરવાન કહેવા આવ્યો કે, 'મોરારપાલ મળવા આવ્યા છે.' શાન્તિચંદ્રે તેને તરત બોલાવ્યો. "કેમ; મોરારપાલજી! ક્યાંથી પાછા ફર્યા?" ઓરડામાં તે એકલા પડ્યા, એટલે દંડનાયકે પૂછવા માંડ્યું.

"વિખરાટથી થોડે દૂર ગયા એટલે મને પાછો મોકલ્યો. અહિંયાં કેમ છે?" મોરારપાલે પૂછ્યું.

"ના, અહિંયાં બરોબર છે, બધું બરોબર છે."

"કાલે સાંજે મને ચાંપાનેરી દરવાજે આવવાનું કહ્યું છે. મીનળબા ત્યારે આવશે," મોરારે કહ્યું.

"ઠીક, ત્યાંસૂધી તો બધું શાન્ત ચાલશે. કાંઈ વાંધો નહિં આવે, પણ અહિંયાં ધ્યાન રાખજો. કોઈ જાણે નહિં કે, રાણી આવવાનાં છે," ...નુ શેઠે કહ્યું.

"નારે, એમ કોણ જાણવાનું છે?" પ્રસન્નનું મ્હોડું હૃદયમાં રમી ...યું, એટલે તેને વિષે બોલવાની હિંમત નહિ કરતાં મોરારપાલે કહ્યું. "ઠીક, ત્યારે કાલે સાંજે દરવાજાપર પણ તમે જ જજો; હું જઇશ ...માં ચગોવગો થશે."

"...જી હા, એ વાતની કશી પણ ફીકર નહિં કરશો. કાલે સાંજે

કહી ઉદો ઓરડામાં પેઠો. બે જણે તેની સામું જોયું; બારોટજીએ આંખો તે તરફ ફેરવી. ત્રિભુવનના કપાળે કરચલી આવી.

"મહારાજ! ક્ષમા કરો. આપને શરણે આવ્યો છું, પાટણના લોકોની વિનતિ રજુ કરવા."

"મારી આગળ! પાટણના લોકોની વિનતિ!" ત્રિભુવને અજાયબીથી પૂછ્યું. લીલો અને બારોટ મૂગા મૂગા જોઈ રહ્યા.

"હાજી. નગરજનપ્રતિપાળમાં તમે રહ્યા છો; લોકો તમારે શરણે આવે છે."

"ઉદા!" વૈદે કહ્યું, "ગાંડો થયો છે કે શું? શું બકે છે?"

"શું તમને પણ ખબર નથી? મહારાજ! મીનળબા અને જયદેવકુમાર પાટણ છોડી રાત્રે ચંદ્રાવતી ચાલ્યાં ગયાં. બારોટજી! શું સાંભળ્યાં કરો છો? ચંદ્રાવતીનું લશ્કર પાટણ સર કરવા આવે છે?"

"જરૂર પેલા કાવત્રાંબાજ જતિનાં કારસ્તાન," લીલો બોલી ઉઠ્યો!

"શું કહે છે? ઉદા!" ત્રિભુવનપાળે ઉભા થઈ જતાં પૂછ્યું; પણ તરત પોતાની અશક્તિ નડી અને તે બેસી ગયો. "પાટણપર ચંદ્રાવતી આવે!"

"જરૂર, બાપુ!" લીલાએ કહ્યું; "એ જાત ક્યારનોએ ત્યાંથી માણસો મંગાવતો હતો."

"ત્રિભુવન સોલંકી! શું બેસી રહ્યો છે?" એકદમ સામળ બારોટનો અવાજ ગાજ્યો; તેણે હાથમાંથી હુક્કો છોડી દીધો, અને ટટાર થઈ તે બોલવા લાગ્યો; "તમે બધાં બાળકો છો! પ્રસન્ન ગઈ ઉજ્જેણી, અને ચંદ્રાવતી આવ્યું અહિંયાં! છે કોઈ માનો જણ્યો કે હવે ઉઠે? હું ! ક્યારનો ધારી બેઠો હતો," કહી બારોટ ધૂણવા લાગ્યા.

"મહારાજ! આખા પાટણમાં ખળભળાટ થઈ રહ્યો છે, અને બધા લોક બહાર આવ્યા છે. આપને મળવા માટે બધા આતુર છે. આપ ત્યાં ચાલો," ઉદાએ વિનતિ કરી.

"હું શું કરું? મારા હાથ નિર્બળ થયા છે."

"ત્રિભુવન સોલંકી!" બારોટજી બોલ્યા, "ખબરદાર! તારો નિર્બળ હાથ બધાથી સબળ છે. ઉઠ, થા ઉભો; બોલ, જય સોમનાથ! ક્યાં છે લોકો? યવનો આવ્યા ત્યારે મારો ભીમદેવ ઉછળીને ઉભો થયો હતો; પૂછવા નહોતો રહ્યો કે, હું સબળ છું કે નિર્બળ?"

"લોકો તો, બારોટજી! બહારના ચોકમાં હશે; શાન્તુ શેઠને મળતા હશે. બધા ધારે છે કે, એ પણ ચંદ્રાવતીનો છે."

"બારોટજી! ચાલો આપણે જઈએ."

"ચાલો, ઉઠો, લીલા!" બારોટે કહ્યું, "મારા વીરની સાથે થા. જીવતો રહે મારો સોલંકી! જય સોમનાથ!"

---

## પ્રકરણ ૨૬ મું

### બીચારો દંડનાયક

શાન્તિચંદ્ર શેઠ ઉઠ્યા, તેવા તેણે મદનપાલની લાશ ઠેકાણે કરવાની ત્રેવડ કરવા માંડી; થોડાઘણા સીપાઇઓને ભેગા કરી, મદનપાલને સ્મશાને વિદાય કર્યો, અને અંધારામાં અગ્નિદાહ અપાવ્યો. દંડનાયકે પછી રાજગઢની બારીબારણાંઓપર સખત ચોકી પહેરો મૂકી, સવારનાં બેસણાંની તૈયારી કરી, કે જેથી કોઈ જાણવા પામે નહિ કે મીનળદેવી ગેરહાજર છે; અને બેસવા આવેલી સ્ત્રીઓ જ્યારે વિખરાઈ ગઈ ત્યારે તેને અડધી નિરાંત વળી. તે વહેલા વહેલા નિત્યકર્મ પરવારી રહ્યા, અને અધીરા હૃદયને હિંમત આપવા લાગ્યા કે, 'બે દિવસ તો આમ વહી જશે, રાણી પાછાં આવશે, અને બધું બરોબર ઉતરશે.' આ હિંમત આપતાં પણ કોઇનું પગલું કે કોઇનો અવાજ તેમને ગભરાવતાં; આખરે નિત્યકર્મ માટે ઉતારેલો પહેરવેશ ફરી પેહેર્યો, અને જાણે કાંઈ થવાની વાટ જોતા હોય તેમ બેઠા.

થોડી વારે દરવાન કહેવા આવ્યો કે, 'મોરારપાલ મળવા આવ્યા છે.' શાન્તિચંદ્રે તેને તરત બોલાવ્યો. "કેમ, મોરારપાલજી! ક્યાંથી પાછા ફર્યા?" ઓરડામાં તે એકલા પડ્યા, એટલે દંડનાયકે પૂછવા માંડ્યું.

"વિખરાટથી થોડે દૂર ગયા એટલે મને પાછો મોકલ્યો. અહિંયાં કેમ છે?" મોરારપાલે પૂછ્યું.

"ના, અહિંયાં બરોબર છે, બધું બરોબર છે."

"કાલે સાંજે મને ચાંપાનેરી દરવાજે આવવાનું કહ્યું છે. મીનળબા ત્યારે આવશે," મોરારે કહ્યું.

"ઠીક, ત્યાંસૂધી તો બધું શાન્ત ચાલશે. કાંઈ વાંધો નહિ આવે, પણ અહિંયાં ધ્યાન રાખજો. કોઈ જાણે નહિ કે, રાણી આવવાનાં છે," શાન્તુ શેઠે કહ્યું.

"નારે, એમ કોણ જાણવાનું છે?" પ્રસન્નનું મ્હોંડું હૃદયમાં રમી રહ્યું હતું, એટલે તેને વિષે બોલવાની હિંમત નહિ કરતાં મોરારપાલે કહ્યું.

"ઠીક, ત્યારે કાલે સાંજે દરવાજાપર પણ તમે જ જજો; હું જઇશ તો લોકોમાં ચગાવગો થશે."

"અરે હા, એ વાતની કશી પણ ફીકર નહિ કરશો. કાલે સાંજે

મીનળબાને સહીસલામત રાજગઢમાં લઈ આવીશ, પણ દરવાજાપર ચોકી પહેરો—"

"હા, તેમાં કાંઈ વાંધો નથી. હવે તો પાટણ કાલ સુધી છાનું-માનું પડી રહે, તો પછી કાંઈ છે નહિ."

બહારથી એક ચોપદાર આવ્યો, એટલે શાન્તિચંદ્રે ઉંચું જોયું, અને જરા સખ્તાઇથી પૂછ્યું, "કેમ, શું કામ છે?"

"શું શું? હું આવી છું," કહી માનકુંવરબા અંદર આવ્યાં અને બોલવા માંડયું; "ચોપદાર! બહાર જા. તમે શું કરવા બેઠા છો? મને તો કાંઈ કહેતા જ નથી?"

શાન્તિચંદ્ર શેઠે મહામુશ્કેલીએ ગૌરવ જાળવી રાખ્યું:–"મોરાર-પાલજી! આપ હવે નિરાંતે જાઓ. પેલું ભૂલતા નહિ."

"ઠીક, જય જય!" કહી મોરારપાલ ત્યાંથી ચાલ્યો ગયો. તેણે જોયું કે, હવે ધણીધણિયાણીની વાતમાં ઉભા રહેવામાં કાંઈ માલ નથી. તે બહાર નીકળ્યો અને નીચે જવા ગયો; જતાં જતાં તેને બાજુના છજામાં ત્રણચાર યુવતીઓ ઉભેલી જોઈ; તેમાંની એક કાંઈ પરિચિત લાગી, એટલે તે તરત ફર્યો. જેનું મોઢું રાત્રે સાથે આવેલી છોકરી જેવું ભાસ્યું, તેણે તો ઘુંમાટો તાણેલો હતો. નિરાશ થઈ મોરારપાલ રાતના અનુભવને યાદ કરતો કરતો પોતાને ઘેર ગયો.

શાન્તિચંદ્ર શેઠે માનકુંવરબાની ઉગ્રતા શમાવવા પ્રયત્ન કરવા માંડ્યો:– "પણ છે શું? આટલાં બધાં આકળાં કેમ થયાં છો? થયું શું?"

"થાય શું? આખું ગામ ઉલટીને તમને જબ્બે કરવા આવે છે, કાંઈ ભાન છે?"

દંડનાયકના પેટમાં ધ્રાસ્કો પડ્યો:–"કેમ? ગામ શાનું ઉલટે?"

"આ તમે ચન્દ્રાવતીના જતીડા અહિંયાં તેડાવો છો તેમાં! મીનળબા ક્યાં છે? કહોની તમે જ."

"અરે! જરા ધીરે બોલો, કોઈ સાંભળશે?" શાન્તુ મહેતા વધારે ને વધારે ગભરાતા બોલ્યા.

"કોણ નથી જાણતું કે ધીમે બોલું? કહું છું તે શું? આખું ગામ જાણે છે કે, મીનળબા કાલે રાત્રે નાસી ગયાં ને ચન્દ્રાવતીની ફોજ તો આપણે બારણે આવીને પડી છે."

"કોણે કહ્યું?"

"તે મારાથી છૂપાવશો તે કેમ ચાલશે? હું તો આખા ગામની વાત જાણું છું."

"જુઓ, તમે મારી વાત તો સાંભળો."

"હા, કહો જોઇએ, શું કહો છો ?" કેડપર હાથ મૂકી શેઠાણી બોલ્યાં.

"તમને જ કહું છું, કોઇને કહેશો નહિ. મીનળબા અહિંયાથી ગયાં છે તે બધાનું સમાધાન કરવા, શું સમજ્યા ? અને કાલે સાંજે તે પાછાં આવશે, એટલે ગભરાવાનું કાંઈ કારણ નથી."

"ને ચન્દ્રાવતીની ફોજ ? તમારી તો તે સગી લાગે છે, કેમ ?"

"પણ ક્યાં છે ચન્દ્રાવતી ? કોઇએ ગપ્પું તો માર્યું છે."

"ના, ના; ત્યારે લોકો બધા કહે તે ખોટું, ને તમે રાજા હરિશ્ચન્દ્ર! હવે તમે ઘેર ચાલો, ઘેર. મારે તો શેઠાઈ બેઠાઈ કાંઈ નથી કરવી. ઘરડેઘડપણ ધોળામાં ધૂળ ઘાલવા બેઠા છો તે."

"શેઠાણી!" જરા સખ્ત થઈ શાન્તિચન્દ્રે કહ્યું, "મારો ધર્મ અત્યારે પાટણ સાચવવાનો છે, સમજ્યાં ? અને પાંસેઠ વર્ષે હું પાછી પાની કરવાનો નથી. મીનળબાના હુકમનો અનાદર કોઈ દિવસ હું નહિ કરું."

"નારે, તમે તો બાપદાદાની આબરુ જવા દો! આખું ગામ અહીં આવશે, પછી શું કરશો ? કોઈ ચન્દ્રાવતીનું લશ્કર પેસવા દેશે કે ? તમારા કરતાં તો રસ્તાના ચાલનારનો જીવ ઉકળી આવે છે. આપણા ગામમાં પરદેશી લશ્કર !"

"પણ કહ્યું કોણે ? નકામાં શું કરવા એવી વાતો કરો છો ? અને લોકો આવશે તો હું જવાબ દઇશ."

"દીધો, દીધો. શું દેશો ?"

"કહીશ કે, થાય તે કરો. રાજગઢમાં કોઇની મગદૂર નથી કે પેસે. મારે મારો ધર્મ બજાવવો છો. ચોપદાર ! અહિંયાં નાયક કોણ છે ?" એટલામાં ગણગણાટ સંભળાતાં, "અરે પણ આ અવાજ શાનો ? સરસ્વતીમાં અત્યારે પૂર કેવું ?" કાન માંડતાં શાન્તિચંદ્રે પૂછ્યું.

"ના, ના, એ તો બધા લોકો," શેઠાણીએ કહ્યું.

દૂરથી આવતો, વધતો, ગંભીર, પણ ભયંકર આછો અવાજ સંભળાયો; શાન્તિચંદ્રના હૃદયમાં ગભરાટ છૂટયો. ઉલટતા સાગર સમો અવાજ કોનો હતો, તે તેણે પારખ્યો. આ ગંભીર, હૃદયભેદક ગર્જના એક મહાશક્તિનાં બે સ્વરૂપો જ કરી શકે છે. એક સાગર અને બીજો સમાજ. તે સ્વરૂપો ઘણે અંશે મળતાં દેખાય છે; તેના અમેય ઉંડાણમાં રત્નોનો ચમકાટ, વડવાનળની ભયંકર આગ, ત્રાસદાયક મગરમચ્છોની લોહીતરસી રસાકસી સમાયેલી છે, એમ કવિઓ લખી ગયા છે. ગૌરવશીલ શાન્તિને સમયે આનંદના તરંગો બન્ને ઉપર આવે છે, આલ્હાદજનક સંગીતનો ધ્વનિ થઈ રહ્યો હોય એમ લાગે છે. પળમાં, પવન બદલાતાં, શાન્તિનો નાશ થાય છે; વડવાનળ, અને મગરમચ્છોનો પ્રભાવ

પણ ભૂલી જવાય, એવી ભયાનક ગર્જના શરુ થાય છે; રાક્ષસી ક્ષુધા સંતોષવા એ શક્તિઓ આગળ વધે છે. જે પોતાની પાસે આવે તેને તે ગળી જાય છે; અને માણસની બુદ્ધિએ ઉભી કરેલી નાની મોટી રેતીની ઢગલીઓ એક વિપળમાં ધોવાઈ જાય છે.

પાટણમાં પવન બદલાયો હતો. આનંદની લહરીઓએ પ્રચંડ સ્વરૂપ ધાર્યું હતું. રાણીએ, જતિએ, શાન્તિચંદ્રે રચેલી યોજનાઓને જમીનદોસ્ત કરવા સમાજ આગળ વધતો હતો. તે સમાજના પ્રલય તરંગે તાંડવનૃત્ય આરંભ્યું હતું, અને તે નૃત્યનું ગાન સાંભળતાં શાન્તિચંદ્ર વિચારમાં પડ્યો હતો. તેના સરળ જીવનમાં તેણે આવા પ્રસંગો ઘણા જોયા નહોતા. ભીમદેવના જુવાનીના પ્રસંગો, ગીઝનીના મહમદની સવારી વખતની સ્થિતિ તેણે માત્ર સાંભળેલી હતી; અને પટ્ટણીઓ હવે સાદા, સીધા થઈ ગયા છે, એમ એનું માનવું હતું. અત્યારે આ અવાજ શું સૂચવતો હતો, તેનું પરિણામ શું આવશે, એ બધા પ્રશ્નોનું રહસ્ય સમજવા જેટલું મુત્સદ્દીપણું શાન્તિચંદ્રમાં નહોતું.

"ચોપદાર! ચોપદાર! કલ્યાણનાયકને બોલાવ."

"જી! આ અહિંયાં જ છે," કલ્યાણનાયક અંદર આવ્યો.

"કલ્યાણ! આ શું સંભળાય છે?"

"મહારાજ! હું પણ એ જ વિચાર કરું છું; કાંઈ લોકોની ઘુમરાણ લાગે છે."

"નાયક! તું નિમકહલાલ છે. આપણા બધાની કસોટીનો વખત આવ્યો છે. કાલ રાતનો તું જાણી તો ગયો હશે કે, મીનળબા કેટલાક કામસર પાટણ બહાર ગયાં છે. તે આવે ત્યાં સુધી આપણે બધું સાચવવાનું છે. માટે જે થાય તે ખરું, પણ તું રાજગઢના આગલા દરવાજા પર રહે, અને વખત આવે બંધ કરવા પણ તૈયાર રહેજે. હું પણ સજ્જ થઈ આગલા ચોકમાં આવું છું."

"મહારાજ! પણ આપણા માણસોનું કાંઈ કહેવાય એમ નથી. કાલ રાતના તોફાન પછીથી બધાને વહેમ પડ્યો છે કે, 'બા અહિંયાં નથી.' અને તેથી બધા બેદીલ તો થઈ ગયા છે."

"હરકત નહિ, તું દરવાજો સાચવ. હું બધાને હમણાં સમજાવું છું. શેઠાણી! તમારે બહાર જવું હોય તો જાઓ; હું રાજગઢમાં જ રહીશ."

માનકુંવરબાએ પોતાના વૃદ્ધ પતિની દ્દઢતા જોઈ, અને વખાણી:- "ના, ત્યારે તમને હું અહિંયાં મૂકીને ચાલી જઇશ? હવે આ ઉમરે?"

"ઠીક ત્યારે, કહી શેઠ સજ્જ થવા માંડ્યા, અને કલ્યાણનાયક દરવાજાપર પહેરો રાખવા ગયો.

માનકુંવરબા છાનાંમાનાં બહાર ચાલ્યાં ગયાં.

ધીમે ધીમે અવાજ વધારે ગંભીર અને સ્પષ્ટ થતો ગયો; "જય સોમનાથ"ની બૂમો સંભળાવા માંડી. રાજગઢની ઉંચી બારીએથી શાન્તિચંદ્રે સામો આવતો જળપ્રવાહ જોયો; તેનું બળ, તેની દિશા અને તેના નાયકો પારખવાને પ્રયત્ન કર્યો. દૂરથી જાણે એક મહા નદી પર્વતમાંથી પહેલી વાર નીકળી સાગરને મળવા જતી હોય, તેવો કાંઈક ખ્યાલ આવ્યો. ગુંચવાડામાં દંડનાયક બેસી જઈ માથે હાથ મૂક્યો. આશરે આઠ ઘડી દહાડો ચઢ્યો હશે અને કલ્યાણનાયક દોડતો પાછો આવ્યો.

"મહારાજ! ખેંગાર મંડલેશ્વર આવ્યા છે, અને આપને અને મીનળબાને મળવા માંગે છે."

અંદરથી ગભરાતાં છતાં, મહા મહેનતે શાન્તિ રાખી શાન્તિચંદ્રે પૂછ્યું, "તેં શું કહ્યું?"

"મેં કહ્યું કે, બા શોકને લીધે કોઇને મળતાં નથી, અને શાન્તિચંદ્ર શેઠ ધ્યાનમાં બેઠા છે."

"પછી?"

"પછી તેણે કહ્યું 'કે જ્યાં સુધી શેઠ નવરા થાય ત્યાં સુધી હું બેસીશ.' એટલે ન છૂટકે એમને અંદર લાવ્યો છું, અને હેઠળ સિંહાસન-વાળા ખંડમાં બેસાડ્યા છે."

"ઠીક, હું આ આવ્યો. આપણે અહિંયાં સૈનિકો કેટલા છે?" વિચારમાં ને વિચારમાં દંડનાયકે પૂછ્યું

"દોઢસોએક નીકળશે."

"પણ કાંઈ તોફાન થાય ત્યારે આપણે કહીએ તે કરે એવા કેટલા છે?"

"તેવા તો પચાસસાઠ નીકળે," કલ્યાણનાયકે કહ્યું. "ઠીક. બાકીના હોય તેને હમણાં ને હમણાં કાંઈ કામને બહાને ગઢની બહાર મોકલી આપ. પાછલે દરવાજે, હોંકે. આપણે અહિંયાં બીજી બધી જોઇતી વસ્તુઓ છે કે?"

"હા."

રાજગઢ એક માત્ર મહેલ નહોતો. તે અરસાના રાજગઢો તોફાની વખતોમાં રાજાઓનું રક્ષણ કરવાના નાના સરખા દુર્ગો હતા, અને તેમાં દરેક જાતની સોઈ હંમેશા તૈયાર રહેતી; એટલે થોડો વખત ઘેરો પણ સહી શકે, એવી તેમની શક્તિ રાખવામાં આવતી.

"ઠીક ત્યારે. તું ચારપાંચ વિશ્વાસુ માણસને આગલા બારણાં-પર રાખજે, અને મારા કહ્યા સિવાય બારણાં ખૂલે નહિ, એવો બંદો-બસ્ત કરજે," કહી શાન્તિચન્દ્ર નીચે ઉતર્યા.

સિંહાસનવાળો ખંડ વિશાળ, સોને મઢેલો, અને ભપકાદાર હતો. તેમાં એક ખૂણે ખેંગાર મંડલેશ્વર ધોળી મૂછો અધીરાઈમાં તાણતા ઉભા હતા.

"કેમ, મંડલેશ્વર! અત્યારે કાંઈ આવવું થયું?" શાન્તિચંદ્રે પૂછ્યું.

"મારે મીનળદેવીને મળવું છે."

"મીનળબા શોકમાં છે, તે કેમ મળશે?" આ ઉપર જરા ભાર દેતાં દંડનાયકે કહ્યું.

"હરકત નહિ. અંદરના ઓરડામાં બેઠાં બેઠાં વાત કરશે તો ચાલશે," ખેંગારે કહ્યું.

"પણ એવું શું કામ પડ્યું છે? અત્યારે મળાય એમ લાગતું નથી."

"કેમ?"

"બાનો સખત હુકમ છે કે, કોઈએ આવવું નહિ."

"ઠીક. ત્યારે જયદેવકુમારને તો શોક નથી. તે ક્યાં છે?"

"પણ એટલું બધું છે શું?"

"જુઓ, શાન્તુશેઠ! બધા કહે છે કે, મીનળબા ને જયદેવકુમાર નાસી ગયાં છે, અને તેની મારે ખાત્રી કરવી છે."

"ખેંગારસિંહજી! અત્યાર સુધી તમે કર્ણદેવના ખાસ મિત્ર હતા; હવે મિત્રતાથી આવ્યા છો કે શત્રુતાથી?" શાન્તિચંદ્રે પૂછ્યું.

"શેઠ! કર્ણદેવનો છોકરો તે મારો માથાનો મુગટ! પણ તેથી કાંઈ મારા પાટણની ટેક જવા દઉં? જયદેવકુમારને અહિંયાં બોલાવો. હું તેને મળી તરત ચાલ્યો જઈશ."

"મંડલેશ્વર! ત્યારે જરા સાંભળી જાઓ. બા બધું મને સોંપી, દેવપ્રસાદ અને મુંજાલ બે ભેગા મળી પાટણપર ન ચડી આવે, માટે મધુપુર ગયાં છે."

"શાન્તુશેઠ! ખેંગારને છેતરવો છે કે?"

"ના, ના."

"ત્યારે એવી એવી શું વાતો કરો છો? એમ કહોની કે તમારો જતી રાણીને ચંદ્રાવતીના લશ્કર તરફ લઈ ગયો; અને એ ફોજ લઈ રાણી હવે પાટણને સર કરવા આવે છે."

"જાઓ, જાઓ. એમ કરવામાં હેતુ શો હોય?"

"બીજો કાંઈ નહિ, પણ મંડલેશ્વરોને ગભરાવી વશ કરવાનો," ખેંગાર મંડલેશ્વરે કહ્યું; "શાન્તુશેઠ! એ રમત બધી તમારી જ છે. આ બહાર બધા ઉભા છે, તેને શો જવાબ દેઓ છો?"

"બહાર કોણ છે? શા માટે આવ્યા છે?"

"કોણ? બધા. એમ પૂછો કે, કોણ નથી? મહેતા! મામલો ભારે છે. રાણીએ તો પાટણનું નાક કાપી નાંખ્યું; હવે પસ્તાવું પડશે; આ બધા હવે જીવ લઈ નાંખશે."

"ખેંગારસિંહજી! રાણી જે કરે તે, તોપણ માલિક. લોકોને કહીશું કે, છાનામાના બેસી રહે."

"કાંઈ ગાંડા થયા શેઠ! સામું ચન્દ્રાવતીનું લશ્કર આવે અને પટ્ટણીઓ બેસી રહે! એ તો બોલશો જ નહિ. પાટણમાં પરદેશી પેસે, એ કેટલા શેરનું થાય? ગમે તે થાય, તોએ અમે તો દરવાજા બંધ કરી બેસવાના, અને તમે નહિ માનો તો તમને એ ભારે પડશે."

શાન્તુશેઠ ગુંચવાયા. આવા પ્રસંગોમાં કેમ વર્તવું, તે તેમને આવડતું ન હતું. તેના મન આગળ એક જ વાત રમી રહી કે, અત્યારે લોકોને નમતું આપવું નહિ અને રાણી આવે ત્યાં સુધી સત્તા જાળવી રાખવી; એટલે તેઓ બોલ્યાઃ—"મંડલેશ્વર! મારો ધર્મ અત્યારે રાજ્યસત્તા સાચવવાનો છે. બહુ થશે તો હું મારે ગઢમાં બેસી રહીશ. લોકો બહાર ગમે તે કરે."

"લોકો હમણાં ગઢમાં આવશે. શાન્તુશેઠ! જીદ છોડી દો, લોકોને શાન્ત કરો, અને પાટણના દરવાજા અમને સોંપી દો; અમારે બીજું કાંઈ નથી જોઈતું."

"તમારા જેવા ઘણાએ મંડલેશ્વરો આવે, પણ હું ડગવાનો નથી," શાન્તિચંદ્રે કહ્યું.

"જુઓ, મારી સલાહ સાચી છે. માની જાઓ, તમે પણ પટ્ટણી છો; પાટણની આબરુપર પાણી નહિ ફેરવો."

"તમે કહી રહ્યા? મારો ધર્મ મારા રાજાની આબરુ જાળવવાનો છે, અને ચન્દ્રાવતીના જૈનો આવશે તો ક્યાં પારકા છે? આપણા ને આપણા જ છેને?" શાન્તિચંદ્રે કહ્યું.

"તમારા ભલે હોય, અમારા નથી. ઠીક, તમારે માનવું નથી તો હું આ ચાલ્યો. હવે મારે માથે કાંઈ દોષ નહિ," પાછા ફરતાં મંડલેશ્વરે કહ્યું.

"ખેંગારસિંહજી! હવે બહાર નહિ જવાય. રાજગઢનાં બારણાં બંધ છે."

ખેંગાર મંડલેશ્વર મગરુરીમાં પાછો ફર્યો અને ભયાનક અવાજે પૂછ્યુંઃ—"મને કેદ કરો છો?" એમ પૂછતાં જ તેણે તરવારપર હાથ મૂક્યો.

"મંડલેશ્વર! ક્ષમા કરો, પણ અત્યારે રાજગઢનાં બારણાં ઉઘડે ..."

"લોકોનું શું? બહાર બધા વાટ જુએ છે."

"ભલે તે વાટ જુએ, અને પોતપોતાને ઘેર ચાલ્યા જાય. ખેંગાર- સિંહજી! મારા જીવતાં અત્યારે ગઢનાં બારણાં ખૂલે નહિ."

"કેમ?" એક કોમળ પણ સત્તાવાહી અવાજ બારણામાંથી આવ્યો. ફીક્કો, નબળો પડી ગયેલો હતો, છતાં ક્રોધથી જ્વલંત, કાન્તિ ધારતો ત્રિભુવનપાલ બારણામાં ઉભો હતો; પાછળ ઉદાએ તેની પીઠપર એક હાથ રાખ્યો હતો; સાથે લીલો અને સામળ બારોટ પણ આવ્યા હતા.

શાન્તિચંદ્ર અને ખેંગાર બન્નેએ ત્રિભુવનનું ભવ્ય રૂપ ભાળ્યું, અને જાણે અણચિન્તવ્યો કોઈ દેવદૂત આવ્યો હોય તેમ તેમને લાગ્યું; તેઓ ચમક્યા.

"શાન્તુ મહેતા! પાટણની પ્રજા બહાર પોકાર કરી રહી છે; અને બારણાં કેમ બંધ રાખો છો? ગૌબ્રાહ્મણપ્રતિપાળનાં બાર કદી બંધ સાંભળ્યાં છે?" સામળ બારોટે મોટે અવાજે કહ્યું.

"બારોટજી!" શાન્તિચંદ્રે ગુસ્સામાં કહ્યું, "હું બધાને ક્યાં જવાબ આપવા બેસું? મારે રાજ્ય સંભાળવું છે. કોની મગદૂર છે કે, બારણાં ઉઘાડે? જે ઉઘાડવા જશે, તેનું માથું ધડથી જૂદું કરીશ."

ત્રિભુવનપાળે હોઠ કરડ્યા. તેનામાં ઝાઝી શક્તિ હતી નહિ, છતાં મહા મહેનતે શાન્તિ રાખી તે બોલ્યોઃ—"મહેતા! મગદૂર મારી છે. જયદેવકુમાર નથી; મારા બાપુ નથી; એટલે આજ પાટણની લાજ મારે રાખવાની છે. હું બારણાં ઉઘાડીશ. આમ સ્ત્રીઓની માફક સંતાતા શું ફરવું?"

શાન્તિચંદ્રે અને ખેંગારસિંહે છોકરાને ઓળખ્યો. એક ગભરાયો, અને બીજો હરખાયો. ખેંગાર બોલ્યોઃ—"કોણ, મારા મંડલેશ્વરનો દીકરો? જીવતો રહે મારો સોલંકી!"

"પણ જરા સાંભળશો?" શાન્તિચંદ્રે નરમ પડી જઈ કરગરતાં કહ્યું.

"ના. પાટણની પ્રજા બહાર ઉભી હોય અને તેની સ્વાગત કરતાં વિલંબ થાય! શાન્તુશેઠ! થાય તે કરો, હું ઉઘાડું છું. જોઉં મને કોણ રોકે છે?" કહી ત્રિભુવનપાલ ચોગાનમાં આવ્યો. એટલાથી રાજગઢનો કોટ જરા દૂર હતો, અને એ બે વચ્ચેનું ચોગાન કોઈ મોટા પ્રસંગે લશ્કર માટે વપરાતું. ખેંગારસિંહ સાથે આવ્યો. શાન્તિચંદ્ર શેઠની દૃઢતા ગઈ, ખેંગારને પકડવો સહેલ હતો, પણ ત્રિભુવનપાલને શું કરવું?

"બાપુ! હું દંડનાયક છું; મારો હુકમ તમારે માથે ચઢાવવો જોઈએ."

ત્રિભુવનપાળ મૂંગે મોઢે આગળ આવ્યો. ખેંગારને વધારે કહેવું પડે એમ ન હતું. તે ઝપાટાબંધ કોટના દરવાજા આગળ ગયો; કલ્યાણમલ્લ જોડે થોડી વાત કરી; કલ્યાણમલ્લ ગુંચવાઈ શાન્તિચન્દ્ર તરફ

ર્ક્યો; તો ઓટલાપર નિરાશામાં હાર ખાધેલા દંડનાયકને નીચે મોંઢે ઉભેલો જોયો; થોડે દૂર ચોકની વચ્ચે ત્રિભુવનપાળને જોયો; પ્રસંગ ઘણો ગંભીર લાગ્યો, અને તે પણ મૂંગે મોંઢે ઉભો રહ્યો. ખેંગારે બારી ઉઘાડી, અને મહા મુશ્કેલીએ રોકી રાખેલો પ્રવાહ એક નાને માર્ગે વહેવા માંડે, તેમ બારીમાંથી પાંચ, સાત, દશ માણસ એક સામટા અંદર આવ્યા. તેઓએ બારણાંની ભોગળ ઉઘાડી, અને બાર ખોલી દીધાં.

ખોલેલા દરવાજામાંથી મનુષ્યસમુદ્રની એક મોટી છોળ અંદર આવી, અને આખા ચોગાનમાં પથરાવા લાગી.

## પ્રકરણ ૨૭ સું

### નિશ્ચય

ધીમે ધીમે લીલાનો હાથ ઝાલી ત્રિભુવન પાછો વળ્યો, અને સિંહાસનવાળા ખંડમાં આવ્યો. ત્યાં આવતાં તેની નજર અંદરના એક બારણા તરફ વળી; ત્યાં એક ચિન્તાતુર પણ રમણિય અને પરિચિત મુખારવિંદ તેણે જોયું, અને ચમક્યો; તેણે હોઠ દાબ્યા, મુઠી વાળી, અને સખત સીનો ધારણ કર્યો. પ્રસન્ન ઉમળકાથી ઉભરાતી બારણા બહાર આવવા જતી હતી, આતુર નયનો ત્રિભુવન પાસે સ્નેહસ્મિતની આશા રાખતાં હતાં; પણ સામે સખત પત્થરના જેવી પ્રતિમા જોઈ તે ખંચાઈ, અને ત્યાંની ત્યાં જ ઉભી. ત્રિભુવન સિંહાસનના સોનેરી બાજઠ આગળ આવ્યો, અને નીચે ગાદીતકિયાપર બેઠો; તેનાથી લાંબો વખત ઉભા રહેવાયું નહિ.

નાગરિકોનો સમૂહ પહેલાં તો એકદમ અંદર ધસી આવ્યો, પણ થોડે આવી, ઉભો રહ્યો. રાજગઢમાં પ્રતિષ્ઠા વિનાના માણસો પેસવા ભાગ્યશાળી થતા ન હતા, એટલે આજે તેઓ ખંચાઈ માનસહિત ઉભા. બધો ઘોંઘાટ શાંત થઈ ગયો. રાજગઢ ઘણાને મન દેવમંદિર સમાન હતું; અને તેની શાંતિનો, વિનયહીનવાળી વર્તણુકથી નાશ કરવા કોઈની હિંમત ચાલી નહિ. ડુંગરનાયક જેવા લોકો પણ અદબભેર આઘા ઉભા રહે તેવી મહેનત કરવા લાગ્યા. માત્ર સામન્તો, શેઠો, અને એવા બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થો આગળ આવ્યા, અને સિંહાસનવાળા ખંડમાં પેઠા. ડુંગરનાયક વગેરે શું થાય છે, તે જોવા બારણા આગળ ઉભા રહ્યા. ઉદાએ ત્રિભુવનને મૂકી, સારા સારા માણસોને અંદર લઈ આવવાનું કામ માથે લીધું હતું. થોડા વખતમાં બધાને ખાત્રી થવા માંડી હતી કે, ઉદો મારવાડી પાટણનું નાક રાખે એવો છે ખરો. બધા આવ્યા,

એટલે ઉદો ધીમે રહી જ્યાં ત્રિભુવનપાળ બેઠો હતો ત્યાં આવ્યો, અને મોટા મોટા શેઠિયાઓ કરતાં એ આગળ બેઠો છે, એ અવિનય કોઈના ધ્યાનમાં આવે, તે પહેલાં તે ત્યાં બેસી ત્રિભુવનને દોપટ્ટાવતી પવન નાંખવા લાગ્યો. લીલાએ બધાને બેસવા સૂચવ્યું, એટલે બધા બેઠા.

આટલી વખત શાન્તિચંદ્રને આંખે અંધારાં આવતાં હતાં. ત્રિભુવનપાળથી થોડો દૂર, હાથમાં હાથ નાંખી, દંડનાયક શોકાગ્રચિત્તે ઉભો હતો. રાણીને પોતે શો જવાબ દેશે, એ ચિંતા સિવાય તેના મનમાં બીજી ચિન્તા નહોતી.

"ત્રિભુવનપાલજી!" ખેંગારે બધા શાન્ત થયા એટલે કહેવા માંડ્યું, "હવે આપ અમારા શિરોમણિ છો. આ જ વખત એવો આવ્યો છે કે, કાંઈ પણ કરવું જોઇએ."

"ખેંગારકાકા! આપ વડીલ છો, આવે પ્રસંગે આપણી લાજ રાખવી તમારું કામ છે. શાન્તિચંદ્ર શેઠ! તમે શું કહો છો?"

શાન્તુશેઠ જાણે ઉંઘમાંથી ઉઠ્યા હોય એમ, ઉંચું જોઈ રહ્યા, અને કાંઈક મહેનતે શબ્દો ઉચ્ચારવા શક્તિવાન્ થયા.

"મહારાજ! કૃપા કરી મારું જરા સાંભળો. શા માટે આકળા પડો છો? આટલે વર્ષે મારા ધોળાપર ધૂળ શા માટે ઘાલો છો? જેવા આપ પાટણના હિતૈષી છો, તેવો હું પણ છું; હું પણ સોલંકીઓનું તેજ તપ્યાં કરે એવા પ્રયત્નો જીવનભર કરતો રહ્યો છું. જરા મારું માનો."

"શું? શું? શું?" બેચાર અગ્રેસરોએ કહ્યું.

ડોસાની વૃદ્ધાવસ્થાનું ગૌરવ દીપી રહ્યું હતું.

"શાન્તુશેઠ! આપ બેસો. પછી નીરાંતે જે કહેવું હોય તે કહો," ત્રિભુવને કહ્યું.

"ભાઈ!" ધીમે ધીમે બેસતાં ઘરડા મંત્રીએ કહ્યું, "તમે બધા શું કામ ઉતાવળા થાઓ છો? દેવી, રાજ્યમાં શાંતિ રહે, માટે જ પાટણ છોડી ગયાં છે. એક તરફ ગુસ્સે થયેલો મુંજાલ મધુપુરમાં પડ્યો છે; બીજી તરફ રોષે ચડેલા મંડલેશ્વરનું લશ્કર મેરળમાં પડ્યું છે. એ બેનું સમાધાન કરી આવતી કાલે સાંજે દેવી અહીં પાછાં ફરવાનાં છે. તમે ફોકટના વહેમાવ છો. ત્યાં સુધી વાટ તો જુઓ; પછી જે કરવું હોય તે કરજો. પણ એટલામાં નકામાં, ધાંધળ કરી આપણા રાજ્યતંત્રને શા માટે બગાડી મૂકો છો? તમે બધા શાણા છો, જરા વિચાર તો કરો. એક દિવસમાં શું ખાટુંમોળું થવાનું છે?"

બધાએ સાંભળ્યું; કેટલાક પીગળ્યા. દંડનાયકનું કહેવું વાસ્તવિક લાગ્યું.

"પણ કાંઈ ફસાઈ જઇએ તો?" ઉદાએ પૂછ્યું. તેને થયું કે, 'આ બધું તોફાન શમી જશે તો બધી મહેનત ફોગટ જશે.'

"હા, ખરોખર છે," એક બે જણાએ અનુમોદન આપ્યું.

"આપણે બધા દરવાજા બંધ રાખીએ તો પછી શું ફસાવાનું થાય?" લીલાએ પૂછ્યું.

"હા, હું, કહો તેના શપથ લેવા તૈયાર છું. કોઈ દુશ્મનને નહિં આવવા દઉં, પછી કાંઈ છે? મેં જાપતો તો બધા દરવાજાપર રખાવ્યો છે," આજીજી કરતાં દંડનાયકે કહ્યું.

"હા, એ વાત કાંઈ ખોટી નથી," વસ્તુપાલશેઠે કહ્યું.

ખેંગાર, ત્રિભુવન, બધાને લાગ્યું કે, કાંઈ ગભરાવાનું કારણ નથી. પણ ઉદો ઉંચોનીચો થતો હતો; તેણે ધીમેથી પૂછ્યું:–"પણ ચંદ્રાવતીનું લશ્કર ક્યાં સૂધી આવ્યું છે, તેની ખાત્રી કરી? વખત છેને પાધરે પણું હોય તો?"

"તદ્દન ખોટી વાત. મારા પર ભરુસો નથી? મધુપુરથી જરા આગળ નથી આવ્યું, અને ત્યાં જ તે રહેશે," શાન્તુશેઠે ખાત્રી આપી.

"ત્યારે કાંઈ હરકત નથી," કહી બે ચાર જણે ઉઠવાની તૈયારી કરી. તેમનો જુસ્સો નરમ પડી ગયો હતો, અને બધું ખરોખર હોય તો હથિયાર ઝાલવાની કોઇને હોંસ નહોતી. શાન્તુ મહેતાને ધીરજ આવવા લાગી, કારણ કે વાએ વાદળ ઉતરી જાય એમ દેખાતું હતું.

એટલામાં બહાર ઉભેલો ઠઠ એકદમ બૂમ મારી ઉઠ્યો, બહાર ઘોંઘાટ વધ્યો, અને 'જય સોમનાથ'ની બૂમો પડવા લાગી. ખેંગાર, ત્રિભુવન વિગેરેનો મીજાસ ગયો. સામાન્ય લોકો મર્યાદા ઓળંગી તોફાન કરે, તે કોઇને ગમ્યું નહિ.

"કલ્યાણનાયક!" સખ્તાઇથી ત્રિભુવને પૂછ્યું, "આ ધાંધળ શું છે?"

કલ્યાણનાયક તેનો જવાબ આપે, તે પહેલાં ડુંગરસિંહ ધસતો બારણામાં પેઠો અને આગળ આવ્યો. તેના હાથમાં એક પત્ર જેવું કાંઈ હતું.

"શું છે? શું છે?" બે ત્રણ જણાએ પૂછ્યું.

"મહારાજ! અન્નદાતા!" નીચા નમી ડુંગરે નમસ્કાર કર્યા અને બોલ્યો, "વિખરાટથી કાસદ આવ્યો છે. મીનળબાને આ પત્ર આપવાનો છે."

ત્રિભુવને બારણામાં ઉભેલા કાસદ સામે જોયું. તે બહુ ઝપટથી આવેલો લાગતો હતો, અને ઉતાવળ અને આતુરતાથી હાંફતો હતો.

"જોઇએ, લાવ જોઉં," ત્રિભુવને કહ્યું.

"લ્યો ! મારા અન્નદાતા !" કહી ડુંગરનાયકે પત્ર આપ્યો.

ત્રિભુવને તે ઉઘાડ્યો અને વાંચ્યો. ત્રિભુવને કાગળમાં લખેલા શબ્દો વાંચ્યા, અને તેને કપાળે ભયંકર કરચલીઓ પડી. જુસ્સામાં અને જુસ્સામાં તે ઉભો થઈ ગયો. તેણે દંડનાયક સામે ગુસ્સામાં જોયું. "શાન્તુશેઠ ! તમે કોને પટાવો છો ? ચન્દ્રાવતીનું લશ્કર તો આ પાધરે આવ્યું," ત્રિભુવનનો અવાજ ગાજી રહ્યો.

બધા એકદમ ઉભા થઈ ગયા અને પૂછવા લાગ્યા "શું ? શું ? શું ?"

"આપણને શાન્તુશેઠ રમાડે છે. જુઓ વિખરાટનો કેવો મુખી સંદેશો મોકલે છે તે," ત્રિભુવને વાંચવા માંડ્યું; "ચન્દ્રાવતીના સૈનિકોએ વિખરાટમાં પડાવ નાંખવો શરુ કર્યો છે."

જતિએ કેટલીક ટુકડી રસ્તેથી વિખરાટ તરફ વળાવી હતી, કારણ કે રાણીનો વિચાર પાછા આવી ત્યાં પડાવ નાંખવાનો હતો. પણ વિખરાટના મુખીને કશી પણ વાતની ખબર ન હતી, તેથી પહેલી જ ટુકડી જ્યાં ગામમાં પેઠી કે ગભરાઈને, તેણે રાણીને આ એક સંદેશો મોકલ્યો હતો. પત્રના શબ્દો સાંભળી કડકડતી વીજળી પડી હોય, તેમ બધા સ્તબ્ધ થઈ ઉભા રહ્યા.

શાન્તિચંદ્રે આકાશ સામું જોયું, અને ઈશ્વરી મદદની માંગણી કરી. તેણે જોયું કે, હવે કોઈ હાથમાં રહેવાનું નથી. તેણે એક પ્રયત્ન કર્યો:– "શું છે ? આપણે કાસદને બોલાવી પૂછીએ."

"શું છે શું ?" ઉદાએ આગળ આવી મોટે સાદે કહ્યું, "ડોસા ! તમારી મતિ ગઈ છે કે શું ? અમને વાતોમાં ને વાતોમાં ફોસલાવી વખત કહાડો છો ? અમને દગો દો છો ? મહારાજ ! મહારાજ ! જે કરો તે જલદી કરો."

જીવતુંજાગતું લશ્કર થોડે દૂર આવતું સાંભળી કેટલાકના હાંજા ગગડી ગયા. તિલકચંદ બોલવામાં ઘણો શૂરો હતો, પણ ખરેખરી લડાઈ વખતે તેનું હૈયું જરા ગભરાતું.

તેણે કહ્યું, "અરે ઉદા ! જરા શાન્તિ તો રાખ."

"શાંતિ ! શાંતિ ! એ કોણ બોલે છે ? મને એનું નામ કહે." સામળ બારોટ અત્યાર સુધી પગે દોપટ્ટો બાંધી બેસી રહ્યા હતા, અને અવારનવાર ઝોકો ખાતા હતા. જ્યારે બધા ઉભા થયા ત્યારે એ પણ ધીમે ધીમે ઉભા થયા. "શાંતિનું નામ દેતાં એની જનેતા લાજતી નથી ? અહિંયાં કોઈ રાણીજાયો નથી કે, કહેનારની જીભ ખેંચી કહાડે ?"

"બારોટજી ! જરા ધીમા પડો, મને કહેવા દો," શાન્તિચંદ્ર શેઠે પોતાનો બચાવ કરતાં કહ્યું. દંડનાયક બીચારા આ ઉશ્કેરાયલી

સભામાં એકલા હતા, અને શું કરવું તેનું કાંઈ તેને સૂઝતું નહોતું. બિખરાટના કાસદે દાટ વાળી નાંખ્યો હતો; પણ તેને હજી આશા હતી કે, ધીમે ધીમે તે લોકોને સમજાવીને બે દિવસ સૂધી શાન્ત રાખશે. મોરારપાલ પર તેને પૂર્ણ વિશ્વાસ હતો, અને કાલે સાંજે તે રાણીને શહેરમાં લઈ આવે, એટલે પોતાની જોખમદારી પતે, એમ તેનું માનવું હતું. શેઠ બારોટની જીભ જાણતા હતા, અને તેથી તેને શાન્ત પાડવા પ્રયાસ કર્યો. પણ સામળ બારોટ એમ માને એમ નહોતું.

"ધીમો પડું! ધીમો પડું! બહુ વાર ધીમો પડી રહ્યો, અને તમારા જેવાનું ચાલવા દીધું. શાન્તુ મહેતા! જે બાપે ચાર દીકરા સાથે સોમનાથ આગળ કેસરિયાં કર્યાં, તે બાપનો તું દીકરો, આજે પાટણને પાધર કરવા નીકળ્યો છે? અને આ બધા શું જોઈ રહ્યા છે? ક્યારની શી માથાકૂટ કરો છો? વનરાજ દેવના પાટણમાં આવા કાયરો!"

આંધળા બારોટનો સંસ્કારી, ઘડપણથી તૂટેલો છતાં બૂલંદ સાદનો ધ્વનિ થઈ રહ્યો. સામળ બારોટની ખ્યાતિ આખું પાટણ જાણતું; તેનાં ગુણકીર્તન સ્ત્રીઓની ગરબીમાં પણ ગવાતાં; છતાં ઘણા થોડાએ એને નજરે જોયો હતો, એટલે બધા ચકિત થઈ જોઈ રહ્યા. પહેલાં બારોટે ડોકું ધુણાવી, અડધું કવિત અને અડધું ગદ્ય બોલવા માંડ્યું; મ્હોડામાંથી થૂંક ઉડતું. પણ બેત્રણ વાક્યો પછી તો મરતો યોધો અતુલ પરાક્રમ દાખવે, તેમ તે વૃદ્ધનો અવાજ પ્રભાવશાળી થતો ગયો, તેમાંથી થડથડાટ જતો રહ્યો, વાંકું વળેલું શરીર ટટાર થયું, નિસ્તેજ થયેલી આંખોમાં વિચિત્ર તેજ આવ્યું. જે શબ્દોએ પ્રતાપી ભીમદેવનું જીવન પ્રેર્યું હતું, તે શબ્દો ફરી ગાજ્યા, સચોટ થયા, અને વીરતાનો દાવાનળ ચેતાવવા મંડ્યા.

"બારોટજી!" ત્રિભુવને ડોસાને શાન્ત પડવાને વિચારે કહ્યું; પણ સામળનો જુસ્સો હવે ઉકળ્યો, તે શાન્ત પડે એમ હતું જ નહિ.

"બાપુ! બાપુ! મારા સોલંકી!" ડોસાએ કહેવા માંડ્યું, "આ શું દિવસ આવ્યો છે?—ક્યાં છે મારા પ્રભાવશાળી પટ્ટણીઓ? ક્યાં છે મારા શૂરવીર સોલંકીઓ? બાપુ! આ દિવસ દેખી મારો જીવ બળી જાય છે. મેં તો પાટણમાં શૌર્યની સીમાઓ જોઈ છે; મેં ટેક ખાતર પિતાઓને વીશવીશ પુત્રોની રણયજ્ઞમાં આહુતિ આપતા જોયા છે; ગુજરાતના ગૌરવ કાજે કાચી કેળ જેવા બાળકોને કેસરિયાં કરતા જોયા છે; પ્રેમઘેલા પ્રણયીઓને યુદ્ધમાં મોકલવા સતીઓને જીવતા ધણીએ અગ્નિમાં પ્રવેશતી જોઈ છે. હું ભીમ અને વિમલની પડખે ઘૂમ્યો છું; દોઢ દોઢ મહિના આ કોટ પાછળ રહી અફઘાનો હંફાવ્યા

છે; દેવદાનવ સરખા યુદ્ધમાં સોમનાથની સહાયથી શત્રુઓ સંહાર્યા છે; પાટણને માટે પ્રાણ અર્પતા કેસરી સમા નરોના વિજયઘોષે ગીઝનીની અનાથ યવનસુંદરીઓ ત્રાસતી સાંભળી છે.” ડોસા શ્વાસ લેવા જરા થોભ્યા; સાંભળનારાઓ ચિત્રવત્ ઉભા રહ્યા.

“બાપુ! બાપુ!” દયામણે અવાજે ત્રિભુવન તરફ ફરતાં તેણે કહ્યું, “તે વખત વહી ગયો. પાટણ હવે પડ્યું; વેચાય છે. તેમાં આજે કોઈ નર નથી, નારીઓ છે; ચંદ્રપુરની મીનળકુંવરીનું દાસત્વ સ્વીકારેલી દાસીઓ છે. બાપુ! હું અંધ છું, અપંગ છું; પણ ગઢને ખૂણે બેઠોબેઠો બધું સાંભળું છું. દીકરીઓ આપી માલવરાજની મહેરબાની મેળવાય છે! ગુર્જરતિલક મંડલેશ્વરને મારી હાંકવાની યોજનાઓ થાય છે! મુંજાલ મહેતાને કહાડી આ શાન્તુશેઠ મજાહ કરે છે, અને ચંદ્રાવતીના જતિડા અહિંયાં કારભાર કરે! બાપા! એટલે અટક્યું નથી. પાટણનો પ્રતાપ હવે તો છેક ઝાંખ્યો છે. પરદેશીઓનાં દળો પાધરે પડ્યાં છે; આ કોટો કાલે સવારે મેદાન થશે; અને ભૂમંડલમાં સહારથી કહેવાતા પટ્ટણીઓ બાયલા, ભયવ્યાકુળા બની, ચંદ્રાવતીની શેરીઓમાં ભીખ માગશે, કડકા રોટલો ખાઈ દાસ બની રહેશે. સોમનાથ! શંભો! દીનદયાળ! આંખો લીધી; તો શા માટે મને આખો નહિ લઈ લીધો? ક્યાં ગયો મારો ભીમ, મારો વિમલ, મારો ક્ષેમરાજ? જેમનાં શબ્દો હૃદયો દારતાં, જેમનાં ખડ્ગો દળસહસ્ર સંહારતાં, જેમની વીરતાનું ગાન કરતો હું મારું રંક જીવન વીતાડતો તે? કોઇનું હૈયું ઉછળે છે? કોઈ પાટણને માટે જીવ આપવા તૈયાર છે? ના, ના, ના,” જોરથી ડોકું હલાવતાં બારોટે કહ્યું.

તેની અંધ આંખોમાંથી આંસુની ધારા નીકળી, આખી સભાની આંખો ભીની થઈ રહી. બારોટે આગળ ચલાવ્યું:– “ના, ના, ના. અહિંયાં તો એક નથી મર્દ, નથી સતીનો સ્વામી, નથી સતીનો જાયો. પાટણમાં પરગામની ધજા ફરકશે, વિમલ મંત્રીનું ગામડું અહિંયાં રાજ કરશે, મંદિરોના ઘૂમટોની હરરાજી બોલાશે, બ્રાહ્મણો ગદ્ધાવહીતરું કરી જતિઓના પગ ચાંપશે. મારા મહારાજ! મારે એ નથી જોવું. હું જૂનો છું, વૃદ્ધ છું, મને મરવા દો. પાટણમાં પરગામી આવે, તે જોવા કરતાં મરવું ભલું. મને મારો, પણ તમારાં ધારરહિત રમકડાંથી નહિ; મારા ભીમની પ્રચંડ ગદાથી, તેની લોહીતરશી સમશેરથી મને મારો. કાયરોમાં હું કામનો નથી. શું કરું આજે, કે હું અપંગ છું; નહિ તો કાયરમાત્રને યમપુરી પહોંચાડત, નહિ તો જોત કે, બાયલા થઈ બેસી રહેવાની કોણ સલાહ આપે છે? નહિ તો જોત કે, એક કાંગરો ઉભો છતાં, એક વીર જીવતાં છતાં, પરગામી કેમ અંદર આવે છે? આવી વખતે શાન્તિ! ના,

અત્યારે તો એક જ શબ્દ ઉચ્ચારવો જોઇએ, એક જ મંત્રનો જાપ જપવો જોઇએ; તે મંત્રના જ ઉચ્ચારણે વિભુ ભીડભંજન આરાધવો જોઇએ.”

બારોટના શબ્દોનો પ્રવાહ પળમાં ધીમે ધીમે વહેતો, પળમાં ત્વરાથી સરતો, પળમાં ઘનગર્જના જેવો ગંભીર લાગતો. સાંભળનારા બધા એકચિત્તે ઉભા. તેમનામાં શ્વાસ લેવાનું પણ સ્વાસ્થ્ય નહોતું. તેમનાં હૃદયો આ પ્રવાહના તરંગોપર ઉછળતાં આગળ વધ્યાં; બારોટની મરજી પ્રમાણે રહ્યાં, ગુસ્સે થયાં, નિરાશ થયાં, અને આખરે બીજું બધું ભૂલી કયા શબ્દથી ભીડ ભાંગે, તે જાણવા તલસી રહ્યાં. સંસ્કારી વક્તાની છટાથી બારોટ થોડી વાર અટક્યા; બધાની ઉત્કંઠા પળવાર આતુરતાના શિખરે જઈ અટકી. બારોટે બુલંદ અવાજે તે જવાબ આપ્યો, “જય સોમનાથ!”

એક પળ ગંભીર, સ્મશાનસમી શાંતિ રહી; બીજી જ પળે ત્યાં ઉભેલા બધાઓએ, બહાર ઉભેલી ઠઠે, તે શબ્દ ઉચકી લીધો. “જય સોમનાથ!” ની ભયંકર ઘોષણા ગાજી રહી; ઉત્સાહના આવેશમાં ત્રિભુવને તથા ખેંગારે પોતાની તરવારો ખેંચી કહાડી; એક ક્ષણમાં, અગ્નિમાં આહુતિ આપતાં અનેક ભડકા ઉઠે તેમ, અનેક તરવારો બહાર નીકળી.

“પાટણના વીરો!” ત્રિભુવને આગળ આવી કહ્યું, “બારોટજીએ આજે બીજી વખત પાટણને પડતાં બચાવ્યું છે. હવે રસ્તો એક જ છે. આપણે દરવાજા બંધ કરી લડવાને માટે તૈયાર થવું જોઇએ. ખેંગારસિંહજી! આપ અનુભવી અને જૂના છો, માટે હવે એ કામ આપ જ પાર ઉતારો.”

“પણ શાન્તુશેઠનું શું? તે કેમ બોલતા નથી?” વસ્તુપાલે મૂગા ઉભેલા દંડનાયક તરફ ફરીને કહ્યું. શાન્તિચન્દ્ર અત્યારે દયાનેપાત્ર દેખાતા હતા; બધા તેના તરફ તિરસ્કારથી જોતા હતા.

“શાન્તુશેઠને શું હોય?” ઉદાએ વચ્ચે માથું મારી કહ્યું, “એ હવે ઉંચા બેસે ને પ્રભુનું ભજન કરે.”

વસ્તુપાલને કોપાધ્યક્ષ થવાની આકાંક્ષા મોટી હતી, પણ પોતાની જાતે કેવી રીતે તે કહી શકે? તેણે ઉદા તરફ આજીજી ભરી નજર કરી, અને એક નજરમાં જેટલું સૂચવાય એટલું સુચવ્યું અને બોલ્યા: “પણ, ઉદા! કોપ કોણ સાચવશે? હાલ એ ઘણી જરૂરની વસ્તુ છે.”

ઉદો એમ હાથમાં આવેલી બાજી જવા દે એમ ન હતો. તે ત્રિભુવન તરફ ફર્યો. “મહારાજ! મારું માનો તો આવે વખતે કોઈ કોપાધ્યક્ષ નીમવો કામનો નથી. ઘડી પછી શું થાય અને શું નહિ? એના કરતાં કોપે મારો તાળાં ને ઉપર મૂકો પહેરો કે, કાંઈ પંચાત જ નહિ.”

"પણ પૈસા વગર—" ખેંગાર બોલવા જતો હતો.

"પૈસા પૈસા શું કરો છો?" ઉદાએ કહ્યું:—"જાઓ જ્યાં સુધી આ તોફાન ચાલે ત્યાં સુધી મારી પાસેથી પૈસા આપીશ. પછી કાંઈ છે?"

બધા શેઠો જોઈ રહ્યા; આ મારવાડીની શું અક્કલ ગઈ હતી? બધા રાજપૂતોને એ વાત ગમી. કારણ કે બધા કરતાં ઉદાની ઉદારતા વધારે હતી, તે તેઓ જાણતા હતા.

પણ વધારે કાંઈ થાય, તે પહેલાં **સામળ બારોટ** ભૂસ દઈને ભોંયપર પડી ગયા. બોલી રહ્યા પછી, તે ડોકું છાતી પર નાંખી ઉભા ઉભા હાલ્યાં કરતા હતા. તેનો જુસ્સો પૂરો થતાં તેની અશક્તિ અને ઘડપણ પાછા દોડી આવ્યાં હતાં, અને જીવનનો દીપ ઝંખવાતો ચાલ્યો હતો. કોઈ તેના તરફ ધ્યાન આપતું નહોતું. તે ભોંયપર પડ્યા, એટલે બધા તેના તરફ ફર્યાં. **લીલા વૈદે** ભોંયપર બેસી તેની નાડ હાથમાં લીધી, અને તે બોલ્યો, "શિવ! શિવ! શિવ!"

આખી સભા શોકમાં ગરક થઈ ગઈ. જે **બારોટે** જૂની વીરતા સજીવન કરી, ખરા જીવનની જ્યોતિ પ્રકટાવી હતી, તે સ્વર્ગે સંચર્યો હતો. યવનને હંફાવનાર **પટ્ટણીઓનો** ગુણ ગાનારો તેમના નાહિંમત પુત્રોને પૂર્વજોનો સંદેશો સોંપી ચાલ્યો ગયો. **સામળે** એ વખત **પાટણ** બચાવ્યું હતું: **ભીમ**ની પડખે લડતાં પોતાના બાહુબળથી; તેના પ્રપૌત્રની પાસે રહી પોતાના શબ્દબળથી.

## પ્રકરણ ૨૮ મું
## ત્રિભુવન અને પ્રસન્ન

**પ્રસન્નને** રાજ્યતંત્ર ઉપરાંત ઘણી વસ્તુઓ ધ્યાનમાં લેવાની હતી. તેનું હૃદય બેચેન હતું. આટલા બધાઓમાં, **બારોટનાં** વાગ્બાણ ભૂલી, તે **ત્રિભુવન** તરફ બારણામાંથી જોયાં કરતી હતી. જેવા **બારોટજી** પડ્યા કે, તેવી તે પાસે ઉભેલી સ્ત્રીઓમાંથી **માત્રા** પાસે ગઈ.

"**માત્રા** બહેન! તારા બાપાને બોલાવ તો."

"કેમ! ચૂંક થાય છે, કે કોઈની ચૂંક મટાડવી છે?"

"ફાટી કે? ઉભી રહે, પણ પેલા **ગણપતિદાદા** ક્યાં ગયા? જોની જોની, પેલા **બારોટજીને** ઉચકી ગયા, તેની સાથે છે."

"પણ કામ શું છે?"

"કપાળ તારૂં! જાની બાપ! મારું તો માથું દુઃખ્યું," **પ્રસન્ને** કહ્યું.

"કહો, પણ કામ શું છે?"

"ઠીક હું જ જાઉં. આપ મુઆ વગર સ્વર્ગે જવાય?" કહી **પ્રસન્ન**

ત્યાંથી ઝપાટાબંધ પાછલા ઓરડામાં ગઈ, અને લીલા વૈદને આવો બોલાવ્યો.

"વૈદરાજ! મરેલાં તો મૂઆં, પણ જીવતાંનો કાંઈ વિચાર છે?"

"કેમ? શું થયું છે?"

"મને તો વાઘેયે નથી ખાધી. પણ કાલે તો ત્રિભુવન–"

"અરે હા! હા"–ડોસાએ જોરથી કહ્યું, "મને પણ ઘડપણ લાગ્યું કે શું? પણ એ તો સોલંકી બહાદુર હવે લડવા તૈયાર થશે. ઠીક, હું એને લઈ આવું. પ્રસન્ન બ્હેન! તમે એની પથારીની ગોઠવણ કરાવો."

"હા, તમે લઈ આવો તો ખરા." કહી પ્રસન્ન ત્યાંથી જ્યાં ત્રિભુવનને પહેલાં સુવાડ્યો હતો ત્યાં ગઈ, અને તજવીજ કરવામાં રોકાઈ.

"કેમ? ચોરી પકડાઈ ગઈ કે?" માત્રાએ આવી પ્રસન્નને કહ્યું.

"શાની?"

"ઉભાં રહો. જોઉં તમારું મ્હોડું. વળી એમાં આટલું શરમાવું શાનું? પ્રસન્ન બહેનને કોઈ દહાડો પથારી કરતાં જોયાં છે કે?"

"છાની રહે, નહિ તો માર ખાશે. ચાલ ચાલ, જો તારા બાપાનો ઘાંટો સંભળાય છે. આમથી ચાલ, આમથી," કહી પ્રસન્ન અને માત્રા બીજે બારણેથી બહાર ગયાં, પણ પ્રસન્ન વધારે આઘી ગઈ નહિ. માત્રા ચેતી ગઈ, અને ત્યાંથી મોં મચકાવી ચાલી ગઈ.

"ચાલો, હવે બેપાંચ ઘડી બોલ્યાચાલ્યા વગર સુઈ રહો. હવે તમારો બહુ ખપ નહિં પડે," વૈદ બોલતા પ્રસન્નને સંભળાયા.

"પણ–પણ!–" થાકેલા ત્રિભુવનનો અવાજ આવ્યો.

"પણ ને બણ. તમે સુઈ જાઓ. કાલે વખત છેને યુદ્ધપ્રસંગ આવશે ત્યારે શું કરશો? તેના કરતાં આજે જરા થાક ખાશો તો કાલે તૈયાર થઈ જશો."

"ઠીક, ભાઈ! ઠીક. તમે રાજી રહો. હું સુઈશ તો ખરો; પણ ઉંઘ નહિ આવે તો?"

"ભોળાનાથનું નામ લેયાં કરજો. આ દવા પીઓ. ઉભા રહો, પેલો પાટો ઠીક કરવા દો...આનાથી રુઝ શું વહેલી આવે છે?...ઠીક, હવે હું જાઉં છું; પણ મારા વિના ખસશો નહિ."

"વારુ, બીજું કાંઈ?"

ત્રિભુવન સૂતો હોય એમ લાગ્યું; લીલાનાં ભારે પગલાં ઓરડામાંથી જતાં હોય એમ જણાયું; પ્રસન્ન એકબે પળ ઉભી રહી, અને પછી તેણે ઓરડામાં ડોકીયું કર્યું. નિઃશ્વાન્ત થઈ ત્રિભુવન ખાટલામાં પડ્યો હતો, પણ તેને ઉંઘ આવતી નહોતી. તેનું ચિત્ત બે દિવસના

અનુભવે ચકડોળે ચડયું હતું. તેણે એક ઉંડો નિસાસો નાંખ્યો. નિરાધાર થઈ આમ પડી રહેવું, તે તેને ગમતું નહોતું.

પ્રસન્ન આવી અને માથા આગળ ઉભી રહી. તેનો ઓળો પડતાં ત્રિભુવન ચમકયો, ઉંચું જોયું, અને પ્રસન્નને જોઈ તેના મ્હોડાપર ઉમળકો આવ્યો; પણ તરત સખ્તાઈ છવાઈ રહી. તેનું આર્દ્ર, એકલવાયું હૃદય પ્રિયસખીને મળવા તલસતું, પણ કેવે પ્રસંગે તેઓ છૂટાં પડ્યાં હતાં, તે યાદ આવતાં તેનો ભાવ બદલાઈ ગયો. પ્રસન્નનું પણ હૃદય દબાઈ ગયું, અને નાહિંમતવાન્ થઈ રહ્યું.

"ત્રિભુવન! કેમ છે–છો?" જરા અચકાતાં તેણે પૂછ્યું.

ત્રિભુવનના મગજમાં એક વિચાર આવ્યો. પ્રસન્નને કયાં જોઈ હતી, તે સાંભરતું હતું, સ્વપ્નમાં, બેભાન અવસ્થામાં, ગઈ કાલે લડતાં, લડતાં—કયાં? તેની સાથે એક બીજી સ્ત્રી જોઈ હતી; તેનું લાલિત્ય કયાંથી યાદ રહ્યું? તે કોણ હતી? તેને યાદ લાવતાં હૈયું કેમ દ્રવી ઉઠયું? સવારની મહેનતથી થાકેલા સોલંકીનું મગજ ગુંચવાડામાં પડ્યું. તેણે કાંઈ પણ જવાબ દીધા વગર બે હાથ માથે મૂકયા. પ્રસન્નને કયાં અને કોની સાથે જોઈ હતી? વિચિત્ર રીતે તેણે છોકરી સામું જોયાં કર્યું.

"કેમ, માથું દુઃખે છે? દાબું?" મીઠાશથી પ્રસન્ને કહ્યું. જેમ જેમ ત્રિભુવન મૂંગો રહેતો, તેમ તેમ પ્રસન્નનો જીવ કપાઈ જતો હતો. શા સારુ ત્રિભુવન આવો ભાવહીન અને અળગો રહે છે? પહેલાંની માફક કેમ નથી બોલતો? ત્રિભુવન અડધા તિરસ્કારથી તેની સામું જોઈ રહ્યો.

"માથું?" તેણે ધીમેથી કહ્યું; "મારું માથું ઠેકાણે નથી, પ્રસન્ન! મને સમજ નથી પડતી કે, મેં તને કયાં જોઈ હતી? મને ભ્રાંતિ કેમ થાય છે?"

"શાની ભ્રાંતિ?"

"તને મેં કયાં જોઈ હતી? તારી સાથે કોણ હતું?" આતુરતાથી ત્રિભુવને પૂછ્યું.

"મારી સાથે? **મી**નળબા, હા—" કહી પ્રસન્ન અટકી.

"કેમ, શું કહેવા જતી હતી?"

"કાંઈ નહિ ત્રિભુવન! તું મારાપર ગુસ્સે ભરાયો છે? શામાટે આમ ડોળા ક્હાડે છે?" દયામણે અવાજે પ્રસન્ને કહ્યું. જવાબમાં ત્રિભુવનની સખ્ત આંખો તેની સ્હામું જોઈ રહી. "ત્રિભુવન! તું અવન્તિનો ખોટો વહેમ ખાય છે. મને ફોઈબા લઈ ગયાં હતાં, પણ હું તારે માટે નાસી આવી. અહિયાં આવવા આખી રાત દોડાદોડી કરી મૂકી;

હજુ તને વિશ્વાસ નથી આવતો? કેટલીએ વાર રીસાયા, મનાયા, ને અત્યારે આમ જૂદાં? તારું કાળજું કેમ કહ્યું કરે છે?"

તેના આ બધા શબ્દો નકામા નીવડ્યા.

"પ્રસન્ન! મારા સવાલનો જવાબ શો?"

"શો સવાલ?" પોતાનો કાંઈ હિસાબ ન ગણાયાથી માનભંગ થયેલી પ્રસન્ને પૂછ્યું.

"તારી સાથે કોણ હતું?" ભાવહીનતાથી અને સખ્તાઈથી ત્રિભુવને પૂછ્યું.

"મારી સાથે? સાચું કહું? તું, તમે આકળા નહિ પડો?" જરાક થોભી પ્રસન્ને ઉમેર્યું:–"મારી સાથે તમારા હંસાબા હતાં."

"હેં! ક્યાંથી આવી?" ડોળા કાઢી ત્રિભુવન ઉભો થઈ ગયો.

"તું અકળા નહિ. તારી તબિયેત ખરાબ છે, પછી હું બધું કહીશ. હમણાં શાંત થઈ સૂઈ જા. વૈદ હમણાં શું કહેતા હતા?" કહી આછુછ કરતી પ્રસન્ન પાસે આવી.

ઉમળકાઓપર સખ્તાઈનું દબાણ મૂકી ત્રિભુવને તેને દૂર ધકેલી. "ના, ના. પ્રસન્ન! તું કહે તે કરું. અત્યારે ધીરજ ધરવાની મારામાં હિંમત નથી. તારે જે જોઇએ તે લે, પણ મને બધું કહે."

પ્રસન્નનું હૃદય ગાંડું થઈ ગયું, શરમે તેને અસ્વસ્થ બનાવી, બાલપણના ઉમળકાને લીધે દુનિયાનું ડહાપણ ભૂલી ગઈ. "ત્રિભુવન! મારું એક કહ્યું માન, પછી તું કહે તે કરું."

"શું? બોલ, બોલ, મારો જીવ રુંધાય છે."

"મને તારી સાથે રહેવા દે," કહી પ્રસન્ન પ્રેમોર્મિઓના ભારથી દબાઈ ઘુંટણીએ પડી, ત્રિભુવનના પગપર હાથ મૂકયા, અને ચાતકીની આતુરતાથી ત્રિભુવનનાં શબ્દબિંદુની આશા રાખી રહી.

ત્રિભુવનનું હૃદય અત્યારે બીજું તાન મારતું હતું. તે ઉતાવળથી બોલ્યો, અને તેણે પ્રસન્નને ઉંચકવા હાથ લંબાવ્યો, "પ્રસન્ન! તું કહે તે કબુલ. પણ મને કહે, જલદી કહે–હંસાબા ક્યાંથી આવ્યાં, કયાં છે, હમણાં કેમ જણાતાં નથી?"

પ્રસન્ને તેના હાથ લઈ છાતીએ દાબ્યા અને ઉભી થઈ:–"ત્રિભુવન! વહાલા! આપણે કાંઈ જાણતાં ન હતાં, પણ હંસાબા ગઢમાં જ હતાં. સૈનિકો તમારાપર કાલે તરાપ મારતા હતા ત્યારે તમને તેણે જોયા, અને તમને બચાવવા ફોઇબાને પ્રાર્થના કરી. ફોઇબા તે વખતે હંસાબાને તમારા બાપુ પાસે મોકલવા મથતાં હતાં, અને હંસાબા માનતાં ન

હતાં. ફોઇબાએ વચન લીધું કે, જો હુંસાબા તમારા બાપુ પાસે જાય તો એ તમને બચાવે. તેણે કબૂલ કર્યું, અને તમે બચ્યા.”

“ખરું કહે છે?” વિહ્વળતાથી પ્રસન્ન સામું જોતાં ત્રિભુવને પૂછ્યું; “તું આ બધું કયાંથી જાણે?”

“મેં પાછળથી ફોઇબાને અને આનંદસૂરિને વાત કરતાં સાંભળ્યાં હતાં તેથી, અને હુંસાબાએ પણ મને કહ્યું હતું.”

“બા, બા, મારી બા, આમ આવી ને ગઈ!” ત્રિભુવને આક્રંદ કરતાં કહ્યું; “પણ આટલે વર્ષે બાપુ પાસે મીનળકાકી કેમ મોકલે? હા”–બોલી–જાણે કાંઈ નવું અજવાળું પડ્યું હોય, તેમ ત્રિભુવને માથે ફરી હાથ દીધો. “શું છે?”

“મારા બાપુને મુંજાલ મામા આજે સહવારે મળવાના હતા. મીનળ કાકીને તેની ખબર હતી?”

“હશે જ. કારણ કે તેને ઠેકાણે રાખવા તો તે અહિંયાંથી ગયાં.”

“બરાબર, બાને મોકલી બાપુને અને મામાને જૂદા રાખવા હશે. હવે હું સમજ્યો. કાકી! કાકી! તમારી બુદ્ધિને ધન્ય છે!” કહી મુઠ્ઠી વાળી ઉભો થઈ, ત્રિભુવન આમથી તેમ ફરવા લાગ્યો. પ્રસન્ન મૂગી ઉભી રહી. તેણે જોયું કે, ત્રિભુવનનું મગજ ઝપાટાભેર વિચાર કરી રહ્યું હતું.

“ત્યારે તો વિખરાટ લશ્કર આવ્યું, એટલે મુંજાલને તો તાબે કર્યો હશે,” પ્રસન્ને ડરતાં ડરતાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા ત્રિભુવનને કહ્યું.

“પ્રસન્ન!” જાણે ભયંકર નિશ્ચયપર આવ્યો હોય, તેમ એકાએક તે પ્રસન્ન તરફ ફર્યો. “તું મારી સાથે પરણવા માગે છે?”

“કેટલી વાર પૂછશો?” નીચું જોઈ પ્રસન્ને કહ્યું.

ત્રિભુવન કઠોરતાથી, દબાયેલા જુસ્સાથી પૂછવા લાગ્યો: “શી આશા રાખી છે?”

“આશા, તમારા પહેલાં સ્વધામ જવાની,” શા કારણથી આ પ્રશ્નો પૂછાય છે, તે ન સમજતાં તેણે કહ્યું.

“મંડલેશ્વર અને મીનળદેવી વચ્ચે સલાહ કરાવવા મને પરણે છે?”

“ત્રિભુવન! ત્રિભુવન! આ શું? જ્યાં તમે ત્યાં હું. તમારે સલાહ તો મારે સલાહ. મારે શું?”

“વારુ, મારા વ્રતે વ્રત લઈશ? તારા ફોઈના દિવસ ભરાઈ ચૂક્યા છે. મારા જીવતાં પાટણમાં મીનળદેવીને પગ મૂકવા દઉં તો સોમનાથ ભગવાનની આણ. આ મારી પ્રતિજ્ઞા છે. તૈયાર છે મારી સહચરી થવા?”

વિચાર કરી પ્રસન્ને ઉંચું જોયું; "તમારી પ્રતિજ્ઞા તે મારી. હવે થયું? પણ તમારું શરીર–"

"ઠીક, પ્રસન્ન! હવે મને નીરાંત થઈ. હું જાઉં છું; મારા હાથ તલસે છે. હવે જોઉં છું કે, મીનળદેવી પણ ભૂમંડલને કેટલી વાર ભારે મારે છે?" કહી શરીરની બધી નિર્બળતા જાણે ચાલી ગઈ હોય, તેમ સિંહનાં ડગલાં ભરતો વીરકુમાર ત્યાંથી ચાલ્યો ગયો.

નિરાશ, ખિન્ન હૃદયે પ્રસન્ન ઉભી રહી. તેણે ત્રિભુવનની જોડે સમાધાન કર્યું; પત્ની થવાનો કોલ આપ્યો, પ્રેમને ખાતર માબાપ વગરની છોકરીને ઉછેરનાર ક્રોધને જડમૂળથી ઉખેડી નાંખવા સોગંદ લીધા; છતાં હૃદય રડતું રહ્યું. થોડી વારે તે બેસી ગઈ, અને હાથપર માથું મૂકી ધ્રૂસકાં પર ધ્રૂસકાં ખાવા લાગી.

——:o:——

## પ્રકરણ ૨૯ મું

## જતિ કે જમદૂત?

રાણીપાસેથી જ્યારે આનંદસૂરિ છૂટો પડ્યો ત્યારે તેના મગજની સ્થિતિ ઘણા જ વિચિત્ર પ્રકારની હતી. આખી રાતનો ઉજાગરો, કેટલા દિવસ થયાં આદરેલી પ્રવૃત્તિ, કેટલાં વર્ષોની મહેનતનો પાસે દેખાતો અંત—એ બધાથી તેનું ચિત્ત ગાંડા જેવું થઈ ગયું હતું. તેને એક જ વસ્તુ નજર આગળ દેખાતી:–શ્રાવકોનો ઉદય. પહેલાં તો તેને તે વસ્તુ ઘણી પાસે આવતી દેખાઈ. જૈન રાણી, જૈન દંડનાયક, પોતે સલાહકાર, ચન્દ્રાવતીનું લસ્કર, હવે ગુજરાતમાં જૈનને માટે બાકી શું રહ્યું? જ્યાં બધું સ્થિરથાવર થાય કે, જૈનમતનો ડંકો આખા ભરતખંડમાં; જૈનમંદિરો દશે દિશામાં!

પાછળથી બાજી કથળી ગયેલી દેખાઈ. રાણીને ધર્મની ઝનૂન કરતાં સત્તાની ઝનૂન વધારે પ્રિય હતી; શાન્તિચન્દ્ર મીઠા વગરનો; મુંજાલ અને દેવપ્રસાદ સામે! જતિને લાગ્યું કે, જો એકબે દિવસમાં બાજી કંઈ ન ફેરવાય તો બધું ચુંથાઈ જવાનું; કોઈ રીતે સવળો પાસો ફેંકવો જોઇએ; શી રીતે? સૈનિકોને પાછળ મુકી તે વહેલોવહેલો વાગ્નેશ્વરી માતાએ જઈ પહોંચ્યો. ત્યાં કોઈ દેખાયું નહિ; જતિ ખુશ થયો; જરૂર હંસાને લીધે ધારેલું થયું ખરું. તે મંદિરને ઓટલે બેઠો, અને પાછળ રહેલા સૈનિકો ક્યારે આવી પહોંચે, તેની વાટ જોતો બેઠો. રાણીની જોડે કરેલા વિચાર પ્રમાણે મંડુકેશ્વરનું નાકું જ ઘેરી બેસવાનો તેનો નિશ્ચય હતો. એટલો વખત કેમ જશે? તેની રગેરગમાં તો લોહી ઉછળી રહ્યું હતું.

"મહારાજ! લ્યો આ પ્રસાદ," કહી હાથમાં ત્રિશૂલ, ખાંધે ચુંદડી, અને પગમાં પાવડી પહેરેલો માતાનો પૂજારી કોપરું ધરીને સામું ઉભો.

આનંદસૂરિએ તિરસ્કારમાં ઉંચું જોયું અને હાથ ઉંચા કર્યા. માતા અને મહાદેવોને માન આપવા તે પળે તે તૈયાર ન હતો. જૈન મતના દિગ્વિજયમાં તેને ખામી આવીઃ–"પૂરોહિતજી ક્ષમા કરો. મારે આજે અપવાસ છે."

પૂજારી જરા હસ્યોઃ–"મહારાજ! માતાજીના પ્રસાદ માટે અપ-વાસ હોય નહિ. જગદમ્બે માની મહેર માગો કે, બધે લીલાલેહેર થાય."

"પુરોહિત મહારાજ! જતિ જોડે વાદવિવાદ કરવામાં કોઇએ કોઈ દિવસ સાર કહાડ્યો છે?"

"આપ જતિ છો, એ વેશપરથી તો નથી લાગતું.–તોપણ વાદ-વિવાદ શા માટે? હું તો મારી માનો દાસ છું; તેની પૂજા, તે જ મારું જીવન. મહારાજ! બીજું બધું આપ જેવાને સોંપ્યું," જરા કટાક્ષથી પૂજારી બોલ્યો.

"ધીમે ધીમે એ બધું સોંપશો. આ મંદિરો હમણાં ચાલ્યાં, જુઓ તો ખરા. હવે કર્ણદેવ નથી, મીનળદેવી છે."

"જતિજી!" જરા ડોકું હલાવતાં પૂજારીએ કહ્યું. ભલે મીનળદેવી આવે કે જેને જોઇએ તે આવે. આ ભરતખંડ તો જગજ્જંતુની વાઘે-શ્વરીનો છે અને રહેશે. તે શક્તિનું સામ્રાજ્ય અચળ છે ને અચળ રહેવાનું. તમે તો વિદ્વાન્ છો, એટલે તમને ગમે તે દેખાય; પણ મને તો મારે બધા પંથો માને જ નમતા જણાય છે."

જતિ હસ્યોઃ–"એમ તો બધા કહે, પણ ખરેખરી ખબર તો જ્યારે જૈનોનો ડંકો પૃથ્વી પર વાગશે ત્યારે ખબર પડશે."

"ભલે મહારાજ! હું તો મારે એટલું જાણું છું, કે ભારતમાં ભોળાનાથ અને મા, મારી અંબાભવાની, પૂજાશે, એકરૂપે કે બીજે રૂપે, એક કાળમાં કે અનેક કાળમાં. બીજી બધી તો વાતો."

આનંદસૂરીને શબ્દો માર્મિક લાગ્યા, છતાં ખડખડ હસવું આવ્યું. "હમણાં તો ભોળાનાથ ગયા છે ગીઝની અને અંબા પહોંચી છે પાવાગઢ," મહમદ સોમનાથની મૂર્તિ લઈ ગયો, તે સંભારતાં જતિએ કહ્યું.

"તમારાં ચર્મચક્ષુએ. મારી આંખે તો તમે છો, તેમાં પણ એનો પ્રભાવ દેખાય છે."

"કેવી રીતે?"

"તમારું અભિમાન આવું હોય નહિ તો બધા સામું થાવ નહિં.

તમારો ગર્વ ગાળવા આખું ગુજરાત એક થશે, સમજ્યા? ચાલો. મહારાજ! મારો પોઠનો વખત જાય છે,” કહી શાન્તિથી પૂજારી ચાલ્યો ગયો.

બે વાક્યો જતિના કાનમાં સંભળાઈ રહ્યાં: “ભારતમાં ભોળાનાથ અને મા મારી અંબા ભવાની પૂજાશે,” અને “તમારો ગર્વ ગાળવા આખું ગુજરાત એક થશે.” તેની આંખે જરા અંધારાં જેવું આવ્યું. શું આ પૂજારી ભવિષ્યવેત્તા હતો? આવાં માર્મિક વચનો તેણે કેમ કહ્યાં? શું આ ખરું પડશે? તેનાં સ્વપ્નાં ખોટાં ઠરશે? જાણે તે જ પળે બધા હવાઈ કિલ્લા તૂટી પડ્યા હોય, તેમ ભગ્ન હૃદયે જતિ ઉઠ્યો. તેની આકાંક્ષાઓ સિદ્ધ નથી થવાની, એમ તેને ક્ષણવાર લાગ્યું. એ જૈનમતને જેવો માનતો હતો, તેવો બીજા અનુયાયી માનતા હતા? ગમે તે રીતે વિજય મેળવી, તેને ફેલાવવા કેટલા શ્રાવકો તૈયાર હતા? ઘણાખરા હિન્દુ ધર્મમાં અને તેમાં ઘણો ભેદ નહોતા ગણતા; ઘણાખરા બ્રાહ્મણોની સત્તા સ્વીકારતા હતા, અને ક્રિયા કર્માંતરમાં બ્રાહ્મણોની જ સહાય લેતા હતા. તેવા લોકો આખા હિન્દમાં જૂદો ધર્મ કેમ ફેલાવી શકશે? તે બધા નવા ધર્મનું સામ્રાજ્ય કેમ રચશે? શું વેદધર્મ અને જૈનમતમાં ખરેખરો ફેર હતો?

“ભારતમાં ભોળાનાથ અને મા મારી અંબા ભવાની પૂજાશે,” શું એ ખરી વાત? જતિ મંદિર તરફ ધીમે ધીમે ગયો, તેમાં નજર કરી; વાઘેશ્વરીની વિકાળ મૂર્તિ તેણે જોઈ. માતાના પગ નીચે પડેલા વાઘને જોઈ જતિ કંપ્યો; તેના ત્રિશૂળની અણીઓ પોતાનું હૃદય ચિરતી હોય તેમ તેને લાગ્યું; તેની ભયંકર આંખો પોતાને મહાત કરતી હોય એમ થયું. તેના પ્રાબલ્યથી જાણે પોતે દબાયો; પોતાના મનોરથો અલ્પ, તુચ્છ લાગ્યા. ક્યાં સુધી તે આમ ને આમ જોઈ રહ્યો; જરાએ ખસી શક્યો નહિ. સૃષ્ટિના ક્રમને શાસન કરતી મહા શક્તિની સત્તા જાણે તેને પણ દબાવતી હોય એમ તેને લાગ્યું. નિડર જતિ ડરથી ધ્રૂજ્યો. પાસેના મહાદેવના મંદિરમાંનો ઘંટ કોઇએ વગાડ્યો; જતિના કાનમાં તે નાદે ભયંકર પડઘા પાડ્યા. આ નાદ કોનો વિજયટંકાર કરી રહ્યો હતો? ગુસ્સામાં જતિ પાસેના મંદિર તરફ ફર્યો; તેનું બારણું પણ આ જ ઓટલા પર પડતું હતું. મનમાં ને મનમાં તેણે પૂછ્યું કે, આ ટંકાર શું આ દેવોનો વિજય સૂચવતો હતો? તેનું હૈયું જાણે બેસી ગયું હોય એમ લાગ્યું. આ ભવાની, આ ભોળાનાથ, આ ઘંટનાદ ભવોભવના છે અને શું રહેશે? તેના મન આગળ મહાદેવની મૂર્તિ ખડી થઈ ગઈ— તેણે વૈરાગ્ય, સત્તાની સંપૂર્ણતાના પૂર્ણ અવતાર સરખા પિનાકપાણિ, સાંબ સદાશિવ જોયા; જ્ઞાનની સરિતાનો ધોધ શિરપર સ્વીકારી જગતના

ઉદ્ધાર માટે અવનીપરે જ્ઞાન જ પ્રસારતા જોયા. ગાંડા જેવા જતીની આંખ આગળ પાર્શ્વનાથની મૂર્તિ આવી; ભવિષ્ય કોની આગળ નમશે? ચૂસ્ત ધર્મિષ્ઠને સંશય થયો. દુનિયા કયો વૈરાગ્ય, કઈ સત્તા, કઈ સંપૂર્ણતા સ્વીકારશે? તટસ્થ, શાન્ત, નિશ્ચલ સંપૂર્ણતાએ જગત્ ઉદ્ધરશે, કે જ્વલંત વિજયી, ત્રિશૂલપાણિની સંપૂર્ણતાએ? તેની આંખ આગળ આવી રહેલી પાર્શ્વનાથની મૂર્તિમાં ફેરફાર થયો. તેની બંધ આંખો ઉઘડી, હાથમાં ખડ્ગ આવીને ઉભું રહ્યું; તેના શાન્ત મુખ પર સત્તાદર્શક ભવ્યતા છવાઈ રહી. જો તેના ધાર્યા પ્રમાણે જૈનમત જો વિજયી થાય તો અર્હતો શું આવું સ્વરૂપ ધારણ કરશે? ત્યારે મહાદેવમાં અને અર્હતમાં ફેર શો? 'ના, ના, ના,' જોરથી જાણે સંશયો વળાવતો હોય, તેમ તે બોલ્યો. સંશયોએ તેટલા જ જોરથી કહ્યું, 'હા–હા–હા.'

"પણ, મહારાજ!—" કોઈનો અવાજ આવ્યો.

જતિએ જોરથી ડોકું ધુણાવ્યું; વિચાર સ્થિર કરવા જતાં આસપાસ જોયું, અને આંખો આગળનું દૃશ્ય અદૃષ્ટ થયું. સામું માતા અને મહાદેવનાં મંદિરો તેવાં ને તેવાં જ પડ્યાં હતાં. બાજુ પર આવી પહોંચેલા સૈનિકોનો એક નાયક હાથ જોડી ઉભો હતો.

"મહારાજ!–"

"કેમ?" ગુસ્સામાં ફરીને જતિએ કહ્યું.

"બીજું કાંઈ નહિ, પણ હવે આપણે ક્યાં જઇએ? નહિ તો અહિંયાં જ પડાવ નાંખીએ."

સ્વાસ્થ્ય છોડી જતિએ કહ્યું, "કાંઈ ગાંડો થયો છે? ચાલો મંડુકેશ્વર. હજુ આપણો એક કટ્ટો દુશ્મન તો ત્યાં મજાહ કરે છે." કહી જતિએ પાછા આવી ઘોડો પલાણ્યો, અને બધા સૈનિકો સાથે તે આગળ ચાલ્યો.

થોડેક દૂર ગંભીરમલ્લ અને બીજા એક બે ગ્રાસીયાઓ મળ્યા. તેમને પકડીને સાથે લીધા, અને જતિ અને તેની ટુકડી મંડુકેશ્વરનું નાકું પકડીને બેઠી.

દિવસ ચઢ્યો, બપોર પડી, સાંજનો વખત થયો, પણ રુદ્રમહાલયમાં કાંઈ પણ હિલચાલ જણાઈ નહિ. અધીરો આનંદસૂરી કચવાઈ ગયો; રાત પડી તો પણ દેવપ્રસાદ શું કરે છે, તેનો પત્તો નહિ મળ્યો. જતિની અધીરાઇનો પાર રહ્યો નહિ, એટલે ટુકડી આગળ લાવી તે રુદ્રમહાલયના બારણા સુધી આવ્યો. ત્યાં બધું શાન્ત હતું. મંડુકેશ્વરનાં ગામડાંમાં પણ તેની ટુકડી દેખી હુલકું પડ્યું હતું, એટલે કોઈ દેખાતું નહોતું. રુદ્રમહાલયનાં બારણાં ઘણાં ઠોકયાં ત્યારે એક સૈનિકે બારી જરા ઉઘાડી.

"કોણ છો? અત્યારે કેમ દ્વાર ઠોકી રહ્યા છો?"

"અહિયાં દેવપ્રસાદ મંડલેશ્વર છે?"

"તેનું તમારે શું કામ છે? હા છે," કહી સૈનિક બારી જરા વધારે ઉઘાડવા જતો હતો, એટલામાં વધારે મોટી પદવીનો એક બીજો સૈનિક આગળ આવ્યો, તેણે પહેલા સૈનિકને એકદમ પાછો ખેંચી લીધો, અને પોતે ડોકું બહાર કહાડ્યું.

"કેમ શું કામ છે?" તેણે કઠોર અવાજે પૂછ્યું.

"મારે મળવું છે."

"આનંદસૂરીજી! મંડલેશ્વર મહારાજને મળતાં પહેલાં તો તમારા હાથપગ બાંધવા પડશે, સમજ્યા?" કહી સૈનિકે બારી એકદમ બંધ કરી દીધી, અને અંદર ભોગળ વસાઈ ગઈ, તેનો અવાજ જતિને કાને પડ્યો.

જતિ દાંત કચકચાવતો ઉભો રહ્યો. રાજપૂત વેશમાં પણ તે ઓળખાઈ ગયો. તેના ગુસ્સાનો પાર ન રહ્યો. વાઘેશ્વરી માતાના મંદિર આગળ જોયેલા જાગ્રત સ્વપ્નથી તે ધુંધવાયો તો હતો જ, અને તેમાં આ ઘી હોમાયું, એટલે તેણે પાસેનાં ખાલી ઝુપડાંઓમાં પડાવ કરવાનું સૈનિકોને સૂચવી પોતે એકલો એકલો, મેલી વિદ્યાના પ્રતાપે ભૈરવનાથ આરાધતો હોય એમ, ઝાડ નીચે આમથી તેમ ફરવા લાગ્યો.

(ડહાપણમાં અને ગાંડપણમાં એક જ ફેર હોય છે. ડહાપણમાં માણસ એકાગ્ર ચિત્ત કરી, ખપ વખતે તેને પાછું ખેંચી લઈ શકે છે; ગાંડપણમાં ક્યાં તો એકાગ્ર ચિત્ત થઈ શકતું નથી, અને થાય તો પાછું ખેંચાતું નથી.) જતિની ઝનૂન તેના ડહાપણનું ગાંડપણમાં રૂપાંતર કરતી હતી. જૈનમતનો વિજય ઇચ્છતાં જૈનોના શત્રુઓનો પરાજય ઇચ્છવો, એ ઘણી સહેલ વાત હતી; તેમાંથી શ્રાવકોના શત્રુઓ તરફ વેર રાખવું, એ પણ સહેલું હતું. એ બધી વેરની તેની લાગણીઓ દેવપ્રસાદ તરફ વળી હતી. અત્યારે તેની એકાગ્રતા ભયંકર રીતે અડગ થતી જતી હતી; ગાંડપણનું સ્વરૂપ પકડતી જતી હતી. ચાલતો ચાલતો તે રુદ્રમહાલયના કોટની પાછળ પૂર્વ સરસ્વતી વહેતી હતી, તેના કિનારા તરફ ગયો.

મધ્યરાત્રિ થવા આવી હતી. ગંભીરમલ્લ વિગેરે પાસેથી તે કાંઈ ચોક્કસ ખબર મેળવવા ભાગ્યશાળી થયો નહોતો. 'દેવપ્રસાદ વખત છે ને અહિયાંથી ચાલી નીકળ્યો તો નહિ હોય? પણ ક્યાં જાય? દેહસ્થલી? ત્યારે પહેલા સૈનિકે કહ્યું હતું તેનું શું?' વિચાર કરતાં તે સરસ્વતીને કિનારે આવ્યો. તેનો પટ મહાલયના કોટની સરસો જ પથરાઈ રહ્યો હતો; ચંદ્રતેજ તેને રૂપેરી રંગે રંગી રહ્યું હતું. 'મંડલેશ્વર

ક્યાં હશે?' તેણે ઉંચું જોયું. મહાલયની ઉંચામાં ઉંચી અગાશી કોટપર બરોબર આવી રહી હતી અને નીચેના નીર પર ઝઝુમતી હતી. થોડી વાર એ તરફ તે જોઈ રહ્યો, અને તરત ચમક્યો. અગાશીમાં એક ઉંચા પુરુષનો ઓળો જોયો; કાંઇક શરીરની આકૃતિથી, કાંઇક ઉભા રહેવાની છટાથી તેણે તેને ઓળખ્યો.

મંડલેશ્વર સાથે એક જરાક નાનો ઓળો હતો. જતિ હસ્યો; મોજશોખમાં સત્તાને વિસારે મૂકનાર દેવપ્રસાદની સામા તેને તિરસ્કાર આવ્યો, તેનું હૈયું હરખાયું, ગુરુદેવની ભવિષ્યવાણી યાદ આવી:–"દેવપ્રસાદ! દેવપ્રસાદ! તારા દહાડા ભરાઈ ચૂક્યા છે. તું પણ હવે આનંદસૂરીના હાથનો સ્વાદ ચાખશે." જતિએ જુસ્સામાં કોટ સામે મુઠ્ઠીઓ હલાવી.

થોડી વાર ત્યાં થોભી તે ધીમેધીમે પાછો ગયો. થોડે દૂર જતાં તેના કાનપર ઘોડાઓનાં પગલાંનો અવાજ સંભળાયો. તે ચમક્યો:– 'અત્યારે કોણ આવ્યું? શત્રુ કે મિત્ર?' તેના માણસો ત્યાંથી દૂર હતા. એકલે હાથે કેમ સામા થવાશે? તોપણ હિંમતથી તે ત્યાં ઉભો રહ્યો; ઝપાટાબંધ ઘોડાઓ પાસે આવ્યા. અવાજ માત્ર બેત્રણ ઘોડેસ્વારનોજ દેખાયો, એટલે તેને વધારે હિમત આવી; વખત છે ને તેણે ઠામ ઠામ માણસોની ચોકી મૂકી હતી તેમાંથી કોઈ હોય. જેવા ઘોડા પાસે આવ્યા કે તેણે પૂછ્યું, "કોણ છે?"

"જયદેવ મહારાજની જય," આગલા ઘોડેસ્વારે કહ્યું.

"કોણ? ચિત્રવિજય! અત્યારે કેમ આવ્યો છે?"

"મહારાજ! મહારાજ! વલ્લભસેન મંડલેશ્વર આ તરફ આવે છે."

"એકલો કે કોઈની સાથે?" ગભરાટમાં જતિએ પુછ્યું.

"સાથે નાંખી દેતાં પાંચસેસાતસે ઘોડેસ્વારો હશે. જેવી મેં ખબર સાંભળી કે, હું આપને કહેવા આવ્યો."

"કેટલે દૂર હશે?"

"ત્રણચાર ઘડીમાં તો તે અહિયાં આવી લાગશે. અહિયાંથી જવું હોય તો ચાલવા માંડો."

"ઠીક; અહિયાંથી થોડે દૂર આપણા માણસો છે, ત્યાં જઇને બેસો. હું હમણાં આવું છું," કહી જતિએ ચિત્રવિજય અને તેના સાથીઓને વિદાય કર્યા. જતિનું ગાંડપણ વધ્યું. શું મંડલેશ્વર છેલ્લી ઘડીએ તેના પંજામાંથી જતો રહેશે? નહિ નહિ. વલ્લભસેન આવતાં પહેલાં પોતાનું કામ તે સિદ્ધ કેવી રીતે કરે, તે વિચાર તેણે કરવા માંડ્યો. કોટની ઉપર ખીલાઓ ઠોકેલા હતા, એટલે ત્યાંથી ચડાય એમ નહોતું.

ઝપાટાબંધ જે કોટના સરસી સરસ્વતી વહેતી હતી ત્યાં તે ગયો, અને નજર ફેરવી ઘણાં ધ્યાનથી જોતાં કોટમાં એક મોટું બાકોરું દેખાયું. એક પળ પણ વધારે ગાળ્યા વિના, એક જમૈયા સિવાય પોતાના હથિયાર દૂર ફેંકી, તેણે સરસ્વતીમાં ઝંપલાવ્યું, અને તરતો તરતો તે બાકોરા તરફ ગયો. બાકોરામાંથી ગલીચ પાણી નદીમાં પડતું હતું; પણ તેના તરફ જતિએ ધ્યાન આપ્યું નહિ. તેણે જોયું તો તેમાંથી અંદર પેસાય એમ હતું. મહા મુશ્કેલીએ, આખા શરીરને મહા કષ્ટ થયું તોયે, ગંધાતા પાણીથી ગુંગળાતો, તે બાકોરામાં થઈ તે અંદર આવ્યો, અને ખાલકુંડીમાં ઉભો થયો, અને મ્હોડાપરનો ગંદવાડો સાફ કર્યો. પાસે એક કુવો હતો, અને તેના થાળામાં કાંઈ પાણી હતું, તેના વતી તેણે હાથ મ્હોં ધોયાં, અને મહાલયમાં ફરવા માંડ્યું. ત્યાં બધું સ્મશાન સમું શાન્ત હતું. જાણે થોડીક વારે ઉપર કોઈ હસ્યું, એવો ભાસ થયો. તે હાસ્યે જતિનું ઝનૂન વધારે પ્રદીપ્ત કર્યું.

ઉપર જઈ લઢવામાં કાંઈ સાર દેખાયો નહિ. અહિંયાં કેટલા માણસ છે, તે જાણ્યા વિના પોતાનાં માણસો અંદર પેસાડવાં, એ તો મૃત્યુના મ્હોમાં જવા જેવું હતું. દરેક પળે વલ્લભસેન પાસે આવતો હતો. જે કરવું હોય તે કરવાને ગણત્રીની પળો જ હતી. તેણે ઝપાટાભેર આમ તેમ જોવા માંડ્યું; કઈ રીતે મંડલેશ્વરનો સંહાર કરવો, એનો જ વિચાર તેણે કરવા માંડ્યો. એટલામાં દૂરથી ઘોડાઓના પગલાનાં ભણકારા વાગ્યા; કાન દઈ સાંભળતાં વલ્લભસેન પાસે આવી લાગ્યો હોય એમ તેને લાગ્યું. શું કરવું? શું કરવું? તેણે આસપાસ જોયું. સામું રુદ્રમહાલયની ગૌશાળા જોઈ: પાસે મહાલયના મકાનની સાથે સિંચેલી ઘાસની ઉંચી ગંજી જોઈ. એક રાક્ષસી વિચાર તેને સૂઝ્યો. તે આમ તેમ દોડ્યો; તેનું ચાલત તો અગ્નિ દેવતાનું આવાહન કરવા તે ત્યાં બેસી જાત. એક ઓશરીપર એક રબારી હુક્કો મૂકી ઉંઘી ગયો હતો, તેની ચલમની ગંધ જતિને આવી. તે તે તરફ દોડ્યો; લોભિયો ધન લે તેવી તરાપ મારી તેણે ચલમ ઝાલી, અને તેને ફુંકતો તે આગળ આવ્યો..એક પળમાં તેણે ચલમનો દેવતા ગંજીની અંદર મૂક્યો અને ફુંક મારી બળતું કર્યું.

જતિ દૂર જઈ હરખમાં હાથ ચોળવા મંડી ગયો. તેણે ગંજી ધૂમાતી જોઈ, અને તે ત્યાંથી ખસ્યો. રુદ્રમહાલયના એક નાના બારણા આગળ તે લપાતો ગયો અને આગળો ઉઘાડી બહાર નીકળ્યો. તેના હર્ષનો પાર રહ્યો નહોતો; તેના જીવનનો ઉદ્દેશ પૂરો પડ્યો હતો. અહિંસા પરમ ધર્મ છે, એમ માનતાં માનતાં અને તેનો ફેલાવો કરતાં કરતાં અધમમાં અધમ હિંસા કરવા સૂધી તે પહોંચી ગયો હતો.

તે ચાલતો ચાલતો પાછો નદી કિનારે આવ્યો, અને શું થાય છે એ જોતો ઉભો. થોડી વાર સુધી કાંઈ જણાયું નહિ. જતિને ફીકર થઈ કે, રખેને આગ હોલવાઈ તો નહિં ગઈ હોય. પણ એટલામાં તેની ચિન્તા મટી. મહાલયના પહેલા માળની બારી ચેતી ઉઠી, અને ભડકો થયો; એકબે બારીમાંથી ધૂમાડા નીકળવા માંડ્યા. જતિ આનંદસ્વરૂપ થતો ગયો; તેની એકાગ્રતા ફલીભૂત થઈ હતી.

## પ્રકરણ ૩૦ મું
## સરસ્વતી માને શરણે

ઘૂમરાણથી, બળતાં લાકડાંના કડાકાભડાકાથી પ્રિયતમાની પાસે પડેલો મંડલેશ્વર જાગ્યો, અને આસપાસ જોયું. હંસા પણ ઉઠીને આંખો ચોળતી હતી. આસપાસ ભડકાનો આભાસ દેખાતો હતો, ગરમી લાગતી હતી, વસ્તુઓ તૂટી પડવાનો ભયંકર અવાજ થતો હતો. હંસાનો હાથ ઝાલી તે એકદમ અગાસીમાં આવ્યો. નીચે જોતાં આસપાસ ભયાનક ભડકાઓ દેખાયા. તેનાં હૃદયભેદક પ્રતિબિમ્બો સરસ્વતીના પાણીમાં પડતાં હતાં; વાતાવરણ ગરમાગરમ થઈ રહ્યું હતું. તેણે જોયું, અને તે સમજ્યોઃ–"હંસા! મર્યાં. કોઈ કાવત્રાંબાજે મહાલય ચેતાવ્યું છે."

હંસા ગભરાટમાં શું થાય છે, તે સમજ્યા વગર જોઈ રહી. દેવપ્રસાદ આવી વખતે હિમત હારે એમ ન હતું. "હરકત નહિ, વ્હાલી! ગભરાઈશ નહિ. પેલી શાલ હોડી લેઃ મારો હાથ ઝાલ. હમણાં હેઠળ પહોંચી જઇએ," કહી તે હંસા દોડી શકે, તેટલી ઝડપથી તેને આગળ ઘસડી ગયો, આગલું બારણું ઉઘાડ્યું, અને નીચે આવ્યો. નીચેના ઓરડામાં લાલ આભાસ પ્રસરી રહ્યો હતો.

"નાથ! નાથ! મારાથી દોડાતું નથી. તમે જાઓ. મને છોડી જાઓ."

"જાય શું? ઉભી રહે," કહી દેવપ્રસાદે એક ફૂલની માફક હંસાને ઉપાડી લીધી. તે આગળ ધસ્યો, અને દાદર તરફ ગયો. દાદરબારી ઉઘાડતાં જ્વાળા એકદમ ઉપર આવી; બળતાં વધવાં લાગ્યાં; શ્વાસ લેવાનું પણ અઘરું થતું ગયું. હિમ્મતથી તે આગળ વધ્યો, અને દાદર ઉતરવા પ્રયત્ન કર્યો. દાદર નીચેથી ચેત્યો હતો એટલે કેમ ઉતરવું, તે પ્રશ્ન થઈ પડ્યો. તેણે આસપાસ જોયું, પણ કાંઈ રસ્તો દીઠો નહિ.

"નાથ! શું કરીશું?"

"મંડુકેશ્વરની મહેર છે! ગભરાય છે શું?" શબ્દોથી હિમ્મત આપતાં તે પાછો ફર્યો. થોડીથોડી વારે તે હંસાને હૈયાસરસી ચાંપતો,

તે પાછલે પગે ચાલવા માંડ્યો. દાદર તો નકામો હતો; હવે શું કરવું? માત્ર ઉપલોજ ખંડ આગથી મુક્ત હતો. તે દોડતો દોડતો પાછો પોતે સૂતા હતા, તે ઓરડામાં આવ્યો.

"મારા પ્રભુ! મેં તમારો જીવ લીધો. નાથ! શું થશે?"

"ગાંડી! ગઈ કાલના દિવસ સાટે દશ માથાં હોય તો તે આપવા રાજી છું. રાંડીરાંડોની માફક મહાલય બાળી મને મારવાનો પ્રયત્ન કર્યો! હરકત નહિ. હંસા! મારું ને તારું લોહી હજી અવનીપર હયાત છે. આપણી ગર્જનાએ આખું ગુજરાત ધ્રૂજશે. કેટલાંક જીવતાં વિજય પામે; કેટલાંક મરીને. હું અને તું મરીને માલવો લઇશું. ગભરા નહિ, ગભરા નહિ. ચાલ અગાશીમાં લઈ જાઉં," કહી અગાશીમાં મંડલેશ્વર ગયો. ચારે તરફથી ભડકા વધતા હતા. તેણે જોયું કે, હવે બચવાની ઘણી આશા નથી. પ્રેમથી તેણે અનેક વાર હંસાને ચુંબન કર્યું.

"વહાલા! આ શું થયું?"

"દેવપ્રસાદ સોલંકીને છાજે એવી ચિતા છે, તે તો જો. મારા પિતાજીને પણ અહિંયા અગ્નિદાહ મળ્યો હતો. અરે હા! હરકત નહિ. હંસા! હિમ્મત છે? નીચે સરસ્વતી માતા વહે છે. તું કહેતી હોય તો ભૂસ્કો મારીએ."

"નાથ! મને કાંઈ સૂઝતું નથી. મરવાનું તો છે જ. જેમ તમારી કીર્તિને છાજે તેમ કરો."

"ચાલ ત્યારે મારી કોટે વળગી પડ!"

હંસા વહાલથી, દેવપ્રસાદને કોટે બાઝી પડી. મંડલેશ્વરે કપડાં ઉતારી ધોતીઆનો કછોટો માર્યો, અને અગાશીની પાળપર કુદીને ઉભો થયો. તેણે આસપાસ જોયું; તેના પગ નીચે લાગી રહેલા અગ્નિ સામું જોયું; ઘુમ્મટ ઉપરથી ફરકતી ધ્વજા સામે જોયું, પૂર્વ તરફ નજર નાંખી, નીચે નદી અને કોટ સામે જોયું અને તેનું માપ કહાડ્યું. દેવપ્રસાદ જરાએ નાહિંમતવાન્ થયો ન હતો. તેને મોત સાથે રમવાનો બહુ શોખ હતો. બાલપણમાં પાટણના ઘાટો પરથી નદીમાં ભૂસ્કા મારતાં જે હિમ્મત તે રાખતો, તે આજે પણ હતી. તેણે એક આલિંગન હંસાને કર્યું, એક ચુમ્બન આપ્યું; અને આટલી ઉંચી અગાશી પરથી નદીમાં ભૂસ્કો માર્યો, અને બોલ્યો, "જય સોમનાથ!"

* * * * *

નદી કિનારે જતિ ઉભો ઉભો હરખાતો હતો, પોતાનાં કરેલાં કર્મનો સુખદ સ્વાદ અનુભવતો હતો. ઘડી બે ઘડી, અને આ મહાલય હમણાં કકડીને પડશે, એમ તેને લાગ્યું. એટલામાં અગાશીપરના ભડકાના લાલ

અજવાળામાં બે જણને જોયાં. તે હરખાયો: તેના ધર્મનો વેરી જીવતો બળીને ભસ્મ થતો હતો. બીજી પળે તેનો હર્ષ બદલાયો; તેણે ક્ચવાટમાં બરાડો માર્યો; પોતાનો શ્વાસ રોકી રાખ્યો. ઉંચી અગાશી પરથી બે જણ એકમેકને બાઝીને પડ્યાં, નદીમાં પડ્યાં, છોળો ઉંચી ઉછળી, અને એક ઓળો ઝપાટાબંધ હાથ મારતો પાણીમાં આગળ વધ્યો. જતિએ એકદમ બૂમ મારી. તેનાં માણસો મહાલય બળતું જોઈ ક્યારનાં એની આસપાસ આવી પહોચ્યાં હતાં.

"ચિત્રવિજય!" "જી."

"કિનારે કિનારે ઘોડા લઈને માણસો મોકલો, અને પેલો તરનાર બહાર નીકળે તો મારી પાડજો."

"જેવી આજ્ઞા."

જતિ વધારે વિચાર કરવા રહ્યો નહિ. તેણે આસપાસ જોયું, તરત નદીમાં ભૂસ્કો માર્યો, અને ઝપાટાબંધ આગલા તારાની પાછળ જવા લાગ્યો.

———:૦:———

## પ્રકરણ ૩૧ મું
## સ્વામીની વહારે

સવારે મેરળને પાધરે વલ્લભ મંડલેશ્વર દાંત પીસી પોતાના સ્વામી દેવપ્રસાદની રાહ જોતો પડ્યો હતો. વલ્લભ એક નાના મંડલનો મંડલેશ્વર હતો, અને નાનપણથી દેવપ્રસાદે તેને પોતાના દીકરાની માફક ઉછેર્યો હતો. વલ્લભ પણ તેને બાપથી અધિક ગણતો હતો. તે ગંભીર, થોડાબોલો, સીધો અને હિમ્મતવાન્ યોધો હતો, અને કુત્રાની માફક તેને પગલે ચાલવું, તેનો હુકમ માથે ચઢાવવો, તે જ પોતાના જીવનનો પહેલો મંત્ર લેખતો. દેવપ્રસાદના હુકમ પ્રમાણે લશ્કર લઈને તે મેરળ આગળ પડ્યો હતો, અને દરેક પળે તેની વાટ જોતો હતો. જેમ જેમ દિવસ ચડતો ગયો, તેમ તેમ તેનો ચહેરો વધારે ગંભીર થતો ગયો. બપોરે વિશ્વપાલ સામંત રસાલો લઈને મધુપુરથી આવ્યો, અને વલ્લભને મળ્યો.

"મને ફૂરસદ નથી; કેમ આવ્યા છો?" વલ્લભે કહ્યું. તે બને તેટલા થોડા શબ્દો જ બોલતો.

"જુઓ, ગુજરાતમાં આટલાં આટલાં લશ્કરો! તમે તો મહાન યોધા છો, એટલે સમજી શકશો; હજુ તો માલવરાજને હરાવવો છે. આપણે આગ ફૂટાછવાયા રહીશું તો કેમ બનશે?" કહી વિશ્વપાલ જરા થોભ્યો. સામું, યુવાન્ યોધો ચિત્રવત મૂંગો મૂંગો ભેરો. વિશ્વપાલે

વધારે સ્પષ્ટતાથી વાતો કરવા માંડી; પોતે મીનળદેવીને સમજાવી શકે એવી સ્થિતિમાં છે એમ સૂચવ્યું; રાણીને રીઝવવામાં લાભ છે એ સમજાવ્યું; લશ્કર લઈ વલ્લભસેન શા સારુ તેને નથી મળતો?

"મંડલેશ્વર મહારાજનો હુકમ નથી," ટુંકાણથી વલ્લભે જવાબ આપ્યો.

વિશ્વપાલે દેવપ્રસાદની સ્થિતિ જણાવી; તે પકડાઈ ગયો હશે, એમ ખાત્રી આપી; દેહસ્થલી પડવાનું છે, એમ પણ જણાવ્યું. વલ્લભને આખરે છેલ્લી લાંચ આપી; દેહસ્થલીનું મંડલ જોઇએ છે? રાણી તે પણ આપશે. મ્હોડા પર એક પણ રેખાનો ફેરફાર બહાર જણાયો નહિ, અને જાણે નજીવી વાત કરતો હોય તેમ વલ્લભ ઉભો થઈ ગયો. "વિશ્વપાલજી! મંડલેશ્વર મહારાજનો હુકમ લઈ આવો, પછી હું બધું કરીશ."

"તેના વિના—"

"બધાં ફાંફાં," કહી વલ્લભ વિશ્વપાલને છોડી ચાલ્યો ગયો. સામન્ત ત્યાંથી થાક્યો, હાર્યો, પાછો ગયો; વલ્લભ અડગ નિવડ્યો.

વિશ્વપાલ ગયા પછી વલ્લભની ચિન્તા વધી. જેમ જેમ દિવસ જતો ગયો અને મંડલેશ્વરની ખબર આવી નહિ, તેમ તેના લશ્કરમાં કાંઈક અસંતોષ ફેલાવા લાગ્યો. સાંજપહોરે મધુપૂરથી થોડીક ખબર આવીઃ—ત્યાંનું લશ્કર પાટણ તરફ કુચ કરતું હતું, અને ઘણુંખરું રાણી પોતે તે લશ્કર સાથે હતાં, એમ વાત આવી હતી. મંડલેશ્વરની બધી યોજના નિષ્ફળ નિવડશે કે શું, એવો વલ્લભને ભય લાગ્યો. કાંઈ અસાધારણ કારણ વિના મંડલેશ્વર લશ્કરથી આઘો પડી રહે નહિ, એમ તેને ખાત્રી હતી; અને તેથી પોતાના ઉતારામાં એકલો, વિચારગ્રસ્ત વલ્લભ અધીરાઇમાં, ગુંચવાડામાં બેસી રહ્યો હતો. લશ્કર તેના ડરથી દબાઈ બેઠું હતું ખરું, છતાં ઠેકાણે ઠેકાણે બડબડાટ શરુ થયો.

રાત્રિનો અંધકાર પ્રસરવા માંડ્યો ત્યારે તેના મોકલેલા જાસૂસો આવ્યા, અને તેમણે ખબર આપી કે, રસ્તામાં મંડલેશ્વરનો કાંઈ પણ પત્તો નથી. વલ્લભે પોતાના સ્વામીની શોધમાં જવા નિશ્ચય કર્યો. તેણે તરત પાંચસો ચૂનંદા સ્વારો તૈયાર કર્યાં, અને મંડુકેશ્વર તરફ પ્રયાણ કરવાનો હુકમ આપ્યો; અને પોતે તથા પચ્ચીશેક વીણેલા યોધાઓ સાંઢણીપર બેસી ઝપાટાબંધ આગળ જવાને તૈયાર થયા. બાકીનું લશ્કર એક ઘણા વિશ્વાસુ અને કાબેલ સામન્તને સોંપ્યું. કારણ કે મધુપુરનું લશ્કર તેની તરફ આવે, એમ વલ્લભનું માનવું હતું. વખત છે ને દેવપ્રસાદ વાઘેશ્વરીના મંદિરમાં હોય, એમ ધારી થોડાંએક માણસ તેણે ત્યાં પણ મોકલ્યાં.

જેમ બને તેમ ત્વરાથી સાંઢણીઓ દોડાવતા તેઓ મંડુકેશ્વર પાસે

આવ્યા. અજવાળી રાત્રિના આભાસમાં ક્ષિતિજનો એક ભાગ એકદમ લાલ થઈ જતો વલ્લભે જોયો. તેના દાંત તેણે વધારે જોરથી પીસ્યા. મંડુકેશ્વરની દિશામાં આટલી મોટી આગ શાની? તેને, ન સમજ પડે એવી, ફાળ પડી. તેણે સાંઢણીઓને વધારે જલદી દોડાવવા સૂચવ્યું. આગ તરફ વલ્લભ એકી ટશે જોઈ રહ્યો; ઝાડોના ઝુંડમાંથી સાંઢણીઓ બહાર પડતાં, આગ સ્પષ્ટ જણાઈ; મંડુકેશ્વરનો રુદ્રમહાલય બળતો હતો. વલ્લભે દાંતવતી હોઠ કરડ્યા.

એટલામાં સામું ત્રણચાર ઘોડેસ્વારો દોડતા આવતા સંભળાયા. વલ્લભ તે તરફ ગયો, અને બૂમ મારી, "ઉભા રહો; કોણ છો?"

સામેના માણસોએ એનો અવાજ પારખી હર્ષનો પોકાર કર્યો:- "વલ્લભસેન! વલ્લભસેન!"

"ગંભીરમલ્લ! કેમ, આ શું? મહારાજ ક્યાં?"

"મહારાજ! મહારાજ મહાલયમાં બળી મૂઆ. આપણે હવે નહાસી છૂટો."

સાંઢણી બેસાડી, વલ્લભ તે પરથી ઉતર્યો અને ગંભીરની પાસે ગયો.

"મહારાજ મૂવા! ત્યારે તમે કેમ જીવતા છો?" સિંહની ગર્જના કરી તેણે પૂછ્યું.

"તમને ખબર નથી. સવારે અમે મુંજાલને મળવા જવાના હતા, એટલામાં હુંસાબા આવી પહોંચ્યાં."

"હેં!" વલ્લભે કહ્યું.

"હા, તે જીવતાં હતાં, અને રાણીએ લાગ જોઈ મોકલી આપ્યાં. તરત મહારાજે જવાનું માંડી વાળ્યું, અને અમને મુંજાલને મળવા મોકલ્યા. રસ્તામાં અમને જતિએ પકડ્યા અને અહિંયાં આણ્યા. એટલામાં મહાલય ચેતી ઉઠ્યો, અને જતિના માણસોમાં નાસરડું પડ્યું. તેનો લાભ લઈ અમે નાઠા."

એક પળ વલ્લભે મૂગે મોંઢે જોયાં કર્યું. તેની આંખો વધારે ઉંડી ગઈ. "ગંભીર! ચાલો પાછા. જોઈએ તો ખરા. આ સાંઢણીપર આવી જાઓ," કહી ગંભીર અને તેના સાથીઓને આગળ કરી, વલ્લભ સાંઢણીપર બેઠો. ઝપાટાબંધ તેઓ મહાલય તરફ ચાલ્યા; અને તે કેટલો બળ્યો હતો, તે બરોબર જોવા નદી તરફનો રસ્તો તેઓએ લીધો.

એક પ્રચંડ હોળીની માફક મહાલય ભડભડાટ બળતો હતો, અને નદી કીનારે ઉભા રહી કેટલાક માણસો ઉંચાનીચા થઈ જોઈ રહ્યા હતા.

વલ્લભ અને તેનાં માણસો ત્યાં ઉતર્યાં. તેમને જોઈ ત્યાં ઉભેલા

માણસોમાંથી કેટલાક ભાગવા લાગ્યા. વલ્લભે એક જણને પકડ્યો, અને જોરથી હલાવ્યો. "બોલ! કોનાં માણસો છે?"

માણસે હાથ જોડ્યા:–"કોણ? વલ્લભ મહારાજ! એ તો હું."

વલ્લભે ધ્યાન દઈ તેને જોયો. "કોણ? રામસિંહ!"

"હા, બાપુ!"

"આ શું?" કઠોર અવાજે વલ્લભે પૂછ્યું.

"બાપુ! હું મહારાજ જોડે મહાલયમાં હતો, અને જેવી આગ લાગી, તેવો હું અને બીજા મહારાજને ઉઠાડવા ઉપર ગયા. પણ તે તો દારૂબારી અને બારણાં દઈ સુઈ ગયા હતા, એટલે સાંભળી શક્યા નહિં. આખરે અમે બહાર નીકળ્યા, પણ, બાપુ! હજુ વખત છે. મહારાજે ઉપરથી પડતું નાંખ્યું, એમ આ બધા કહે છે."

"કોણ?"

"ચંદ્રાવતીના સૈનિકો. એમની સાથે જતિ હતો, જે મહારાજને પકડવા આવ્યો હતો. તે અહિંયાં ઉભો હતો. મહારાજે પેલી અગાશી-માંથી નદીમાં ભૂસ્કો માર્યો, અને પાછળ જતિ પડ્યો."

"આનંદસૂરી."

"હા. પેલો નવો જતિ પાટણ આવ્યો હતોને તે અને તે એમ કહી ગયો છે કે, કીનારે કીનારે ઘોડેસ્વારો પણ આવે."

"મહારાજ બહાર નીકળે તો પૂરા કરવા, કેમ?" જતિનો હેતુ સમજી જઈ વલ્લભે કહ્યું; "ચાલો; સાંઢણીઓ તૈયાર છે. આપણે પણ કીનારે કીનારે ઘોડેસ્વારોની પાછળ ચાલો," કહી છલંગ મારી વલ્લભ સાંઢણીપર ચઢ્યો:–"રામસિંહ! કેટલી વાર થઈ?"

"બાપુ! ત્રણેક ઘડીઓ વીતી હશે."

"ચાલો," કહી વલ્લભે ઝપાટાબંધ સાંઢણીઓને કીનારે દોડાવવાનો હુકમ આપ્યો.

---

## પ્રકરણ ૩૨ મું

### ગુરુદેવની આજ્ઞા

જ્યારે દેવપ્રસાદે પૂર્વ સરસ્વતીના નીરમાં પડતું મૂક્યું ત્યારે તેને બચવાની ઘણી આશા આવી. મહાલય નદીના તીરની એક બાજુએ હતો એટલે તરીને ત્યાં જવું, એ રમતની વાત હતી; અને એ તરફના પ્રદેશમાં દરેક ગામડાંમાં એનાં માણસો હતાં કે, જેઓ એનું નામ સાંભળતાં જીવ આપવા તૈયાર થઈ જાય. ત્યાં જઈ, સ્વસ્થ થઈ, મેરળ

તરફ ચાલી નીકળવું, એ એને સહેલું ભાસ્યું; પણ જેવો એ પડ્યો તેવો હુંસામાં એકદમ એને ફેરફાર લાગ્યો. ક્યાં તો આટલે ઉંચેથી પડવાથી, કે શરદીથી હુંસા બેભાન થઈ ગઈ, એમ તેને લાગ્યું, અને તેના હાથ મંડલેશ્વરને ગળેથી છૂટી ગયા. હવે મંડલેશ્વરના અપ્રતિમ શરીરબળની કસોટીનો વખત આવ્યો. તેણે બેભાન હુંસાને પોતાના ડાબા હાથપર રાખી, અને એક હાથે તરવા માંડ્યું. તેનું મન મૂળ પ્રકૃતિના તોફાની તરંગોમાં રાચતું હતું, એટલે સરસ્વતીના પ્રવાહમાં તરવું, તણાવું તે તેને ઘણું ગમ્યું. તેને સદ્‌ભાગ્યે જળપ્રવાહ પણ આ જ તરફનો હતો, એટલે આગળ જતાં ઘણી તસ્દી પડી નહિ.

તે અડધી એક ઘડી પાણીમાં હશે, એટલામાં તેને રાત્રિની શાન્તિમાં પાછળથી કોઈ તરતું સંભળાયું. થોડેક દૂર કોઈ જોસભેર, પછાડા મારતું તરતું હતું, અને તેના તરફ આવતું હતું. જરા વાર પાછા ફરી જોતાં તેને ખાત્રી થઈ કે, કોઈ તેની પૂઠે પડ્યું હતું. દેવપ્રસાદે સમય વિચાર્યો, પોતાના હાથપર પડેલી બેભાન સુંદરીની સ્થિતિ વિચારી, અને પોતાને પણ હજુ ઘણી શારીરિક મહેનત ઉઠાવવી છે, એમ માની તે આવનારની સામે થયા વિના કીનારા તરફ ફર્યો. જેવો તે કીનારા તરફ વળ્યો અને પાસે ગયો કે, તેણે ચંદ્રના તેજમાં થોડાક ઘોડેસ્વારો જોયા. તેઓ એના તરફ જોયા કરતા હતા. તે અને સફેત વસ્ત્ર પહેરેલી હુંસા પાણીમાં સ્પષ્ટ દેખાતાં હશે, એમ માની તે જરા ધીરો પડ્યો. એટલામાં કાંઈ આવ્યું, અને તેની પાસે પાણીમાં પડ્યું; કોઈનું તીર! મંડલેશ્વરને ગુસ્સો આવ્યો. ઝપાટાબંધ તે પાછો ફર્યો, અને કીનારાથી દૂર નીકળી ગયો. બેત્રણ તીર પાછળ આવ્યાં, પણ ફેંકનારાઓ હોંશિયાર લાગ્યા નહિ; કારણ કે બધાં લક્ષ્ય ચૂકી પાણીમાં પડ્યાં. સરસ્વતીનો સામો કીનારો ઘણો દૂર હતો, અને તેની પેલી પાસે ક્યાં સુધી કીચડ હતો. એ તરફ જવું ઘણું મુસ્કેલ કામ હતું. તેના કરતાં પાણીમાં સીધાં જ તર્યા જવું સહેલું ધારી તેણે તેમ કરવા માંડ્યું.

મંડલેશ્વરનો ડાબો હાથ જૂઠો થવા આવ્યો. તેણે હુંસાને જમણા હાથપર નાંખી. તેનું બેભાન, સુક્કું, નિર્મળું મ્હોડું જોઈ દેવપ્રસાદને ઉમળકો આવ્યો; તેને ચુંબન કર્યું, તેના શરીરને છાતીએ ચાંપ્યું, અને ડાબે હાથે હાથ મારવા માંડ્યા. પાછળ આવનારા કેટલા હતા, તે કાંઈ પરખાયું નહિ; તેમની સાથે લઢી શકાશે કે કેમ, એ પણ સવાલ હતો; તેથી નાસી છૂટવા તેણે ઝપાટાબંધ આગળ વધવા માંડ્યું. થોડી વારે પાછળ તરનારના પછાડા સંભળાતા ઓછા થયા, એટલે તેણે પોતાની ત્વરિત ગતિ મંદ પાડી. પાછળ મહાલય દેખાતો નહોતો, પણ તેના ભડકા

ગગને પહોંચતા દેખાતા; કીનારાપર દશબાર ઘોડેસ્વારો પણ તેને જોતા જોતા પાછળ આવતા હતા, તે તેણે જોયા. "હરકત નહિ," મંડલેશ્વર બબડ્યો. પાણીમાં કલાકના કલાકો સુધી તરવાની નાનપણની ટેવ તેની મદદે આવી.

મનમાં એક વિચાર આવ્યો, અને તેના પેટમાં ફાળ પડી. હંસાને તેણે પાસે આણી.–"હંસા ! હંસા !" કહી તેણે બૂમ પાડી. તેના મ્હોંડા સામું તકાશીને જોયું, અને તેમાં ભયંકર નિશ્ચળતા જોઈ તે ગભરાયો. તેણે મહા મુસ્કેલીથી તેને નાકે હાથ મૂક્યો; તેના અંતઃકરણપર હાથ મૂકવા મથ્યો; પણ અસ્થિર જળમાં મંદ નાડીના ધબકારા જોવા સહેલ નહોતા. તેણે હંસાના વિચિત્ર બની રહેલા હોઠ જોયા; આંખોની બંધ પાપણો-માંથી કાચ જેવા ડોળા જોયા. તેને તમર આવ્યાં. હોઠ કરડી તે સ્વસ્થ બન્યો. કારણ કે પાછળ તરનારના પછાડા પાછા પાસે સંભળાયા. દેવપ્રસાદે એક મહા પ્રયત્ને હૃદયમાં પ્રસરતી ખિન્નતા દૂર કરી, અને જોરથી તરવા માંડ્યું; છતાં, તેની હિંમત હવે ભાંગી ગઈ હતી; હંસા જીવે છે કે મરી ગઈ, એ સંશય તેનું હૃદય ચીરી નાંખતો હતો. પરિણામે તેના હાથ અને પગ પહેલાં જેવું સારું કામ કરી શક્યા નહિ.

પૂર્વમાં જરા પહો ફાટવા લાગ્યો. દેવપ્રસાદે પાછા ફરીને જોયું તો એકજ જણ પાછળ દેખાયો. તે છેક પાસે આવી લાગ્યો હતો.

મંડલેશ્વર પાછો ફર્યો અને સામે થયો. "કોનું મોત આવી લાગ્યું છે?

એક હાથે મ્હોડાપરથી પાણી લુછી આનંદસૂરીએ હર્ષની હાક મારી. તેના એકવડા શરીરને અને ઝનૂનને લીધે તેને વધારે તરદી પડી નહોતી. તેની શક્તિ તેવી ને તેવી જ હતી. તે બે હાથ મારી પાસે આવી પહોંચ્યો. "તમારું, મંડલેશ્વર !"

"જતિ ! આનંદસૂરી ! ચંડાલ ! મારી પાછળ આટલો લાગ્યો છે ? તારું પણ આવી બન્યું છે."

જતિને અત્યારે જ ભાન આવ્યું કે, મંડલેશ્વર જોડે પાણીમાં દ્વંદ્વ યુદ્ધ કરવું, એ તો મૂર્ખાઈ ભરેલું હતું. થાક્યો, હાર્યો પણ દેવપ્રસાદ તેને પળમાં મસળી નાંખે એટલો શક્તિવાન્ હતો. તેણે યુક્તિથી આડા ફરી, કીનારા તરફ મંડલેશ્વરને દોરવા માંડ્યો.

"જોયા કે પેલાં માણસો !"

"તારા જેવા હિચકારા, હત્યારાઓ તો બહુ જોયા."

"ગુરુદેવની આજ્ઞા મેં કહી હતી, તે ભૂલી ગયા?"

"હા;" એકાએક વેરની ઝનૂન વિસરી, દેવપ્રસાદનો જતિનું

યાદ આવ્યું:–"આનંદસૂરી! તેં તે દિવસે મને વચન આપ્યું હતું, તે યાદ છે?"

"હા, શું છે? તમને જીવતા નહિં જવા દઉં; તે સિવાય જે કહેશો તે કરીશ." જતિએ જવાબ દીધો.

"મારા જીવ માટે ભિક્ષા નહિં માગું; મંડલેશ્વર મરતાં મરતાં પણ સોલંકી. તને વૈદું આવડે છે? જો, હંસા જીવે છે?"

"અજાણ્યા દગો દેવો છે?" જતિએ કહ્યું.

"કૂતરા! મંડલેશ્વરે કોઈ દિવસ દગો દીધો છે? જો, આ રહી," કહી દેવપ્રસાદે હંસાનું શરીર તેના તરફ જરા હડસેલ્યું.

જતિ પાસે આવ્યો, હંસાને નાકે હાથ મૂકયો, અને તુચ્છકારથી હસ્યો:–"મંડલેશ્વર! હવે આમાં રહ્યું છે શું?"

"એમ?" મરતો સિંહ બરાડો નાંખે, તેમ દેવપ્રસાદે કહ્યું. એક પળ તે હંસા તરફ જોઈ રહ્યો. આટલી વારમાં આ વાતો કરતાં જતિએ તેને કીનારા પાસે ખેંચ્યો હતો. તેણે કીનારાપરના માણસોને હાથ ઉંચા કરી બૂમ મારી. તરત ત્રણચાર તીરો છૂટયાં. બધાં તીરો પાણીમાં પડ્યાં; માત્ર એક આવ્યું અને મંડલેશ્વરની ગરદનમાં અડધું પેસી ગયું. તે પાણીમાં ઉછળ્યો અને જતિ તરફ ધસ્યો:–"હરામખોર! દગલબાજ!"

જતિ નાસે તે પહેલાં દેવપ્રસાદે તેને પકડ્યો. દાંતપર દાંત પીસી તેણે તેને ગુંગળાવવા પ્રયત્ન કર્યો. જતિએ બચવાનાં તરફડિયાં મારવા માંડ્યાં. તેણે કિનારાપરનાં માણસોને પાણીમાં આવવા સૂચવ્યું.

તે પળે કિનારાપર ખૂમરાણ થઈ રહ્યું. એકદમ સાંઢણીઓપર વલ્લભ અને તેના માણસો આવી લાગ્યા, અને "જય સોમનાથ!"ની બૂમ પાડી. એક હાથે જતિ જોડે બાથમબાથી કરતાં, અને બીજે હાથે બનતી મહેનતે હંસાનું શબ ઉપર રાખતાં મંડલેશ્વરે રણહાકની ગર્જનાનો જવાબ વાળ્યો.

વલ્લભે પાણીમાં ચાલતું તોફાન જોયું; મંડલેશ્વરને ઓળખ્યો, અને તેની ગરદનમાં વાગેલું તીર જોયું. એક પળમાં સાંઢણી તેણે બેસાડી, અને તેપરથી ઉતરી પાણી તરફ દોડ્યો, પોતાનાં ભારે શસ્ત્રો દૂર નાંખ્યાં, અને અંદર પડ્યો.

એટલી વારમાં દેવપ્રસાદે જતિની ડોકી પોતાના હાથમાં આણી હતી, અને પોતાના હાથમાંથી સરી જતું શબ પાસે આણ્યું. તેનું માથું ફાટતું હતું, પગે આંકડી આવી હતી, હાથમાં થાક જણાતો હતો; તીરે કરેલા જીવલેણ વ્રણમાંથી પુષ્કળ લોહી નિકળતું હતું, અને તેના

શરીરપર આવતા મૃત્યુની શિથિલતા જણાતી હતી. તેને લાગ્યું કે, કોઈ તેના તરફ આવે છે.

વલ્લભે બૂમ મારી, "મહારાજ! હું આ આવ્યો."

દેવપ્રસાદે સાંભળ્યું, અવાજ પારખ્યોઃ–"વલ્લભ! જરૂર નથી." દેવપ્રસાદને ઘા સજ્જડ લાગ્યો હતો; અને પળે પળે તેનો જીવનદીપ હોલવાતો હતો એમ તેને લાગ્યું. એક પળમાં તેણે એક નિશ્ચય કર્યો હતો. "અહિંયાં જરૂર નથી," તેણે કહ્યું, "વલ્લભ! ત્રિભુવન પાસે જા, તેને જોજે."

"પણ મહારાજ!–"

"મારી હંસા વિના નહિ જીવાય. તે ગઈ, હું જાઉં છું," કહી મંડલેશ્વરે ગૌરવથી, અભિમાનથી પૂર્વમાં ઉગતાં સૂર્યરશ્મિઓ સામે જોયું, અને બૂમ પાડીઃ–"જય સોમનાથ!" બીજી પળે એક હાથમાં તરફડિયાં મારતો જતિ અને બીજા હાથમાં હંસાનું શબ લઈ મંડલેશ્વરે ડૂબકી મારી.

વલ્લભ, "મહારાજ! મહારાજ!" કરતો ઉપર રહ્યો. તે જગ્યાએ તે પહોંચે, તે પહેલાં મંડલેશ્વર પાણીની નીચે ગયો હતો. ગુજરાતનો સર્વશ્રેષ્ઠ મહારથી, કપટી વેરીઓની દગલબાજી, અને પ્રેમઘેલછાનો ભોગ થઈ, દુનિયાંથી કંટાળી સરસ્વતીને ખોળે જઈ બેઠો હતો. વલ્લભે બેત્રણ ડૂબકીઓ મારી, પણ કોઈ હાથ લાગ્યું નહિ, એટલે નિરાશ થઇ તે પાછો આવ્યો. તેના ભવાં ચઢેલાં હતાં. એક અક્ષર બોલ્યા વગર તેણે એક સૈનિક પાસે ધનુષ્ય અને બાણનું ભાથું લીધું, અને એક પળ પણ વિચાર કર્યા વિના જતિના જે જે સૈનિકો પકડાયા હતા, તેમને અચૂક બાણે વિંધી નાંખ્યા.

"પાસે કોઈ ગામમાંથી માછી લાવો, અને અત્યારે નદીમાં જાળ મૂકાવો. ત્રણે શબો હાથ લાગવાં જોઇએ."

"મહારાજ! આ પેલું શું છે? જુઓ તો! કોઈ પાણી ઉપર ડૂબકા ખાય છે."

વલ્લભ ફર્યો. પાણીમાં કોઈ ડૂબકાં ખાતું હતું. તરત તે અને બીજા એકબે જણા પાણીમાં પડ્યા, અને ડૂબકાં ખાતા આનંદસૂરીને બહાર ઘસરડી લાવ્યા. જ્યારે તે મંડલેશ્વરના હાથમાં પકડાયો, અને મોત પાસે આવ્યું એમ જાણ્યું ત્યારે તેણે શ્વાસોચ્છ્વાસ બંધ કરી પ્રાણાયામ આરંભ્યો; અને જેવી મંડલેશ્વરે ડૂબકી મારી અને તેના હાથ શિથિલ થઈ ગયા, એટલે તેમાંથી તે સરી જવા પામ્યો. પ્રાણાયામ

પૂરો થયો એટલે પોતે છૂટો છે, તેનું ભાન તેને આવ્યું, અને હાથ મારી તે પાણીની ઉપર આવ્યો.

જ્યારે તેને બહાર કહાડ્યો ત્યારે તે થાકીને લોથ થઈ ગયો હતો; છતાં તેણે નદી સામે જોયું અને કહ્યું, “જીનપ્રભુજીનો વેરી ગયો! ચાલો, ગુરુદેવનું વચન પૂર્ણ થયું.” એક હાથને ઝપાટે વલ્લભે જતિને ભોયપર નાંખ્યો; જવાબમાં જતિ મૂઢ જેવો હસ્યો. પોતાનો ક્રોધ શમાવી, તેને સાથે લઈ લેવાનો હુકમ વલ્લભે કર્યો, અને તેનાં માણસો સાથે પાછો જવા નીકળ્યો.

થોડા માણસો માછી પાસે નદીમાં જાળ મૂકાવી શબોનો પત્તો મેળવવા રહ્યા.

## પ્રકરણ ૩૩ મુ

### “ત્રિભુવનપાલ મહારાજની જય!”

વલ્લભ જ્યારે રુદ્રમહાલય આગળ આવ્યો ત્યારે તેના ઘોડેસ્વારોમાં નિરાશા અને નાસીપાસી પ્રસરેલી જોઈ. મંડલેશ્વરનું નામ ગુજરાતના ગામડે ગામડામાં જાદુઈ અસર કરતું હતું, અને અત્યારે બે હજાર માણસોનું લશ્કર તેના હુકમથી જ ઉભું થઈ શક્યું હતું. પણ હવે એ જાદુ જતો રહ્યો. તે વીરને માટે લડવાનું ગયું, તેના બાહુબળનો પ્રતાપ ગયો, તેમનાં હૃદયમાં ઉત્સાહ પ્રેરનાર દેવાંશી ગણાતો ગહારથી અદૃષ્ટ થયો; આટલાં વર્ષો થયાં આશા રાખી રહેલા નિરાશામાં ડૂબ્યા. વલ્લભને લાગ્યું કે, હવે આ માણસો હાથમાં રાખવા મુશ્કેલ હતા, છતાં હિંમતથી તેણે પાછા મેરળ કુચ કરવાનો તેમને હુકમ આપ્યો. પાછા જતી વખતે પાંચસેંએ પાંચસે માણસોએ મંડુકેશ્વર, કે જે ધામમાં ક્ષેમરાજદેવે સંન્યસ્ત ગુજાર્યું હતું, જ્યાં તેના પ્રભાવશાળી પુત્રનું આવું કારમુ મૃત્યુ થયું હતું તે ધામ તરફ નજર નાંખી, અને બધાંની આંખમાં પાણી આવ્યાં. તાઢ, તડકો, ભુખ, અને યુદ્ધનાં અનેક દુઃખો હિંમતથી સહનાર યોધાઓનાં હૃદયો નાયકના મૃત્યુએ રડી ઉઠ્યાં. વજ્રના હૈયાનો, થોડાબોલો વલ્લભ મૂંગો મૂંગો સાંઢણીપર બેસી રહ્યો. જ્યારે ત્યાંથી જવાનો વખત થયો ત્યારે તેણે છાતીપર માથું નાંખી દીધું, અને એક ડુસ્કું ખાધુ. તેનો હાથ થરથર ધ્રુજતો હતો; તેના વતી તેની પાસે બેઠેલા ગંભીરમલ્લનો હાથ તેણે જોરથી પકડ્યો. ગંભીરે ઉચું જોયું, અને વલ્લભમાં આટલો ભાવ જોઈ ચકિત થયો.

“મારા તો પિતા ગયા,” છાતી ફાટી જતી હોય, તેવે અવાજે તેણે કહ્યું.

"બાપુ! આખા ગુજરાતના. પણ હવે આપણે જોવાનું છે કે, બાપ મુવે દીકરાનું દેહસ્થલી જાય નહિ. હવે બધા વેરીઓનું ચઢી વાગશે, અને મંડલો પડવાનાં. હવે શું કરવું છે? ત્યાં જઇશું કે, બધા કહેશે, લશ્કર વિખેરી નાંખો, નહિ તો મીનળદેવીને શરણે ચાલો."

"ત્રિભુવન સોલંકી હજુ જીવે છે."

"હા, પણ તેનું કોણ જાણે શું થાય છે? મહારાજ પરમ દિવસે મંડુકેશ્વરમાં મને મળ્યા ત્યારે કહ્યું હતું કે, ત્રિભુવનપાલ તો પાટણમાં પૂરાઈ રહ્યો છે."

"પણ રાણી મધુપુર છે, ને ઘણુંખરું પાટણ તરફ ચંદ્રાવતીનું લશ્કર લઈ જાય છે."

"ત્યારે હવે તો બે જ વાનાં કરવાનાં રહ્યાં. અહિંયાં દેહસ્થલી તૈયાર કરીએ, કારણ કે રાણીની પાસે સત્તા આવી કે પહેલાં તે મંડલ લેશે, અને બીજી તરફથી પાટણ તરફ જવું પણ જરૂરનું છે. ત્યાંનો રંગ જોવો જોઇએ. ત્યાં આપણા મિત્રો ઘણા છે, એટલે ત્રિભુવનપાલને ત્યાંથી લાવતાં મુશ્કેલીઓ નહિ નડે."

"ગંભીર! પાટણની ગાદીપર ત્રિભુવન બેસે તો કેમ?"

"વલ્લભસેન! તમારી સલાહ તમે મહારાજને આપતા હતા ત્યારથી હું જાણું છું કે, તે ઘણી સારી અને સહેલી છે; પણ બાપે નહિ માન્યું, તે દીકરો માનશે? સોલંકીઓ એ વાતમાં તો અડગ છે; પારકી ગાદી નહિ પચાવે."

"હું જાણું છું. ઠીક, તમે આ માણસો લઈ દેહસ્થલી જાઓ; હું મેરળ સંભાળું અને પાટણ જાઉં."

"હા, જેવી મરજી."

થોડીએક ખુલ્લી જગ્યા આવી ત્યાં વલ્લભે સાંઢણીઓ ઉભી રખાવી. આસપાસ બધા સ્વારો ભેગા થયા. વલ્લભે મોટે અવાજે બધાને કહ્યું:—"બહાદુર બળીઆઓ! આપણા પિતાને કપટથી, જુલમથી અત્યારે મારી નાંખ્યા. હવે તેની દેહસ્થલીના કોટ તોડવાનું શરુ થશે. તેના છોકરાને પાટણમાં પૂર્યો છે. આપણે હવે પોતપોતાને ઘેર જવાનું નથી, પણ મહારાજનું વેર લેવાનું છે, તેનું દેહસ્થલી ઉભું રાખવાનું છે, ત્રિભુવનપાલને છૂટા કરવાના છે. બધા ખુશી છો?"

બધાનામાં લાગણીઓ હતી. નિરાશ છતાં તેઓએ કહ્યું:—"હા, બધા, બધા."

"ગંભીરમલ્લજી! આપ આ બહાદુરોને લઈ દેહસ્થલી સંભાળો. હું ત્રિભુવનપાળને છોડાવી આવું છું."

સાંઢણી બેસાડી ગંભીર ઉતર્યો, અને બીજી સાંઢણીપર ગયો. એ જણે, સમય બદલાયો જોઈ, ખુશામતીઆની ખુબીથી બૂમ પાડી "વલ્લભસેન મહારાજની જય!" કેટલાક તે બૂમ ઉપાડવા જતા હતા

વલ્લભે સાંઢણીપરથી મોટે અવાજે કહ્યું, "ચૂપ! કેમ, મહારાજનો વંશ પતી ગયો? બોલો, ત્રિભુવનપાલ મહારાજની જય!"

સૈનિકોએ તે બૂમ ઉપાડી લીધી, અને ગંભીર જોડે તેઓ દેહસ્થલી તરફ ગયા. થોડાંક માણસો અને હાથપગ બાંધેલા જતિને લઈ વલ્લભ મેરળ તરફ ચાલ્યો.

મધ્યાહ્ન વખતે તે મેરળને પાધરે પહોંચ્યો. ત્યાં પણ નિરાશા અને ખિન્નતા પ્રસરી રહી હશે એમ તેણે ધાર્યું હતું, પણ તેને બદલે ત્યાં તો ઉત્સાહ અને ઝનૂન નજરે પડ્યાં. સઘળા સૈનિકો પાટણ તરફ કુચ કરવા તૈયાર થઈ ગયા હતા. વલ્લભની ગેરહાજરીમાં મધુપુરથી, વિખરાટથી, અને ત્રિભુવનના મોકલેલા પાટણથી માણસો આવ્યા હતા, અને રાણીની હિલચાલ, મુંજાલનું કેદ પકડાવું, અને પાટણમાં ઉઠેલા બંડના સમાચારોની જાણ કરી હતી. ત્રિભુવને વલ્લભસેનને સંદેશો કહાવ્યો હતો કે, જલદીથી તેના પિતાને લઈ પાટણ તરફ આવે. આ સંદેશાથી પણ ઉત્સાહ વધ્યો હતો.

વલ્લભને આવતો જોઈ બધા આતુરતાથી તેની આસપાસ વિંટાયા. તેનું શોકગ્રસ્ત મુખ જોઈ બધા સમાચાર પૂછવા લાગ્યા.

"મહારાજ મૂવા. આ ચંડાલે મારી નખાવ્યા," કહી તેણે જતિને દેખાડ્યો. જતિ આત્મસંતોષથી જરા જરા હસતો હતો. આસપાસ ઉભેલા સૈનિકોમાંથી ગુસ્સાની એક ભયંકર બૂમ સંભળાઈ. તેમની લાગણી વધારે લોહીતરશી થાય, તે પહેલાં વલ્લભે જતિને ત્યાંથી લઈ જવાનો હુકમ કર્યો.

"હવે આપણે શું કરવું?" એક સામન્તે પૂછ્યું.

"ત્રિભુવનપાલ મહારાજનો હુકમ માથે ચડાવવો. ગંભીરમલ્લજી દેહસ્થલી સાચવવા ત્યાં ગયા છે, અને આપણે અહિંથી પાટણ જઈ આપણા સ્વામીનું વેર લઈએ," વલ્લભે કહ્યું. બધાને તે રુચ્યું. દરેક જણે તૈયારી કરવા માંડી, અને થોડા સમયમાં લશ્કરે વિખરાટ તરફ પ્રયાણ શરુ કર્યું.

## પ્રકરણ ૩૪ મું

### અવિશ્વાસ

જે વખતે મેરળમાં મંડલેશ્વરનું લશ્કર તેના મૃત્યુ સાટે શોક અને ક્રોધ અનુભવતું હતું, ત્યારે પાટણના રાજગઢમાં પ્રસન્ન મ્લાન વદને પીપળાની પૂજા કરતી હતી. એક દિવસમાં તેની આંખનં તોફાની તેજ

પગનો રસિલો ઠમકો, તેનું હસમુખાપણું, અને તેનો આશાવન્ત સ્વભાવ અદૃષ્ટ થયાં હતાં. કાલ સવારની વાત પછી ત્રિભુવન બદલાઈ ગયો હતો. હોઠપર હોઠ દાબી, ઝનૂન ભરી આંખે બધા સામું જોઈ, કપાલ-પર ભયંકર કરચળીઓ ધારી તે આમથી તેમ ફરતો, બધાને હુકમ આપતો, અને પાટણપર પોતાની સત્તા બેસાડતો હતો. તે ગણત્રી શબ્દો બોલતો; તેને થાક ખાવાની જરા ફરસદ નહોતી; આખો દિવસ વૈદ આજીજી કરી, છતાં ઘા રુઝાવા દેવાની તેને પરવા નહોતી. પ્રસન્ને આખો દિવસ, બને ત્યાં સૂધી, તેની પાછળ ભમ્યા કર્યું, તેને જોઇતી ચીજોની સોઈ કર્યા કીધી; પણ ત્રિભુવને એક શબ્દ કે એક હાસ્યથી તેને સંબોધી નહોતી. તે સમજી કે, ત્રિભુવનનો કોપ તેનું હૃદય રોકી રહ્યો છે, અને તેમાં એક પણ બીજી લાગણી માટે સ્થાન નથી. આવી ભયંકર રીતે વર્તતાં તેણે ત્રિભુવનને આજે જ જોયો, અને સૂર્યની ઉગ્રતાએ એક લતા કરમાય, તેમ તે કરમાવા લાગી. પીપળાની પૂજા કરતાં પ્રસન્નની આંખમાં આંસુ આવ્યાં. સુખના દિવસ ક્યારે આવશે? તે લાવવા શું કરવું? આમ ને આમ ત્રિભુવન રહે તો તેનું શું થાય? અકળાયેલી તે પાછી ફરી. ત્રિભુવનની પ્રતિજ્ઞા પૂરી પાડવા તે બને તે કરવા ખુશી હતી; પણ ત્રિભુવન આમ અળગો રહે, એ કેમ ખમાય? એટલામાં લીલા વૈદ દેખાયા.

"વૈદ! ઓ વૈદ! ક્યાં જાઓ છો? સોલંકી ક્યાં છે?"

"હું તો થાક્યો, બહેન! એને તો ભૂત આવ્યું છે; કેટલું કહ્યું ત્યારે હમણાં આવવાની હા કહી. તમે કાંઈ તૈયારી કરાવો."

"હા!" કહી હર્ષનો ડોળ કરી પ્રસન્ન ત્યાંથી ગઈ. તેણે જાતે બધી તૈયારી કરી, અને વાટ જોતી ઉભી. થોડી વારમાં વેરના નિરંતર વહ્નિથી બળતો ત્રિભુવન આવ્યો, અને બોલ્યાચાલ્યા વિના પાટલે જમવા બેઠો, થોડું ખાધું અને ઉઠી ગયો. ખાધા પછી વૈદ તેને પાટા બાંધવા લઈ ગયા. તેમની પાછળ પાછળ પ્રસન્ન ગઈ. ડાહ્યા વૈદરાજ થોડી વારે કાંઈ દવા લાવવાનું બહાનું કહાડી ત્યાંથી ચાલ્યા ગયા. હાથપર માથું મૂકી ત્રિભુવન બેસી રહ્યો; અને પ્રસન્ને પાસે આવી તેના ખભાપર હાથ મૂક્યો ત્યારે તેણે ઉંચું જોયું:–"કેમ?"

પ્રસન્ને થોડી મુશ્કેલીથી અવાજમાં આવેલી ખખરી દૂર કરી; "આમ કેટલા દિવસ ચાલશે?" "શું?"

"આમ તસ્દી ઉઠાવશો તો તમારું વ્રત કેમ પળાશે? બે ત્રણ દિવસમાં પાછા પથારીવશ થઈ જશો," આટલું બોલતાં બોલતાંમાં પ્રસન્નની આંખમાં ઝળઝળિયાં આવ્યાં.

"મારું વ્રત પળાય, પછી મને બીજી પરવા નથી."

"તે મને ખબર છે," જરાક દીલગીરીભર્યું હસતાં પ્રસન્ને કહ્યું; "પણ પથારીવશ પડી શું કરશો ? હવે તો જરા થાક ખાઓ. કાલે બધું તો બરોબર થઈ ગયું. હવે પાટણમાં કોણ પેસવાનું છે ?"

"એમ ? આજે મારે શાન્તુશેઠ જોડે વાત થઈ, તેમાં દાળમાં કાંઈ કાળું લાગે છે. મેં ઉદાને તેની તપાસ કરવાનું કહ્યું છે ખરું, પણ મને કાંઈ સમજાતું નથી. બાર દરવાજામાં ક્યારે અને કોણ આવે, એ શું માલમ પડે ?" ત્રિભુવને પોતાની ચિન્તા દર્શાવતાં કહ્યું. ગમે તેવી વાત પણ ત્રિભુવન સાથે કરતાં પ્રસન્નનું હૃદય હરખ્યું. મૌન કરતાં કંકાસ પણ સારો; તેમાં આ વાતમાં તો તે ખરો રસ લઈ શકે એમ હતી.

"પણ બધા દરવાજા તો બંધ કર્યા છે."

"તેને શું કરે ? નથી દરવાજાનું ઠેકાણું, અને નથી બારીઓનું ઠેકાણું. કાકાજી તો એમ સમજતા હતા, કે આ દુનિયામાં હવે ખાઈપીને ખુશ રહેવા સિવાય બીજું કાંઈ રહ્યું જ નથી. પણ કોઈની પાસે એક કુંચી હોય કે એક દરવાન ફોડેલો હોય તો બધું પતી જાય," કહી ત્રિભુવને તીક્ષ્ણ નજરે પ્રસન્ન સામું જોયું.

"પણ એવા થોડા પેસી જાય, તેને પકડતાં વાર શી ? એમાં આટલું ગભરાવું શું ?"

ત્રિભુવનની નજર વધારે તીક્ષ્ણ થઈ. "મુંજાલ મામા કે જયદેવકુમાર બેમાંથી એક ગામમાં આવે કે, અહિંયાં બધા ફરી જાય. પછી મારી પ્રતિજ્ઞા ક્યાં ટકી રહે ? હવે તો ત્રિભુવન પડે તો જ **મી**નળદેવી અહિંયાં આવે."

પ્રસન્ન કાંઈક સમજી. શું ત્રિભુવન અત્યારે તેની પાસે વાત કઢાવતો હતો ? શું તેને કાંઈ સંશય પડ્યો હતો ? "અરે એમ તે કાંઈ જયદેવકુમાર આવે ?"

"કોઈ લઈ આવે."

"પણ અહિંયાં કોણ એવું હોય ?"

"શાન્તુશેઠ ને બીજા ઘણાએ. આજકાલ ગામ વેચવા તો રસ્તાના ચાલનાર તૈયાર થાય એમ છે."

"ના, ના. પટ્ટણીઓ તે કાંઈ એવા છેક ટેક વિનાના હોય ?" એ શું વિચારો કરતો હતો, તે જાણવાના ઇરાદાથી પ્રસન્ને લાંબી વાત કરવા માંડી.

"પણ અહિંયાં બધા પટ્ટણી ક્યાં છે ? **મી**નળદેવીએ ઘણાએ ભાડુતીઓથી ગામ ભર્યું છે," કચવાટથી, સ્પષ્ટ તિરસ્કારથી, ત્રિભુવને કહ્યું.

પ્રસન્ન પાસે આવી, ત્રિભુવનના ખભાપર ફરી હાથ મૂકયો, અને તેની આંખમાં પોતાની આંખનું તેજ રેડતાં, સ્નેહભીના, દયામણા અવાજે કહ્યું, "ત્રિભુવન! મારાપર હજુ અવિશ્વાસ છે, નહિ?"

ત્રિભુવન જરા પિગળ્યો, "સાચું કહું? હા. મને વહેમ છે."

"મારાપર! મારાપર! કેમ? આટલે વર્ષે?"

"પહેલાં તો તું પટ્ટણી નથી."

"હા," જરા ચીરડાઈ, પ્રસન્ન બોલી; "હા, હું ચંદ્રપૂરની સ્ત્રી છું, જૈન છું, વળી મીનળફોઇની ભત્રીજી છું, દીકરી જેવી છું. શાબાશ, ત્રિભુવનપાલ! શાબાશ, મારું આખું બાળપણ પાટણમાં કહાડ્યું તે ભૂલી ગયા; સામળ બારોટના શબ્દોએ આપણને સાથે સાથે વીરતા શીખવી, તે ભૂલી ગયા, ગઈ કાલે સોલંકી કુમારની પત્ની થવા કબુલ્યું? તે પણ ભૂલી ગયા? મેં નહોતું જાણ્યું કે, આટલે વર્ષે હું પરદેશી છું, તેની ત્રિભુવન સોલંકી યાદ લાવશે."

પ્રસન્નનો દબાવેલો ગુસ્સો બહાર નીકળવા માંડ્યો; તેની આંખો ક્રોધમાં ચમકી ઉઠી, તેનાં મ્લાન મોઢાપર ક્રોધનો તીક્ષ્ણ પ્રકાશ પડ્યો. ચિન્તાએ, ક્રોધે, અશક્તિએ દબાયેલું મન છતાં ત્રિભુવન પ્રસન્નનું લાવણ્ય જોઈ રહ્યો. "તમને હું પતિ માની બેઠી છું, તેમાં તમે મને આવા વહેમે ડામો છો, ખરું?"

"ના," જરા નરમ થઈ બોલતાં ત્રિભુવને કહ્યું; "પણ મારી મૂર્ખાઇથી વ્રતભંગ કેમ થવા દઉં? તારી રીત બધી જૂદી થઈ ગઈ છે. તું પહેલાં જેવી નિખાલસ કયાં છે? તું પહેલાં જેવી સ્નેહાળ કયાં રહી છે?"

"હું નિખાલસ ત્રિભુવન સાથે જ નહિ! અને મારો સ્નેહ કોનાપર ઢોળું? તમને કયાં ફૂરસદ છે કે, તે સ્વીકારવા તસ્દી લો? કાલે હું એક પળ પણ બને તો મળવા તલસી રહી; પણ તમને એમ થયું કે, પ્રસન્ન કયાં છે?"

"હું ગાંડો થયો છું, પ્રસન્ન! પણ તું સાચું કહે છે કે, તું કાંઈ પણ જાણતી નથી? પહેલાં જેવી હતી તેવી જ છે?"

"હજુ પાંચ વખત વધારે પૂછો, એટલે તમને વધારે નિરાંત વળશે. તમારી પાછળ કોણ પાટણમાં એકલું દોડતું આવ્યું? વારંવાર કહેતાં મારી તો જીભ લાજે છે."

"ત્યારે કાલે સાંજે કયાં ગઈ હતી?"

પ્રસન્નને ગુસ્સામાં પણ હસવું આવ્યું. તેના હસમુખા સ્વભાવે પ્રાધાન્ય મેળવ્યું:-"ઓહો! આ બધું તોફાન તે ઉપર કે? ત્યારે કયારના બોલતા કેમ નથી?"

"શા માટે? સાચું કહેજે."

"હા, હા સાચું. તમે ધારો છો, તે વાત ખરી છે. મીનળદેવી આજે સાંજે અહિંયાં છાનાંમાનાં આવવા માંગે છે, અને ચાંપાનેરી દરવાજાથી ઘણુંખરું આવશે."

"હં!" આતુરતાથી સાંભળતાં ત્રિભુવને કહ્યું.

"હા, એક માણસ તેને સામે લેવા સાંજે જવાનો છે."

"તે કોણ?"

"કોઈને હમણાં કહેશો નહિં, કારણ કે વાત જણાશે તો બધું બગડી જશે. મોરારપાળ–"

"હં? તેમાં હરામખોર આગળ પડી દરવાજા પર રહ્યો છે. હમણાં—"

"ના, હમણાં ને હમણાં કંઈ કરવું નથી. હું તેની વેતરણ કરું છું."

"તું શું કરવાની હતી?"

"તે જાણવાની તમને ક્યાં પરવા છે? પણ મોરાર મોટો સામન્ત છે, હમણાં લોકોનો માનીતો છે અને તેને કાંઈ થશે તો સમાજમાં નકામો અસંતોષ ફેલાશે. જે લોકો આજે તમને પુજે છે, તે કાલે તમને પુરા કરવા તૈયાર થશે. અત્યારે અહિંયાં તો જરા હોહા કામની નથી."

"પણ," પાછો અળગો અને વહેમી થતાં ત્રિભુવને પૂછ્યું:–"તેં વાત ઉડાવી, હોં કે? નહિ કહેવી હોય તો તારી મરજી."

"ફરી પાછા ચસક્યા? જરા શ્વાસ તો ખાઓ. કાલે સાંજે હું મોરાર પાસે ગઈ હતી."

"શું કામ? મને કહ્યા વગર?"

"હાજી! હજુ હું તમારી સ્ત્રી નથી થઈ. હું અને મોરાર જરા જરા ઓળખીતાં થયાં છીએ. પરમ દિવસે રાત્રે અમે પાટણ સાથે આવ્યાં–"

"હં—"

"આહા! તમે તમારી મેળે અદેખાઈ કર્યાં કરો. હું એને રીઝાવવા ગઈ હતી."

"તું!" ત્રિભુવન ગંભીરતા અને સખ્તાઈ સિવાય કોઈ ભાવ અનુભવવા અશક્ત થઈ રહ્યો હતો.

"હા. કળે થતું હોય તો બળે શા માટે કરવું? બને તો એને સમજાવું છું. જે થાય તે ખરું."

"ખરેખર!"

"તમારી પ્રતિજ્ઞા તે મારી. હવે નિરાંત વળી કે બીજું કાંઈ છે?"

"શાબાશ, પ્રસન્ન! હું પણ ઘણો જ અવિશ્વાસી બની ગયો છું. માફ કરજે. હું હમણાં માંદો છું."

"તેથીસ્તો, સૂતાએ નથી ને પાટા પણ નથી બંધાવતા. ખરું કેની?"

ત્રિભુવનનું મન થોડુંક પ્રફુલ્લિત થયું હતું. તે ઉઠ્યો, અને પ્રસન્નના બે હાથ પોતાના હાથમાં લીધાઃ—"પ્રસન્ન! એક બીજા કારણથી મારો મીજાજ ગયો છે."

"તે વળી શું છે?"

"તે સોલંકી કેમ કહેવા માંડ્યું?" મહા મુશ્કેલીએ માત્ર પ્રસન્નને રીઝવવા માટે, કૃત્રિમ હાસ્ય કરી મશ્કરી શોધી કહાડતાં તેણે પૂછ્યું.

"શું કહું ત્યારે?" જરા આંખમાંથી હૃદયભેદક બાણ સેરવી પ્રસન્ન બોલી:

"ત્રિભુવન શું ખોટું છે? સોલંકી પરાયા જેવું લાગે છે."

"ઠીક, હવે નહિ કહું. આજે સાંજે હું મોરારપાલને રીઝવવા જવાની છું. સાથે આવશો? નહિં તો તમે—તું, ગભરાયાં કરશે કે, હું ક્યાં નહાસી ગઈ."

"નક્કી જ. વખત છેને તને કાંઈ થાય."

"આહા! વખત છેને કોઈ મને લઈ જાય. ત્રિભુવન! ત્યારે હવે જરા નિરાંતે સૂ."

"ના, જરા વાત કરીએ. તું મારી પાસે અહિં બેસ. આજે કેટલે દિવસે?" કહી ત્રિભુવને પ્રસન્નનો હાથ દાબ્યો.

થોડી વારે લીલાવૈદ આવવા ગયા ત્યારે બે જણને નિરાંતે વાત કરતાં જોયાં. સોલંકીઓની ત્રણ પેઢી તેણે જોઈ હતી, અને તેમના કુટુંબને પોતાનું ગણી રહ્યો હતો. તે કુટુંબનો વીરરત્ન અને તેની જુગતી જોડી જોઈ વૈદનું હૈયું ઉંચું આવ્યું. થોડી વાર ડોસાએ ભીની આંખે બે જણને જોયાં કર્યાં. તેઓ ગંભીર જોસ્સાદાર રીતે પાટણના ગૌરવની વાત કરતાં હતાં, અને હવે શી રીતે મીનળદેવીને હંફાવાય, તેની યુક્તિઓ યોજતાં હતાં. વાતમાં ને વાતમાં પ્રસન્ને ત્રિભુવનનો હાથ આંખે અરકાડ્યો. ડોસા શરમના માર્યા ત્યાંથી ચાલ્યા ગયા.

---

## પ્રકરણ ૩૫ મું
## મોહિની

બપોર વીતી અને સાંજ પડવા લાગી. પાટણમાં ઘણે ભાગે થોડી ઘણી શાંતિ પ્રસરી ગઈ હતી. ધંધો, વેપાર, મોજમજાહ પહેલાં જેવાં સરળ હજી ચાલવા લાગ્યાં ન હતાં, તોપણ લોકોને હવે ખાત્રી થઈ ગઈ હતી, કે તેમનાં ગૌરવની રક્ષા, લાયક માણસો કરી રહ્યા છે. બધા લડાયક

પુરુષો કોટનું રક્ષણ કરવા અને પરદેશી લશ્કર ઘેરો ઘાલે તો બચાવ કરવા તત્પર થઈ રહ્યા હતા. મોઢેરી દરવાજાપર ખેંગાર મંડલેશ્વરે મોરચો માર્યો હતો; અને માત્ર તે જ દરવાજાની બારી ઉઘાડી રાખવામાં આવી હતી. તેમાંથી કોણ બહાર જાય છે અને કોણ અંદર આવે છે, તેનો હિસાબ ખેંગાર લેતા, અને જરૂરની ખબર હોય તે ત્રિભુવનને પહોંચાડતા. બિખરાટમાં ચંદ્રાવતીનું લશ્કર લઈ મીનળદેવી પડી છે, એ વાત આખા ગામમાં પહોંચી ગઈ હતી, અને તેથી લોકો તેનાપર ઘણા જ રીસે ભરાયા હતા.

સાંજ થવા આવી, એટલે રાજગઢમાંથી પાછલે બારણે ત્રણ જણ નિકળ્યાં. પહેલાં એક શાલમાં વિંટાયેલી એક છોકરી, પછી કપડાં ઉપરથી હલકા વર્ગનો લાગતો અને બુકાનીથી મોઢું ઢાંકેલો એક રજપૂત, અને થોડેક પાછળ મૂછોના આમળાપર આમળા ચહડાવતો ડુંગરનાયક. બધાં ઝપાટાબંધ ચાંપાનેરી દરવાજા તરફ ચાલ્યાં અને ઉદાનું ઘર આવ્યું ત્યારે ત્યાં ઉભાં રહ્યાં. છોકરી રજપૂત તરફ ફરી.

"જો, તું ઉભો રહે. હું આવું છું;" છોકરીની આંખો હસતી હતી; "આજે મારું રાજ ચાલે છે."

રજપૂતને આ મશ્કરી ન ગમી હોય એમ લાગ્યું. તે જરા સખ્તાઈથી જોઈ રહ્યો. "તારું નહિ માને તો? નહિ માને તો પછી હું જબરજસ્તી કરીશ."

"તમારે કામ કહાડવું છે કે જબરજસ્તી કરવી છે? અપ્સરાઓ કોઈથી હારી છે?"

"વારુ, હું જરા આઘો ઉભો રહીશ. એ હમણાં આવશે," કહી રજપૂત આઘો ખશી ગયો."

આમ એક અભિસારિકા થઈ બહાર નીકળતાં પ્રસન્નનો સંસ્કારી આત્મા દુઃખાયો. તોપણ પોતાના નિશ્ચય આગળ બીજા વિચારો દૂર કર્યા, અને સામું મહાદેવનું મંદિર હતું તેમાં તે ગઈ. સંધ્યા પછી થોડી વારમાં મોરારપાળે આવવાનું કહ્યું હતું.

ઘાડના સેનાધિપતિએ ચાંપાનેરી દરવાજાની ચોકી કરવાનું પોતાને માથે લીધું હતું; અને શા કારણથી તેણે તે કર્યું હતું, તે ન જાણવાથી ખેંગારે અને ત્રિભુવને તેને તેમ કરવા દીધું હતું. એટલામાં જે બાળા પાછળ તે ગાંડો થઈ ગયો હતો, અને જેનાં સ્મરણો તેના મનમાં રમી રહ્યાં હતાં, તેણે પણ અનાયાસે આ મંદિરમાં મળવાનો જ સંકેત કર્યો; એટલે મોરારનો હર્ષ માયો નહિ. રાણીને માટે દરવાજો ઉઘાડતાં વાર હતી, એટલે બાળા સાથે ઘડી બે ઘડી ગમ્મતમાં ગાળવાનો તેને સારો

લાગ મળ્યો. પ્રસન્નને અંદર ગયાને થોડીક પળ ભાગ્યે થઈ હશે અને તે આવ્યો, અને મંદિરમાં પેઠો. જેટલો તે પોતાના શૌર્યનો ગર્વ રાખતો હતો, તેટલો જ રૂપનો પણ ધારતો હતો. આ પ્રસંગને માટે, તેના સશક્ત અને છટાદાર અંગોપર સાદાં પણ સફાઇબંધ કપડાં તેણે પહેર્યાં હતાં, અને પોતાનાં ધનભાગ્ય સમજી તે મનમાં મલકાતો હતો.

તે અંદર ગયો, આસપાસ જોયું, દર્શન કર્યાં, ઘંટ વગાડ્યો, અને મહાદેવની સામું પાટપર બેઠો. "જય શંભો! ભોળાનાથ!" તે બોલ્યો.

"માગ, માગ, જે માગે તે આપું," પ્રસન્ન મહાદેવના લિંગવાળા ખંડની પાછળ પ્રદક્ષિણા ફરવાની ઓસરી હતી તેમાંથી આવતાં બોલી.

"ઓ હો હો! તમે આવ્યાં છો?"

"આપેલું વચન તો તમારા જેવા નહિં પાળે. મેં ના કહી હતી, છતાં તપાસ કરીને કે, હું કોણ છું?"

"મારો જીવ ન રહ્યો તે હું શું કરું?" ગઈ કાલે પ્રસન્ન મોરારને રાજગઢમાં મળી હતી, અને અત્યારે મળવાનું કહ્યું હતું. પણ આ સુંદરી કોણ છે, તે જાણવાની આતુરતાથી તેણે ઉદાને પૂછી લીધું હતું, અને ઉદાએ તે વાત પ્રસન્નને કહી હતી.

"આવી રીતે સારાં માણસની લાજ રાખો છો કે? એ તો ઠીક છે કે, મેં કાંઈ કર્યું નથી—"

"મેં કોઇને નથી કહ્યું કે, આપણે સાથે આવ્યાં," પ્રસન્નને શાન્ત કરવાના વિચારથી તેણે કહ્યું.

"બહુ અનુગ્રહ થયો. ચાલો, હવે હું જાઉં છું," ઉતાવળનો ખોટો ઢોંગ કરી પ્રસન્ન બોલી. મોરારે બહાર વાદળ સામું જોયું. હજુ અંધકાર પૂરો છવાયો નહોતો, એટલે તેને વખત હતો.

"ના, ના; આવ્યાં શું, અને ચાલ્યાં શું? આટલા માટે મને બોલાવ્યો?"

"મેં તમને શું વચન આપ્યું હતું? એક બીજી વખત મળવાનું. તે આ હું મળી. રાતના મને કોઈ પાછી જતાં જુવે તો તે શું કહે?"

"થોડી વાર તો બેસો. આ તોફાનના દિવસમાં કોણ જોવા બેસવાનું હતું? તેમાં તમારાં કોઈ તો છે નહિ."

"ઠીક લો, થોડી વાર બેસું," કહી પાસે બે થાંભલા વચ્ચે લાકડું જડેલું હતું, તેના પર તે ચઢીને બેઠી; "હવે શું કહો છો?"

"તે દિવસે મીનળબાને મૂકી તમે નાસી કેમ આવ્યાં?"

"તે ખાનગી વાત છે. કોઇને કહેવાય એમ નથી."

"પણ મેં એક વાત સાંભળી છે તે ખરી? તમને તો તેઓ અવન્તી પરણાવવા માગે છે."

મોરારપાલના મહત્વાકાંક્ષી મન આગળ કાંઈ કાંઈ સ્વપ્નાં આવી રહ્યાં હતાં. જ્યારથી એણે જાણ્યું કે, તેની સાથે આવનાર બાલા મીનળદેવીની લાડકવાઈ ભત્રીજી છે, ત્યારથી તેની આશાઓનો પાર રહ્યો ન હતો. મીનળદેવી જો બધી રાજસત્તા પોતાના હાથમાં લે, અને દેવપ્રસાદની શક્તિ ક્ષીણ થાય, તો માળવા જોડે લડાઈ પણ શરુ થાય; તેવા યુદ્ધના પ્રસંગે પોતાના જેવા બાહોશ, અને અનુભવી યોધાને આગળ પડતું સ્થાન મળે, એ પણ સ્વાભાવિક; અને જો પ્રસન્ન માળવે ન પરણે, તો પછી નવા ઉત્સાહી યોધાને શા માટે એ સુંદરી ન વરે ? તપાસ કરતાં તેણે એમ પણ સાંભળ્યું હતું કે, દેવપ્રસાદના છોકરા જોડે પ્રસન્નનો સંબંધ કરવાની કાંઈ વાત ચાલતી હતી ખરી, પણ મીનળદેવીના દબાણથી તે વાત પડતી મૂકવામાં આવી હતી. અત્યારે દૈવની કૃપાથી મીનળદેવીપર ઉપકાર ચડાવવાની તેને સારી તક મળવાની હતી; અને જો રાણીને તે શહેરમાં લઈ આવી, રાજગઢમાં મૂકી આવે તો બીજી પળે શહેરમાં અશાન્તિ મટી જાય, તેની સત્તા પછી હતી તેવી પાછી જામે; સત્તાના તેજને જાળવનારો મોરાર ગુર્જરીશ્વરીનો જમણે હાથ થઈને રહે; અને પછી પ્રસન્નને પરણવું, એ સહેલ વાત બની જાય. આ સ્વપ્નાંનો વ્યૂહ રચતાં, તેણે સામું આવતા વાંધાવચકાને બીલકુલ ગણકાર્યાં નહિં. આ સ્વપ્નાંઓને સમર્થન આપવા તેણે પ્રસન્નને રીઝવવા માંડી, અને ધીમે ધીમે, તેને માલવરાજને પરણવું પસંદ પડે છે કે કેમ, તે વાત કઢાવવાની શરુઆત કરી. પ્રસન્ન એમ ગાંજી જાય એમ ન હતી, એટલે તેણે પણ મોરારને આસમાનના તારા બતાવવા માંડ્યા.

થોડીવારે દેવાલયનો રખેવાળ દીવા કરવા આવ્યો, અને મોરાર ઉઠ્યો. "ચાલો હવે તમારે મોડું થતું હશે."

"વાહ ! વાહ ! ગરજ સરી કે વૈદ વેરી ! હવે હું શું કરીશ ? રાજગઢનાં બારણાં તો બંધ થઈ ગયાં હશે, ને જે માણસને બારી ઉઘાડી રાખવાની કહી છે, તે જમવા ગયો હશે."

"મારે જરા કામ છે. તમે કહો ત્યાં મૂકી આવું."

"અત્યારે ક્યાં જશો ? તમારી ચોકી તો આખી રાત ચાંપાનેરી દરવાજાપર છે. સામું ઉદાના ઘરમાં સુઓ છોને ?"

"હા, પણ મારે આટલામાં જ અત્યારે કામ છે," ગુંચવાડામાં પડતાં મોરારે કહ્યું. અંધારું વધારે ને વધારે થતું જતું હતું.

"ત્યારે તો હું અહિંયાંજ રહું. તમે કામ પરવારી પાછા આવી પહોંચો, અને પછી મને મૂકી આવજો."

"મારાથી તરત પાછા ફરાય એમ નથી."

"ત્યારે હવે એક દિવસ કામ જતું કરાય એમ નથી?" જરા ચીરડાવાનો ડોળ કરતાં પ્રસન્ન બોલી. "ના."

"ઠીક ત્યારે જાઓ. હું મારે અહિંયા બેસીશ, ને મારી મરજી ફાવે ત્યારે જઇશ. તમે તમારું કામ કરો," ગુસ્સાનો ડોળ કરતાં પ્રસન્ને કહ્યું.

"ના, ના; પણ—"

"પણ ને બણ. મને સ્વાર્થી માણસનું મોં નથી ગમતું."

"આવું કહો છો?"

"જાઓ કે ના જાઓ. હું તો પહેલીથી જ જાણતી હતી કે, પાટણની સભ્યતા થાંડમાં પડે પડે કટાઇ ગઈ છે."

"હું ઘણા જ જરૂરી કામે જાઉં છું. તમે જો તે જાણો તો તરત મને જવા દો."

"એવું શું છે? મને કહો," જરા કરગરી પડતાં પ્રસન્ને કહ્યું. તેના હાવભાવ પળે પળે એવા બદલાતા કે, ગમે તેવાનું હૃદય પણ પીગળી જાય; તો આ તો પીગળાવા એક પગે થઈ રહેલો મોરારપાલ! "મને માફ કરો. કહેવાય એવું નથી. કાલે સવારે કહીશ. તમે જાણશો ત્યારે સમજશો. મને જવા દો; મારો વખત થઈ જાય છે."

"આ રહ્યાં બારણાં ઉઘાડાં. મારાપર વિશ્વાસ નહિ હોય તો મને સાંભળવાની ક્યાં પરવા પડી છે?" ગૌરવથી તેણે કહ્યું.

"આમ શું કરો છો? પ્રસન્નમુખી! તમે ડાહ્યાં છો, શાણાં છો, અને આટલું સમજી શકતાં નથી?"

"મારી અક્કલ બહેર મારી ગઈ છે. જાઓ, શું જોયાં કરો છો?"

"તમે મારો જીવ કાપી નાંખો છો, હોં?"

"મારા જીવની તો, કપાઈ કપાઇને ક્યારની, કચ્ચરો થઈ ગઈ, સમજ્યા?" કહી પ્રસન્ન બેઠી હતી ત્યાંથી ભૂસ્કો મારી ઉતરી. ઝાંઝરના ઝમકારાએ યોધાનું હૃદય જિત્યું.

"પ્રસન્નમુખી! તમે મને બહુ ગુંચવો છો. જુઓ, બહાર આવો. હું તમને કહું, પણ છાનું રાખજો."

"મારે કાંઈ સાંભળવું જ નથી," કહી પ્રસન્ન મહાદેવવાળા અંદરના ઓરડા તરફ જવા માંડી.

"પ્રસન્નમુખી!" નિરાશાથી મોરારે કહ્યું.

"ઓ! શું છે?" તિરસ્કારથી પાછું ડોકું ફેરવતાં પ્રસન્ને પૂછ્યું.

"આમ આવો, હું કહું."

"શું કહો છો?"

"ચાલો, બહાર ચાલો, હું કહું," કહી તે પ્રસન્નની સાથે સાથે

મંદિરના બારણા સુધી આવ્યો. તે મૂગી મૂગી, રોફમાં નસકોરું ચઢાવી, સાથે ચાલી. "પ્રસન્નમુખી! મને તમારાં ફોઇબાએ એક મોટું કામ સોંપ્યું છે."

"શું?" બેદરકારીમાં પ્રસન્ને પૂછ્યું.

"અત્યારે તેમને શહેરમાં લાવવાનું. તે અત્યારે આ દરવાજે આવશે."

"પણ અંદર કેમ આવશે?" જાણે કાંઈ જાણતી ન હોય, તેમ બાલાએ કહ્યું; "બારણાં તો બધાં બંધ છે, ને કુંચીઓ તો ત્રિભુવન-પાલ પાસે છે."

"મારી પાસે પણ કુંચી છે, કોઇને કહેશો નહિ."

"તમે ક્યાંથી લાવ્યા?"

"રાણીએ મને આપી છે. ચાલો દરવાજા પાસે, હમણાં બહારથી કોઈ માણસ ઠોકશે. ત્યાંના પહેરેગીરોને મેં છૂટી આપી છે, એટલે કોઈ નહિ હોય."

"પણ ખેંગારસિંહ, ત્રિભુવનપાલ અને બધા લોકો ગુસ્સે થશે તો?"

"શું વાત કરો છો? આ બધું તોફાન તો ચન્દ્રાવતીનું લશ્કર સામું પડ્યું છે તેમાં છે. જ્યાં રાણી અંદર આવ્યાં અને લોકોને તેની ખબર પડી કે, તરત બધે શાન્તિ; અને ત્રિભુવનપાલને કહીએ કે, તું ખાંડ ખા."

છેલ્લા શબ્દો માટે મોરારનું નાક ખેંચવાનું મન પ્રસન્નને થયું. "પણ તમે તો પટ્ટણી છો?"

"સાત પહેડી થયાં. કેમ તેમાં શું?"

"તમારા નગરજનોનું નાક અત્યારે કાપશો?"

"લોકોને વળી નાક શાં? અને હોય તોયે મીનળબાનો શબ્દ તે મારે શિરસાવંદ્ય. પણ તમે આમ કેમ બોલો છો? રાણી અહિયા આવે, તે તમને ગમતું નથી?"

"અહિંયાથી નહિ ગયાં હોત તો ગમત," પ્રસન્ને કહ્યું; "પણ શોક મૂકી, પાટણ છોડી, ચન્દ્રાવતીના દળને જઈ મળ્યાં, એટલે મારું મન ઉડી ગયું. પાટણની રાણી તે તેના પ્રભાવની મૂર્તિ હોવી જોઇએ, કે તેને પરાધીન બનાવનારી?"

"પ્રસન્નમુખી! તમારી છટા તો સામળ બારોટની છટાને ટક્કર મારે એમ છે."

"તેનાં ચરણની રજ જેટલું અભિમાન તમારામાં હોય તો સારું, પણ આ શું કરો છો?"

"બારી આગળ ઉભો રહું છું કે, કોઈ બહારથી આવે તો ખબર પડે."

અત્યારે ચાંપાનેરી દરવાજા આગળ કોઇની આવરજાવર હતી નહિ, એટલે તેઓ નીરાંતે ઉભા રહી વાત કરી શક્યાં.

"મોરારપાલ! તમે કોના? પાટણના કે તેની રાણીના?"

"પાટણની રાણી તે મારી માલીક."

"તમારું નગર વેચાય તે તમે જોઈ રહો? રાજારાણી તો આજે આવે ને કાલે જાય, પણ ગઈ ટેક ફ્રી આવે? તમારે મન પાટણ તો પૃથ્વીમાં પહેલું જોઇએ."

"અને છે જ. પણ તેથી રાણીના હુકમનો અનાદર થાય?"

"પણ એક નિર્જીવ હુકમના અનાદર માટે તમે તમારા પટ્ટણીઓને જીવતા વેચશો? તેમના ગૌરવપર, તેમની સ્વતંત્રતાપર પાણી ફેરવશો?"

"તમે નકામાં ઉકળો છો? માલીકનું ફરમાન, એ જ રજપૂતોને શોભે."

"એમ જો તમારા બાપદાદા ધારતા હોત, તો અત્યારે પાટણપર ગીઝનીના ખંડિયાઓ રાજ કરતા હોત. મોરારપાળ! મોરારપાળ! તમે શૂરવીર છો, દાના છો. હું રસ્તાની ચાલનાર નથી, રાજાઓની દીકરી છું. હું, કહો તો, પાલવ પાથરીને માગું છું કે, પાછા ચાલો; ને જે રાણીએ પાટણને છેહ દીધો, મુંજાલને અને મંડલેશ્વરને દગો દીધો, તે રાણીને રખડતી રહેવા દો; તમારા નગરનું નાક કાપી, દુનિયામાં તેને તુચ્છકારને પાત્ર નહિં બનાવો."

"મેં નહોતું જાણ્યું કે, તમારે ફોઇભત્રીજીને આટલું વૈર છે."

"મેં પણ નહોતું જાણ્યું કે, ધાંડનો સૈનાધિપતિ આવો ખુશામતિયો છે."

"પ્રસન્નમુખી! હું શું વખાણું? તમારા શબ્દ કે તમારો જુસ્સો? મને એમ થાય છે કે, આખો ભવ તમારાં વાક્યો અને તમારાં નયનોની વિદ્યુત્ સહ્યાં જ કરું. પણ આ બધું કહો છો, તે પત્થરપર પાણી."

એટલામાં બહારથી બારીપર બેચાર ટકોરા થતા સંભળાયા. તરત મોરાર ફર્યો, કાન દીધા, અને કુંચી કહાડવા ગજવામાં હાથ મૂક્યો. પ્રસન્ને તેનો હાથ પકડ્યો.

"મોરારપાલ! તમે ટેકીલા રજપૂત થઈ આ કરો છો?"

"હા, તમે મને રોકો નહિં. હું અડગ છું," કહી મોરારપાલે કુંચી કહાડી, બારીપર ઠોકી, અને પછી ભોગલ ઉઘાડવા હાથ મૂક્યો.

"તમે આવું અધમ કામ કરશો? તમે જરા સાંભળો તો ખરા," ઉતાવળથી પ્રસન્ને કહ્યું.

મોરારે ભોગલ ઉઘાડી, એટલે બારીનું બારણું માત્ર સાંકળે જ બંધ

સમજ્યા? સંસાર સુધારશો કે બગાડશો?" કહી પ્રસન્ને પોતાના બે હાથ મોરારના બે ખભાપર મૂક્યા. હિંમતવાન્ પ્રસન્ન છેલ્લો પાસો નાંખતી હતી; તેની મોટી આંખોના ચમકારા મોરારના હૃદયમાં ભડકા ઉઠાડતા હતા; પ્રસન્નના સ્પર્શથી તે ધ્રૂજી ઉઠ્યો; તેની સાન જવા માંડી.

"પ્રસન્નમુખી! મને ક્યાં ઘસડશો? ખરું કહો છો?"

"તમારી કુંચી મને આપો, પછી જે કહો તે કબુલું."

"ખરેખર?" પ્રસન્નના હાથ ઝાલી ઉર્મિઓના આવેશમાં તે બોલ્યો.

"હા, લાવો," મોરારપાલના શિથિલ હાથમાંથી પ્રસન્ને કુંચી લઈ લીધી.

"પેલી ભોગળ બંધ કરો," ધ્રૂજતે હાથે મોરારે તે કર્યું.

"મોરારપાલજી! આજે તમે પાટણને જીવિતદાન આપ્યું," જરા હસતાં પ્રસન્ને કહ્યું.

"તમે મને હવે જીવિતદાન ક્યારે આપો છો?"

"મોરારપાલ!" એકદમ સ્વરૂપ બદલી ધિક્કારથી પ્રસન્ને કહ્યું, "મારું ચાલે તો ચોરાશી ભવે પણ નહિ."

"હેં!"

"હેં, શું? હા. જે વસ્તુ તમે પાટણ માટે નહિ કરી, તેના ગૌરવ, તેના સ્વાતંત્ર્ય, તમારા બાપદાદાની ટેક માટે નહિ કરી, તે આ માટીની પૂતળી માટે કરી; અને હવે તમને પરણું? અરે તમને સ્પર્શ પણ કરું નહિ. અહિંયાં બધી ધાંડની ભીલડિયો નથી," કહી કેડપર હાથ મૂકી હિંમતથી પ્રસન્ન ઉભી રહી, અને મોરાર સામું જોયા કર્યું.

શરમથી, ગુસ્સાથી, નિરાશાથી, મોરાર દિઙ્મૂઢ જેવો જોઈ રહ્યો. "તમે શું સાચું કહો છો?"

"હા, હા, દશ હજાર વાર સાચું. તમારું મ્હોડું જોતાં મારી આંખો લાજે છે. તમારા જેવા દ્રોહીઓને તો ઘાણીમાં પીલાવી પીલાવીને પૂરા કરવા જોઇએ. તમે મારું માન્યું હોત અને પાટણની ટેક ખાતર કુંચી આપી હોત, તો મારા ભાઇથી અધિક તમને ગણત; પણ હવે? હવે, તમારે ઓળે અભડાઈ જાઉં છું."

"કપટી! મારી ભલમનસાઇનું આ પરિણામ? તમને ખબર છે કે, તમારા હાથમાંથી કુંચી લેવી કેટલી સહેલી વાત છે?"

"મગદૂર હોય તો લો, જોઉં? હવે મૂગા મૂગા ચાલ્યા જાઓ. નહિ તો લોકો તમારી ફજેતી જોશે."

"એમ કે?" કહી મોરાર એકદમ પ્રસન્ન તરફ ધસ્યો.

પ્રસન્ન જાણતી હતી કે, ધીમેથી દરવાજાના ઓથામાં ત્રિભુવન અને

ઝપાઝપી થઈ હતી, તે કહેવા આવ્યો હતો. બીજો માણસ માલવરાજ ગૂર્જરરાષ્ટ્રમાં પેઠો, તેની ખબર કરવા આવ્યો હતો. ત્રીજો માણસ મહા મુસ્કેલીએ આવ્યો હોય તેમ લાગ્યું.

"મહારાજ! બાપુ! મને શું ઓળખતા નથી? હું–"

"કોણ? રામસિંહ!" કહી ત્રિભુવન આગળ આવ્યો; "કેમ છે? શું નવાજૂની? બાપુ, વલ્લભ–"

હા, બાપુ! મને વલ્લભસેન મહારાજે મોકલ્યો છે."

"ક્યાં છે તે?"

"અન્નદાતા! તે મેરળનું લશ્કર લઈ વિખરાટથી થોડે દૂર આવી લાગ્યા હશે. મને ખબર કરવા આગળ મોકલ્યો છે."

"શાબાશ! હવે તારી ફોઇબાને કહીએ કે લેતાં જાઓ," પ્રસન્ન તરફ ફરીને કહ્યું; "બાપુનું પુણ્ય હજી તપે છે. બાપુ"–

"પણ, મહારાજ! બીજી એક વાત કહેવાની છે," ગભરાતાં ગભરાતાં રામસિંહે કહ્યું.

"શું?" મનમાં ફાળ પડતાં ત્રિભુવને તેના તરફ ફરીને કહ્યું. રામસિંહ વધારે ગભરાયો; શું કહેવું તે તેને સૂઝયું નહિ.

"હું ગંભીરમલ્લની જોડે હતો."

"હા, મંડુકેશ્વરમાં! પછી બાપુ ત્યાં વખતસર આવી લાગ્યા હશે. ક્યાં છે? ગભરાય છે શું? તારી આંખમાં પાણી શાનાં આવે છે! બોલ," રામસિંહને જેમ જેમ ગભરાતો જોયો, તેમ તેમ વધારે આકળા પડીને ત્રિભુવને પૂછ્યું.

રામસિંહે રડી દીધું. "મહારાજ! ક્ષમા કરો. મારાથી નથી રહેવાતું. મંડલેશ્વર મહારાજ......સ્વધામ...ગયા......"

ત્રિભુવનના મ્હોંપર જે કઠોરતા, ઉગ્રતા ગઈ કાલે આવી ગઈ હતી, તે પાછી આવી ગઈ. પોતાની લાગણીઓ કબજામાં રાખી તેણે પૂછ્યું, "ક્યાં? ક્યારે?"

"મહારાજ! કાલે રાત્રે સરસ્વતીમાં!"

"સરસ્વતીમાં! ત્યારે હંસાબા ક્યાં?"

રામસિંહે, મંડલેશ્વર એમને મળ્યા ત્યાંથી તે નિરાશ વલ્લભ મેરળ પાછો આવ્યો ત્યાં સૂધીનો ઇતિહાસ ટુંકામાં કહ્યો. ત્રિભુવને તે સાંભળ્યો. એટલામાં જે જે માણસો લીલો, ઉદો વગેરે ગઢમાં જ હમણાં રહેતા હતા, તેઓ પણ ત્યાં આવી લાગ્યા; બધા શોકમાં કકળી ઉઠ્યા. પ્રસન્ને લીલાને ત્રિભુવનની સાથે રહેવાનું કહ્યું. વાત સાંભળી રહી થોડી વાર ત્રિભુવન મૂગો રહ્યો. તેની આંખમાં આંસુ નહોતાં, તેના

મ્હોંડાપર શોક નહોતો, તેનું મ્હોંડું શબસમાન જડ થઈ ગયું હતું, તેની આંખો બે અંગારાની માફક માત્ર ચળકી રહી હતી.

"ઉદા!" કઠોર અવાજે તેણે કહ્યું, "ગામમાં દાંડી પીટાવો અને ખબર કહાવો, અને પંડિતો, શાસ્ત્રીઓ, સામન્તો અને મહાજનના શેઠોને એકદમ બોલાવવા મોકલો," કહી ત્રિભુવન ત્યાંથી ચાલી ગયો. કોઇએ તેની પાછળ જવાની હિંમત કરી નહિં; માત્ર એક પ્રસન્ન ગઈ. અત્યારે ત્રિભુવનના ગુસ્સાનો ઘણો ડર લાગ્યો, છતાં તેને આશ્વાસન આપવું તેને જરૂરનું લાગ્યું. અંદરના ખંડમાં જઈ ત્રિભુવને, કોઈ ત્યાં છે કે નહિં તે જોયા વિના, ગાદીપર પડતું નાંખ્યું.

પ્રસન્ન એક પળ ગુંચવાઇને ઉભી રહી. આટલાં વર્ષ ભેગાં બેસતાં, મસ્તી તોફાન કરતાં તે, બે નિર્દોષ ગોઠિયા અવિચારથી કરે તેમ કરતાં. છેલ્લા બે દિવસથી તેમના સંબંધમાં કાંઇક ફેર થયો હતો. શો સંબંધ હવે થશે, તેનું જ્ઞાન તેને આવ્યું હતું. આ જ્ઞાને પ્રસન્નની માનસિક સ્થિતિમાં ઘણો ફેરફાર કર્યો હતો. ત્રિભુવનને સ્પર્શ કરવો, ઉર્મિઓથી ઘસડાઈ જઈ તેના હાથને પોતાના હાથમાં દાબવો, એ કાંઇક ભગીરથ કામ હોય, મોટામાં મોટું સુખ કે લાહાવો હોય એમ તેને લાગ્યું. તેને માટે એ અજબ રીતે આજે તલસી, તે મેળવતાં અજબ રીતે શરમાઈ. આવી સ્થિતિમાં પહેલાંના જેવી છૂટથી તેની સાથે વર્તવું એને અશક્ય લાગ્યું. આવે વખતે સ્ત્રીઓને સહેલાઇથી પ્રાપ્ત થતાં જ્ઞાનથી તેને લાગ્યું કે, ત્રિભુવન 'ચઢી' ગયો હતો; તેની લાગણીઓ એટલી ઉકળી ગઈ હતી કે, સાધારણ રસ્તે તેનો પ્રવાહ નીકળી શકતો નહોતો. એક ઠેકાણે જમા થઈ તેને સૂમ અને વિકરાળ બનાવી દેતો હતો. આ સ્થિતિ ઘણી ખરાબ છે, અને તેમાંથી ત્રિભુવનને બચાવવાનું કામ તે જ કરી શકે એમ છે, એમ તેને ભાસ્યું. લજ્જા, મર્યાદા, એ બધાંને તેણે જતાં કર્યાં, અને તે ત્રિભુવન પડ્યો હતો તેની પાસે બેસી ગઈ, અને તેના હાથ પોતાના હાથમાં લેવાનો પ્રયત્ન કર્યો. ત્રિભુવને તેના હાથ જોરથી તરછોડી નાંખ્યા, અને તેની વિકરાળ આંખોથી પ્રસન્ન સામું જોઈ રહ્યો. પ્રસન્ન જરા પણ ડરી નહિં. "ત્રિભુવન!"

"તું અહિંયાથી આઘી જા, મારે કોઈનું કામ નથી," કહી સૂતો હતો તે જરા બેઠો થયો. પ્રસન્ન વધારે પાસે બેઠી, અને તેનો હાથ લીધો, અને બીજે હાથે તેનું માથું પોતાના ખોળામાં લેવાનો પ્રયત્ન કર્યો.

"જાય છે કે નહિ?" કહી ત્રિભુવને ધક્કો મારી પ્રસન્નને ત્યાંથી દૂર ધકેલી, અને બેઠો થયો; "અત્યારે પણ મજાક!"

પ્રસન્નને વાગ્યું, છતાં તે ઉઠી પાસે આવી બેઠી, અને ત્રિભુવનના ખભાપર હાથ મૂક્યો. "તમે શું કરવા માંગો છો, તે તો કહો."

ત્રિભુવન વધારે ઉકળ્યો, અને જુસ્સામાં હાથની મુઠ્ઠી વાળી ઉંચી ઉગામી. તેણે પ્રેમાળ પ્રસન્નની અમીભરી, આંસુભરી આંખો જોઈ, હાથ પાછો નીચે નાંખી દીધો.

"પ્રસન્ન! પ્રસન્ન! મને શું કામ અત્યારે ચીડવે છે? તું જોતી નથી? બાપ ગયા, મા ગઈ, સંસારમાં હું એકલો છું," તેણે કહ્યું. અટકી રહેલી ઉર્મિઓનો પ્રવાહ એકદમ નીકળ્યો, ત્રિભુવનની સખ્તાઈ ગઈ, તે ધાંટો પાડી રડી પડ્યો; ધ્રૂસકાંએ તેનું આખું શરીર હલાવી નાંખ્યું; "મારા બાપુ! બાપુ!"

એક શબ્દ બોલ્યા વિના પ્રસન્ને તેને હાથમાં લીધો, અને તે નાનો બાળક હોય, તેમ તેના માથાપર અને કપાળપર હાથ ફેરવવા લાગી. દુઃખના પ્રાબલ્યથી દબાયલો ત્રિભુવન તાબે થયો. સ્ત્રીજાતિમાં ગમે તે ઉમરે માતાપણાના અંશો રહેલા હોય છે; તે અંશો જ તેનામાં સહિષ્ણુતા, ક્ષમા અને સ્નેહ પ્રેરે છે; દુઃખ ઓછું કરાવવાની શક્તિ આણે છે; અને તેના જ વડે તેનો દિગ્વિજય આટલો સહેલો થઈ પડે છે.

જેવી શહેરમાં ખબર થઈ કે, જતિએ રુદ્રમહાલય બાળી મંડલેશ્વરને બાળવાનો પ્રયત્ન કર્યો, અને તેમાંથી છૂટી, તરીને નાસતાં પણ જતિની દગલબાજીથી તે મૂવો, તેવો લોકોમાં ખળભળાટ થઈ રહ્યો. વિલાપના સ્વરો ચારે દિશામાંથી ઉઠવા લાગ્યા. બહાદુર પટ્ટણીઓ શૌર્યભક્તો હતા; અને ગમે તેવો મંડલેશ્વર પણ શૌર્યની મૂર્તિ હતો. તેનો સ્વભાવ, તેની કીર્તિ, તેનું બાહુબળ, તેના લગ્નના અને મૃત્યુના પ્રસંગો ગમે તેવા રસ વગરના માણસનું હૃદય પણ પ્રશંસાથી, ભક્તિથી ભરપૂર કરે એવાં હતાં. આખાં ગામમાં, જાણે આજે જ બધાનો પૂજ્ય પિતા મરી ગયો હોય, એવી ગ્લાનિ પ્રસરી રહી, અને રાણીની સામું તેમ જ ચંદ્રાવતીની સામું વેર લેવાના સંકલ્પો બધાના મનમાં થવા લાગ્યા. સવારના પહોરમાં ઉદાએ તેડું મોકલી દરેક ન્યાતના આગેવાનો અને પ્રતિષ્ઠિત શેઠો અને સામન્તોને બોલાવ્યા હતા. બધા શોકગ્રસ્ત થઈ તેમ જ ખુન્નસે ભરાઇને દરબારમાં આવ્યા. જ્યારે બધા ભરાઈ રહ્યા ત્યારે ખેંગાર મંડલેશ્વર ત્રિભુવનને બોલાવી લાવ્યા. ત્રિભુવન ઘણો નરમ થયેલો લાગતો હતો; માત્ર તેની આંખમાં જ લોહીતરસ્યું તેજ ચમકતું હતું. તે આવ્યો એટલે બધાએ ઉભા થઈ આવકાર દીધો. પછી બધા બેઠા અને ત્રિભુવને બોલવા માંડ્યું. તેનો અવાજ શાંત અને ધીમો હતો.

"બંધુઓ! ગૂજરાતની ગાદીને કેવી રીતે કલંકિત કરવામાં આવી

છે, તે તમે બધાએ જાણ્યું હશે. મેં તમને બધાને બોલાવ્યા, તેનું એક જ કારણ છે. મારાં મા અને બાપને મારી નાંખનારામાટે પુત્ર તરીકે મારો એક જ ધર્મ છે, અને તે ધર્મ મારી તરવાર બજાવશે. પણ તમે બધા તેમાં રાજી છો? અત્યાર સૂધી પરદેશીઓ ન પેસે, તે માટે આપણે લડતા હતા; હવે હું રાજદ્રોહી થયો છું, તમે થવા ખુશી છો? મારે મન મીનળદેવીને એક જ રસ્તો રહ્યોઃ ચન્દ્રપૂર પાછાં જવાનો. જો તે જાય, તો જયદેવકુમાર સોલંકીઓની ગાદીએ આવશે. નહિ તો મારા જીવતાં પાટણમાં મીનળદેવીને પેસવા દેવાનો નથી. જો તમારો વિચાર એ પ્રમાણે ન થાય તો હું અહિંયાથી જતો રહીશ. મારું લશ્કર પડ્યું છે, તે મારી વાટ જુવે છે, અને તેમના માલીકનું વેર લેવા તલસે છે. તમે બધા ગામના ઘરડા છો; વિચાર કરી જુઓ. તમારા મંડલેશ્વરનું વેર લેશો કે, છાનામાનાં બેસી રહેશો?"

બધા એક એકની સામું જોવા બેઠા. ત્રિભુવન સમજ્યો.

"હું જાઉં છું. તમે બધા વિચાર કરી મને કહાવજો, પછી હું આવીશ," એમ કહી તે ત્યાંથી અંદરના ખંડમાં ગયો. ત્યાં રાજકુટુંબનાં કેટલાંક બૈરાંઓ, કર્ણદેવની જૂની બે રાણીઓ કે જેઓનો ધંધો નિરાંતે ખાઇપી રાજખટપટની મજાહ જોવાનો હતો, તેઓ ઉભાં હતાં. ગમે તે સોલંકી આવે, પણ તેમને નિરાંત હતી. તેમાં પ્રસન્ન દેખાઈ નહિ, એટલે ત્રિભુવન ત્યાંથી આગળ ગયો. પ્રસન્ન ઝડપથી પોતાનાં કપડાં અને ઘરેણાંનો ઢગલો કરતી હતી.

"શું કરે છે અત્યારે?"

"પાટણથી બહાર જવાની તૈયારી," પ્રસન્ને જવાબ આપ્યો.

ત્રિભુવન પાસે આવ્યો, તેની સખ્તાઈ જરા પીગળી, તેણે પ્રસન્નનો હાથ લીધો, અને કૃતજ્ઞતા સહિત દાબ્યો. અજાણે પ્રસન્નનો હાથ ત્રિભુવનની કેડને વિંટાયો. થોડી વાર મૂગાં મૂગાં તે આમ ઉભાં રહ્યાં.

ત્યાં આગેવાનોમાં થોડી વાર સૂધી ઘણી સખ્ત ચર્ચા ચાલી. તેમાં બધા એકબે વાતપર તો નિશ્ચિત હતા. એક તો દેવપ્રસાદનું મૃત્યુ ઘણું કારમું હતું, પાટણના ગૌરવને ઘણું અપમાનકારક હતું, અને તેને માટે કાંઈ કરવું જોઇએ; બીજું, મીનળદેવીપર કોઇને ખાસ ભાવ હોય એમ લાગ્યું નહિ. પંડિતો અને શાસ્ત્રીઓમાં તો લીલો અને ગજાનન પંડિત સિવાય બધા જૈન રાણીની વિરુદ્ધ હતા; સામન્તો પણ ઘણાખરા ક્યાં તો મંડલેશ્વરને લીધે, કે ચંદ્રાવતીની સત્તા પસંદ નહોતી તેથી, રાણીની સામું હતા. શેઠોમાં પહેલાં જરા મતભેદ લાગ્યો, પણ થોડી ચર્ચા પછી બધાને લાગ્યું કે, જ્યાં સૂધી મીનળદેવી છે ત્યાં સૂધી

પાટણને પળ વાર શાન્તિ મળવાની નથી. આ બધા કારણથી તેઓ એક નિર્ણય પર આવ્યા, અને ખેંગાર અને લીલો ત્રિભુવન પાસે ગયા.

"મહારાજ!" ખેંગારે કહ્યું, "પધારો, અમે નિર્ણય કર્યો છે."

"શો?"

"તમારી પડખે આખું પાટણગામ છે. જ્યાં તમે, ત્યાં અમે બધા, ચાલો."

ત્રિભુવનને નિરાંત વળી. તે ત્યાંથી બહાર આવ્યો. પ્રસન્ન ઘરેણાંલુગડાં ભેગાં કરવાં છોડી પાછળ આવી.

થોડી વારે લોકો વિખરાયા. ત્રિભુવને એક હાથે બધી સત્તા કરી, અને મોરારપાલને રાણી પાસે જવાને સમજાવવા ઉદાને મોકલ્યો. મોરારપાલે ત્રિભુવનનો સંદેશો લઈ જવાનું સ્વીકાર્યું; કારણ કે, પાટણમાં રહેવાનું તેને અકારું થઈ પડ્યું હતું.

ત્રિભુવને બીજો સંદેશો વલ્લભને મોકલાવ્યો કે, પાટણ હવે તેના હાથમાં છે, માટે લશ્કર તૈયાર રાખી વલ્લભે માત્ર ત્યાં જ બેસી રહેવું.

## પ્રકરણ ૩૭ મું
## રાણીની નિરાશા

જ્યારે મીનળદેવીને ચાંપાનેરી દરવાજા આગળથી કાંઈ જવાબ ન મળ્યો ત્યારે તેના ગુસ્સાનો અને કચવાટનો પાર ન રહ્યો. તેની ગણત્રીમાં એવું કોઈ વખત નહોતું આવ્યું કે, 'મોરારપાલ આમ ફસાવશે.' કોની સામું ગુસ્સો કહાડવો, તે કાંઈ પણ ન સમજાવાથી મીનળદેવીનો ગુસ્સો વધારે ને વધારે ધુંમાયો. સાંજના અંધકારમાં પાછો નીકળી, નાસીપાસ થયેલો રસાલો મોડી રાતે, જ્યાં ડેરાતંબુ નાંખી લશ્કરે પડાવ કર્યો હતો ત્યાં પહોંચ્યો. રાણી પોતાને ઉતારે ચાલી ગઈ. તેને સદ્ભાગ્યે સેનાધિપતિ સિવાય કોઈ જાણતું ન હતું કે, રાણી પાટણ જવા નીકળી હતી.

આ મુશ્કેલીની વખતે કોની સલાહ લેવી? હજુ સૂધી આનંદસૂરી આવ્યો ન હતો. રાણીએ તેને કચવાટમાં ગાળોગાળ દીધી; બીજા બધા પરગામીઓમાં કોઈ એવું ન હતું કે, જેની મદદ તે લે. હા, એક મુંજાલ હતો; પણ નાક નીચું કરી રાણી તેને પૂછવા જાય? મુંજાલ કેદી થઈ પહેરેગીરોની સાથે ફર્યા કરતો, અને એક શબ્દ પણ બોલતો ન હતો. એની સલાહ અત્યારે સોના કરતાં વધારે કિંમતી થાય, પણ પોતાનું અભિમાન છોડી તેને પૂછવા જવું? રાણીએ એવો વિચાર મગજમાંથી કહાડી નાંખ્યો;

અત્યારે તેને પોતાની સ્થિતિનું કાંઇક ભાન થયું. મુંજાલ હંમેશાં કહેતો કે, મારી બુદ્ધિવડે તમારી સત્તા ટકે છે, ત્યારે રાણી તેને હસતી; ત્યારે તેને વિચાર આવતો કે, જાણીજોઇને મુંજાલ તેની સત્તા વહેલો વહેલો બેસાડતો નથી. અત્યારે તેને મુત્સદ્દીની મહત્તાનો કાંઇક ખ્યાલ આવ્યો. સામું પાટણ કોટ બંધ કરી બેઠું હતું; પાછળ મંડલેશ્વર લશ્કર લઈ ઝઝૂમતો હશે; માત્ર ચંદ્રાવતીનો આશરો લઈ, પરદેશી રાણીની માફક પારકા લશ્કરપર આધાર રાખી, તે અહિંયા રાજ લેવા પડી હતી. જેમ જેમ તે વધારે વિચાર કરતી ગઈ, તેમ તેમ તેનો ગુંચવાડો વધતો ગયો; તેની નિરાધારીનું ચિત્ર વધારે ને વધારે મન ચક્ષુ આગળ ખડું થયું.

"બા! એક કોદાળિયો કાંઈક ખબર લઈ આવ્યો છે. તેને સેનાધિપતિએ અહિં મોકલ્યો છે."

રાણીએ ઉંચું જોયું; પોતાના જૂના ચોપદાર સમરને જોઈ તેની આંખમાં આંસુ આવ્યાં; તે નિમકહલાલ ચોપદાર રાણીની સાથે સાથે જ ફરતો હતો. "અંદર બોલાવ!"

"જી!" કહી સમર કોદાળિયાને અંદર બોલાવી લાવ્યો.

"બા! અહિંયાથી બે જોજનપર વલ્લભસેનનું લશ્કર આવ્યું છે."

"હેં! ત્યારે મંડલેશ્વર પણ સાથે હશે?"

"ના, બા! મંડલેશ્વર તો સરસ્વતીમાં બૂડીને મરી ગયા, અને મંડુકેશ્વરનું મહાલય જતિએ બાળી મૂક્યું, એવી વાત આવી છે."

"તેં ક્યાથી જાણ્યું? શું ખરી વાત?" રાણી પણ ચમકી.

"બા! હું તો વાત સાંભળીને અહિંયા આવ્યો."

"ઠીક, બીજું કાંઈ કહેવું છે? નહિ તો જા."

"ના, બા! વિજયપાલજીએ તપાસ કરવા સૈનિકો મોકલ્યા છે."

"ઠીક," કહી રાણીએ તેને વિદાય કર્યો.

રાણી વધારે વિચારના વમળમાં પડી; 'મંડલેશ્વર ગયો, અને વલ્લભ લશ્કર લઈ અહિંયા આવ્યો.' વિશ્વપાલે અડગ વલ્લભની વાત બધી રાણીને કરી હતી. વિચારમાં અને વિચારમાં સૂતેલા છોકરાની સામે અવારનવાર જોઈ, આંસુ ઢાળી, રાણીએ આખી રાત વીતાવી. તેને મન દરેક પળ વધારે ને વધારે ભયંકર થતી હતી; સવારે વધારે ચોક્કસ ખબર મળી. 'વલ્લભ લશ્કર લઈ નિરાંતે બે જોજન દૂર જ રહેવાનો ઈરાદો રાખતો હતો, અને તેની સાથે આનંદસૂરી પણ કેદી તરીકે હતો. 'જાસુસોની ખબર ઉપરથી લાગ્યું કે, 'મંડલેશ્વર ગયેથી એના માણસો વિખરાઈ જવાનો ઈરાદો રાખતા ન હતા; અને ચન્દ્રાવતીનું લશ્કર વધારે મોટું હોવાથી વલ્લભે આમ બેસી રહેવાનો રસ્તો લીધો હતો,' એમ લાગ્યું.

"બા !" જયદેવકુમારે કહ્યું; "આપણે કાલે પાછાં કેમ આવ્યાં ? બા ! પાટણ ચાલોની."

"જઇશું, જઇશું. જરા વાર છે," મીનળદેવીએ સાંત્વના આપી. પણ જયદેવને આ પરદેશીઓમાં કાંઈ ચ્હેન પડતું નહિ, અને તેને પણ લાગ્યું કે, અત્યારે સ્થિતિ વધારે ગંભીર થતી ગઈ હતી. વધારે બોલ્યા વગર તે મૂગો રહ્યો.

સૂર્ય જરા ચડ્યો, એટલે મીનળદેવીએ વિશ્વપાલ અને બીજા એક બે વિશ્વાસુ સામન્તો, શાન્તુશેઠનો એક છોકરો વિનયચંદ્ર, અને ચન્દ્રાવતીનો સેનાધિપતિ વિજયપાળ એટલાને પોતાની પાસે બોલાવ્યા. લશ્કરમાં મંડલેશ્વરના મૃત્યુની વાતથી કાંઇક હર્ષ થયો હતો, અને રાણીના ગઈ કાલના અનુભવથી બધા અજાણ હોવાને લીધે બધાને વિજય મેળવવો હાથવેંતની વાત લાગતી હતી. 'પાટણમાં લોકો વિફર્યા છે' એવી વાત આવી હતી, 'પણ ત્યાં કોઈ બાહોશ માણસ નથી, તેથી કાંઈ વળવાનું નથી, અને લોકોની ઝનૂન ક્ષણભંગુર હોય છે,' એમ બધા ચોક્કસ માનતા હતા; એટલે જ્યારે બોલાવેલા યોધાઓ આવ્યા, ત્યારે તેઓ આશાના પૂરમાં તણાતા હતા. ૨૦

બધા બેઠા, અને 'શું કરવું' તેનો વિચાર કરવા લાગ્યા. સાથે આવ્યા હતા, તેથી રાતની વાત વિનય અને વિશ્વપાલ એજ જાણતા હતા, પણ તે સિવાય કોઇને રાણીએ વાત કહી ન હતી; એટલે તે વાત કોઇએ છેડી નહિ.

વિજયપાલ અનુભવી યોધો હતો. તેણે વિચાર કરી કહ્યું, "બા ! બધી વાત ખરી. આપણાં માણસો વિશ્વાસુ છે, અને તેમની સંખ્યા ઘણી મોટી છે. પણ હમણાં તો આપણે બે તરફથી સપડાયા જેવા છીએ. એક ગમ પાટણ અને બીજી ગમ વલ્લભ. માટે જેમ બને તેમ જલદીથી બેમાંથી એક ભય જવો જોઇએ. તમે જો એમ ધારતાં હો કે, પાટણ આપણા તરફ છે તો તેને રીઝવવાનું શરુ કરો. ખેંગાર કે જે કોઈ બીજો હોય તેની અથવા કોઇની મારફતે આપણે પાટણનો ભય ટાળવો જોઇએ. નહિ તો પાટણનો ઘેરો શરુ કરો. આમ બેસી રહે સૈનિકોનો ઉત્સાહ ભાંગતો જાય છે."

રાણી, વિશ્વપાળ અને વિનયે એકએકની સામું જોયું. પાટણમાં તેમને વિશ્વાસ પળેપળે ઓછો થતો હતો; પણ હમણાં કહેવાય કોને ? એ વાત કરતાં થોડો વખત ગયો, એટલે ખબર આવી કે, પાટણથી એક સામન્ત સંદેશો લઇને આવ્યો છે. બધાએ આતુર થઈ તેને બોલાવવાનો હુકમ કર્યો, અને ક્યાં સુધી મૂગે મોઢે બારણાની સામે જોયા જ કર્યું.

થોડી વારે મોરારપાલ, શરમથી ગરવાઈ ગયેલો, પોતાની બેવકૂફીથી ક્ષોભ પામેલો, અને પાટણમાં મળેલા અનુભવથી ધ્રૂજતો, આવીને ઉભો.

તેને જોઈ રાણીએ હર્ષની બૂમ મારી. આવી અણીને વખતે પોતાનો બહાદુર, નિમકહલાલ સામન્ત જોઈ તેને આનંદ થયો; "મોરાર! આવ, આવ. બોલ, શા સમાચાર છે!"

"હા, બા! માત્ર દુઃખના સમાચાર લાવ્યો છું."

"હરકત નહિ, બેસ," કહી રાણીએ પોતાની ગાદીની પાસે તેને બેસવા સૂચવ્યું, અને પોતાની આંખથી ચેતવ્યું કે, 'કાલ સાંજની વાત અત્યારે કહાડવાની જરૂર નથી.' મોરાર તે સમજી ગયો.

"બા! હું પાટણથી સંદેશો લઈને આવ્યો છું."

"પાટણથી? પાટણથી બાને સંદેશો કોણ મોકલાવે છે?" ત્રિનયચંદ્રે પૂછ્યું.

"કોણ શું? હમણાં તો પાટણનો થઈ બેઠેલો પતિ, ત્રિભુવનપાળ સોલંકી."

"હેં હેં હેં," બધા બોલી ઉઠ્યા.

"એ છોકરું શું કરવાનો હતો?" વિશ્વપાલે કહ્યું.

"બા! એ છોકરું નથી. તમને, મુંજાલ મેહેતાને, કે બીજા કોઈને શું રાજ કરતાં આવડે છે? એ તો આજે ખરેખરો એક ચક્રે રાજ કરે છે, ને તમને સંદેશો કહાવ્યો છે, કહું?" કહી તેણે વિજયપાળ સેનાધિપતિ તરફ જોયું.

"હા, કહો. અહિંયા કોઈ પારકું નથી," રાણીએ કહ્યું.

"તેણે કહાવ્યું છે કે, મીનળબા જ્યાં સુધી હશે ત્યાં સુધી જયદેવકુમાર પાટણમાં પગ મૂકી શકવાના નથી; કયાં તો પાટણ નહિ કે કયાં તો મીનળબા નહિ."

પળ વાર બધાએ એકમેકની સામું જોયું. રાણીએ ઘણા પ્રયત્નથી સ્વાસ્થ્ય મેળવ્યું, અને પૂછ્યું, "કેમ, બધાની અક્કલ ગઈ છે કે શું?"

"બા! સાચેસાચું બોલું તો ક્ષમા કરજો. પણ છેલ્લા ત્રણ દહાડામાં કાંઈ નવાનવા અનુભવો મને થઈ ગયાછે. આવો પ્રસંગ તો કોઈ જમાનામાં નહિ થયો હશે." કહી તેણે બધી વાત કહી. સાંભળનારા બધાં ચકિત થઈ ગયાં. રાણી વધારે ને વધારે નિરાશ થતી ગઈ. સ્વપ્ને પણ ન ધારેલી પીડાઓ ઉભી થઈ તેની સામું આવતી હતી. બધા પાટણના ગૌરવની, પટ્ટણીઓના નગરપ્રેમની વાતો કરતા ત્યારે તે હસતી હતી; સત્તા આગળ પાટણના શાણપણનો તેને હીસાબ ન હોતો; અત્યારે પાટણનું શાણપણ તેની સત્તા કરતાં વધારે શક્તિવાન નીવડ્યું હતું.

વાત કરતાં મોરારપાળે પ્રસન્નની કાંઈ વાત કરી. રાણી ચમકી, "કોણ? મારી ભત્રીજી!"

"હા, બા!" અંદરથી લજવાતાં મોરારે કહ્યું, "તે પણ મોટી વીરાંગના થઈ પડી છે."

રાણી વધારે વિસ્મય થઈ. બધી વાત પૂરી થઈ ત્યારે શું કરવું, તેનો વિચાર બધાએ ફરીથી કરવા માંડ્યો. મોરારપાલને તો બધું અશક્ય લાગ્યું. આખરે કાંઈ પણ નિશ્ચયપર આવ્યા વિના બધાને એમ તો થયું કે, કોઈ રીતે પાટણને રીઝવી તાબે કરવું જોઈએ.

બધા વિખરાયા પછી રાણીએ મોરારને બોલાવી પૂછવા માંડ્યું, અને 'ગઈ કાલે દરવાજો કેમ નહિ ઉઘાડ્યો,' તેનો ખુલાસો માગ્યો. પોતે પકડાઈ ગયો, એમ બહાનું કહાડી તેણે તે વાત ઉડાવી.

"મોરાર! પ્રસન્ન અને ત્રિભુવનને બહુ સારું હતું, હમણાં કેમ છે?"

"મને ખબર નથી, પણ તેવું જ હશે," શું કહેવું, તે નહિં સૂઝતાં મોરારે કહ્યું. ગઈ કાલના ચાબખાનો ચમચમાટ બિચારાને તાજો થયો.

"ત્યારે પ્રસન્ન મારફતે કાંઈ કરીએ તો ત્રિભુવન માનશે."

મોરારે નિરાશામાં ડોકું ધૂણાવ્યું. વધારે કારણ તે આપી શકે એમ નહોતું, નહિં તો રાણીની આશાઓનો તે જ પળે નાશ કરત.

"મોરાર! તું તો ગભરાઈ ગયો છે; પણ હમણાં વિનયને મોકલી પાટણથી થોડે દૂર પ્રસન્નને મળવા બોલાવું છું."

"તે આપની મરજી; પણ મને તો એમાં કાંઈ સાર દેખાતો નથી."

"જોઈશું," કહી થોડીક આશા આવવાથી, જરા હરખાતી રાણી ઉઠી. વસ્તુસ્થિતિ ભયંકર હતી; ડૂબતો માણસ પળેપળે બચવાની આશા રાખે, તેમ રાખી તે પોતાનું કામ કરતી હતી.

બપોર પછી વિનયચંદ્ર પચ્ચીશેક સવારો લઈ પાટણ તરફ રવાના થયો, અને મોઢેરી દરવાજા તરફ ગયો; ત્યાં થોડી વારે ખેંગાર મંડલેશ્વરને મળ્યો; અને કહ્યું કે, 'મીનળદેવી પ્રસન્નમુખી જોડે વાત કરવા માંગે છે.' ઘણી વાર વાટ જોયા પછી ત્રિભુવનપાલ આવ્યો, અને વિનયનું આમંત્રણ સ્વીકાર્યું. 'બીજે દિવસે સવારે પચ્ચીશ પચ્ચીશ હથિયાર વગરનાં માણસો સહિત, અધવચ્ચે ક્ષેમરાજદેવની વાવ આગળ મીનળદેવી અને પ્રસન્નમુખીએ મળવું અને વાત કરવી, એવો ઠરાવ થયો.

મીનળદેવીના મનમાં એક નિશ્ચય દૃઢ થતો ગયો કે, 'પાટણ સાથે કદી લઢવું નહિં; તેને દબાવી ફોસલાવી વશ કરવામાંજ માલ હતો.' તેનું કારણ એ હતું કે, આખા ગુજરાતમાં તેના તરફ કોઈ શહેરો થોડાં વધારે હોય તો તે પાટણ અને કર્ણાવતી બે હતાં; મોઢેરા તરફ માણ-

સોનાં માણસો મોકલ્યાં, પણ ત્યાંથી કાંઈ સ્પષ્ટ જવાબ આવ્યા ન હતા; આવી સ્થિતિમાં જો એક વખત તે પાટણને ઘેરો ઘાલે તો આખા દેશમાં તેનું કાંઈ, નામનું, પણ રહે નહિ; અને વખત છે ને કાંઈ પરાજય મળે તો ચંદ્રપૂર પાછાં જવા સિવાય બીજો રસ્તો પણ રહેજ નહિ. બીજું કારણ એ હતું કે, ચંદ્રાવતીના આગેવાનો પાટણ સાથે વેર કરવા તૈયાર હતા કે નહીં, તેની ખાત્રી રાણીને નહોતી. હમણાં વિજયપાલ ઘેરો ઘાલવા તૈયાર હતો ખરો, પણ કાલે ઉઠીને કાંઈ પણ કરવા ના પાડે, એ બને એમ હતું; અને ઘેરાથી આખરે પાટણ પડશે, તે કેમ કહેવાય?

છતાં એ નિશ્ચય જાળવવો સહેલ નહોતો. પાટણમાં તોફાન ઉઠશે, તે રાણીએ કોઈ દિવસ ધાર્યું નહોતું. હવે એ તોફાનને લીધે પાટણે સામનો-દેખાવ એવો સ્પષ્ટ કર્યો કે, રાણીને ક્યાં તો ઘેરો ઘાલવો પડે કે ગૌરવ ખોવું પડે. માટે રાણીને ઘેરો ઘાલ્યા વિના ગૌરવ સાચવવું હતું.

## પ્રકરણ ૩૮ મું

## જૂની આંખે નવો તમાશો

બીજે દિવસે સવારે પાટણ અને વિખરાટ વચ્ચે આવેલી ક્ષેમરાજદેવની વાવની પાસે એક દેહેરામાં પાટણની પદભ્રષ્ટ બની રહેલી રાણી બેઠી હતી. તેના બુદ્ધિદર્શક કપાળપર ચિન્તાની ઝીણી રેખાઓ પડી રહી હતી; તેની ઝીણી આંખો, હતી તે કરતાં પણ ઉંડી ગઈ હતી. ચોમેરથી તરાપ મારી રહેલી મુસ્કેલીઓ છતાં તેની ગર્દન અભિમાનમાં અક્કડ હતી. તેના હોઠ સખ્તાઇમાં બીડેલા હતા. કર્ણદેવ મરણ પામ્યા, તે પળથી તેણે પોતાના સંકલ્પોને દૃઢ કર્યા હતા; છતાં આજે તે બદલાઈ ન જાય, માટે તેને વધારે નિશ્ચળતા ધારણ કરવી પડી હતી. ધીમે ધીમે તેનું માન ખંડન થતું ચાલ્યું આવતું હતું; અને અત્યારે તેને મન તુચ્છ ગણેલી ભત્રીજી માટે આમ વાટ જોવી પડે, તે તેને ઘણું સાલતું, પણ ગમે તે રીતે તેને જિતવું હતું.

"મીનળબા નહિ કે પાટણ નહિ," આ શબ્દો તેના કાનમાં ભયંકર નાદ કરી રહ્યા હતા. શું આટલે વર્ષે પાટણથી મીનળદેવી પાછી જાય?

એટલામાં સમર ચોપદાર રાણીના વિચારો વચ્ચે આવ્યો. ગમે તેવા પ્રસંગોમાં, ગમે તેવે સ્થળે, રાજભક્ત સમર રાજગઢમાં અપાતું માનજ રાણીને આપતો. "બા! સામેથી માણસો આવી લાગ્યાં હોય તેમ દેખાય છે."

"વારુ! પ્રસન્ન આવે કે, અંદર મોકલજે."

"જી!" કહી સમર ગયો.

જરા વાર પછી આવતા ઘોડેસ્વારોનો અવાજ સંભળાયો; તેમને અટકતા સાંભળ્યા, ઝાંઝરનો ઝણકાર આવ્યો; અને સમર પ્રસન્નને લઈ અંદર આવ્યો; મીનળદેવીએ પ્રયત્ન કરી પોતાના મ્હોડાપરથી ચિન્તાનાં ચિહ્ન દૂર કર્યાં, અને સત્તાદર્શક ગૌરવ ધારણ કર્યું. તે રુવાબમાં પ્રસન્ન તરફ ફરી, અને જરા ઝંખવાણી પડી. તેણે પાંચ દહાડા પહેલાંની, તેના શબ્દોએ ધ્રૂજતી, તેની આંખને અણુસારે કહ્યું માનતી, નિર્દોષ બાળા, આમ નજર આગળ આવશે એમ ધાર્યું હતું. તેને બદલે પ્રસન્નની આંખમાં, તેના મ્હોડાપર, તેને ડગલેડગલે ગર્વ અને સત્તા દેખાતી હતી. રાણીનું હૃદય પહેલેથી જ હારી જવા માંડ્યું. પ્રસન્ન આવી અને પગે લાગી; "કેમ, ફોઈબા! કેમ છો? તમારી તબિયેત સારી નથી દેખાતી."

"ના, મને જરા અથડામણનો થાક લાગ્યો છે."

આવે અવાજે બોલનારને પહેલાં મીનળદેવી કેદ કરાવ્યા વિના નહિ રહેત. આજે પોતે જ આમ બોલી તેને રીઝવવાના પ્રયત્નો કરવા પડ્યા. "તું કેમ છે? બેસ." રાણીએ સમર તરફ નજર કરી, એટલે તે ત્યાંથી ચાલ્યો ગયો.

"મજાહમાં. કેમ, અત્યારે શા કામ માટે મને બોલાવી?"

પ્રસન્ન બહારથી હિંમતવાન દેખાતી હતી, છતાં મીનળદેવી સાથે વાત કરતાં અંદરથી ગભરાતી. કઈ વખતે તેની ફોઈ તેને દબાવે, તેનો તેને ભરુસો ન હતો, માટે જ તેણે એકદમ જરૂરની વાત કરવા માંડી.

"દીકરી! અત્યારે મારી જાણીને મેં તને અહિંયા બોલાવી છે. પાટણે આ નવું તૂત શું ઉભું કર્યું છે? પટ્ટણીઓ મારે મન તો મારા છોકરા જેવા છે. શા માટે તેઓ આમ કછોરુ થવા માંગે છે? મને ખીજવીને કાંઈ માલ કહાડવાના હતા?" ઘણી જ લાગણી દેખાડી મીનળદેવીએ કહ્યું.

પ્રસન્ને રાણીનું ચાતુર્ય વખાણ્યું. "બા! તેમાં મને શું કહો છો? મને કહ્યે શું વળવાનું છે?"

"પ્રસન્ન! મારે જાણવું છે કે, ત્યાં શું થાય છે? મને કહે કે, શા માટે આ લોકો આમ નકામા ઉકળી ઉઠ્યા છે? મારા પટ્ટણીઓનું જરા પણ લોહી રેડાય, તે પહેલાં હું જાણું તો ખરી કે, તેઓ શું માગે છે?" ધીમે ધીમે, એક એક શબ્દ છૂટો પાડી બોલતાં મીનળે કહ્યું.

પ્રસન્ને કાંઈ જવાબ નહિં આપ્યો; અને રાણીએ નીચા વળી પાછું

બોલવું શરુ કર્યું; "કોઈ કહેતું નથી, કહાવતું નથી અને આવાં આવાં ગાંડાં પગલાં ભર્યાં કરો છો. એ તો ઠીક છે કે, હજુ કોઈ જાણતું નથી; નહિ તો પાટણની કેટલી હાંસી થાય?"

પ્રસન્ને યત્ન કરી ધીમેથી મીનળના શબ્દનો જાદુ દૂર કરવા માંડ્યો. પણ તેની ભયંકર તીક્ષ્ણ આંખો, તેના મીઠા ગૌરવશીલ શબ્દો પ્રસન્નની બુદ્ધિની આસપાસ વીંટાવા માંડ્યા. મીનળદેવીની સત્તા ક્યાં અપ્રતિમ હતી તે તેણે જોયું, અને આ સત્તા તેનાપર ન બેસે, માટે તેણે જરા તોછડાઇથી જવાબ શરુ કર્યો; "ફોઇબા! મને શું બધું કહો છો! બધું તોફાન તો તમે ઉભું કર્યું."

"શું? તે કોઈ કહેશો? તમારા રાજની ખાતર, તમારા દેશની શાંતિની ખાતર મારો શોક મૂક્યો, ને હું બહાર ગઈ. આજે હું નહિ ગઈ હોત, તો મુંજાલ અને મંડલેશ્વર લડી મરત, તે કોઇને ખબર છે? હું નહિ ગઈ હોત તો મંડલેશ્વરનું લશ્કર અત્યારે અહિંયાં પડ્યું હોત, તેનો કોઈ વિચાર કરે છે?"

"ફોઇબા! એ કોઈ માનતું નથી. બધા કહે છે કે, પરદેશીઓને તમે બોલાવ્યા, અને મંડલેશ્વર મહારાજને તમે મારી નંખાવ્યા."

રાણીએ (મહારાજ) શબ્દનો નવો ઉપયોગ જોયો, અને જરા કચવાઇને બોલી:—"ચંદ્રાવતી તે તમારે મન પારકું, કેમ? અને દેવપ્રસાદને હું શું કામ મારી નંખાવું? મેં તો સાંભળ્યું છે કે, રુદ્રમહાલય ચેતી ઉઠ્યો, તેમાં તે બળી મૂઓ."

"ફોઇબા! તમારી જોડે વાતમાં મારાથી પૂરાં પડાવાનું નથી. તમે મને શું કામ બોલાવી, તે કહોની," પ્રસન્ને જોયું કે, આમ સાંભળતાં વાત પૂરી થવાની નથી.

"દીકરી! મેં તો તને આટલા જ માટે બોલાવી કે, મારાથી દેશમાં આ વિરોધ દેખી ખમાતો નથી. હું અને મારા પટ્ટણીઓ વચ્ચે, કોણ જાણે શા કારણથી અભાવ થયો છે? તું વચ્ચે પડી, એ વિરોધ મટાડ."

"હું કેવી રીતે મટાડું? એ કાંઈ મારા હાથની વાત છે?"

"હા. પાટણમાં મારા સાંભળ્યા પ્રમાણે ત્રિભુવનપાલ બધી સત્તા હાથ કરી બેઠા છે.—"

"—આખા પાટણે સોંપી છે," પ્રસન્ને સુધાર્યું.

"ઠીક, એમ;" હોઠ કરડી મીનળે કહ્યું, "અને ત્રિભુવન વશ રહેવો તારા હાથમાં છે."

પ્રસન્ન હસી; હવે તેને જવાબ દેવો સુઝ્યો; "કેમ જાણ્યું કે, તે મારું માનશે? તેની માને તમે જીંદગીભર પરી રાખી, તેની માને

ધણીથી છૂટી પાડી, તેને માનું સુખ ભોગવવા દીધું નહિ, અને તેના બાપ અને માને આખરે તમે બાળી મૂકાવ્યાં. હવે તે કેમ માનશે?"

"છોકરી! એક વસ્તુ આખી દુનિયાં માને."

"શી?" પ્રસન્ને પૂછ્યું.

"પોતાની પ્રિયતમા યાચે તે," રાણીએ ધીમે રહીને કહ્યું.

પ્રસન્ન ચમકી; તે હવે બધું સમજી; "ફોઇબા! ખરી પ્રિયતમા પતિની પ્રતિજ્ઞા સામે પડે નહિં."

"પ્રતિજ્ઞા સામે ક્યાં પડવાનું છે? ત્રિભુવનને શું જોઇએ છે? જા. મારી રાજીખુશીથી તને તેની જોડે પરણાવીશ. પછી કાંઈ છે?"

પ્રસન્ન ખડખડ હસી પડી; "ફોઇબા! ફોઇબા! ત્રણ દિવસમાં ત્રણ ભવ બદલાઈ ગયા, તેનો કાંઈ વિચાર કરો છો?"

"શો?"

"હવે પહેલાંની પ્રસન્ન નથી. જ્યારથી તમે મને અજાણતાં કેદ આપી તમારી સાથે લઈ ગયાં ત્યારથી હું બદલાઈ ગઈ; સમજ્યાં? તમે રાજી હો કે નહિ, હું ત્રિભુવનને પરણવાની. કહોની કે પરણી ચૂકી છું," કહી ફરીથી પ્રસન્ન હસી; છેલ્લા શબ્દો બોલતાં બોલતાં તેના ગાલપર રતાશ આવી.

મીનળદેવીની ભ્રુકૂટી ચઢી; બીજી પળે તે પણ બનાવટી હસતું હસી; "પ્રસન્ન! ત્યારે તો તારે મારું કામ પહેલાં કરવું જોઇએ. તું કહે તે ત્રિભુવનને આપું, પછી કાંઈ છે?"

"ફોઇબા! અત્યારે આવી અવસ્થામાં મારે કાંઈ બોલવું ન જોઇએ; છતાં તમે મને ચગાવો છો તો બોલું છું. અત્યારે તમારી પાસે ત્રિભુવનને આપવાનું કાંઈ નથી રહ્યું. ત્રિભુવન તમને આપે એમ છે."

રાણીએ ઘણી મહેનતે ગુસ્સો બહાર નીકળતાં અટકાવ્યો:— "એમ. પછી કાંઈ છે? પણ તું કાંઈ કરની. જો આખા ભરતખંડમાં નામના મેળવશે."

"મારે નામના નથી જોઇતી. પણ તમારુધાર્યું બને એમ છે નહિ," ડોકી ધૂણાવી પ્રસન્ને કહ્યું.

"કેમ?" મનની નિરાશા છૂપાવવાનો નિષ્ફળ પ્રયત્ન કરી તેણે કહ્યું.

"ત્રિભુવને પ્રતિજ્ઞા લીધી છે."

"તે શી છે?"

"પાટણમાં ક્યાં તો તમે નહિં કે તે નહિ."

રાણીને કંપારી આવી. "અને તેં—"

"જ્યાં મારો સ્વામી ત્યાં હું," પ્રસન્ને કહ્યું.

મીનળદેવીએ હોઠ દાબી સ્વાસ્થ્ય મેળવ્યું અને પોતાનો સત્તા-દર્શક સીનો પાછો ધારણ કર્યો:–"છોકરી! એ પ્રતિજ્ઞાનો અર્થ ખબર છે?" ગુસ્સામાં રાણીએ પૂછ્યું.

"હા, પ્રતિજ્ઞાના લેનારે જ મને સમજાવ્યો છે."

"મોટા મંડલેશ્વરનો પત્તો નહિ લાગ્યો ત્યાં તું ધારે છે કે, તારા ત્રિભુવનનો લાગશે?"

"બાપ કરતાં બેટો સવાયો ક્યાં નીકળ્યો નથી સાંભળ્યો?"

"છોકરી! છોકરી! તું પણ પસ્તાશે. તું જાણતી હશે કે, મીનળ-દેવીના હાથ હેઠા પડ્યા છે; પણ તું ભૂલે છે. આ વિખરાટમાં પડેલું સૈન્ય જોયું; લાટથી થોડા દિવસમાં લશ્કર આવશે. પંદર દિવસમાં પાટણના કોટની એક કચ્ચર હાથ નથી લાગવાની."

પ્રસન્ન ભયથી ધ્રૂજી; તે છતાં બહારથી હિંમત દેખાડી તે બોલી; "બા! યવનોનાં દળ તો આકાશના તારા જેટલાં હતાં છતાં, પાટણના કોટ ઉભા છે."

"ઠીક છે. જો, જો, હજુ વિચાર કરવાનો વખત છે. કાલ સવાર સુધી વિચાર થાય તો કહાવજો."

"ફોઈબા! જવાબ તો જરૂર મેં આપ્યો, તે જ આવશે."

"ત્યારે તમારાં કર્યાં તમે ભોગવો," મીનળે ગુસ્સામાં જવાબ આપ્યો.

"ઠીક. ત્યારે હું જાઉં છું. જયદેવકુમારને બોલાવજો."

"જયદેવકુમાર તો તને ક્યારનોએ સંભારે છે."

"બા!" એક વિચાર આવવાથી પ્રસન્ન ફરી અને વિનતિ કરી કહેવા લાગી; "એક મારી વાત માનશો?"

"શું કહે છે?"

"જયદેવકુમારને મારી સાથે મોકલો, અને તમે રેવાતટે જઈને રહો. કાલે સવારે જયદેવને પટ્ટાભિષેક કરાવું."

"છોકરી! વિચારીને બોલતાં શિખ," મગરૂરીથી મીનળે જવાબ વાળ્યો; "મીનળદેવી રહેશે તો પાટણની રાજ્યમાતા; નહિ તો ભલે હું પડું કે પાટણ પડે, તેની મને પરવા નથી."

"ઠીક, જેવી મરજી," કહી પ્રસન્ન ત્યાંથી ગૌરવભેર ચાલી ગઈ.

ક્યાં સૂધી રાણી તે ગઈ, તે બારણા તરફ જોઈ રહી, અને બબડી:– "ભગવાન્! આ શું થવા બેઠું છે? ચાર ચાર આંગળનાં છોકરાંઓ ક્યાંથી આવાં થઈ ગયાં? આજે મારી સામું કોઈ જોતુંએ નથી." તેની આંખે અંધારાં આવવા માંડ્યાં હતાં. તેણે આંખે હાથ દીધા. ભવિષ્યમાં

શું થશે, તે વિચારવાની તેની હિંમત ન હતી. કોને કહેવું? કોની સલાહ લેવી? શું કરવું? શું મ્હોડું લઈ પાછા વિખરાટ જવું?

મહા મુસ્કેલીએ હિમ્મત આણી તે ઉઠી, પછી સમરને બોલાવ્યો, અને પાછા જવાનો હુકમ આપ્યો.

## પ્રકરણ ૩૯ મું

### હૃદયનો પુનર્જન્મ

જ્યારે રાણી વિખરાટ પાછી ગઈ ત્યારે તેના ગુંગળામણનો કાંઈ પાર રહ્યો નહોતો. પ્રસન્ન આગળ પણ તેનું કાંઈ ચાલ્યું નહિ. હવે શું? હવે કયાં અપમાનો, કઈ અધમતાનો સ્વાદ ચાખવાનો રહ્યો? પાછા આવતાં મહામહેનતે તેણે શાંતિ રાખી, અને વિજયપાળ વગેરેના સવાલને જવાબ દીધો:–"મેં પ્રસન્નને સમજાવી છે. એકબે દિવસમાં કાંઈ જવાબ આવશે." દિવસ ગયા અને જવાબ જોઇએ એવો સારો નહિ આવ્યો. રાણી એકાન્તમાં જ્યાં ગઈ કે, તેણે માથે હાથ મૂકીને રડવા માંડ્યું; તેનું હૈયું ભરાઈ આવ્યું.

એટલામાં જયદેવકુમાર આવ્યો અને તેણે પૂછ્યું, "બા! ત્યાં જઇને શું કરી આવ્યાં? હવે પાટણ ક્યારે જઇશું?"

મીનળદેવીની આંખમાં આંસુઓ ફરીથી આવ્યાં. સ્નેહથી પુત્રને છાતીએ ચાંપતાં નિરાધાર રાણી બોલી, "જઇશું, જઇશું. આકળો નહિ થા. હવે થોડી વાર છે. તું જા, હવે નીરાંતે સુ. સવારના ઘોડે બેસી આવ્યો, તે થાકી ગયો હશે."

"હા," કહી જયદેવ ગયો. રાણી પાછી વિચારમાં, વિમાસણમાં બેઠી. ચારે તરફથી દિશાઓ તૂટી પડતી હતી; તેને કચડવા માંગતી હતી. અત્યાર સુધી તે હિમ્મત હારી નહોતી; હવે હિમ્મત ક્યાંથી લાવવી? તેની આંખ આગળ, તેણે પાટણનું નામ સાંભળ્યું, ત્યારથી તે આજ સુધીના બધા બનાવો આવીને ઉભા રહ્યા. આવી સ્થિતિ કેમ આવી? તે આવી ત્યારે બધો દેશ રાજી થયો; જયદેવકુમાર આવ્યો ત્યારે બધો દેશ ગાંડો થઈ ગયો; તે છતાં અત્યારે આ સ્થિતિ કેમ આવી? સવાલ હૃદયભેદક હતો. સ્વાભિમાન અને મોટાઈ દૂર હડસેલી રાણી વિચાર કરવા બેઠી. શા માટે? શાં પાપો નક્કાં ચાલ્યાં આવતાં હતાં? સત્તા માટે, મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા, ચંદ્રપૂર છોડી આટલે દૂર પાટણના નરપતિને વરવા તે આવી હતી. તેને ઇતિહાસમાં કીર્તિ મેળવવી હતી, પોતાનું નામ મનુષ્યહૃદયના અમર શિલાલેખોમાં-કોતરાવી મૂકવું હતું; તેને નામની રાણી નહિ, પણ ખરેખરી વિજયવતી રાણી થવાની આશા હતી.

આ તૃષ્ણા માટે તેણે ઘણું ઘણું વેઠ્યું, છતાં અત્યારે તેમાંનું કાંઈ મળ્યું નહિં. શા માટે? મુંજાલ જેવો બુદ્ધિશાળી મુત્સદ્દી મંત્રી તેની તેહેનાતમાં હાજરાહજુર રહેતો, છતાં આ પરિણામ આવ્યું. શું તે અવિશ્વાસી હતી તેમાં? શું તે જૈનમતને પ્રાધાન્ય આપવા મથતી તેમાં? શું શહેરમાં જૂદા જૂદા પક્ષો હતા તેમાં? શું દેવપ્રસાદ દુશ્મન હતો તેમાં? લોકો આટલા દૂર છતાં તે મહારથીને કેમ આટલું માન આપતા હતા? આજે તેના છોકરાને ઈશ્વિર માની, કેમ તેઓ તેનો હુકમ પાળવા તૈયાર રહે છે? દેવપ્રસાદમાં જે શક્તિ હતી, તે શું તેનામાં હતી? આનું કારણ શું? રાણી વિચારમાં વધારે ઉંડી ઉતરી. મુંજાલ આટલો મગરૂર હતો, છતાં લોકો તેના તરફ કેમ આટલી પ્રીતિ ધરાવતા હતા? વિચારમાં ને વિચારમાં રાણી ગાંડા જેવી થઈ ગઈ, અને સાંજે જ્યારે મોરારપાલ આવ્યો ત્યારે તેની શુદ્ધિ ઠેકાણે આવી.

"કેમ, બા! શું થયું? કાંઈ ફાવ્યાં?"

રાણીએ ડોકું ધુણાવ્યું.

"હું શું કહેતો હતો? તમારી ભત્રીજી તો જબરી છે."

"એ તો ઠીક. બેસ, મોરારપાલ! હવે મને કાંઈ સલાહ આપ. હું તો ગુંચવાઈ ગઈ છું, મને કાંઈ સૂઝતું નથી."

"હું શું કહું? હું તો, બા! પાટણનું તોફાન જોઈ દિંગ્મૂઢ જ થઈ ગયો. હવે મને સમજ પડી કે, ગુજરાતમાં પાટણ કેમ બધા શહેરો પર સરદારી કરે છે."

"કેમ કરે છે?"

"કારણ કે દરેક પટ્ટણીના મનમાં મોટા યોધાઓની હિંમત, ગૌરવ, અને સ્વાતંત્ર્ય સમાયેલાં છે; મેં ઘણાં શહેર જોયાં, પણ આ તો અનુપમ છે."

"મોરાર! તું પણ દાઝ્યાપર ડામ દે છે? પાટણ મારું હતું ત્યારે તો કોઈએ કંઈ કહ્યું નહિં; હવે બધા ડાહ્યા થયા છે."

"ના, બા! હું તેથી નથી કહેતો. હું તો મુશ્કેલીઓ શી શી છે, તે જણાવું છું."

"કેવી રીતે? સ્પષ્ટ કહે. મારું તો મગજ ગુંચવાઈ ગયું છે."

"પટ્ટણીઓને સમજાવવા હોય તો કોઈ તેમને રુચે, એવો માણસ મોકલાવવો જોઈએ; તો કાંઈ કામ સરે," મોરારે કહ્યું.

"પણ તે ક્યાંથી લાવવો?" ચીડવાઇને રાણીએ કહ્યું; "જે છો તે તમે ના તમે છો."

"હું બે દહાડાપર ખપ લાગત; આજે હું નકામો છું. વિશ્વપાલનો

હિસાબ નથી, અને શાન્તુ શેઠને કોઈ પૂછતું નથી, તો વિનયનું કોઈ માનશે ?"

"એ તો બધું હું જાણું છું; કાંઈ નવું નહિં કહેવાનો હોય તો બસ કર."

"બા ! બીજું હું શું કહું? તમે હુકમ આપો, તો હું પાટણને ઘેરો ઘાલું–"

"ના, ના; એમાં તો વાત વધી પડે; અને જરા હાર ખાઇએ તો પછી ક્યાં જઇને પડીએ?"

"એ બધાનો મેં વિચાર કર્યો છે," મોરારે ડોકું ધૂણાવી કહ્યું; "અને, બા ! એક બીજો પણ મને ડર લાગે છે."

"તે શો ?"

"આ ચંદ્રાવતીના લશ્કરનો કાંઈ ભરુસો નહિં. કેટલાંક માણસોમાં જરા ગભરાટ પેદા થયો લાગે છે; અને આમ દશ પંદર દહાડા આપણે બેસી રહીશું તો ઘણા ભાગી જશે. આમ પડી રહેવાથી તેમનો ઉત્સાહ છેક ઓછો થઈ ગયો છે. પેલો જતિ હોત તો ઘણો કામ લાગત."

રાણીના હૃદયમાં વધારે ગભરાટ થયો; આ તો છેલ્લી બાજી હાથમાંથી જવા બેઠી.

"બા! ગભરાશો નહિં," મોરારે રાણીનું ઉતરી ગયેલું મ્હોડું જોઈ કહ્યું; "વિજયપાલ બાહોશ છે, એટલે હજુ વખત છે. પણ મંડલેશ્વર ગયા, એટલે બધા જૈનોને તો એમ જ લાગે છે કે, હવે ત્રણે જગ જિતી ગયા. પણ–"

"પણ શું?"

"પણ એનો દીકરો એનાથી જબરો છે. મંડલેશ્વર તો એકલો યોધો હતો; પણ આનામાં તો એના મામાના વીશ વસા છે."

મુંજાલનું નામ સાંભળતાં જાણે આખા શરીરમાં ઝણકાર થયો હોય, એમ રાણીને લાગ્યું. તેના કપાળપર કરચલીઓ પડી. મોરાર કાંઇક સમજ્યો:–"બા ! દુઃખ લાગે તો ક્ષમા કરજો. પણ મારી સલાહ આપ માગો છો ત્યારે આપું છું. ભાણેજને સમજાવવા મામાને કેમ નથી મોકલતા ?"

"મોરાર!" ગૌરવનું ડોળ કરી રાણીએ કહ્યું, "એ વાત જવા દે. જીવીશ તો રાણી તરીકે; નહિં તો મરીશ. પણ દ્રોહીઓના મ્હોડા સામું નહિ જોઉં."

"જેવી બાની મરજી," કહી મોરાર મૂંગો રહ્યો.

થોડી વારે રાણી છાનીમાની બેસી રહી. તે ફરીથી નિરાશામાં ડૂબી. મોરારે એક વળી નવી વાત કહી હતી; એક નવી ફિકર ઉભી કરી

હતી. શું આ લશ્કર બધું વિખરાઈ જશે? પછી શું? તેને એક વિચાર આવ્યોઃ–"મોરાર! ત્યારે ખરું પૂછો તો આપણી સાથે કોઈ મંડલેશ્વર કે કોઈ શહેર તો છે જ નહિ."

"ચંદ્રાવતી સિવાય—"

"હા, હા. મોરાર! તારાપર પૂરેપૂરો વિશ્વાસ મૂકું? તું દગો તો નહિં દે?"

"બા! જે કહેવું હોય તે સુખેથી કહો."

"માલવરાજ અહિંયાંથી કેટલે દૂર છે?" રાણીએ ધીમેથી પૂછ્યું; "ઘોડાપર ચાર દિવસ થાય."

"ઠીક. ખપ પડે તે પણ કામ લાગશે," મોરાર કેટલા પાણીમાં છે, તેનું માપ કહાડવા રાણીએ આ સૂચના કરી. પણ તે સૂચનાનો અર્થ સમજતાં મોરારની ભ્રૂકુટી ચઢી; તે ટટાર થઇને ઉભો.

"બા! તમારી સેવામાં જીવવા અને તેમાં જ મરવા માગું છું. પણ હું ગૂર્જર છું. માલવા જોડે અણઘટતા સંબંધની વાત થશે કે, હું નહિં ઉભો રહું."

રાણીએ કચવાટમાં હોઠ કરડ્યા. દરેકેદરેક સામન્ત ટેકીલો અને દેશાભિમાની હતો.

"ના, ના. હું તે ક્યાં વાત કરું છું," વાત ઉડાવતાં તેણે કહ્યું; "ઠીક! હવે કાલે વાત."

મોરારે રજા લીધી. રાણીને આખી રાત ઉંઘ નહિં આવી. દરેકેદરેક યોજના નકામી દેખાઈ. ચંદ્રાવતીનું લશ્કર વિખરાઈ જશે, અને ત્રિભુવન પાટણ બંધ રાખશે તો થશે શું? મોરારની વાતપરથી એમ પણ લાગ્યું કે, જો તે માળવાના લશ્કરની સહાય માંગવા તૈયાર થાય તો એક પણ ગુજરાતી તેની મદદમાં ઉભો રહે એમ નહોતું. હાથમાંથી રાજ જાય એ તો ન ખમાય, પણ આ તો હીણું દેખાશે અને રાજ જશે. રાણીને પથારીમાં આળોટતાં આળોટતાં પોતાનાપર તિરસ્કાર આવ્યો. રાજ્ય હતું, મંત્રીઓ હતા, થોડીઘણી પણ સત્તા હતી; ત્યારે તે છોડી વધારે સત્તા પાછળ તે શું કામ ગઈ? લોકોમાં વિશ્વાસ રાખવાને બદલે શા માટે અવિશ્વાસ રાખ્યો? મંડલેશ્વરને રીઝવવાને બદલે શા માટે છંછેડ્યો? અત્યારે મૂઓ મૂઓ મંડલેશ્વર પણ શું પોતાનું વેર લેતો હતો?

રાણીના ગુંચવાઈ ગયેલા મન આગળ એક મૂર્તિ ખડી થઈ. રૂપમાં, બુદ્ધિમાં, ઇચ્છાશક્તિમાં, ઈશ્વરસમાન લાગતી મૂર્તિ છેલ્લાં પંદર વર્ષની પીડાના પડદામાં થઈ તેને ઠપકો દેતી હતી; તેની મોટી આંખોમાં રહેલાં

અકલ્પ્ય તેજે તેને મૂર્ખાઈ કરતાં અટકાવતાં હતાં; તેનું અપ્રતિમ વાક્-ચાતુર્ય પ્રેમનાં, શિખામણનાં, ઠપકાનાં, ક્રોધનાં વચનો બોલી, તેને નાચ નચાવતું હતું. તે મૂર્તિને નીહાળી રાણી તેમાં તલ્લીન થઈ ગઈ; તેનું હાસ્ય, તેના શબ્દો, તે ફરીથી અનુભવવા લાગી. તે પળની પીડાઓ વિસારી, **મી**નળ જાણે રાણી મટી, સ્ત્રી થઈ ગઈ હોય એવું લાગ્યું. તેના હૃદયપર તે મૂર્તિનો કાબુ નિશ્ચલ લાગ્યો.

તેણે મનમાં બોલવા માંડ્યું કે, આ મૂર્ખાઈ છે, આ મૂર્તિ એક નજીવા મંત્રીની છે, તે મંત્રી દ્રોહી છે, તે દ્રોહીને તેણે કેદ કર્યો છે. હૃદયે આ શબ્દો ગણકાર્યા નહિ. વર્ષો પહેલાં પૂરા થઈ ગયેલા નાટકોના પડદા ઉપાડી, હૃદય, તે મૂર્તિને પ્રભુ ગણવા લાગ્યું; ગણતું હતું તે કહેવા લાગ્યું; સોળ વર્ષના સમયનો વિનાશ કરી મન ચંદ્રપૂરના નિર્દોષ આનંદ અનુભવવા લાગ્યું; બાપના દરબારમાં મહાલેલાં સુખો ફરી મહાલવા લાગ્યું; તે સ્વચ્છંદ, આકાંક્ષી મન કુમાર અવસ્થામાં હતું; કોઈ સ્વામી માટે તલસતું હતું; તેણે દરબારમાં આવેલા, દૂરદેશથી વેપારને અર્થે આવેલા એક નરરત્નને નિરખ્યો; નવા, મોહક ઉમળકાને આધીન થઈ તેનાં ચરણ આગળ પ્રણિપાત કર્યો. તે પળના આહ્‌લાદો, પછી અનુભવેલા પ્રસંગોનાં અવર્ણનીય સુખો તાજા થયાં. મન તે નરરત્નની વિદાયે રડ્યું; તેને મળવા ખાતર તેણે મેઘધનુષ્યના રંગે રંગેલી, દૂર આવેલી ભૂમિ તરફ પ્રયાણ આરંભ્યું; તે ભૂમિના નરપતિને વરી, ને નરરત્નની સમીપ રહેવાનું સ્વીકાર્યું. મને, જૂના આહ્‌લાદો તાજા કરતાં એક અણવિસરેલી પળના અનુભવોનો ફરી અનુભવ કરાવ્યો; તેના હૃદયની આસપાસ કાંઈ વિંટાયું; તેના મ્હોડા—

રાણી ઝબકીને જાગી, બેઠી થઈ ગઈ, તેનું શરીર ધ્રુજતું હતું, છાતી ઉછળી રહી હતી, આંખો બાવ્હરી બની ગઈ હતી; તેના મ્હોડાપર નવોઢાનું પ્રાણહારક તેજ પ્રસરી રહ્યું હતું.

તેણે હાથ લંબાવ્યા; “મુંજાલ મુંજાલ” હૃદયના ઉંડાણમાંથી અવાજ આવ્યો. **મી**નળ ઉભી થઈ ગઈ, જાગી. તેને ખરી દુનિયાનું ભાન આવ્યું; મુંજાલ કેદમાં છે, પોતે નિરાધાર અવસ્થામાં છે તે યાદ આવ્યું. તે પોતાની તરફ ધિક્કારથી જોવા લાગી, પોતાનું સતીત્વ યાદ આવ્યું. “કર્ણદેવ! પ્રભુ! સ્વામી!” તે મનમાં બોલી; તે પાસે પડેલા બીજા ઢોલિયા તરફ ફરી, અને જયદેવનું મ્હોડું જોયું; તેની રેખાએ રેખા તપાસી; તે મ્હોડામાં, તે રેખામાં કાંઈ અપરિચિતતા, કાંઈ કઢંગાપણું દેખાયું. તરત તેના મન આગળ ત્રિભુવનનું મ્હોડું સ્ફુર્યું; તેના મુખની રેખાઓ જોઈ; તે રેખાઓ જોઈ, હૃદય કેમ [illegible]

હતું? તે રેખાઓમાં કીયા બીજા નરરત્નની મુખરેખાઓ દેખાતી હતી? તેના મનમાંની—"ના, ના. પ્રભુ! શું કરવા બેઠા છે?" વિચારોને નિષ્ફલ પ્રયત્નોવડે પાછા વાળતાં તેણે કહ્યું. તે ફરીથી બેસી ગઈ; માથું ફાટતું હતું, હમણાં ગાંડાં થઈ જવાશે, એમ લાગતું હતું. શા માટે મન મુંજાલ રટતું હતું, આંખો તેનું મુખ જોતી હતી, કાન તેના શબ્દો સાંભળતા હતા? મુંજાલના બાળપણની સખી, અને ગુજરાતની રાણી શું એક હતાં? "ના, ના," રાણીએ ઘાંટો પાડીને કહ્યું; હૃદયમાં પ્રતિશબ્દ માત્ર 'હા'ના જ થયા કર્યા.

સવાર પડી ત્યારે સૂર્યનાં કિરણોએ ગઈ કાલે સાંજે જે **મીનળ**દેવી અંધકારને સોંપી હતી, તે પાછી તેમને મળી નહિ; તેને બદલે રાણી મટી સ્ત્રી બનેલી, અભિમાની, આકાંક્ષી, જોગમાયાને બદલે હૃદયમાં, ભાવમાં નમ્ર બનેલી **મીનળ** દેખાઈ. તેના મ્હોડાપરથી સત્તાની, ચિંતાની કઠોર રેખાઓ જઈ સ્નેહની, દુ:ખની મૃદુતા આવી હતી; સ્વરૂપવાન્ ન છતાંએ તેનાપર છવાઈ રહેતું બુદ્ધિનું તેજ મોહક થયું હતું. તેત્રીશ વર્ષે પણ પહેલી વિશીનો ગભરાટ આવ્યો હતો. તેની દૃઢતા જતી રહી હતી; આંસુઓએ પોતાનો અધિકાર બેસાર્યો હતો.

સવારે **સમર** આવ્યો ત્યારે રાતે રડ્યાં કર્યું હતું, તેનાં ચિન્હો તેના મ્હોડાપર સ્પષ્ટ દેખાતાં હતાં. ઘરડો નોકર થોડો વખત ઉભો રહ્યો, અને ડોકું ધૂણાવ્યું. "બા! ફિકર નહિ કરો. **સોમનાથ** બધાં સારાં વાનાં કરશે." "**સમર**! જે પ્રભુ કરે તે ખરું."

"બા! હું તો ગરીબ માણસ છું; મારામાં કાંઈ અક્કલ નથી, પણ મારી સલાહ માનશો?"

"શું? જે કહેવું હોય તે જરૂર કહે. તારા જેવા નિમકહલાલ માણસો ક્યાં છે આજકાલ?"

"બા! ત્યારે આવી ઘડીએ **મુંજાલ** મહેતાને કેમ નથી પૂછતાં? એ રસ્તો બતાવશે."

**મીનળ**દેવીને જાણે ઘા વાગ્યા હોય તેમ લાગ્યું. બધા '**મુંજાલ**,' '**મુંજાલ**' કરી રહ્યા છે. આ શું? તેનું હૃદય ધબકી ઉઠ્યું.

"**સમર**! હું તે જ વિચાર કરું છું, પણ તે નહિં મદદ કરે."

"**મુંજાલ** મહેતો ગમે તેવો પણ એવો નથી." **સમરે** ખાત્રી આપી. એટલામાં જયદેવકુમાર આવ્યો અને વાત અધૂરી રહી.

"બા! બા! તમે કેમ રડો છો?"

**મીનળ**ને આ છોકરાપર કાંઇક અણગમો આવ્યો; અણજાણતાં તેના મ્હોડાની રેખા તરફ નજર ગઈ. તેને કમકમાં આવ્યાં. પ્રયત્ન

કરી છોકરાને પાસે લીધો "કાંઈ નહિ બા! દીકરા! તું મોટો રાજા થશે ત્યારે તારી માને સંભારીશ કે?"

"બા! બા! જયસિંહ મહારાજની જ્યાં આણ ફરશે ત્યાં મીનળદેવીની પૂજા થશે. આમ ગભરાઓ છો શું?" અણજાણતાં ઇતિહાસને હુકમ કરતો હોય, તેમ બાળભૂપ બોલ્યો.

"તારા મોંમાં ગોળ બાપુ!" કહી રાણીએ તેને આઘો કર્યો; "આજે જાઓ ફરવા. સમર! મહારાજને કોઈ સાથે મોકલ."

"હું તો અહિયાં ફરતાં થાકી ગયો; મારે પાટણ જવું છે," હોઠપર હોઠ ચઢાવતાં જયદેવે કહ્યું, અને તે ત્યાંથી સમરને લઈ બહાર ગયો.

રાણીને હજુ અભિમાન રહ્યું હતું. 'મુંજાલ પાસે જઇને મદદ માંગવી? સ્વમાન મૂકી તેને પગે પડવું? આમ ઘડભાંજ કરતાં સાંજ પડી, ત્યારે વિજયપાળ આવ્યો. બીજી બધી વાતો કરી તેણે મુદ્દાની વાતો કહેવા માંડી.

"બા! કેટલાક સામન્તો કાલે રાતના માણસો લઈ ભાગી ગયા, અને ઘણુંખરું વલ્લભને મળ્યા. હવે કાંઈ કરવું જોઇએ. તમે કહો તો પાટણને ઘેરીએ, નહિ તો પાછા ફરી વલ્લભ સાથે લઢીએ. પણ આમ નવરા નવરા તો બધા ચાલ્યા જશે."

"હું કાલે તમને કહીશ. કાલ સાંજ પહેલાં મારો નિશ્ચય થઈ જશે," પોતાનું ગૌરવ જાળવવા છેલ્લો પ્રયત્ન કરતાં રાણીએ કહ્યું.

"ઠીક," કહી વિજયપાળ ગયો.

રાણીએ જોયું કે, નિર્ણય કરવામાં વિલંબ થઈ શકે એમ નથી. એટલે બને એટલી શાન્તિથી ઉપાયો ગણવા બેઠી. તેનો જુસ્સો ઘણો નરમ પડી ગયો હતો, તેથી તે વધારે ડહાપણથી વિચાર કરી શકી. પાટણને ઘેરો ઘાલવાથી, કે માલવરાજને મળી જવાથી, વખત છે ને વિજય મળે, પણ હાર ખાતાં તો જયદેવકુમારની ગાદી પણ જાય. એ સિવાય બીજો કયો રસ્તો? પ્રસન્નના બોલ સાંભર્યા: 'રેવાતટપર જઇને રહો.' ત્યારે શું આ તેને જ માટે આટલું તોફાન? રેવાતટે જવું? ચંદ્રપૂર જવું? ના, ના, ના, જો તેને ગયે જયદેવ સુખી થતો હોય તો શા માટે મરવું નહિ? કર્ણદેવ પાછળ સતી થવું? હા, એ ઉપાય રુચ્યો. પોતાની લાજ, પોતાના કુળની ગાદી અગ્નિદેવતા રાખશે.

પણ જીવતાં નહિ રહેવાય? કોની પાછળ મરવું? જેની વફાદાર સ્ત્રી રહેતાં પણ તે હૃદયમાં વસી શક્યો નહિ તેની પાછળ? તરત મુંજાલ યાદ આવ્યો; મોરારપાળ, સમર, અને પોતાના હૃદયની સલાહ યાદ આવી. મરતાં શા સારુ આ છેલ્લો ઉપાય નહિ લેવો? મીનળદેવીને સ્વાર્થે

હતો, તેની આકાંક્ષા મોટી હતી, તેને જીવવાની અને રાજ કરવાની હોંસ હતીઃ આ બધાં સંતોષાય, એવો ઉપાય શા માટે જવા દેવો? તેમાં ગઈ કાલ રાતનું તેનું હૃદય મુંજાલને જોવા તલસી રહ્યું હતું, તેને મળવા ગાંડું થઈ રહ્યું હતું.

એકદમ મીનળદેવી ઉભી થઈ ગઈ અને બૂમ પાડી, "સમર!" સમર આવ્યો; તેણે રાણીમાં એકાએક ફેરફાર જોયો અને ચકિત થયો.

"સમર! મુંજાલ મહેતાને મારી પાસે મોકલ."

સમર હરખાયો; "જેવી બાની મરજી," કહી તે ચાલ્યો ગયો.

---

## પ્રકરણ ૪૦ મું

### હૃદય અને હૃદયનાથ

મીનળદેવી છાતીપર હાથ મૂકી પોતાના ઉછળતા હૃદયને શાંત કરતી ઉભી રહી. તે કાળ, વસ્તુસ્થિતિ, પ્રસંગ, બધું ભૂલી ગઈ. તેને માત્ર એટલું જ ભાન રહ્યું કે, તેનો મુંજાલ આવે છે. પંદર વર્ષો પાછાં ખસ્યાં; ચંદ્રપૂરમાં જે મીનળ હતી, ઘણે અંશે તેવી જ, તે તે થઈ રહી; વર્ષો વીત્યાં હતાં, દુઃખો પડ્યાં હતાં, છતાં હૃદયમાં ફેરફાર થયો ન હોતો.

ઘણી વાર તે આમ ને આમ ઉભી રહી. 'શું નહિ આવે? આવશે તો શું કહેશે? કેવી રીતે તે વાત કહાડશે?' કોઈનાં પગલાં સંભળાયાં; તેમાં મુંજાલનાં પગલાંનો અવાજ પારખવા પ્રયત્ન કર્યો, પણ કાંઈ વળ્યું નહિં; પગલાં ચાલ્યાં ગયાં, એટલે તેનું હૃદય વધારે ખિન્ન થયું; બીજાં પગલાંઓ આવ્યાં; આ જરૂર તે હશે, એમ તેણે ધાર્યું.

એટલામાં સમર આવ્યો અને બોલ્યો, "બા! બહાર મુંજાલ મહેતા આવ્યા છે."

"અંદર મોકલ, અને હું કહું નહિં ત્યાં સુધી કોઇને આવવા દેતો નહિ."

"જેવી બાની મરજી," કહી સમર ગયો અને મુંજાલને અંદર લઈ આવ્યો. સમર પાછો જઈ, બારણું ધ્યાનપૂર્વક દઈ, બારણા બહાર ઉભો રહ્યો.

મુંજાલને હાથે અને પગેથી બેડીઓ કહાડી નાંખવામાં આવી હતી, તેથી તે છૂટો જ આવ્યો. તેની જૂની દૃઢ અને સત્તાદર્શક ચાલે જ તે આવ્યો, અને તેનું માથું પહેલાનાં કરતાંએ વધારે ગર્વથી ગગનમાં વિહરતું હતું. માત્ર તેના મ્હોડાપર અત્યંત ગ્લાનિ છવાઈ રહી હતી; તેના હોઠ ભયંકર દઢતામાં દબાઈ રહેલા હતા; તેની આંખોમાં પણ દીલગીરી દેખાતી હતી, સાથે દયા પણ હતી. તે માથું નીચું કરીને ઉભો રહ્યો.

તેને જોઈ રાણી ગભરાટમાં પડી; હવે કેમ બોલાશે ? તેને ધ્રાસ્કો પડ્યો, અને નીચેથી ઉંચું જોઈ શકી નહિં. રાણીએ એમ ધાર્યું હતું કે, તે બોલશે, પણ તે એક અક્ષર પણ બોલ્યો નહિ. થોડી વારે રાણીએ નીચેથી ઉંચું જોયું; સ્વાસ્થ્યની મૂર્તિ બની મુંજાલ નીચું જ જોઈ રહ્યો હતો.

"મુંજાલ! હું કેમ કરીને વાત શરુ કરું? મેં તને ઘણું દુ:ખ દીધું છે; તેની ક્ષમા આપશે?" રાણી જવાબની આશાએ થોભી.

મુંજાલે માત્ર નીચેથી ઉંચું જ જોયું.

"તું મારી સામું તિરસ્કારથી જુવે છે? ભલે જો. મારો ગર્વ ગળ્યો છે, હું મારી મૂર્ખાઈ સમજી છું, મારી ગઈ સદ્બુદ્ધિ પાછી આવી છે. હું તારા તિરસ્કારને પાત્ર છું; પણ મને માફ નહિ કરે?"

મુંજાલ તેમ ને તેમ ઉભો રહ્યો.

"તું શું જુવે છે? શું વિચાર કરે છે? બોલતો કેમ નથી?"

"હું સાંભળું છું," તેનો પ્રભાવશાળી અવાજ નરમ પડી ગયો હતો.

"મુંજાલ! તું હુશિયાર છે. તને પટાવવામાં માલ નથી; ભલે તું એમ માન કે, તને પટાવવાની મારી શક્તિ નથી. તું બાહોશ છે; પાટણમાં તારા સમાન બીજો કોઈ છે નહિં. તારા હાથમાં મારું રાજ્ય, મારા દીકરાનું તાજ છે. તું જા, અને પાટણને મનાવી આવ."

"હું કેદી છું; મને શી ખબર કે, પાટણમાં શું છે?"

"પાટણમાં? પાટણમાંથી હું બહાર ગઈ, એટલે લોકોએ હુલ્લડ કર્યું, શાંતુ મહેતાના હાથમાંથી કોટની કુંચીઓ લઈ લીધી, અને તારો ભાણેજ ત્રિભુવનપાળ ગામનો રાજા થઈ પડ્યો છે. વળી મંડુકેશ્વરનો રુદ્રમહાલય બળી ગયો, અને દેવપ્રસાદ અને હંસા બળી મૂઆં."

"હંસા!—" મુંજાલના અવાજમાં જરાક ભાવ આવવા લાગ્યો.

"હા હંસા! છેલ્લી વારે મેં હંસાને મંડલેશ્વર પાસે મોકલી આપી. છોકરો ધારે છે કે, એનાં માબાપને મેં મારી નંખાવ્યાં, એટલે હવે તે પ્રતિજ્ઞા લઈને બેઠો છે."

મીનળે 'શું' પૂછવાની વાટ જોઈ, પણ કાંઈ સવાલ આવ્યો નહિં; તેણે આગળ ચલાવ્યું એટલે "કે ક્યાં તો પાટણ નહિ કે ક્યાં તો મીનળ નહિં." રાણીએ મુંજાલ સામું જોયું. તે તો સ્વસ્થતાથી ઉભો હતો, એટલે થાકી રાણીએ વધુ કહેવા માંડ્યું:—"અત્યારે ચંદ્રાવતીનું લશ્કર બે ગમથી ગુંચવાયું છે; એક તરફ વલ્લભસેન દેવપ્રસાદનું લશ્કર લઈ પાછળ પડ્યો છે; આગળ ત્રિભુવન પાટણનાં બારણાં બંધ કરીને બેઠો છે. પાટણ સામે જાઉં? વલ્લભ જોડે લડું તો વખત છે ને જયદેવ કુમારની ગાદી સમૂળગી જાય. તેના કરતાં પાટણ જોડે સમાધાન થાય તો સારું. પણ તે કેમ કરવું?"

મુંજાલ મૂંગો રહ્યો. "કહેની, તારી શી સલાહ છે?"

"કેદીઓની સલાહ કેવી?"

"મુંજાલ! મુંજાલ! મારી એક ભૂલ આગળ ને આગળ ક્યાં કરશે? હું મુરખ છું. છેલ્લા ત્રણ દિવસ થયાં મને ઘણું ભાન આવ્યું છે. હું સમજી છું કે, મારી મૂર્ખાઇની કાંઈ સીમા રહી નથી," કહી મીનળદેવી માથે હાથ મૂકી પાટ ઉપર બેસી ગઈ.

"મુંજાલ! મેં તારું જેટલું નહિં માન્યું, તે માટે હું પસ્તાઉં છું. તું ધારશે કે, હું ઢોંગ કરું છું. પણ ના; મેં જોયું કે, શા સારુ લોકોનો જે વિશ્વાસ તેં અને મંડલેશ્વરે મેળવ્યો, તે હું નહિં મેળવી શકી?"

રાણીએ અત્યાર સુધી ઘણું ઘણું મનમાં રાખ્યું હતું, પણ વિચારે, પીડાએ, મુંજાલને માટે ઉભરાતી લાગણીઓએ મનનાં બાર ઉઘાડી નાંખ્યાં હતાં; અને એક વખત વિચારો અને લાગણીઓનો પ્રવાહ ચાલ્યો, એટલે રોકવો કઠણ હતો; એટલે તેણે મુંજાલના બોલવાની રાહ ન જોતાં આગળ ચલાવ્યું:–"તમારા કરતાં હું મારી જાતને ડાહી માનતી હતી, અને આઘે રહી લોકોને કબજામાં રાખી, તેમને સેત્રંજની સોગઠીઓ જાણી, રમાડવા માંગતી હતી. તમે બન્ને ગુણમાં અને દોષમાં લોકોના આદર્શ હતા, અને તેમાં લોકોનો તમારા પર પ્રેમ હતો. તેમાં તમે જિત્યા, હું હારી. એકલી સત્તા એ સ્વપ્નું છે, એ જ્ઞાન મને ઘણું મોડું થયું."

"એમ?" મુંજાલે પૂછ્યું. તેની આંખમાં તિરસ્કાર ચમકી રહ્યો હતો.

"હા. હવે તું કાંઈ બોલશે? મારી બાજી બગડી ગઈ છે. મારી ગાદીનાં ઠેકાણાં નથી. તારા હાથમાં બધું સુધારવાનું છે. ગમે તેમ ફરી તારા ભાણેજને સમજાવ. હું બધું આપવા ખુશી છું. માત્ર મારા છોકરાનું તાજ અમર રાખ; મને રાજ્યમાતા થઈ પાટણમાં રહેવા દે."

"તે શું કહે છે?" ભાવહીનતાથી મુંજાલે પૂછ્યું.

"તે તો કાંઈ કાંઈ કહે છે. મારી ચાર આંગળની ભત્રીજી આવી મને કહી ગઈ કે, હું રેવાતટે જઇને રહું તો તે જયદેવકુમારને પટ્ટાભિષેક કરાવે. શું કરું કે, મારામાં જોર નથી અને કોઈ શહેર મારી પડખે છે નહિં, નહિં તો એ છોકરીની ને એના ત્રિભુવનની જીભ ખેંચી કઢાવત. મેં સાંભળ્યું છે કે, એ છોકરાએ પ્રતિજ્ઞા લીધી છે કે, પાટણમાં એ નહિં કે હું નહિં. હવે શું કરવું? તું કેમ કાંઈ કહેતો નથી? તારી બુદ્ધિ ક્યાં ગઈ?"

"જ્યાં સુધી હું મંત્રી હતો ત્યાં સુધી બુદ્ધિ હતી, હવે નથી," તોછડાઇથી મુંજાલે કહ્યું.

"બુદ્ધિ નથી? મુંજાલ! તું શું કહે છે? તારા સિવાય અત્યારે

મારે કોઈ બીજો આરો નથી;—ના, તારા સિવાય બીજો કોઈ આરો મારે હતો નહિં, ને છે નહિં. તું કાંઈ રસ્તો બતાવ. તારી બુદ્ધિ નહિ ચાલે એ બને? નાનપણમાં તું જ કહેતો હતો કે, તું શું ન કરી શકે, તેની તને સમજ પડતી નથી."

"હા, હું બધું કરી શક્યો. બૈરીને મરવા દીધી, બહેનને મારી, એક રીતે બનેવીને માર્યો, ગામને ગર્દન માર્યું; પણ હવે ભાણેજને મારવાની બુદ્ધિ નથી રહી," જાણે નજીવી વાત કરતો હોય, તેમ પદભ્રષ્ટ મંત્રી બોલ્યો.

"ત્યારે હું મરું? મુંજાલ! આ બધાનું મૂલ્ય હું છું; બધા વચ્ચે આડી ખીલી હું છું. હું મરી જાઉં? તે પણ મેં વિચાર કર્યો. આખરે અગ્નિદેવતા તો મને નહિ જ તરછોડે. પણ તેને શરણે જાઉં, તે પહેલાં મને લાગે છે કે, કાંઈ ઉપાય છે? તું કાંઈ ઉપાય બતાવે છે?"

"મરેલા અને જીવતા વચ્ચે મને તો બહુ ભેદ નથી લાગતો," કઠોર અવાજે મુંજાલે કહ્યું.

"તને ક્યાંથી લાગે? તારે શરણે આવી છું, એટલે તું જે કહેશે તે ચાલશે. પણ તું કાંઈ રસ્તો બતાવ."

"પ્રભુની મરજીને આધીન થાઓ—" તિરસ્કારથી મુંજાલે કહ્યું.

"એટલે હું મરું? મારા દીકરાનું રાજ્ય જવા દઉં?"

"જોગમાયા છો," ભયંકર રીતે જરા હસી તે બોલ્યો, "સોલંકી કુળને ઉચ્છેદવા નિર્માયાં છો."

રાણીને લાગ્યું કે, તેને પીગાળવો હોય તો તે મૂંગો રહે, તેના કરતાં ગાળો દે તે વધારે સારું, તેથી તે બોલી, "હા, હું ઉચ્છેદ કરવા આવી છું. તું શા માટે બોલે? એક સોલંકી જશે તો બીજો આવશે. તારો તો ભાણેજ ચક્રવર્તી થશે."

"દુનિયાની ચઢતીપડતી જોડે મને સંબંધ નથી," મુંજાલે ટુંકેથી પતાવ્યું. તે એમ મીનળની વાક્ચાતુરીમાં ફસાય, એમ ન હતું.

"ત્યારે તું કાંઈ નહિ કરે? મુંજાલ! મુંજાલ! આજે પંદર વર્ષ પછી તું આટલું નહિ કરે?"

જવાબમાં મુંજાલ કઠોર રીતે હસ્યો. કચવાઈને રાણીએ કહ્યું:— "હસ, હસ; રાજી થા. હું આટલું આટલું કહું છું, પણ તને જરા કાંઈ થતું નથી? એક વખત માફ નહિ કરે? હવેથી તારા કહ્યા વગર એક ડગલું નહિ ભરું. કાંઈ તો રસ્તો બતાવ."

"રસ્તો બતાવવાનો ધંધો મેં છોડી દીધો છે."

"આમ શું કરે છે? તને જરા દયા નથી આવતી? મેં મંત્રીપદ છોડાવ્યું, મેં તને કેદ કરાવ્યો, હું કૃતઘ્ની નીવડી, જે કહેવું હોય તે કહે;

પણ એક વખત, મહેરબાની કરી તું કહે તો તને પગે લાગું. મને આટલું કરી આપ." જેમ જેમ રાણીને પોતાના પ્રયત્નો નિષ્ફળ થતા લાગ્યા, તેમ તેમ તેણે વધારે પ્રયત્ન કરવા માંડ્યો; અને પ્રયત્ન કરતાં તેનામાં જે કાંઈપણ સ્વાસ્થ્ય કે ગૌરવ હતું, તે જતું રહ્યું; અને પોતાના અસલ સ્વભાવમાં જે કાંઈ ભાવો હતા, તે બહાર નીકળવા માંડ્યા. ગઈ કાલ રાતની એજ પંથે તે ચાલવા માંડી હતી; હવે પળેપળે જેમ તે અન્તરની સીધી, સરળ ભાષા બોલવા લાગી, જેમ સામું ઉભેલા પ્રભાવશાળી પુરુષનું વ્યક્તિત્વ તેના ગાંડા હૃદયને વગર શબ્દે વધારે ગાંડું બનાવતું ગયું, તેમ તે પંથનો અંત આવતો ગયો; અનુભવ વગરની, કૃત્રિમતા વગરની, સત્તાના આકાંક્ષી મનની, ખટપટો વગરની, પંદર વર્ષ પહેલાંની મીનળ થતી ગઈ. મીનળે હાથ જોડ્યા.

"રાણી! આ સિવાય બીજું કાંઈ ન કહેવું હોય તો રજા આપો. આમાં હું કાંઈ કરી શકું એમ નથી. જે દિવસે હું તમારે હાથે કેદી થયો, તે દિવસથી હું મુંજાલ મટી ગયો."

રાણી એકદમ ઉઠી મુંજાલની સામે આવીને ઉભી રહી; અને પોતાના હાથમાં હાથ નાંખી તેને આમળી નાંખ્યાઃ—"પાછું તેનું તે. મેં ગુનાહ કર્યો, તેને બદલ મારવી હોય તો માર. મને પાછી પાટણ લઈ જા, અને જોઈએ તો કરવત કાલે સહવારે મેલજે. તેનું તે શું કહ્યા કરે છે? મને જોઈ ધિક્કાર આવે છે? એક ઘડી મારી સાથે વાત કરતાં તને કચવાટ પેદા થાય છે? એ પણ નસીબની બલિહારી છે. મુંજાલ! મુંજાલ! તું કહે છે કે મારે મરવું. એ જ તારું છેલ્લું વચન? ઠીક. કાંઈ રસ્તો નથી? પણ આજ તેત્રીશ વર્ષની ઉમરે મરવું ભારે લાગે છે."

"શેઠાણી પચ્ચીશ વર્ષની ઉમરે ગઈ; હંસા ત્રીશ વર્ષે," ક્રૂરતાની શાન્તિથી મુંજાલે કહ્યું.

"હા! હા!" રાણીએ માથાપર જોરથી હાથ અફાળતાં કહ્યું; "એક ભાગ્યશાળી થઈ ગઈ કે, મુંજાલ જેવા પતિને હાથે અગ્નિદાહ પામી; બીજી પણ ભાગ્યશાળી થઈ ગઈ કે, મંડલેશ્વર જેવા નરના હાથમાં મરી. ભાગ્ય ફૂટેલી તો હું કે, મારી સાથે કોઈ આવવાનું નથી; મારી પાછળ કોઈ રડવાનું નથી. મારા શા ભોગ લાગ્યા હતા કે, પાટણના નામથી લોભાઈ હું અહિંયાં આવી? નહિં તો, આ દિવસ દેખત નહિં. આ ભૂમિપર તો શાપ છે, જેને ને તેને ખાઈ જાય છે."

"રાણી! મને દોષ દેવો હોય એટલો દો; મારી માતાને નહિં દેશો."

"દઈશ. કેમ નહિં દઉં?" આક્રંદ કરતાં મીનળે કહ્યું, "તેં ચંદ્ર-

પૂર આવી આ ભૂમિનાં વખાણ નહિં કર્યાં હોત તો હું અહિંયાં પગ નહિં મૂકત.”

“મારી જન્મદાતા ભૂમિનાં કીર્તન કરવાં, એ મારો ધર્મ છે. મારી ભૂમિ જેવી ભૂમિ તો સ્વર્ગલોકમાં પણ જડવી મુશ્કેલ પડે એવી છે,” હતું તેના કરતાંએ માથું ઉંચું કરતાં મુંજાલે કહ્યું; “પોતાને વાંકે પારકાને શું કામ દોષ દો છો?”

“એમ તો એમ. મને છૂટ નથી. શા સારૂં?” આંખમાંથી આંસુઓ સારતાં રાણીએ કહ્યું; “આ ભૂમિના નાથ પાછળ કાલે સવારે હું સતી થઇશ. તે સિવાય આ મુંઝવણમાંથી રસ્તો જડવાનો નથી. મારે ગૌરવહીણાં થઈ જીવવું નથી; આ દિવસ પણ આવશે, એમ ધાર્યું નહોતું.”

દુઃખનો ઉમળકો આવતાં રાણીએ ધ્રૂસકાંપર ધ્રૂસ્કાં ખાવાં માંડ્યાં, અને બોલી કે, “મુંજાલ! હવે તો જરા ભીની આંખે જો. આ તારી કઠોર નજર, તિરસ્કારભર્યું મ્હોડું, મારૂં હૈયું ચીરે છે. હું તને બીજું કાંઈ નહિં કહું, તારી પાસે બીજું કાંઈ નહિં માંગું; બે બોલ નહિ કહે? તું આવો મારી સાથે થશે, એ મેં કોઈ દિવસ નહોતું ધાર્યું.”

મુંજાલે માથું છાતીપર નીચું નાંખી દીધું, અને એક પણ બોલ બોલ્યા વગર ઉભો રહ્યો.

રાણી જાણે ગાંડી થઈ હોય, એમ રડતે રાગે, ધ્રૂસ્કાં ખાતાં ધીમે ધીમે પાછી બોલવા લાગી; “મુંજાલ! એક પળ તો ભૂતકાળ ભૂલી જા. તું ગુસ્સે થયો છે તો બે તમાચા માર; અત્યારે હું ચન્દ્રપૂરના રાજાની છોકરી નથી, પાટણના મહારાજાની પત્ની નથી, નવા મહારાજાની મા નથી, હું મીનળ છું; પંદર વર્ષપર તને જોઈ ગાંડી થઈ રહેનાર બાલા છું. હૂં મરીશ, પણ મરતાં પહેલાં મને તારા બે બોલ તો સાથે લઈ જવા દે. મુંજાલ! તું તે દિવસ ભૂલી ગયો? તારાં વચને લોભાઈ હું ગુજરાતપર ગાંડી બની; તને યાદ છે? તું પાટણની શી લીલા વર્ણવતો હતો? મને અત્યારે એકેએક શબ્દ યાદ આવે છે. મુંજાલ! તને પગે લાગું, એક એક પળ બધું વિસરી જા. એક વખત હતો, તેવો એક પળ વાર થા. હું ગાંડી થઈ ગઈ છું, મારી સાન જતી રહી છે. પંદર વર્ષ સૂધી મેં સ્વપ્નામાં સંભાર્યો નથી, એવા બાલપણના ઉમળકા તાજા થાય છે. ઓ મુંજાલ!” કહી રાણી ઉદ્વેગના જોરથી ઉભી હતી ત્યાં પછડાઈ પડી.

મુંજાલ તેને પડતી અટકાવા જરા પાસે આવ્યો, અડધે અટક્યો અને પછી ટટાર થઈ ઉભો રહ્યો. તેણે દુઃખથી જરા પીગળેલે અવાજે કહ્યું, “મીનળદેવી! આ આક્રંદ શા અર્થનું? ગઈ ગૂજરી સંભારે શો ફાયદો? હમણાં તો તમે કર્ણદેવ મહારાજનાં વિધવા રાણી છો.”

"ખરી વાત છે. મુંજાલ! મરતાં મરતાં પણ ખરા મનની ઊર્મિઓ કહેવાનો મને શો અધિકાર છે? હું પહેલેથી જૂઠી છું. તારા દેશમાં આવવા, તારી પાસે રહેવા, મેં પારકો હાથ સ્વીકાર્યો; હવે મારે પોતાના હૃદય સાથે શો સંબંધ રહ્યો છે? મનસા વાચા જેનું જીવન બેઇમાન, તેને મરતાં પણ શું સુખ મળે?"

"તમે ઉંધા અર્થ નહિ કરો. હશે, પણ અત્યારે એ મરેલા પ્રસંગો જીવતા કર્યે શો માલ?"

"મને અત્યારે માલનો હિસાબ નથી. મરનારને માલની શી પરવા? જે છું તે, પણ, મુંજાલ! ઓ મુંજાલ!' ગાંડા જેવા થઈ ઉઠતાં રાણીએ કહ્યું; "હું મરું તે પહેલાં એક વખત તો બોલ, મારી સામા હસ. મારે બીજું કાંઈ નથી જોઇતું. મારા મુંજાલનું મોઢું જોઈ મરવું છે. મને અડકતાં ઝેર ચડે એમ છે? તું વેર લે છે? હા, તે દિવસનો કિન્નો લે છે. મારાં લગ્નને દિવસે મેં તને હડસેલ્યો; મેં તને તે દિવસ કહ્યું કે, હું ગુજરાતની રાણી થઈ, તારી જનેતા થઈ; મેં તને કહ્યું કે, ક્ષુદ્ર વાસના ત્યાગી આપણે ગુજરાતના સ્થંભ થઈ રહેવું જોઇએ; મેં તને કહાડી મૂક્યો, તરછોડ્યો, તેનું વેર લે છે?"

આ વાક્યો સાંભળતાં મુંજાલમાં અજબ જેવો ફેરફાર થયો. તેની ભાવહીનતા જવા લાગી; તેની છાતી શ્વાસોશ્વાસે ઉંચીનીચી થતી દેખાઈ; તેના મ્હોડાપર, આંખોમાં કુમાશ આવી. તે બોલ્યો ત્યારે તેનો અવાજ ધ્રૂજતો હતો. "મીનળદેવી! મહેરબાની કરી એ દિવસોની યાદ જતી કરો, મારો જીવ રહેંસાઈ જાય છે."

"તારો રહેંસાઈ જાય છે—ને મારો નથી જતો. મુંજાલ! મને સ્વાર્થી ગણ, તુચ્છ ગણ, બેવફાદાર ગણ. તેં મને ઘણી વખત ભાવહીનતા માટે ટોકી છે; હું તેમ નથી. તે દિવસો સંભારી હું જીવું છું; તે દિવસે કચરેલી હૃદયની ઊર્મિઓએ મારું હૃદય સ્વાર્થી અને શુષ્ક બનાવી મૂક્યું છે. મુંજાલ! પરણીને તરત સંકેત સાચવવા હું રાજગઢમાં ઉતરી, તે યાદ છે? તે પળ યાદ આવતાં હું બદલાઈ જાઉં છું. તે વખતે તેં શું કર્યું—"

"મીનળદેવી! મીનળદેવી!" ખોખરે ઘાટે મુંજાલ બોલ્યો; "બસ કરો. દરેક મનુષ્યના ધૈર્યનો પણ અંત હોય છે. મારાથી વધારે ખમાતું નથી."

"શું કામ ખમે છે? હું તે જ માગું છું. એક પળ, તે રાતે, મુંજાલ હતો તેવો થઇને રહે, હું સુખેથી કાલે મરીશ. મુંજાલ! ઓ મુંજાલ!" કહી રાણી પાસે આવી અને મુંજાલના હાથ પકડવા ગઈ. તે એકદમ પાછો હઠી ગયો. રાણીની ફાટેલી આંખોએ અને જ્વલંત મુખપર જે અગ્નિ દેખાતો

હતો, તેણે તેને પણ બાળવા માંડ્યો. તેનાં સ્વસ્થ ગાત્રો ધ્રૂજી ઉઠ્યાં; તેની આંખ આગળ પહેલાંની મીનળ આવીને ઉભી રહી. તેણે હોઠ દાબી શાન્તિ મેળવવા પ્રયત્ન કર્યો, પણ કાંઈ પત્તો નહિ ખાધો.

"રાણી ! શું કરો છો ?"

"મુંજાલ ! તું મારો કેમ મટી ગયો ?"

"તમે મને તે દિવસે દૂર કર્યો, ફરીથી પરમ દિવસે દૂર કર્યો," પોતાના હૃદય જોડે સખ્ત દ્વંદ્વયુદ્ધ કરતાં મુંજાલે કહ્યું.

"પણ તું કેમ પલટાયો ? મુંજાલ ! હું અધમ છું, તું નથી," ઘણા જોરથી હાંફતાં મીનળે કહ્યું.

"હું નથી પલટાયો;" માથું હલાવી, મનમાં ઉઠતા ભડકા શમાવવા યત્ન કરતાં મુંજાલે કહ્યું.

"ખરેખર ?" મીનળની આંખોમાંથી ભયંકર વિદ્યુત્ ઝરી.

મુંજાલે માથું નીચું નાંખ્યું; તેણે નિષ્ફળ પ્રયત્ન કરવા છોડી દીધા; "દેવી ! મીનળ—" તેણે નિરાધાર થઈ બૂમ પાડી. તેના અવાજમાં પુષ્પધન્વાના ધનુષ્યનો ટંકાર હતો.

મીનળ મૂગે મ્હોડે, બાવરી બનીને ઉભી રહી; જાણે ગાંડો થઈ ગયો હોય, એમ મુંજાલ આગળ ધસ્યો, મીનળને પોતાના હાથમાં લીધી, કચડી નાંખી; બીજી પળે બળથી તેને દૂર ધકેલી, ભોંયપર પટકી, અને તે નાઠો.

——:o:——

## પ્રકરણ ૪૧ સું

### પાટણની માતા

જ્યારે જયદેવકુમાર બહાર ફરીને આવ્યો ત્યારે તેણે મીનળદેવીને પથારીમાં સૂતેલી જોઈ.

"બા ! શું થયું ? બપોરે તો કશું ન હતું ?"

તેનો અવાજ સાંભળી રાણી ધ્રૂજી, "જયદેવ ! મારું માથું ઘણું દુઃખે છે, અને જીવ ફરે છે. કેમ, તું ફરી આવ્યો ?"

"હા, આજે ઘણી મજાહ પડી. પેલો સમર ક્યાં ગયો ? એ ડોસો હવે બીલકુલ નકામો થઈ ગયો છે."

"હોય, બાપુ ! જૂનાં માણસો પર ગુસ્સે નહિ થઇએ."

"સમર ! સમર ! તું ક્યાં ગયો ?"

"આવ્યો, મારા મહારાજ !" કહી ચોપદાર અંદર આવ્યો. તેના મ્હોડાપર અપરિચિત લાગતો હર્ષ દેખાતો હતો.

"લે મારો મુગટ ને આ તરવાર. ક્યાં હતો અત્યાર સુધી?"

"મુંજાલ મહેતાએ બોલાવ્યો હતો. લાવો," કહી તેણે બધું હાથમાં લીધું; અને જયદેવકુમાર બહાર નાહાવા માટે ગયો, એટલે તે રાણી તરફ ફર્યો; "બા! હવે ચિન્તાની જરૂર નથી. મુંજાલ મહેતાએ સંદેશો કહાવ્યો છે."

નિરાશાએ મંદ પડેલે અવાજે રાણીએ પૂછ્યું, "શો?"

"તેણે કહાવ્યું છે કે, જે કાંઈ કરો તે કાલે નહિ કરતાં, પણ પરમ દિવસે કરજો; કાલે મુંજાલ મહેતો પાટણ જાય છે."

"શું કહે છે?" પથારીમાં બેઠાં થઈ જતાં રાણીએ કહ્યું. તેના ખેદથી વ્યાકુળ થઈ રહેલા મુખપરની અશાન્તિ જરા ઓછી થઈ.

"હા, કાલે સવારે જવાના છે. હવે કાંઈ ફિકર નથી," મુંજાલની શક્તિને દૈવી માનનાર શ્રદ્ધાવાન્ ચોપદાર બોલ્યો. તેના અસંસ્કારી અવાજમાં પણ વિજયનો ટંકાર લાગતો હતો.

રાણીનું હૈયું જરા હરખાયું; તેના મગજમાં કાંઇક આશાનાં અંકુરો ફૂટયાં. તેણે અશાન્તિ દૂર કરવા લમણાંપર હાથ મૂક્યા; છતાં તેને જરા ઉત્સાહ આવ્યો નહિં, કારણ કે તેનું મન મરી ગયા જેવું થયું હતું.

"બા! સદાયે સોમનાથ મહાદેવની મહેર છે."

રાણીએ જવાબમાં પ્રભુનું સ્મરણ કરી ઉંચું જોયું; પણ જાણે એ સ્તુતિનો જવાબ મળ્યો હોય, તેમ દૂરથી કાંઈ કોલાહલ સંભળાયો.

તે વખતમાં ઉતારા હંમેશા કોઈ દેવસ્થાનની પાસે રહેતા. રાણીનો ઉતારો મહાદેવના મંદિરની પાસે હતો, અને મંદિરને લગતી ઓરડીઓની આસપાસ ફરતો કોટ હતો. આ કોટની ચારે પાસે તંબુ અને ડેરા નાંખી વિજયપાલનું સૈન્ય પડ્યું હતું; ત્યાં આગળથી આ કોલાહલ જાગ્યો એમ લાગતું હતું.

"સમર! જો, એ શું છે? આટલું કકલાણ શાનું?"

"હું બહાર જઈ જોઉં!" સમર ઝડપથી ઓરડાની બહાર ગયો, અને થોડી વારે પાછો આવ્યો. "બા! કાંઈ આઘે મશાલો દેખાય છે. એ છે શું તે, ઉભાં રહો, હું કોટ બહાર જઈ તપાસ કરી આવું."

રાણીને પાછો ગભરાટ થયો. મુંજાલ જશે, એ સાંભળી તેના હૃદયમાં કાંઇક આશા આવી હતી; અને તેમાં આ જો વલ્લભનું લશ્કર નીકળે તો એ આશા નિષ્ફળ નીવડે એમ તેને લાગ્યું. કોલાહલ પાસે આવ્યો, તેમાં યુદ્ધની ભયંકર બૂમો સંભળાતી નહોતી, પણ હર્ષના પોકારો સ્પષ્ટ થતા હતા. એ શું હશે, તેના વિચારમાં રાણી પડી. થોડી

વારે ઉતારાની પાસે કોલાહલ આવ્યો; ઘોડાના પડઘા, રણશિંગાના અવાજ, લોકોનો જયજયકાર: આ બધું કોને માટે?

એટલામાં બહારથી વિશ્વપાલ અને મોરારપાલ આવ્યા. રાણીએ તરત તેમને પોતાની ઓરડીમાં બોલાવ્યા.

"મોરાર! આ બધું શું છે? આ કોણ આવે છે?"

"બા! એ તો આનંદસૂરી લશ્કર લઇને આવે છે."

"શું કહે છે?" ગભરાટમાં રાણીએ પૂછ્યું. દુર્દૈવનો છેલ્લો ફટકો પડ્યો હોય તેમ તેને લાગ્યું.

"પણ તેને તો વલ્લભે કેદ કર્યો હતો."

"કોણ જાણે—"

એટલામાં કોટની અંદર આવતા લોકોના અવાજ સંભળાયા. બેચાર જણ ઝપાટાબંધ ઓસરી ઉપર ચડ્યા, અને આનંદસૂરી અને વિજયપાલ, સાથે જયદેવ કુમારને લઈ તે અંદર આવ્યા.

"બા! જયદેવ મહારાજની જય! મહાવીર પ્રભુજીની જય!" આનંદસૂરીનો પરિચિત અવાજ સંભળાયો. આટલા થોડા દિવસમાં તેના મ્હોડાપર ઘણો વિચિત્ર ફેર પડ્યો હતો. તેની આંખોમાં, કપાળપર, આખા શરીરના હાવભાવમાં માત્ર એકાગ્રતા જ દેખાતી હતી. તેમાં આંખોમાં કાંઈ અપાર્થિવ તેજ હોય, કાંઈ ગાંડપણ હોય એવો ભાસ થતો હતો. તેને ઉત્સાહથી ઉકળતો જોઈ રાણીને ન સમજ પડે એવી ખિન્નતા આવી.

"આનંદસૂરીજી! તમે ક્યાંથી?"

"હું? બા! મને વલ્લભે પકડ્યો હતો; પણ આખરે હું ફાવ્યો, અને ઉલટો તેનું થોડું લશ્કર લેતો આવ્યો છું. હવે આપણો જય છે. વિજયપાળ મને કહેતા હતા કે, તમે નિરાશ થઈ ગયાં છો. હવે હરકત નથી. કાલે સહવારે પાટણને હાથ બતાવીએ છીએ," જતિએ ઉતાવળથી મોટે ધાંટે કહ્યું.

શો જવાબ દેવો, તે રાણીને સૂઝયું નહિ. ઓરડાની બહાર ઘણા માણસો અંદર શું ચાલે છે, તે જોવા તલપી રહ્યાં હતાં.

"બા!" વિજયપાલે કહ્યું, "આપની રજા હોય તો બારણાં બંધ કરાવું? આપણે શી વાતો કરીએ છીએ, તે બહાર જવી નહિ જોઇએ."

"બરોબર છે," મોરારપાલે ટેકો આપ્યો. રાણીએ ડોકીવતી હા કહી, એટલે સમરે બારણાં દીધાં.

"બોલો હવે શું કહો છો?" જરા ગૌરવ ધારણ કરતાં રાણીએ કહ્યું.

"શું? હવે કહેવાનું કાંઈ છે જ નહિ, કરવાનું રહ્યું છે," જતિએ

કહ્યું. "જયદેવકુમાર કાલે સવારે ગૂજરાતની ગાદીએ બેસશે. હું ગઈ કાલનો નાઠો છું, અને પાટણની પણ તપાસ કરતો આવ્યો છું. ફક્ત ત્રણ દિવસમાં પાટણ પડે એમ છે; હવે ગભરાવાનું કાંઈ કારણ નથી. પાછળ પડેલો વલ્લભ પણ બે દિવસમાં નાસીપાસ થઈ પાછો હઠશે."

બધાએ રાણીની સામું જોયું, પણ તે શાન્ત, અને ગ્લાનિ ભરી આંખે જોયાં કરતી હતી. આટલી આશાએ પણ તેને ઉત્સાહ આવ્યો ન હતો. મુંજાલ જોડે વાતમાં ઉકળી રહ્યા પછી તેનું હૃદય દબાઈ ગયું હતું.

"બા!" જયદેવે વચ્ચે કહ્યું, "શો વિચાર કરો છો? આપણે હવે પાટણ લઈશું."

"ના, બેટા!" રાણીએ ગંભીર અવાજે, અને શાન્ત મુખે કહ્યું; "મારે એવું નથી કરવું. ભલે પાટણને જોઈએ તે કરે. તે કછોરુ છો નીવડે; મારે માવીતર મટવું નથી."

બધા સ્તબ્ધ થઈ જોઈ રહ્યા. "પણ, મીનળબા!' વિજયપાલે કહ્યું, "ત્યારે બીજો રસ્તો શું? કાલે તો આપણે આટલા વિચારમાં પડ્યાં હતાં."

"વિજયપાલજી! કાલે તો આપણે વિચાર કરતાં હતાં; આજે મેં નિશ્ચય કર્યો છે, મારે કાંઈ કરવું નથી. કાલે સવારે મુંજાલ મહેતા પાટણ જાય છે," રાણીએ સ્પષ્ટતાથી કહ્યું. જ્યારથી તેના હૃદયે વર્ષોની બેડીઓ તોડી પોતાના અસલ સ્વભાવને તેને રસ્તે જવા દીધો હતો, ત્યારથી તેનામાં બનાવટી રૂવાબ જઈ નિર્દોષ ગૌરવ દેખાવા માંડ્યું હતું; અને સાદાઈથી, સરળતાથી, બોલવાની રીત આવી હતી.

આ ફેરફાર જોઈ જતિને વિસ્મય લાગ્યું; અને તેમાં મુંજાલનું નામ સાંભળી તે વધારે કચવાયો. "મુંજાલ?" તેણે પૂછ્યું.

"કોણ, બા! આપણો મુંજાલ?" જયદેવ બોલી ઉઠ્યો.

"હા, મુંજાલ મંત્રી," રાણીએ સુધારીને ધીમે ધીમે કહ્યું, "પાટણ જાય છે. તે પાટણના આગેવાનોને મળશે, અને જો તે છતાં કાંઈ ન થાય, અને માત્ર મારે જ લીધે પટ્ટણીઓ જીદે ચડ્યા હશે તો હું પરમ દિવસે મારા સ્વામીનાથની સાથે સ્વર્ગે સંચરીશ. હું સતી નહોતી થવાની, મારા છોકરાને માટે, અને મારા દેશને માટે; અને જો મારા વગર તે સુખી થાય, તો શા સારુ મારા પ્રભુનો વિયોગ મારે નકામો વેઠવો? મારે લીધે મારા દેશને ડૂબાવવો?"

ત્યાં ઉભેલા બધા જાણે સ્વપ્નમાં રાણીને સાંભળતા હોય એવા સંશયમાં પડ્યા. તેમાં જેટલા પટ્ટણીઓ હતા, તેટલાઓએ સહર્ષ રાણીને આવા બોલો બોલતાં સાંભળી ગૌરવમાં માથાં ઉચાં કર્યાં. નીમક-હલાલીથી તેઓ રાણી સાથે રહ્યા હતા, છતાં પાટણ તેઓને

પ્રિય હતું. પણ મુંજાલના મુખપર ભયંકર ફેરફાર થયો; તેની લાલ આંખોમાં ખૂનીની આંખમાંજ ચમકતું તેજ આવીને ઉભું રહ્યું. તે દાંત પીસી બોલી ઉઠ્યો, "શું કહો છો? હવે હાથવેંતમાં વિજય આવ્યો ત્યારે આમ બોલો છો? આખા ભુવનની તમે આશા છો; તમારી મહત્તાપર શ્રદ્ધા રાખીને બધા બેઠા છે. અર્હંતોની મહેરથી તમારા હાથમાં સત્તા છે, શાણપણ છે, વિજય મેળવવાની શક્તિ છે, અને આવું બોલો છો?" ગુસ્સાના આવેશમાં તેણે પૂછ્યું.

આજુબાજુ ઉભેલા યોદ્ધાઓ વચ્ચે બોલવા જતા હતા, પણ રાણીએ કહ્યું, "મને સત્તા, શાણપણ કે વિજય એ બધાં કરતાં મારી પ્રજા મને વધારે વહાલી છે. જતિજી! ગુજરાતની રાણી સાથે વાત કરતાં શી અદબ રાખવી જોઇએ, એ ભૂલી જાઓ છો."

જતિએ હોઠ કરડ્યા, "ના બા! હું ભૂલતો નથી. પણ જે આપણી રાજ્યનીતિ માટે હું આટલો મરી મથ્યો, તે પરિપક્વ થવા આવી છે ત્યારે તમે આવું બોલો છો? આવી પળ ઇતિહાસક્રમમાં એક જ વખત આવે છે અને તે પણ આપણે ચૂકી જવી?"

"આનંદસૂરીજી! મારો નિશ્ચય દૃઢ છે, તે ફરવાનો નથી. જો મુંજાલનું કાલે ચાલશે તો હું પાટણ જઇશ."

"તમને ખબર છે કે, ત્રિભુવનપાલ મક્કમ થઈ બેઠો છે? પાંચ મુંજાલ આવે તોયે ડગવાનો નથી? ત્યારે શું કરશો?"

"ત્યારે હું સતી થઇશ. મારા દીકરાનું રાજ્ય જાય, તેના કરતાં મારો જીવ વધારે નથી," સખ્તાઇથી રાણીએ કહ્યું.

"બા! એવું શું બોલો છો?" જયદેવે કહ્યું.

"દિકરા! ક્ષત્રિયવટની ટેક જાળવતાં ગૂજરાતની રાણીએ જરા વિચાર પણ કરવો નહિ જોઇએ," મીનળે કહ્યું.

"પણ ધર્મની ધ્વજા આગળ ટેકનો હિસાબ શો?" જતિએ કહ્યું, "એકલી ટેકે કોઈ દિવસ રાજ્ય રચ્યું છે? ક્ષત્રિયની ટેકોએ તો આખા ગૂજરાતને, આખા ભરતખંડને છિન્નભિન્ન કરી મૂક્યું છે; અને જો વેળાસર એકધર્મની સત્તા પ્રબળ નહિ થશે તો એકધર્મી યવનો કાલે ત્યારે તમને દાસના પણ દાસ બનાવી મૂકશે. હજુ વિચાર કરો; આવી તક નહિ ગુમાવો. સૃષ્ટિપર ચક્રવર્તી થવું હોય તો આ જ રસ્તો છે; અને તે શા માટે છોડો છો?"

"આનંદસૂરીજી!" મીનળે બેદરકારીથી કહ્યું, "તમારા સંપ્રદાયમાં મને હવે શ્રદ્ધા નથી. ચક્રવર્તીપણું મળે તો તે પ્રજાના ઉત્સાહથી, તેમની મહત્વાકાંક્ષા સજીવન કરવાથી."

"એ મહત્વાકાંક્ષા અત્યારે જૈનમત જ પૂરી શકે એમ છે."

"આખી પ્રજા તે સ્વીકારવા તૈયાર નથી; એટલે મારે પણ તે નહિં જોઇએ."

"નહિં સ્વીકારવા તૈયાર હોય તો તેમને તૈયાર બનાવવા, એ રાજાઓનું કામ છે," કહી જતિએ પોતાની કેડે બાંધેલી તરવારપર હાથ ઠોક્યો.

"અહિંસા પરમો ધર્મઃ।" રાણીએ જવાબ આપ્યો; જતિ મૂંગો થઈ ગયો; "જતિજી! જે હોય તે, પણ મારો નિશ્ચય નિશ્ચલ છે. જીવીશ, તો પાટણની મરજીથી, મરીશ તો પાટણનું ગૌરવ વધારવા."

"નકામાં પાછળથી પસ્તાશો." જતિએ તોછડાઇથી કહ્યું.

જયદેવકુમાર ગુસ્સામાં બોલવા જતો હતો, તેને રાણીએ રોક્યો. "આનંદસૂરી!" રાણીએ કહ્યું, "તમે ધર્માત્મા છો; નહિ તો આવા શબ્દો માટે તમારી જીભ ખેંચી કઢાવત. જાઓ," બારણા તરફ આંગળી કરી તેણે કહ્યું; પછીથી ઉમેર્યું, "વિજયપાલજી! તમે મારો નિશ્ચય સાંભળ્યો છે. તમે ચન્દ્રાવતીના સેનાધિપતિ છો. હવે તમારા શહેરનું હિત શામાં સમાયલું છે, તે તમે જાણો."

"ધર્મના વિજયની વચમાં સ્વાર્થી હૃદયની પ્રેરણાઓ આણ્યાથી જ આ દુનિયાનો અધઃપાત થયો છે," તિરસ્કારમાં આનંદસૂરી બોલ્યો.

"જતિજી!" મોરારપાળ વચ્ચે આવી બોલ્યો, "તમો જતિ છો, તેની મને બહુ પરવા નથી; પણ બાના સાંભળતાં ફરી કાંઈ એવું બોલશો તો તમારું માથું ક્યાંનું ક્યાં જઈ પડશે. વિજયપાલજી! હવે આપણે ચાલો. બાની તબિયેત સારી નથી."

બધા મૂંગે મ્હોડે બહાર નીકળ્યા. મોરારપાળ છેલ્લો રહ્યો, અને રાણી તરફ ફરીને બોલ્યો, "બા! આખરે તમે પાટણનું નાક રાખ્યું છે. એક વખત આપનો હુકમ માનવા મેં ના પાડી હતી. હવે મારો જાન જોઇતો હોય, તોપણ હાજર છે."

"મોરાર! હું તમારા બધાની રાણી હતી ત્યારે મેં કેવી તક ગુમાવી, તેનું આજે મને ભાન થાય છે. તું વિશ્વાસુ છે. જો, મને કાંઈ થાય તો જયદેવને સંભાળનારો તું એકલો છે; યાદ રાખજે."

"બા! મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી હું જયદેવકુમારને ઉનીપમાંચ નહિં આવવા દઉં. હવે આપ થાક્યાં હાર્યાં બેસો," કહીને મોરાર ગયો.

જયદેવકુમાર એકલો રહ્યો. તેના સ્વાર્થી હૃદયમાં મીનળ માટે પ્રેમ હતો, તેના જ વચન માટે માન હતું, તેની જ બુદ્ધિપર વિશ્વાસ હતો; તેની આવી પ્રતિજ્ઞા જોઈ તે વિસ્મય પામ્યો. શું કરવું તે તેને સૂઝ્યું નહિં. માત્ર મીનળદેવી સતી શા માટે થાય છે, તે તેણે પૂછ્યું

પ્રયત્ન કર્યો, પણ મીનળે કાલે કહેવાનું વચન આપી તેને શાન્ત રાખ્યો. રાણીનું મન કાંઈ કાંઈ વિચારોમાં વિહરતું હતું.

## પ્રકરણ ૪૨ મું
### વિષ્ટિ

ત્રિભુવને થોડા દિવસમાં અદ્ભુત શક્તિ દાખવી હતી; અને શહેરની વ્યવસ્થા અને રક્ષણ માટે તેણે ચાંપતા ઉપાયો લેવા માંડ્યા હતા. અલબત ખેંગારનો અનુભવ અને ઉદાના મુત્સદ્દીપણાને લીધે ઘણું કામ થયું હતું; છતાં ત્રિભુવનના જેટલી ઉત્સાહપ્રેરકતા કોઇનામાં નહોતી. લોકો તેને થઈ ગયેલા શૂરા સોલંકીઓનો મુકુટમણિ લેખવા લાગ્યા, તેને વચને પ્રાણ આપવા તૈયાર થવામાં મોટાઈ માનવા લાગ્યા, સ્ત્રીઓ તેનું કુમળું છતાં ભવ્ય મ્હોડું જોઈ વારી જવા લાગી; પુરુષો તેનું હિંમત-ભર્યું અને બાહોશીવાળું ચારિત્ર્ય જોઈ કુરબાની કરવા લાગ્યા; ઘરડાઓ તેના બાપ અને માની જૂની વાતો તાજી કરી તેને પૂજવા લાગ્યા. ડુંગરનાયક તો તેને દેવ ધારતો અને તેની પાછળ પાછળ કુતરાની નિમક-હલાલીથી ફરવામાં વડાઈ સમજતો. પ્રસન્ન તેને માટે બધી વાતની તજવીજ કરવામાં, તથા તેને દીલગીરી પેદા થાય તો તે દૂર કરવામાં, મશગૂલ રહેવા લાગી.

પાટણના લોકોમાં ઉત્સાહ કેટલેક અંશે વધતો ગયો હતો. લોકોને આમ બારણાં દઈ બેસી રહેવાનું રુચવા લાગ્યું નહિ; કેટલાક તો દિગ્વિજયની તૈયારીના વિચાર કરવા માંડ્યા; પણ દિગ્વિજયના હોંસીલાઓને ત્રિભુવનની દૃઢતા અને ઉદાની વ્યવસ્થાએ કેટલેક અંશે કાબુમાં રાખવા માંડ્યા. ઉદાએ પોતાની હાલની સત્તાનો લાભ લઈ રાજ્યતંત્ર પાછું હતું, તેવું ચલાવવાને પ્રત્યન કર્યો; અને લોકોમાં એક જ મહત્વાકાંક્ષા હોવાથી તેને ઘણે ભાગે ફત્તેહ મળી. એ બેની રાત અને દિવસની અથાગ મહેનતથી કરેલી ગોઠવણોને લીધે લોકોને ગેરવ્યવસ્થાનો જે ડર હતો, તે દૂર ચાલ્યો ગયો; અને નિડરપણે, સ્વસ્થતાથી પાટણ રાણીની સામું થયું.

ત્રિભુવનને ખબરો આવતી, તે ઉપરથી તેને જણાયું કે, રાણી કાંઈ પણ હાલ કરે એમ નથી; એટલે તેણે બેઠાં બેઠાં પાટણની સત્તા કેમ વધારી શકાય, તેના વિચારો કરવા માંડ્યા. સવારે તે ઉઠ્યો ત્યારે માબાપનો શોક છતાં તેનું મન પ્રફુલ્લ હતું. તેના મહત્વાકાંક્ષી મનને ભરતખંડ જિતવું પણ સહેલ લાગ્યું. સૂતકને લીધે નિત્ય કર્મ કાંઈ નહિ હોવાથી તેણે નાહીને બહાર નીકળવાનો વિચાર કર્યો, પણ હજુ સૂર્યો-

"હા. કહે છે કે, આપને મળવું છે; રજા હોય તો અંદર આવે, નહિ તો આપ બહાર આવી જાઓ."

"ઉદા! જા, ખેંગારસિંહજીને બોલાવ."

ઉદો ખેંગાર મંડલેશ્વરને તેડવા જતાં જતાં વિચાર કરવા લાગ્યો. તે પણ એકદમ ગભરાઈ ગયો હતો, પણ તેની નિર્મળી સ્વાર્થબુદ્ધિ તરત મદદે આવી. 'મુંજાલ ગામમાં આવ્યો તો બધો ખેલ ખલાસ થઈ જવાનો; તેનું વ્યક્તિત્વ, તેનું વાક્ચાતુર્ય, તેની હુશિયારી બધાને તાબે કરશે. હવે કરવું શું?' ખેંગાર મળ્યા ત્યાં સુધીમાં તેણે એક યોજના ઘડી કહાડી હતી.

"બાપુ! બાપુ! કોટ બહાર મુંજાલ મહેતા આવ્યા છે; ત્રિભુવન મહારાજને મળવાની રજા માંગે છે. તમે ચાલો, મહારાજ બોલાવે છે."

"હં!" ખેંગારે કહ્યું, "રાણીએ મોકલ્યો હશે."

"હા, પણ જોજો, એ કાંઈ ઉંધું નહિ વેતરે; મહા મુત્સદ્દી છે."

"અરે વેતર્યું વેતર્યું," ડોસાએ મૂછો તાણતાં કહ્યું, "એમ કાંઈ સહેલી વાત છે?"

"નહિં તો, બાપુ! એટલું કરજો, ત્રિભુવનપાલને ગામ બહાર વાત કરવા જવા દેજો; મુંજાલ મહેતાને ગામમાં બોલાવશો નહિં."

"જારે, ગાંડા! મુંજાલ મહેતો કોઈ દિવસ પાટણને લાંછન લાગવા દે નહિં," એમ કહેતાં ખેંગાર મંડલેશ્વર ત્રિભુવન પાસે આવી લાગ્યા; "કેમ ખરું કેની?" તેને સંબોધી ડોસા બોલ્યા, "મુંજાલ મહેતા આવ્યા તો બોલાવો અહિંયાં."

"હા, હું તે જ વિચાર કરતો હતો."

"મહારાજ!" ઉદાએ પોતાની વાત પાછી આગળ ધરી, "આપ કોટ બહાર મળવા જાઓ તો કેમ?"

"શું કામ? મહેતા પણ પાટણના છે; અને વાત કરી પાછા ચાલ્યા જશે," ત્રિભુવને કહ્યું.

ઉદાએ નિસાસો મૂકયો. તેને મન આ બધા મૂર્ખાઈભરેલું ડગલું ભરતા હતા. "ઠીક, બાપુ!"

"ખેંગાર કાકા! આપ કહેતા હો તો મારો હાથી મોકલીએ. નગરશેઠના મોભ્ભાને શોભે, એવો આવકાર દેવો જોઇએ."

"પણ સાથે કોઈ માણસ નહિં આવે," ખેંગારે કહ્યું.

"ના. એ તો આ દરવાન કહે છે કે, મહેતા સાથે કોઈ નથી."

"ઠીક, ત્યારે મોકલો. કહેતા હો તો હું જાઉં," ખેંગારે કહ્યું.

ઉદો વધારે વિચારમાં પડ્યો. નગરશેઠના નામની જાદુઈ અસર

થવા માંડી હતી. "હું પણ જાઉં," તે વચમાં બોલી ઉઠ્યો. આવો લાગ તે ચૂકે એવો નહોતો.

"હા," કહી ત્રિભુવન ત્યાં રહ્યો, અને ખેંગાર અને ઉદો ગયા. થોડીક પળ વીતી અને વાત સાંભળી પ્રસન્ન દોડતી આવી. 'મુંજાલ મહેતા આવે છે,' સાંભળી રાજગઢમાં ખળભળાટ થઈ રહ્યો હતો.

"હેં! ખરી વાત?"

"હા. કેમ? તેમાં આટલી ગભરાય છે શું?"

"જોજો, તમારું વ્રત નહિં તોડાવે."

"જરા ગભરાઈશ નહિં," ત્રિભુવને મગરુરીમાં જવાબ દીધો, "હું અડગ છું."

ક્યાં સૂધી બે જણ મૂંગા મૂંગા એકમેકની સામું ટીકીને જોઈ રહ્યા. મુંજાલને મળવાની આતુરતામાં અને અધીરાઈમાં બેમાંથી કોઈ કાંઈ વાત કરી શક્યું નહીં. એટલામાં એકબે સામન્તો આ ખબર સાંભળી આવી લાગ્યા. ઘણા થોડા વખતમાં અને ઘણી વધારે અધીરાઈ અનુભવ્યા પછી, રાજગઢમાં થોડા લોકો આવતા સંભળાયા. ત્રિભુવન ઓટલાપર ગયો. મુંજાલ, ખેંગાર, ઉદો, અને રસ્તે જે જે મળ્યા હતા, તે બધા પગે ચાલીને આવતા હતા.

મુંજાલનો પહેરવેશ તદ્દન સાધારણ અને મેલો હતો. જે વેશે તેને કેદમાં પૂરવામાં આવ્યો હતો, તેજ વેશે તે અહિંયાં આવ્યો હતો. તેના ઉંચા, ઘાટીલા શરીરમાં જરા ખૂંધ જણાતી હતી; માથાના મરોડમાં પહેલાં કરતાં ગર્વ જરા ઓછો અને નમ્રતા વધારે દીસતી હતી; આંખોના તેજમાં સત્તા જઈ તિરસ્કાર વધારે સ્પષ્ટ થતો હતો. તે ડગલાં પહેલાનાં જેવાં જ ભરતો હતો, દૃઢ અને સત્તાદર્શક; તેનું વ્યક્તિત્વ પહેલાંના જેવું જ શોભતું હતું, તેજસ્વી અને બધાથી નિરાળું.

ત્રિભુવન એકદમ લેવાને આગળ ગયો. તેના મનમાં કાંઈ કાંઈ ઉમળકા આવ્યા હતા; તેણે અભિમાની મંત્રી, મુત્સદ્દી નગરશેઠ, અને રાણીનો માનીતો મુંજાલ જોવાની આશા રાખી હતી. તેને બદલે સાધારણ માંગણીઓ અરજ ગુજારવા આવે, તેમ તે આવ્યો હતો. તેમાં ત્રિભુવનને મુંજાલના શબ્દો સાંભર્યા, "ત્રિભુવન! મારા ખાલી હૃદયની આશા પૂરશે?" એ શબ્દો સાંભરતાં તે બધું ભૂલી ગયો; માત્ર પોતાના મામા કે જેને આખરે રાણીએ કેદ કર્યા, તે મામાને જોઈ રહ્યો. ત્રિભુવન દોડ્યો અને મુંજાલને ભેટી પડ્યો; "મામા!" બોલતાં તેની આંખમાં આંસુ આવ્યાં. મુંજાલની આંખ તેવી ને તેવી સ્થિર રહી.

ત્રિભુવન તેને ઓરડામાં લઈ ગયો, અને બેસાડ્યા. "મામા! આ તસ્દી કાંઈ તમે લીધી?"

"ત્રિભુવન! તું જાણી તો ગયો હશે કે, શા કારણે હું આવ્યો છું. પણ હું રાણીના તરફથી નથી આવ્યો; મારે પોતાને લીધે આવ્યો છું. તમે કોઈ એમ ધારતા હશો કે, હું પાટણની ટેક તોડવા આવ્યો છું; તો તે એ વાસ્તવિક નથી. હું તમારામાંના એકબે આગેવાનોની જોડે વાત કરવા આવ્યો છું. મારે એકબે વાત કહેવી છે; અને તે સાંભળશો તો પાટણનું ગૌરવ વધારે સચવાશે," મુંજાલે ધીમે ધીમે, ગમગીની-ભર્યા અવાજે વાત કરવા માંડી.

"મહેતા!" ખેંગારે કહ્યું, "તમારું બધું સાંભળવા ખુશી છીએ. અમે કાંઈ મંજાકમાં આ બધું આરભ્યું છે? જે કહેવું હોય, તે સુખેથી કહો."

"હા, પણ આમ નહિ. આપણે ત્રણચાર જણ બેસીએ. કેટલીક વાતો ચકલેચકલે થાય, તે કામની નહીં"

"બરોબર છે. ઠીક! ખેંગાર કાકા!" ત્રિભુવને કહ્યું, "વસ્તુપાલ શેઠને બોલાવીશું તો ચાલશે. તે, તમે, હું, અને ઉદો."

"બરોબર છે."

"ચાલો આપણે ઉપરં જઇએ," ત્રિભુવને કહ્યું. બધા ઉઠ્યા અને દાદર તરફ ગયા. મુંજાલની તીક્ષ્ણ નજર, પ્રસન્ન દોડતી બાજુના ઓરડામાં સંતાઈ ગઈ, તેના પર પડી.

"કોણ, પ્રસન્ન?" દૃઢતાથી નજર ફેરવી મુંજાલે કહ્યું.

"હા, પ્રસન્ન છે," ત્રિભુવને કહ્યું, "બોલાવું? પ્રસન્ન! ઓ પ્રસન્ન! મામા બોલાવે છે."

તરત હસતી, શરમાતી પ્રસન્ન નીચું જોતી આવી અને ઉભી રહી.

"કેમ છે? તું રાણીને મળી હતી, નહિ? તું પણ ચાલ. તમને કોઇને વાંધો તો નથી?"

"ના, ના રે," ખેંગારે કહ્યું. થોડા દિવસના અનુભવે તે ડોસા પણ પ્રસન્ન પાછળ ગાંડા ગાંડા થઈ ગયા હતા. "ચાલ, પ્રસન્ન!"

પાંચે જણા ઉપર ગયાં અને મૂગાંમૂગાં બેઠાં. થોડી વારે વસ્તુ-પાલ શેઠ આવ્યા, અને તેમના ગભરાટનો પાર નહિ રહેવાથી મુંજા-લની તબિયેતની ખબર પૂછવા માંડી.

"વસ્તુશેઠ! તબિયેત હવે કોને? છેલ્લા પાંચ દિવસમાં તો કાંઈ કંઈ જુગ મારા પર વહી ગયા. આ બધું પતે તો હું તો આણુજીને શરણે જવાનો છું. દુનિયાના બહુબહુ લાવા મેં લઈ નાંખ્યા," મંદ,

દયાજનક હાસ્ય મ્હોડાપર લાવી મુંજાલે કહ્યું; "છેલ્લો છેલ્લો તમે પણ આપ્યો," ખેંગાર અને ત્રિભુવન તરફ ફરતાં તેણે કહ્યું.

"શો?" બન્નેએ સાથે પૂછ્યું.

"હું જાણતો હતો, હું હંમેશાં કહેતો હતો, કે પાટણ જીવતુંજાગતું શહેર છે; એને છેડવાથી કોઇનું ભલું થવાનું નથી, એ સિદ્ધ તમે કરી આપ્યું."

"ત્યારે તમને આ બધું પસંદ છે?" વસ્તુપાલે પૂછ્યું.

"પસંદ! જ્યારે મેં સાંભળ્યું કે, પરદેશીઓનાં પગલાં સાંભળી પાટણ એક અવાજે સામું થયું છે ત્યારે મારું જીવવું મેં સાર્થક લેખ્યું. આ ભૂમિ દેવતાઈ છે, એના વીર પુત્રો દેવાંશી છે, તેની મને ત્યારે જ ચોક્કસ ખાત્રી થઈ," કહેતાં ગર્વમાં માથું તેણે ઉંચકયું; તેના ફિક્કા પણ સ્વરૂપવાન્ મુખપર પહેલાનું ગૌરવ દીપી રહ્યું હોય એમ લાગ્યું.

"મામા! શું આ બધું તમને ગમે છે? ત્યારે તમે શું કહેવા આવ્યા છો?" ત્રિભુવને પૂછ્યું.

"ભાઈ! લોકોને જે કહેવું હોય તે કહે, પણ મેં તો આટલાં વર્ષ પાટણને ચક્રવર્તી બનાવવાના જ વિચાર કર્યાં કર્યાં છે. આ બધું મને ગમે છે; તમારી દૃઢતા, તમારી વીરતા નીરખી મારું હૈયું વેંતવેંત ઉચું આવે છે; અને આવ્યો છું તો એટલું જ કહેવા કે, હવે જે કરો, તે વિચાર કરીને કરજો. આ પળે ભૂલ કરશો, તો તમારું નગર પસ્તા વિના રહેવાનું નથી."

"કેવી રીતે?" ખેંગારે પૂછ્યું.

"મંડલેશ્વર! મારી એક વાત સાંભળી લ્યો, પછી હું કહું. રાણીએ મને મનાવવા આવવા કહ્યું; પણ મેં ના પાડી; પાછળથી મારા હૃદયે મને પ્રેર્યો, અને હું આવવા તૈયાર થયો, તે મારે ખાતર નહિ, રાણીને ખાતર નહિ, પણ પાટણને ખાતર."

"તેમ કેમ?"

"ખેંગારસિંહજી! તમને આ પળની કિંમત છે? નથી, હું જાણું છું. તમને ખબર છે કે, પંદર વર્ષ હું મૂગે મ્હોડે કેમ બેસી રહ્યો, અને કાંઈ કરી શકયો નહિ? કારણ કે તે પળ આવી નહોતી. આજે કેટલાં વર્ષ થયાં બધા પાટણની મહત્તા માટે તલસી રહ્યા હતા, છતાં કોઈ કેમ કાંઈ નહિ કરી શકયા? કારણ કે આ પળ નહોતી આવી."

"મને કાંઈ સમજ નથી પડતી," ત્રિભુવને કહ્યું.

"ત્રિભુવન! તને ખબર છે કે, પાટણ વિશ્વનો મુકુટ કયારે થઈ રહે? જે ઉત્સાહ એકલા પાટણમાં અત્યારે છે, તે આખું ગુજરાત ઝીલે ત્યારે. એક ચપટીમાં ભીમદેવે પાટણ પાછું મેળવ્યું, તેનું

કારણ? આખા દેશમાં એ પ્રેરણા થઈ તેથી. આપણા બધા લોકો ઉઠીને ઉભા થવા જોઇએ; આપણી તામ્રચૂડની ધ્વજા પાછળ આખી પ્રજા આવવી જોઇએ. એ ઉત્સાહ આટલાં વર્ષ આવ્યો નહિ, હવે આવશે."

"કેમ?" ત્રિભુવને પૂછ્યું.

"તું બાળક છે, જૂના વિરોધો તેં જોયા નથી; આ બધા જાણે છે. પાટણને ખંડણી આપનારમાં કેટલા વિરોધો છે? ત્રિભુવન! બાર મંડલેશ્વરોમાં તારા બાપ, ખેંગારસિંહજી, મદનપાળ અને વલ્લભસેન ચાર જણ પાટણ આવવાની તસ્દી પણ લેતા; બાકીના બધા પોતાના મંડળોમાં મજાહ કરે છે. આપણાં બાવન શહેર ગણાય છે, તેમાં આપણાં જોઇએ તો મોઢેરા, કર્ણાવતી, ને બહુ તો સોમનાથ અને પાટણ. બાકીનાં બધાં ક્યાં છે? બધા પાટણની સરદારી સ્વીકારે છે, પણ નામની."

"મારા બાપુ પણ એ જ કહેતા હતા."

"ભાઈ! તારા બાપુના ઉદ્દેશો મોટા હતા; પણ તેમનો સ્વભાવ ઘણો ઉતાવળીઓ હતો. દરેક મંડળ સ્વતંત્ર રાખી પાટણની સત્તા વધારવી હતી; તે કેમ બને? તે થયું. પછી અમારા શ્રાવકોની પંચાત પાછી નડતી. વિમલશાહે સ્થાપેલી સત્તા પાછળ તેઓ ગાંડા થઇને ફરતા; એટલે જ્યાં અને ત્યાં તેમને તે જોઇએ."

"ત્યારે તમે શું ધારતા હતા?"

"હું બધામાંથી રસ્તો કહાડવાનો પ્રયત્ન કરી થાકી મરતો. જ્યાં સુધી મારું ચાલ્યું ત્યાં સુધી બધું સીધું રાખ્યું. મારો ઇરાદો જૂદો હતો. મારે પાટણના નરપતિનો મોભ્ભો વધારી તેનો ડંકો આખા દેશમાં વગડાવવો હતો. જ્યાં સુધી એક હાથમાં સત્તા હોય નહિ ત્યાં સુધી રાજ્ય ચાલે નહિ."

"એ તો સીનળકાકીનો અભિપ્રાય," ત્રિભુવને કહ્યું.

"નાં, તારી ભૂલ છે. તેને સત્તા જોઇતી હતી; અને તે કોઈ પણ રસ્તે. તેનાં પરિણામ આજે તે ચાખે છે. તે સત્તાને ખાતર તો તેણે ચન્દ્રાવતીના લશ્કરની મદદ માંગી—"

"અને આનંદસૂરીને રાખ્યો," ઉદાએ કહ્યું.

"એ જતિ ઘણો જબરો છે. એના સિદ્ધાન્ત ભયંકર છે. એને જૈનધર્મના વિજયપર પાટણનું રાજ્ય રચવું છે."

"તે કેમ બને?" વસ્તુપાળે કહ્યું. તે વૈષ્ણવ વણિકોના આગેવાન હોવાથી શ્રાવકોની સત્તાની વિરુદ્ધ હતા.

"કેમ શું? એમાં મૂર્ખાઈ નથી. ધર્મની શક્તિપર રાજ્ય રચવાથી

થશે; અને કાલે ઉઠીને પટ્ટણીઓ પણ થાકશે. તમારો ઉત્સાહ બધો પાણીમાં જશે અને પાટણની પ્રભુતા પાટણમાં જ સમાઈ જશે."

"ત્યારે પણ કરવું શું?" ખેંગારે વિચાર કરતાં કહ્યું.

"કરવામાં તો માત્ર એક જ વસ્તુ અને એમ છે. જયદેવકુમારને ગાદીએ બેસાડવો."

"મામા! મામા! તમારી વાત હું સમજ્યો. અમારી પ્રતિજ્ઞા ધૂળધાણી કરવા માંગો છો? અમે મીનળકાકીને પાછાં આવવા દઈએ, અને ચન્દ્રાવતીના સૈનિકોને પાટણમાં ફરવા, પેસવા દઈએ?" એકદમ ઉકળી જઈ ત્રિભુવને કહ્યું.

"ના, તે મેં ક્યાં કહ્યું. ચન્દ્રાવતીના સૈનિકોને પાછા કહાડીએ, એટલું જ નહિ પણ ચન્દ્રાવતી પાસે ખંડણી લઈએ, તેના સૈનિકોને આપણા દુશ્મનો સામે મોકલીએ. પણ એ ક્યારે બને? પાટણની પડખે તેનો રાજા હોય, અને સાથે ત્રિભુવન હોય તો."

"તે કેમ બને? મીનળકાકીએ જયદેવકુમારને મોકલવાની તો ના પાડી."

"મીનળદેવી તો કાલે સવારે સતી થવા તૈયાર છે અને તે સતી થશે તો પછી જયદેવકુમારને તરત તમે રાજા તરીકે સ્વીકારશો? પછી કાંઈ પ્રતિજ્ઞામાં વાંધો આવે?"

"ના," ખેંગારે કહ્યું.

"પણ તેમ કરવાનાં પરિણામ ખબર છે? પછી તમારા રાજાના અને પાટણનાં હૃદય કદી એક થવાનાં નથી. જયદેવના મનમાં માનું મૃત્યુ હંમેશાં સાલશે; અને તેને તમારે લીધે મરવું પડ્યું, તે એ કદી ભૂલશે? પછી તમે એકતાનતા ક્યાંથી લાવશો? રાજ્ય કેવી રીતે વધારશો?"

બધાએ એકએકની સામું જોયું.

"હું ફરીથી કહું છું કે, પાટણને માટે મને પ્રેમ છે તો હું આટલું કહેવા આવ્યો છું. જે ઉત્સાહ અત્યારે તમારામાં પ્રસર્યો છે, તેનો ઉપયોગ કરવો હોય, જે સંકલ્પો ભીમદેવ મહારાજના, કર્ણદેવ મહારાજના, તારા બાપુના અને મારા હતા, તેને મૂર્તિમન્ત કરવા હોય, અને ગુજરાતમાં પાટણની સત્તા પૂરેપૂરી રીતે બેસાડવી હોય તો એક જ રસ્તો છે, રાણીને અને જયદેવકુમારને પાછાં સ્વીકારો. એમને આ શિક્ષા ઓછી છે?"

"પણ ચન્દ્રાવતી—"

"તમે આટલું સ્વીકારતા હો તો તેનો રસ્તો બતાવવો, એ મારું કામ: ચન્દ્રાવતીનું લશ્કર! રાણીને જોઈએ તો કહાવો કે, ચન્દ્રાવતીનું લશ્કર

પાછું રવાના કરે. મા અને દીકરો એકલાં પાટણમાં આવે, તો બારણાં ઉઘાડજો. પાટણની રાણીને એ ઓછી નાલાસી છે?"

"પણ અમારી પ્રતિજ્ઞા?" ખેંગારે પૂછ્યું.

"મંડલેશ્વર! રાજ્યકાર્યભારમાં મુદ્દા સાચવવાના હોય છે; માત્ર પ્રતિજ્ઞા નહિ. પાટણનું સ્વાતંત્ર્ય રહે, ચન્દ્રાવતી અને રાણી મૂર્ખ ઠરે, તમારી પીડા જાય, તમારી સત્તા વધે, એ બધું વધારે કે ગુસ્સામાં લીધેલી પ્રતિજ્ઞાના બોલ વધારે?"

"મામા! મારું વેણ! મારી ટેક?"

"ભાઈ!" અભિમાનથી માથું ઉંચું કરી મુંજાલે કહ્યું, "તારા બાપે ભૂલ કરી, તેવી તું નહિ કરતો. ટેક પહેલી, પણ કોની? તારા એકલાની નહિ; તારાં પાટણની. પાટણની ટેક શામાં રહે? વિચાર કર. એક પળમાં આખી જીંદગીનું ધારેલું સિદ્ધ થાય તેમાં, કે એક પળનો નિશ્ચય આખી જીંદગીના આશયો ભાંગી નાંખે તેમાં? પહેલું પાટણ, પછી પટ્ટણી."

"મુંજાલ મહેતા!" ખેંગારે કહ્યું, "તમારા બોલ લાગે છે તો વાસ્તવિક. પણ આ વાત બધા ગામના આગેવાનોના આગળ મૂકવી જોઇએ, નહિં તો અમારાપર આળ આવે."

"તે હું ક્યાં ના કહું છું? પટ્ટણીઓની સદ્બુદ્ધિમાં મને ભરોંસો છે. રાજ્યનીતિમાં ગુસ્સો રાખનારનું કોઈ દિવસ ભલું થયું છે? પહેલાં રાણીને જિતો, ચન્દ્રાવતીને જિતો, એટલે ગુજરાત તમારું થશે, અને આખી દુનિયાં તમારા પગ આગળ આવીને નમશે."

"પણ, શેઠજી!" ઉદાએ કહ્યું, "રાણી આવીને બધાને છુંદવા મંડે તો? કરેલા ગુનાહ તે કદી ભૂલતાં નથી."

"તે મને ખબર છે. પણ ત્રિભુવન દંડનાયક થશે; વલ્લભ સેનાધિપતિ થશે, અહિયાં તમે કોઈ મંત્રી થશો; પછી શું કરવાનું બાકી રહે? પણ, ત્રિભુવન! તું કેમ બોલતો નથી? તારો શો વિચાર છે?"

"હું શું કહું? મારી પ્રતિજ્ઞા દૃઢ છે; છતાં તમારી વાત સત્ય છે, તેમાં પણ વાંધો દેખાતો નથી. પાટણને જે કરવું હોય, તે કરે."

"ના, એમ છેલ્લે પાટલે શું કામ બેસે છે?"

"ના, હું ક્યાં મારે લીધે પાટણનો લાભ જવા દઉં છું? ઉદા! જા, દાંડી પીટાવ. કોઇને પણ અસંતોષનું કારણ મળવું નહિ જોઇએ."

"નહિસ્તો," વસ્તુપાલે કહ્યું; "ચાલો ત્યારે અમે હેઠળ જઈ બેસીએ. પછી બધાને વાત કરી તમને બોલાવીશું."

"ઠીક, મારે વાંધો નથી," કહી મુંજાલ બેઠો. ખેંગાર, ઉદો અને વસ્તુપાલ હેઠળ ગયા.

---:o:---

## પ્રકરણ ૪૩ સું

### બત્રીશ લક્ષણાઓ હોમવાનું કારણ

મામા અને ભાણેજે એકએકની સામું જોયું. ત્રિભુવનની આંખમાં સખ્તાઈ આવવા લાગી હતી.

"મામા! આજે મેં એક વસ્તુ જોઈ," ત્રિભુવને દાંત પીશી કહ્યું.

"શી?"

"શા કારણે બધા તમારાથી ત્રાસે છે તે."

"તે શું?" સ્નેહાળ અવાજે મુંજાલે પૂછ્યું.

"તમારી નજર ત્રિકાળજ્ઞાનીની છે; અને તમારી જીભપર ગુરુ બૃહસ્પતિ બીરાજે છે."

"ભાઈ! પણ તું કાંઈ રીઝાયો લાગતો નથી."

"તેમાં શું? પાટણ આગળ શી વિસાતમાં? મામા! તમે પાટણ જીવાડ્યું; અને ભાણો માર્યો."

"કેમ?" ચમકીને મુંજાલે કહ્યું.

"મીનળકાકી ગામમાં પેસે કે, હું આ દેહ છોડવાનો. મારો નિશ્ચય તમે જાણો છો."

"શું કહે છે?" જરા ફીક્કા પડતાં મુંજાલે કહ્યું, "એવો તે નિશ્ચય હોય?"

"જે કહો તે. જેને જેમ કરવું હોય તે કરે. હું અહિંયાંથી સોમનાથ પાટણ જઈશ, અને પછી જ્યાં બુદ્ધિ સુઝાડે ત્યાં. હું મારા બાપનો દીકરો છું; મારું વચન મને બધાથી વધારે વહાલું છે."

"અરે પણ તું શું કહે છે? આવા તે ગાંડા વિચાર થાય? આ યુક્તિ માત્ર તારું અને પાટણનું ગૌરવ વધે, તેટલા માટે છે. મને સ્પષ્ટ કહે તો ખરો," કહી મુંજાલે તેના ખભાપર સ્નેહથી હાથ મૂક્યો. ત્રિભુવન ધ્રૂજ્યો.

"સ્પષ્ટ શું કહું? તમે તો માત્ર મંત્રી જ છો. બેનને માટે, બનેવીને માટે તમારી કંઈ લાગણી હોઈ શકે? તેમનાં કારમા મૃત્યુ માટે વેર લેવા તમારો જીવ શાનો ઝંખે? મને તેમ નથી. એ રાણીના-કપટથી મારી મા અને બાપ બન્ને મૂઆં; એટલે આ ભવે હું તેને ક્ષમા કેમ કરું? તમારી વાતો મેં સાંભળી. તે હવે તમે લોકોને સંભળાવજો; લોકો તે સ્વીકારે એટલે હું મારે જવું હશે ત્યાં જઈશ. પાટણ ખાતર બહુ બહુ તો

મારી જાન અને મારી આશાઓનો ભોગ આપીશ, પછી કાંઈ છે?" ત્રિભુવને જુસ્સાથી કહ્યું.

"ત્રિભુવન! ત્રિભુવન! તું આટલો શાણો થઈ માત્ર ક્રોધને જ આગળ ધરશે. તું અત્યારે પટ્ટણીઓનો નાયક છે; તો તેમની કીર્તિ ખાતર આટલો ક્રોધ શમાવી શકતો નથી?"

"ના; હું પટ્ટણી નથી, મારા બાપનો દીકરો છું. પાટણ જે દિવસે તેનો પક્ષ છોડે, તે દિવસે મારે ને તેને કાંઈ લાગેવળગે નહિ."

"પણ, ત્રિભુવન! જરા વિચાર તો કર. આ ઉમરે દંડનાયક થઈ, તું શું શું કરી શકશે?"

"વધારે વાત કરે શો ફાયદો? તમે ખરા, હું ખોટો; પછી કાંઈ છે?" અદબ વાળી ત્રિભુવન બોલ્યો.

"ના. તારી સંમતિ નહિ હોય તો મારે કાંઈ કરવું નથી."

"પાટણની સંમતિ હોય તો મારે શું? હું મારી જાતનો મુખ્તાર. મને મારાં મા અને બાપ પહેલાં."

"ભાઈ! ભાઈ! જરા તો વિચાર કર. તું એમ ધારે છે કે, હંસા માટે મને પ્રેમ નહોતો? તેનાં મરણ માટે મને શોક નથી? ત્રિભુવન! એ ગઈગુજરી સંભારવામાં કાંઈ માલ નથી. મારી બ્હેનને મેં જીન્દગીભર કેદમાં રહેવા દીધી, તેનું શું કારણ?—પાટણ જ"

"ના, મ્હેતાજી!" પ્રસન્ન જે અત્યાર સુધી એક શબ્દ બોલ્યા વગર સાંભળ્યાં કરતી હતી તેણે કહ્યું, "મારાં ક્રોધને લીધે."

"બ્હેન! તું શું જાણે? હંસા જો મંડલેશ્વર ભેગી રહી હોત તો આજે આટલું પણ ગુજરાત નહિ હોત."

"તે કેમ?"

"તમે તો કોઈએ હંસાને જોઈ નથી; પણ મેં તો તેને બાલપણથી ઉછેરી છે. એક વખત લડાવી હતી. અમારી ભાઇબ્હેનની જોડી હતી." ગળામાં આવેલી ખખરી દૂર કરતાં મુંજાલે કહ્યું; "તે વેલની માફક મને વિંટાતી; વાતમાં રસિક પરાધીનતાની મૂર્તિ લાગતી; છતાં માણસના હૃદયમાં શૌર્ય અને ઉત્સાહની આગ એક પળમાં પેદા કરતી. તેનું સુંદર મ્હોડું જોઈ લોકો ભાન વિનાના થઈ પડતા; તેનું નામ સાંભળી દુઃખ ભૂલી જતા. તે નાની હતી ત્યારે પાટણના લોકો તેનાં પગલાં પૂજતા. તે મંદિરેથી પાછી આવતી તો તેના હાથનો પ્રસાદ લેવા, તેની રસાળ જીભથી બે બોલ સાંભળવા તલસી મરતા."

મુંજાલનું ઉકળતું હૈયું તેની આંખમાં દેખાઈ રહ્યું; અને તેની આંખમાંથી આંસું પાડવા લાગ્યાં. ત્રિભુવન અને પ્રસન્નની આંખોમાંથી

આંસુની ધાર પડી. તેણે આગળ ચલાવ્યું:–"તમને ખબર છે? એની ખ્યાતિ સાંભળી દેશદેશના મહારથીઓ આવતા. તેને જોઈ, તેના સ્પર્શથી પાવન થઈ, પ્રોત્સાહિત થઈ પાછા જતા. હંસા સ્ત્રી નહોતી, સરસ્વતીનો અવતાર હતી. તે મંડલેશ્વર જોડે રહી હોત તો મંડલેશ્વરની સત્તા વધી જાત; પાટણમાં વિરોધ થાત; અને પટ્ટણીઓ માંહ્યોમાંહ્ય કપાઈ મરત." મુંજાલે બોલી રહી આંખો લુછી.

"મામા! ત્યારે આવી બહેનને મારતાં પણ તમને કાંઈ થયું નહિ?" કઠોરતાથી ત્રિભુવને પૂછ્યું.

"ભાઈ! જુવાન જાણે કે, ઘરડા ગધેડા હશે. તને હૃદય છે; શું મને નહિ હોય? (દિવસો સુધી હું પણ રડ્યો છું, પણ જીવનના આદેશ આગળ બધું વિસારે મૂકવાનું હું શિખ્યો હતો.) હું હંસાને ઘણી વાર મળતો; તેણે મને ક્ષમા આપી હતી. તે સમજતી હતી."

"પણ ફોઈબાએ તેને કેવી રીતે મોકલાવી, તે તમે જાણો છો? હવે તેને કેમ માફ કરાય?" પ્રસન્ને કહ્યું.

"રાણી સત્તાની કેફમાં આંધળાં થયાં હતાં. બહેન! જો તો ખરી, પાટણની આણ ફરે ત્યાં મુંજાલ મંત્રીને કોઈ કેદ કરી શકે? હું ગર્વ નથી કરતો; પણ જો માત્ર વિનાશ જ કરવો હોય તો એક પળમાં, એક શબ્દે, આજે બધાનું સત્યાનાશ વાળી મૂકું. સોમનાથથી રેવાકાંઠા સૂધી એક નર નથી કે, મારે વચને મરવા તૈયાર નહિ થાય. મને કેદ કર્યો ત્યારે મેં જાણ્યું કે, એ રાણીએ પાટણને પાધર કરવા માંડ્યું છે. એ તો જ્યારે મેં તમારાં પરાક્રમ સાંભળ્યાં ત્યારે મારા નિરાશાભર્યાં હૃદયમાં આશા આવી; ત્યારે પાટણને ખાતર હું અહિંયાં આવ્યો. ત્રિભુવન! તેથી જ કહું છું કે, જે વાસ્તે મેં બહેન, બનેવી અને મારી જાત બધાં ખોયાં, તે આજે સહેલાઈથી મળે છે, ત્યારે તું શું આમ પાછો પડશે?"

"મારી પતિજ્ઞા—"

"તારી પ્રતિજ્ઞા ખરી; પણ તારા કુળની પ્રતિજ્ઞા તને ખબર છે? પાટણ માટે સર્વસ્વ અર્પણ કરનાર તારા દાદા ક્ષેમરાજના આત્મત્યાગનું તને જ્ઞાન છે? આધેડ વયે, સૃષ્ટિમાં શ્રેષ્ઠ એવી પાટણની ગાદી ત્યાગી વાનપ્રસ્થ તે થયા, તે માત્ર પાટણને વાસ્તે જ. મોટા પુત્ર થઈ, દેશની દાઝમાટે, નાનાને ગાદી આપવી, એ તો એવા ભીષ્મપિતામહ જ કરી શકે. તારા કુળને, આપણા કુળને તો પાટણનો યજ્ઞકુંડ ભરવાનું જ નશીબે લખાયું છે. તારા દાદા ગયા, બાપ ગયા, મા ગઈ, મામો પણ આ જાય છે, બધાં પાટણ માટે ગયા. તું બત્રીશ લક્ષણો છે; મારા

દીકરા બરોબર છે; આધો આધો પણ મારી આંખની કીકી મેં ગણ્યો છે. તને ખબર છે કે, મહિનામાં તને એક વાર નીરખવા હું કેટલો તલસતો ?"

ત્રિભુવન અને પ્રસન્ન બન્ને ચમક્યાં.

"તમે જાણતાં હતાં કે, તમે દર મહિને મળો છો, તે કોઈ જુવે છે? મુંજાલમંત્રી એમ આંધળો નહોતો," જરાં હસીને તેણે કહ્યું; "દર સુદ પાંચેમછઠે તમે મળતાં, અને તને જોવા ખાતર હું છાનોમાનો ઉભો રહેતો. તે જ મુંજાલ આજે હું તને કહું છું કે, તારી જીદ છોડ. કુલ-ધર્મ આગળ વચનની શી વિસાત છે ?"

"મામા! મામા! વધારે બોલો નહિ, મારી પ્રતિજ્ઞા મારાથી તૂટી જશે," નિરાશામાં ત્રિભુવને કહ્યું.

"પણ, મહેતાજી !" પ્રસન્ને કહ્યું, "કેમ જાણ્યું કે, મારાં ફોઈ પાછાં સીધાં સીધાં ચાલશે. એમનો સ્વભાવ તો કુતરાની પુંછડી જેવો છે."

"ના, પ્રસન્ન! એ પણ પ્રભુની મહેર છે. ગઈ કાલે હું મળ્યો હતો. રાણીનો પણ પુનરુદ્ધાર થયો છે. તમને ખબર છે? કાલે સાંજના આનંદ-સૂરી વલ્લભસેન પાસેથી નાસી, થોડું લશ્કર લઈ રાણીને મળ્યો."

"હં," ત્રિભુવને કહ્યું.

"હા, અને પાટણને ઘેરો ઘાલવાનું કહ્યું. તમે શું ધારો છો? રાણીએ સાફ ના કહી. તેણે કહ્યું કે, પાટણ મારું માનશે તો ઠીક, નહિ તો હું સતી થઇશ."

"એ બુદ્ધિ ઘણી મોડી આવી—" ત્રિભુવને કહ્યું.

"હા, પણ નહિ આવી હોત તો અત્યારે પાટણને પાધરે પટ્ટણી-ઓનું લોહી રેડાત. જે થાય તે સારાને માટે."

"ઠીક, ત્યારે ભલે મારો પણ ભોગ પાટણ લે. પટ્ટણીઓને કબૂલ હોય તો હું કાંઈ નહિ બોલું. થયું? હું મારે—"

"'હું મારે' કાંઈ નહિ. પાટણનો ખરો રાજા હવે તું જ છે. તારે હવે તેની આણ ફરતી કરવાની છે.'

"એ વાત જૂદી છે. તમે બધા છોને. દેશની દાઝે મારી જીદ છોડી દઉં; પણ બીજું કાંઈ કરવા બંધાયો છું?"

"તે પછી જોઇશું, મારા દીકરા! કાંઈ કાંઈ બત્રીશ લક્ષણાઓ ને પદ્મિનીઓ હોમાય ત્યારે મોટા મોટા રાજ્યોની મહત્તા સધાય."

"ભલે, હું હોમાવા તૈયાર છું," કહી ત્રિભુવન નીચું માથું ઘાલી રહ્યો.

* * *

થોડી વારે ઉદો તેડવા આવ્યો, એટલે મુંજાલ અને ત્રિભુવન નીચે ગયા. થોડી ઘણી મથામણ પછી બધા નિશ્ચય ઉપર આવ્યા: પહેલાં

તરત ચન્દ્રાવતીના લશ્કરને વિદાય કરવું, અને ત્યાર પછી કાલે સાંજના રાણી, કુમાર અને અહિંયાંના સામન્તો માત્ર જ પાટણ આવવું; તે પહેલાં આજે જઈ મુંજાલે કાલે પાછા આવવું, અને રાણીની રજા લઈ જૂદી જૂદી પદવીઓ આપવાનો હુકમ લઈ આવવો; ઘણી ભાંજઘડ થયા પછી એમ નક્કી થયું કે, ત્રિભુવનપાલ દંડનાયક અને પાટણનો દુર્ગપાલ બને, વલ્લભસેન વાળો સેનાધિપતિ થાય, વસ્તુપાલ, ઉદો અને શાન્તુશેઠ મંત્રીઓ થાય.

સાંજના મુંજાલ મહેતા એ બધી હકીકત લઈ રાણી પાસે પાછા ગયા.

* * *

ઉદો મારવાડી—હવે ઉદા મહેતા—એ દુપટ્ટાની ઘડી જોરથી કરવા માંડી. કેવળ સ્વાર્થના પરિણામે અણધારેલાં ફળ મળ્યાં હતાં.

## પ્રકરણ ૪૪ મું
## પાટણમાં પાછાં

જ્યારે મુંજાલ પાછો ગયો ત્યારે રાણીના હૃદયમાં જબરી ઘડભાંજ ચાલી રહી હતી. આખી જીંદગીભર લડાવેલો ગર્વ ગળવો, તેને સહેલો લાગ્યો નહિ; અને પાછી આવેલી નિર્મળતાનું સામ્રાજ્ય જામ્યું હતું, છતાં આમ નીચું નાક નમાવી પાટણ જવું, એ ઘણું અઘરું લાગ્યું. મુંજાલ સાંજના પહોંચ્યો, અને તરત રાણી પાસે જઈ, પાટણથી આણેલો સંદેશો કહ્યો.

રાણીએ કટીઆણે મોંઢે તે સાંભળ્યો. "પછી કાંઈ?"

"પછી કાંઈ નહિ," મુંજાલે કહ્યું; "હું કાલે સવારે પાછો જવાબ લઈ જવાનો છું. તમારે જવું હોય તો કાલે સાંજના દરવાજા ખૂલશે; પણ તે પહેલાં આ લશ્કર અહિંયાથી જવું જોઇએ."

પ્રણામ કરી તેણે ત્યાંથી રજા લીધી. તેનું વર્તન સ્વસ્થ, વિનયી, પણ ટહાડું હતું; મીનળને તે સાલ્યું ઘણુંયે, પણ શું કરવું? જૂનું હૃદય આવતાં તે પાછી મંત્રીના તેજમાં દબાતી હતી; આમ દબાવું સુખમય લાગતું, છતાં અભિમાનને કારી ઘા લાગતો. તેણે વિજયપાલને બોલાવવા મોકલ્યો. વિજયપાલ આતુરતાથી આવ્યો, અને પાટણથી આવેલો સંદેશો સાંભળી ખુશ થયો.

"વિજયપાલજી! ચન્દ્રાવતીએ મારાપર ઘણો અનુગ્રહ કર્યો છે. તે ભૂલવાની નથી. છતાં તમે બધું જાણો છો, અને આ વખતની માટે હું જે આપું, તે ઓછું છે."

છીએ; પણ અમારા ચન્દ્રાવતી પછી. સામન્ત કરશો તો રાજી છું, પણ પાટણ નહિ આવું."

"ઠીક, જોઇશું," કહી રાણીએ વાત પડતી મૂકી.

વિજયપાલ ત્યાંથી ગયો, અને લશ્કરને કુચ કરવાનો હુકમ આપ્યો. લશ્કરમાં અસંતોષ ઘણો ફેલાયો, કેટલાકે રાણીની નિમકહરામીપર ફીટકાર કર્યાં. ન છૂટકે જૈનમતના વિજયનાં સ્વપ્નાં છોડી લશ્કર ત્યાંથી સવારે ઉપડ્યું. વિજયપાલ માત્ર રાણીની સાથે રહ્યો.

* * *

સાંજના વિજયપાલે આપેલા હાથીપર બેસી રાણીએ પાટણ તરફ જવાનું શરુ કર્યું. સાથે મોરારપાળ, વિશ્વપાળ, વિજયપાળ, વિનયચંદ્ર વગેરે ઘોડાપર પંદરેક માણસો હતા. રાણીને પાટણ જોઈ કચવાટના, નિષ્ફળ ગયેલી આશાઓના, વિચાર યાદ આવવાથી, આંખમાં આંસુ આવ્યાં. તરત તેને મુંજાલ યાદ આવ્યો; તેની આખી જીંદગી, તેણે કરેલા પ્રયત્નો અને આત્મસાગો યાદ આવ્યા; તેની આંખ આગળ આશાભંગ થયેલો, બૈરી મારી, બ્હેન રીબાવી, બનેવી મારી, માત્ર તેને માટે અને પાટણની સત્તા માટે સંન્યાસી બની રહેલો મંત્રી યાદ આવ્યો. તેને અત્યારે શું થતું હશે? તેના પ્રમાણમાં પોતાનું દુઃખ શું કાંઈ હિસાબમાં હતું? રાણીને હંસા યાદ આવી, તેની રમ્ય મૂર્તિ આંખ આગળ આવી; પોતાને માટે, પાટણની સત્તા માટે તેને દીધેલાં દુઃખો, તેનું આણેલું-અકાળ મૃત્યુ યાદ આવ્યું. રાણીના આસુંની ધારા હોદ્દામાં બેઠાં બેઠાં ચાલવા લાગી. તેણે ગઈ ગુજરી વિસારવાનો પ્રયત્ન કર્યો. ફરીથી તેને ગૂજરાતની મહારાણી બનવાનો પ્રસંગ મળ્યો હતો. આખું ગામ ગુસ્સે હશે તો તેને રીઝવવા તે અહોર્નિશ મથવાનો, અને મુંજાલ જેવા મુત્સદ્દીની સલાહ વિના એક પગલું પણ ન ભરવાનો તેણે નિશ્ચય કર્યો. તેને ત્રિભુવનપાલ યાદ આવ્યો; મુંજાલના જેવી તેની મુખાકૃતિ સાંભરી; અજબ રીતે હંસાના પુત્ર તરફ તેને પ્રેમ આવ્યો. આ બધાં હવે તેને મળશે, તેનાં થશે; ના, એ તે બધાંની થશે; પાટણે તેને દાસ બનાવી હતી. મુંજાલ, ત્રિભુવન એ બધા પાટણના દેવો હતા; તેમના પૂજારી તરીકે જ માત્ર તેમને તે સ્વીકારતું હતું.

મોંઢેરી દરવાજા આગળ ખેંગાર મંડલેશ્વર, શાન્તુશેઠ, ઉદો અને વસ્તુપાલ થોડા સવારો સાથે વાટ જોતા હતા. તેમની રીતભાતમાં માયા દેખાતી હતી, સાથે મહેરબાની પણ દેખાતી. રાણીએ ગુસ્સો મહા મુશ્કેલીએ દબાવ્યો. ધણીનો શોક મૂકી ગામ બહાર ગયેલી રાણીને કોણ માન આપે? તેમના આદરમાં ઉમળકો નહોતો. રાણીએ મુંજાલ અને ત્રિભુવન

એમાંથી એકને ત્યાં જોયા નહિ; તેનું હૃદય ખિન્ન થયું; હોઠપર હોઠ દાબી તેણે સ્વસ્થતા સાચવી રાખી.

ગામમાં સ્મશાનસમી શૂન્યતા દેખાતી; કોઈ બહાર નીકળ્યું નહોતું, કોઈ બારીએ બેઠું નહોતું. સાંજ પડી ગઈ હતી, અંધારું થવા આવ્યું હતું, એટલે જાણે ચોરીથી, છૂપાઇને તે પેસતી હોય તેમ લાગ્યું.

આ શું તેનું તે જ રાજગઢ? રાણીને તેમાં ઘણો ફેર લાગ્યો. આ રાજગઢ એક પલકમાં તેનું મટી ગયું હતું; તે ત્રિભુવનપાલનું થઈ ગયું હતું. 'ત્રિભુવન ગાદીએ બેઠો હોત તો?' રાણીને કંપારી આવી. હાથી અંદર ગયો, રાણી ઉતરી; તેનો તે જ કલ્યાણ નાયક મળ્યો, છતાં જાણે તે તેના તરફ તિરસ્કારથી જોતો હોય એમ લાગ્યું. શાન્તુ શેઠના પણ હાસ્યમાં પહેલાંનો ભાવ લાગ્યો નહિ. રાણી ઝપાટાબંધ ઉપર ચાલી ગઈ. લીલો વૈદ મળ્યો; તે જાણે મૂગોમૂગો પણ ઠપકો દેતો હોય એમ લાગ્યું. વાચસ્પતિ પાવડી પહેરી, ભસ્મ લગાવી પૂજા કરી આવતા હતા, તેણે નમસ્કાર કર્યા; રાણીને તેના પાવડીના પટકારમાં તેના મતનો વિજયનાદ થતો હોય એમ લાગ્યું. રાજ્યકુટુંબની બધી સ્ત્રીઓ તેને મળી; તેમની ખુશામતીઓનો આદર જોઈ તેને તિરસ્કાર આવ્યો. રાણી વહેલી વહેલી પોતાના ઓરડામાં ગઈ. થોડી વારે બધા ચાલ્યા ગયા. એમ કરતાં રાત પડી.

"હે, મુંજાલે છેલ્લો પરમાર્થ સાધ્યો, અને કાલે સવારે સ્વા સાધવા જશે."

"ક્યાં?" ગભરાઈ જઈ રાણીએ પૂછ્યું.

"આણૂજી જવાની તૈયારી કરે છે." "પણ છે ક્યાં?"

"અહિંયાં નથી, એ તો નગરશેઠની પોળમાં છે."

"ખરેખર!" રાણીને ધ્રૂજકું આવ્યું, 'કેટલે વર્ષે મુંજાલ રાજગઢમ રહેવાનું છોડી પોતાને ઘેર ગયો!'

"કેમ જાણ્યું આણુજી જાય છે?"

"મેં એમનાં માણસોને પૂછ્યું. હવે મુંજાલ મહેતો નહિ માને," ડોસાએ ડોકું ધુણાવી કહ્યું.

"નહિં માને? મુંજાલ વગર હું શું કરીશ?" ઉછળતા હૃદયની ઉર્મિ બહાર કહાડતી રાણી બોલી; તે ભૂલી ગઈ કે સામો નોકર ઉભો છે; સમર આ ઉદ્‌ગાર સાંભળી ચકિત થયો. "સમર! તું વફાદાર છે; મારી સાથે આવશે?" એકદમ નિશ્ચયપર આવતાં રાણીએ કહ્યું.

"ક્યાં?"

"જ્યાં હું લઈ જાઉં ત્યાં?" ભ્રૂકુટી ચઢાવી રાણીએ કહ્યું.

"હા, સેવક તૈયાર છે."

રાણી તરત અંદર ગઈ, સાડી બદલી, આખી શાલ ઓઢી, અને બહાર આવી:–"ચાલ મારી સાથે."

નિમકહલાલ નોકર મૂગે મ્હોડે પાછળ પાછળ ચાલ્યો. રાણી બારી[illegible]માની રાજગઢ છોડી ચાલી.

'ત્રિભુવન મનમાં કાંઇક ઘાટ ઘડી રહ્યો હતો.' બપોરે તે વલ્લભ જોડે વાતમાં રોકાયો ત્યારે પણ કાંઈ વખત મળ્યો નહિં. બપોર પછી તે મળી.

"ત્રિભુવન! હવે શું કરવું છે?"

"શાનું? શું?"

"આપણું? કાલથી આપણે મળવાનું પણ અઘરું થશે."

જવાબમાં વિચિત્ર રીતે ત્રિભુવને પ્રસન્ન સામું જોયું:—"સીનળ-કાકીને હજી આવવા તો દે."

"આવ્યા વગર કાંઈ રહેવાનાં હતાં? ત્રિભુવન! એમ વાત શા માટે ઉડાવે છે?"

"ના, ના; પછી વાત કરીશું," કહી જાણે સ્નેહ અણજાણતાં બહાર નીકળી પડતો હોય તેમ તેણે એકદમ તેના ખભાપર હાથ મૂક્યો. પ્રસન્ને તેનો હાથ પકડ્યો, જરા દાબ્યો, અને છોડી દીધો. ત્રિભુવનની આંખમાં પ્રેમજ્યોત દીપી રહી; એક પળમાં પાછી હોલવાઈ ગઈ.

"હમણાં ફોઈબા આવશે, તેને મળવા નથી જવું?"

"મારે શા માટે મળવા જવું પડે? મારું કામ પતી ગયું. ઠીક, પછી વાત કરીશું," વાત પૂરી કરવા માંગતો હોય એમ ત્રિભુવને કહ્યું.

"તું ક્યાં જાય છે?"

"મારે ત્યાં, વલ્લભ પણ ત્યાં ગયો છે. ઠીક ત્યારે જાઉં છું," કહી તે ત્યાંથી ચાલી ગયો. તે ગયો, અને પ્રસન્નને કાંઈ ફાળ પડી. તેની વાતમાં, પોતાના ખભાપર હાથ મૂક્યો ત્યારે તેના દેખાતા જુદી જ-જાતના સ્નેહમાં, તેને કાંઈ અપરિચિત મર્મ દેખાયો; તેને કાલની વાત યાદ આવી; ત્રિભુવને મુંજાલનું પૂરેપૂરું માન્યું નહોતું. શું તે પાટણ છોડી, ક્યાંક જતા રહેવાનો ઇરાદો રાખતો હતો? તે તરત બારીએ દોડી, અને નોકરને બોલાવ્યો......

"બળદેવ! બળદેવ! જો તો મંડલેશ્વર મહારાજ ગયા? કહે કે, ઉભા રહે; હું આ આવી," કહી ત્યાંથી તે દોડતી દોડતી હેઠળ ઉતરી, અને અંદરના ચોગાનમાં ગઈ, અને બૂમ પાડી, "બળદેવ! મહારાજ ક્યાં છે?"

"મહારાજ પેલી બાજુએ ઉભા રહ્યા છે."

પ્રસન્ન વહેલી વહેલી ત્યાં દોડી. તેને જોઈ ત્રિભુવને જરા ગુસ્સે થઈ પૂછ્યું:—"કેમ, શું કામ પડ્યું?"

પ્રસન્ન દોડતી દોડતી તેના ઘોડાને વળગી ઉભી રહી. "ત્રિભુ-વન! મારે પણ તમારે ત્યાં આવવું છે."

"મને લઈ જા. એવું શું કામ છે? ત્રિભુવન! મારાથી તું કાંઈ પણ છુપાવે છે."

ત્રિભુવને ઘોડાપર બેઠા બેઠા નીચે પ્રસન્ન સામું જોયું. તેનું સૌંદર્ય, તેના તરફ વિનતિ કરી રહેલી આંખો, તેની વફાદારી, જોઈ તે પીગળ્યો. "પ્રસન્ન! હું મારું વચન પાળવાનો છું. મીનળદેવી પાટણમાં આવે તે પહેલાં હું અહિંયાંથી ચાલ્યો જવાનો છું."

"ક્યાં જશો?"

"ગમે ત્યાં. હું દેહસ્થલી જાઉં તો તોફાન થાય. ભલે પાટણની સત્તા વધે; હું મારી ટેક રાખીશ, અને પોતે જ દેશવટો લઈશ."

"ત્યારે મને પણ લઈ જાઓ. હું અહિંયાં શું કરીશ?" પ્રસન્નની આંખમાં બોલતાં બોલતાં આંસુ આવ્યાં. પ્રસન્નને પાટણ છોડવું ગમતું નહોતું છતાં તે તાણે થઈ.

ત્રિભુવન એક શબ્દ બોલ્યો નહિં, પણ લગામ ઝાલી રહેલા પ્રસન્નના હાથને દાબ્યો. એક પળ વિચાર કરી તેણે કહ્યું, "પ્રસન્ન! વેઠવું ઘણું પડશે હોં?"

"હરકત નહિ," પ્રસન્ને જવાબ વાળ્યો.

ત્રિભુવને જરા હાથ લંબાવ્યો, એટલે પ્રસન્ન તરત ઘોડાપર ચડી તેની પાછળ બેઠી. ત્રિભુવને ઘોડો દોડાવી મૂક્યો.

આટલા દિવસના અનુભવે રાજગઢનાં માણસો ત્રિભુવનને અને પ્રસન્નને માલીક માનવા લાગ્યાં હતાં; એટલે તે જે કાંઈ કરે તે મૂગે મ્હોડે, માનભેર જોઈ રહેતાં. પણ દૂર એક બારણામાંથી વાચસ્પતિએ બેને જતાં જોયાં; અને આવી વખતે આમ ઉતાવળમાં ત્રિભુવન અને પ્રસન્ન ચાલ્યાં જાય, એ તેને વિચિત્ર લાગ્યું. પોતે તો સ્નાનવિધિ કરી સાયંસંધ્યાની તૈયારી કરતા હતા, એટલે શું કરવું તે સુઝ્યું નહિ, પણ માણસ મોકલી ઉદાને તેડાવ્યો, અને તેને વાત કહી. ઉદા "મેહેતા" તૈયાર થઈ, મોઢેરી દરવાજે રાણીને તેડવાં જવાની તૈયારી કરતા હતા; તેમાં આ વાત સાંભળી તેની આંખો ઉંડી ગઈ.

"પંડિતજી! વાત બગડી. ત્રિભુવનપાલ પસાર થવાના."

"હેં! પણ હવે શું કરવું? એને જવા કેમ દેવાય?" પંડિતજીએ કહ્યું.

"મહારાજ! ત્રિભુવનપાલ માનશે નહિ; એના બાપનો દીકરો છે."

"અરે પણ કાંઈ કરો તો ખરા. મુંજાલ મહેતાને તો કહો," પંડિતજીએ કહ્યું.

"હા, હા. એ ઠીક છે," કહી ઉદો ઉઠ્યો. તે હંમેશાં એક પ્રસંગનો બેવડો ઉપયોગ કરતો. હજુ સુધી મુંજાલ સાથે તેનો પરિચય થોડો

શરમના શેરડા પડ્યા, અને નીચું જોયું; લુગડું લેવું કે શું કરવું, તે સૂઝ નહિ પડી; ગભરાતી લજવાતી, ભૂમિ પાસે માગ માગતી તે ઉભી રહી.

મુંજાલે તેને સ્વાસ્થ્ય મેળવવા દીધું, પછી પૂછ્યું, "પ્રસન્ન! ત્રિભુવન ક્યાં છે? પાટણ છોડવાની તૈયારી કરવા માંડી કે?"

"હા," મ્હોડે શોષ પડ્યો હોવાથી ખોખરે અવાજે પ્રસન્ને કહ્યું.

"પ્રસન્ન!" ઘણા દયાજનક અવાજે મુંજાલે કહ્યું; "તું પણ ગાંડી થઈ? ત્રિભુવન તો ટેકની ધૂનમાં આવી મૂર્ખાઈ કરે છે; તું પણ તેમાં સામેલ થાય છે? તે ક્યાં છે?"

"ઘોડો લઈ આવવા ગયા છે."

છોડે,-તે કેમ ખમાય?" મુંજાલ હસ્યો. તેના હાસ્યમાં જરા દીલગીરી હતી. છતાં માધુર્ય દુર્જય હતું. પ્રસન્ન તાબે થઈ. મુંજાલ બાજુના ઓરડામાં જઈ ઉભો.

પ્રસન્ન વિચારમાં પડી, 'હવે શું કરવું?' મુંજાલના શબ્દોથી તેને જૂનો વિચાર ફરી થયો; 'શા માટે પાટણ છોડી દેશવટો લેવો?'

થોડી વારે ત્રિભુવન આવ્યો. "કેમ તૈયાર થઈ? ઘોડા આવ્યો છે."

"ત્રિભુવન!" શું કહેવું તે માટે ગભરાતાં પ્રસન્ને કહ્યું; "ત્રિભુવન! તું મારો પરમેશ્વર છે; મારી એક વાત માનશે?"

"શી વાત? અત્યારે હવે વાત કરવાનો વખત છે? રાણી હમણાં ગામમાં પેસશે."

"ત્રિભુવન! છો પેસે; તું મારું સાંભળ. આપણે નાસી નહિ જઈએ તો નહિ ચાલે? વહાલા! અહિંયા આપણે કશી મણા નથી, ત્યારે બહાર શું કામ જવું?" પ્રસન્નને મુંજાલની અડગતામાં એટલો વિશ્વાસ હતો કે, તેણે નક્કી ધાર્યું કે, તે ત્રિભુવનને અહિંયાં તો રાખવાનો. પણ તે પહેલાં માત્ર પોતાનું બનતું કરવા તે તત્પર થઈ હતી.

"પ્રસન્ન!" એકદમ ડોળા ફાડી, પગ ઠોકી, રૌદ્ર સ્વરૂપ ધારણ કરી ત્રિભુવન બોલ્યો, "આટલા સારુ મારી સાથે આવી? મારું વચન ભંગ કરાવવું છે? હું નિશ્ચળ છું; આવવું છે કે નહિ? નહિ તો તું રહે અહિંયાં."

"મારે અહિંયાં રહેવું છે ને તને રાખવો છે. આપણે આખો જીવનગાળો ગાળવો છે. મારે દંડનાયકની પત્ની બનવું છે. તું અહીં રહે. ઓ ત્રિભુવન!" કહી પ્રસન્ને ત્રિભુવનનો હાથ પકડ્યો.

"પ્રસન્ન! તને થયું છે શું? ચાલે છે કે નહિ?" કહી તેણે પ્રસન્નને બારણા તરફ ધસડવાં માંડી. તેનું લોહી ઉકળી ગયું હતું; દરેક પળે **મી**નળદેવી શહેરના દરવાજા પાસે આવતી હતી, એટલું જ તેને ભાન રહ્યું. પ્રસન્ને પોતાના બે હાથે ત્રિભુવનનો હાથ પકડ્યો.

"ત્રિભુવન! ક્યાં લઈ જાય છે? રહે, મારા પ્રભુ! તું કેમ આવો નિષ્ઠુર—આવો ક્રૂર થાય છે? તારા બાપદાદાની આબરુ ખાતર, તારા **પાટણ**ની ખાતર, મારી ખાતર તો જરા વિચાર કર. તારા વગર અમે બધાં મરવાનાં—ઝુરીને, રીબાઇને. તું ક્યાં છોડી જાય છે?"

"એટલે તારે નથી આવવું?" ભયંકર રીતે હસતાં ત્રિભુવને કહ્યું, "કમજાત! છોડ મારો હાથ—"

"ના, ના. ત્રિભુવન! જરા સાંભળ."

શરમના શેરડા પડ્યા, અને નીચું જોયું; લુગડું લેવું કે શું કરવું, તે સૂઝ નહિ પડી; ગભરાતી લજવાતી, ભૂમિ પાસે માગ માગતી તે ઉભી રહી.

મુંજાલે તેને સ્વાસ્થ્ય મેળવવા દીધું, પછી પૂછ્યું, "પ્રસન્ન! ત્રિભુવન ક્યાં છે? પાટણ છોડવાની તૈયારી કરવા માંડી કે?"

"હા," મ્હોંહે શોષ પડ્યો હોવાથી ખોખરે અવાજે પ્રસન્ને કહ્યું.

"પ્રસન્ન!" ઘણા દયાજનક અવાજે મુંજાલે કહ્યું; "તું પણ ગાંડી થઈ? ત્રિભુવન તો ટેકની ધૂનમાં આવી મૂર્ખાઈ કરે છે; તું પણ તેમાં સામેલ થાય છે? તે ક્યાં છે?"

"ઘોડા લઈ આવવા ગયા છે."

"પ્રસન્ન! હજુ વખત છે" ધીમે અવાજે, ઝપાટાબંધ મુંજાલે કહ્યું; "એ જઈને શું કરશે? ફટાયો થઈ પરદેશ રહેશે? પાટણમાં સત્તા છે, કીર્તિ છે, વિજય છે; એ બધું છોડી, એક જીદ ખાતર તમારી જીંદગી પાણીને મૂલે વેચો છો?"

"મહેતાજી! હું શું કરું? હું તો તે કહે તે કરવા તૈયાર છું," મહા મુશ્કેલીએ શરમ છોડતાં પ્રસન્ને કહ્યું.

"તું શું કરે? પ્રસન્ન! તું જ કાંઈ કરે એમ છે; તારે જ મ્હોડે એ માનશે. અજમાયશ તો કંઈ કર. મને જોઈ ભડકી ઉઠશે."

"મારું ભાગ્યે જ માનશે."

"પ્રસન્ન! હું તને ઓળખું છું. એક પ્રયત્ન તો કર. આ અમરાવતીના દંડનાયક થવું, સોલંકીઓની ગાદીઓના સંરક્ષક થઈ રહેવું તામ્રચૂડની વિજયવતી પતાકા અવન્તીમાં ફરફરાવવી; આ કાર્ય માટે તો દેવો ઉપરથી ઉતરી આવે. પ્રસન્ન! તમે બન્ને દુનિયાંપર અમર થવા સરજાયાં છો, અને આમ બધું ખોઈ બેસશો. પ્રસન્ન! તારા જેવી પદ્મિની શું કરી ન શકે?"

મંત્રીના શબ્દોમાં જાદુ હતો; તેનો ધીમો પણ જુસ્સાદાર ઘાટો, ચમકતી આંખો, અને પાણીદાર ભાષાએ પ્રસન્નના હૃદયના વિચારો સજીવન કર્યા. તે પહેલાંથી જ જવાની વિરુદ્ધ હતી. "મહેતાજી! તમે અહિંયાં રહો, હું મારાથી બનતું કરીશ; પણ નહિ માને તો?"

"પ્રસન્ન! અત્યારે બ્રહ્માંડ તૂટે, પણ ત્રિભુવન અહિંયાંથી જાય નહિં. મારું અને મારા બનેવીના કુળનું નિકંદન મારા છતાં થવા દેવાનો નથી. તારું નહિ માનશે તો હું આવીશ, જોરજુલમ કરીશ. તું ક્યાં નથી જાણતી કે, મારું વચન ઉથામવું કેટલા શેરનું થાય છે? હું આ પાસેના ઓરડામાં ઉભો છું. હું અહિંયાં રહું તો તું શરમાશે." પ્રસન્ને નીચે જોયું. "સમજાવ, સમજાવ. તારી જીભે સરસ્વતી વસશે. તારા જેવી ભાણેજવહુ પાટણ

છોડે, તે કેમ ખમાય?" મુંજાલ હસ્યો. તેના હાસ્યમાં જરા દીલગીરી હતી. છતાં માધુર્ય દુર્જય હતું. પ્રસન્ન તાબે થઈ. મુંજાલ બાજુના ઓરડામાં જઈ ઉભો.

પ્રસન્ન વિચારમાં પડી, 'હવે શું કરવું?' મુંજાલના શબ્દોથી તેને જૂનો વિચાર ફરી થયો; 'શા માટે પાટણ છોડી દેશવટો લેવો?'

થોડી વારે ત્રિભુવન આવ્યો. "કેમ તૈયાર થઈ? ઘોડો આવ્યો છે."

"ત્રિભુવન!" શું કહેવું તે માટે ગભરાતાં પ્રસન્ને કહ્યું; "ત્રિભુવન! તું મારો પરમેશ્વર છે; મારી એક વાત માનશે?"

"શી વાત? અત્યારે હવે વાત કરવાનો વખત છે? રાણી હમણાં ગામમાં પેસશે."

"ત્રિભુવન! છો પેસે; તું મારું સાંભળ. આપણે નાસી નહિ જઈએ તો નહિ ચાલે? વહાલા! અહિંયા આપણે કશી મણા નથી, ત્યારે બહાર શું કામ જવું?" પ્રસન્નને મુંજાલની અડગતામાં એટલો વિશ્વાસ હતો કે, તેણે નક્કી ધાર્યું કે, તે ત્રિભુવનને અહિંયાં તો રાખવાનો. પણ તે પહેલાં માત્ર પોતાનું બનતું કરવા તે તત્પર થઈ હતી.

"પ્રસન્ન!" એકદમ ડોળા ફાડી, પગ ઠોકી, રૌદ્ર સ્વરૂપ ધારણ કરી ત્રિભુવન બોલ્યો, "આટલા સારુ મારી સાથે આવી? મારું વચન ભંગ કરાવવું છે? હું નિશ્ચળ છું; આવવું છે કે નહિ? નહિ તો તું રહે અહિંયાં."

"મારે અહિંયાં રહેવું છે ને તને રાખવો છે. આપણે આખો જીવનગાળો ગાળવો છે. મારે દંડનાયકની પત્ની બનવું છે. તું અહીં રહે. ઓ ત્રિભુવન!" કહી પ્રસન્ને ત્રિભુવનનો હાથ પકડ્યો.

"પ્રસન્ન! તને થયું છે શું? ચાલે છે કે નહિ?" કહી તેણે પ્રસન્નને બારણા તરફ ઘસડવાં માંડી. તેનું લોહી ઉકળી ગયું હતું; દરેક પળે મીનળદેવી શહેરના દરવાજા પાસે આવતી હતી, એટલું જ તેને ભાન રહ્યું. પ્રસન્ને પોતાના બે હાથે ત્રિભુવનનો હાથ પકડ્યો.

"ત્રિભુવન! ક્યાં લઈ જાય છે? રહે, મારા પ્રભુ! તું કેમ આવો નિષ્ઠુર—આવો ક્રૂર થાય છે? તારા બાપદાદાની આબરુ ખાતર, તારા પાટણની ખાતર, મારી ખાતર તો જરા વિચાર કર. તારા વગર અમે બધાં મરવાનાં—ઝુરીને, રીબાઇને. તું ક્યાં છોડી જાય છે?"

"એટલે તારે નથી આવવું?" ભયંકર રીતે હસતાં ત્રિભુવને કહ્યું, "કમજાત! છોડ મારો હાથ—"

"ના, ના. ત્રિભુવન! જરા સાંભળ."

"છોડ," કહી ગુસ્સાના આવેશમાં ત્રિભુવને પોતાનો હાથ છોડવવા પ્રયત્ન કર્યો. પ્રસન્ન વધારે જોરથી વળગી. ત્રિભુવને હોઠપર હોઠ પીસી ભગીરથ પ્રયત્ન કરી તેને તરછોડી, પ્રસન્ન છૂટી પડી, અને મોટા અવાજ સાથે ભોંયપર પડી. "ઓ ત્રિભુવન!" કહી પ્રસન્ન બેભાન થઇને પડી.

ત્રિભુવન જરા પણ આઘુંપાછું જોયા વિના આગળ બેચાર ડગલાં ખસ્યો. પાછળથી એક જાણીતો, સત્તાવાહી અવાજ આવ્યો:– "ત્રિભુવન!" ત્રિભુવન એકદમ ફર્યો, મુંજાલને જોયો, અને ચકિત થયો. મહેતાની આંખોમાંથી અસહ્ય તેજનાં કિરણો નીકળતાં હતાં. "જે છોકરીએ તને હજાર વાર બચાવ્યો, તેને સારો શિરપાવ આપ્યો;" કહી ગૌરવથી તેણે એક હાથ પ્રસન્ન તરફ કર્યો. પડતાં પડતાં એક પાટલા સાથે પ્રસન્નનું માથું પછડાયું હતું; તે બેભાન થઈ પડી હતી; અને તેના માથામાંથી લોહીની ધારા ભોંયપર વહેતી હતી.

ત્રિભુવને પ્રસન્ન સામે જોયું, તેને બેભાન, લોહી લુવાણ જોઈ; જે હાથે તેને તરછોડી હતી, તેના તરફ જોયું; નિશ્ચયમાં સખ્ત દાબેલા તેના હોઠો નરમ થયા, તેના મ્હોડાપર છવાઈ રહેલી ભયંકર સખ્તાઇમાં કુમાશ આવી. તે એક પળ સુધી અનિશ્ચિત ઉભો; આમ જવું કે તેમ જવું તે સૂઝ્યું નહિં.

મુંજાલ મૂગો મૂગો, માત્ર નેત્રોથી જ ત્રિભુવનને ડારતો ઉભો રહ્યો.

ત્રિભુવન તરત ફર્યો; બારણાને જાણે પ્રણામ કરતો હોય તેમ એક નજર કરી, અને પ્રસન્ન તરફ દોડ્યો:–"મારી પ્રસન્ન!" ત્રિભુવને તેનું લોહીભીનું માથું હાથમાં લીધું.

"તું એને જો, હું લીલા વૈદને તેડવા મોકલું છું. માથામાંથી લોહી વહેતું અટકાવ, બેડી કહાડી નાંખ, નહીં તો ગુંગળાઈ જશે," કહી મુંજાલ મહેતા બહાર નીકળ્યા.

* * * *

ઘણી વારે, વૈદના અનેક ઉપચારોથી, પ્રસન્નનું લોહી અટક્યું, અને તેને ભાન આવ્યું, "ત્રિભુવન!"

"ઓ," કહી ત્રિભુવન દોડ્યો.

"પાટણમાં—"

"હા, હા, પાટણમાં જ. તું નીરાંતે સુઈ રહે. તું ત્યાં હું."

## પ્રકરણ ૪૬ મું

## "ના જાઓ તજી અમને"

બેચાર ઘડી પછી જ્યારે મુંજાલ ત્યાંથી નીકળ્યો ત્યારે તેના મનમાં નીરાંત વળી હતી. પાટણનું રાજ્યતંત્ર જેમતેમ ઠેકાણે આણવા તેણે બનતો પ્રયાસ કર્યો હતો. તે રાણીને પાછો લાવ્યો હતો, તેણે લોકોને સમજાવ્યા હતા; તેમનો દંડનાયક જતો હતો તેને પણ રોકી રાખ્યો હતો; પોતાના કુટુંબનું પણ શ્રેય સાધ્યું હતું. તેનું જીવવું તેને સાર્થક લાગ્યું; હવે દુનિયાની પંચાત ત્યાગવામાં કાંઈ હરકત જેવું જણાયું નહિ. તે પોતાને ઘેર ધીમે ધીમે ફરતો આવ્યો. પાટણની શેરીઓ છેલ્લી વખત નિરખી લેવાનો લાહાવો તે લેતો હોય એમ લાગ્યું.

તેણે પોતાની જીંદગીનાં ગયેલાં વર્ષો તરફ નજર નાંખી. તેમાં નિરાશાના, દુઃખના પ્રસંગો ઘણા હતા; છતાં આખું જીવન ઘણે અંશે સફળ થયેલું લાગ્યું. તેને લીધે જ માત્ર પાટણ આજે ટકી રહ્યું હતું. ભવિષ્યની પ્રજા જ્યારે પૂર્વજોને યાદ કરશે ત્યારે તેનુંજ નામ પહેલાં સંભારશે. સરળ અને સાદા જીવનની પુરાણી ભાવનાને વળગી રહેલા લોકો પોતાના ઘરમાં સુઈ ગયા હતા; આખા ગામમાં શૂન્યતા લાગતી હતી. જાણે એ બધાં પોતાનાં બાળકો હોય, જાણે આખા ગામનો એ પિતા હોય, તેમ મનમાં ને મનમાં તેણે આશીર્વચન કહ્યાં.

તે ઘેર આવ્યો ત્યારે એક નોકર ઓટલે બેઠો હતો. "મહારાજ! કોઈ બાઈ આવી બેસી રહ્યાં છે."

મુંજાલ જરા હસ્યો. ઘણી વખત ગામનું કોઈ નિરાધાર, કોઈ દુઃખથી પીડિત સલાહ લેવા, પોતાની તકરારોનો નીવેડો લાવવા, કે મદદની આશાએ તેની પાસે આવતું; પણ હવે શું કામ? તેની પાસે સત્તા નહોતી, દોલત હતી તેમાંથી ઘણી તેણે ધર્માદા કરવા માંડી હતી.

"ક્યાં છે?"

"ઉપર છે; સાથે એક માણસ છે."

"ઠીક," કહી મુંજાલ માલ ઉપર ગયો. દાદર આગળ કુંકુટિયું વાળીને એક માણસ બેઠો હતો. "કોણ, ભાઈ?"

"બાપુ! એ તો હું."

"કોણ સમર! તું અહિંયા ક્યાંથી? કોને લાવ્યો છે?"

નીચા વળીને સમરે ધીમેથી જવાબ દીધો, "બા આવ્યાં છે."

"હેં!" મુંજાલ જાણે સાપ ડંસ્યો હોય તેમ પાછો ખસી ગયો.

'સમરે ડોકું ધુણાવી' હા કહી. મુંજાલ ઉતાવળથી અંદર ગયો.

"તે હું ભૂલાવા જ આવી છું. તેને માટે પ્રાયશ્ચિત્ત કરવા આવી છું."

"કેમ કરશો?" જરા હસતાં મુંજાલે પૂછ્યું.

"કેમ કરીશ? તું કહેતો હોય તો તારે ચરણે પડીને. મુંજાલ! કોણ જાણે કેમ તે દિવસથી મારા લગ્નનો પ્રસંગ મને સાંભરે છે. તે દિવસે રાત્રે આપણે કરેલો નિશ્ચય યાદ છે?"

"હા, અને એ નિશ્ચય તમે અત્યારે તોડવા મથો છો. આપણે ભાઇબહેનના નિર્મળ સ્નેહથી વર્તવાના સમ ખાધા હતા; 'કોઈ પણ જાતના સ્ખલનથી ગુજરાતના ગૌરવને દૂષિત નહિં કરવું, રાજ્યકારભારના પ્રસંગ વિના નહિં મળવું, તેની કર્કશ વાતચિત વિના બીજી વાતચિત પણ નહિં કરવી;' એવી એવી પ્રતિજ્ઞા લીધી હતી. ચૌદ પંદર વર્ષે આજે તમે પ્રતિજ્ઞા તોડી, રાજ્યકાર્યભાર વિના મળવા આવ્યા. તમે તો દેવી છો, પતિતપાવિની છો; આ તમને ઘટે?"

"મુંજાલ! તું તારું વચન ક્યાં રાખી રહ્યો છે? મને મૂકી આમ નાસી જાય તે મિત્ર! તેં તારું વચન મૂક્યું તો મેં મારું. મારે રાણી નથી થવું. હું પાટણમાં રહું તો તારી સાથે, નહિ તો તું જાય ત્યાં."

"મીનળદેવી!" દુ:ખી અવાજે મુંજાલે કહ્યું; "તમે મને નાહક ગુંચવો છો."

"ના, હકથી," મીનળે કહ્યું, અને જરા હસી; "તું મને પાટણ લઇ આવ્યો. એક વખત નહિં, પણ હવે તો બે વખત. હું તને હવે પાટણ બહાર કેમ જવા દઉં?" કહી મીનળ એકદમ ઉઠી અને મુંજાલની પાસે આવી.

મુંજાલ પાછો હઠ્યો. "નહિં, નહિં."

"મુંજાલ! નકામી વાતો શા અર્થની? હું લડું, તોપણ તારી જ જોડે; તેથી તારા વગર પળ વાર કાંઈ ચાલે? અને તું બધી વાત કરે, પણ હું નહિં માનું. તું મીનળને કેમ ભૂલે?" કહી રાણીએ મુંજાલનો હાથ ઝાલ્યો. વિચારમાં ગુંચવાડામાં મુંજાલે કપાળે હાથ મૂક્યો.

"મુંજાલ! વિચાર નહિ કર. માન્યા વિના તારો છૂટકો નથી. મુંજાલ! ધાર કે, હું ચંદ્રપૂરમાં છું, નાની છું; ધાર કે, તે વખતે હું હતી એવી માત્ર તારી સોબતઘેલી સમી છું, તને વિનવું છું; માન, આપણે જૂદા કેમ રહી શકીએ?" અહિયા તારા વિના મારા વિચારોનું કોણ સાથી થાય એમ છે? પાટણને દુનિયાના પાટનગર કરવામાં મને મદદ કરવાનું તારા વિના કોનું સામર્થ્ય છે? મુંજાલ! તારી વિશાળ, નિષ્કલંકી બુદ્ધિના તેજમાં પહેલાંની માફક મને સ્નાન કરવા દે. મારે એટલું જ જોઇએ છે."

"રાણી—"

"ના, મીનળ—"

"ઠીક. મીનળદેવી! હું વિચાર કરીશ, બનશે તો માનીશ. હવે મહેરબાની કરી રજા લો, બહુ થયું."

"ના, વચન આપ. અસારે પાછો ચાલ, રાજગઢ સૂનો છે. તું આવે નહિ ત્યાં સુધી હું જવાની નથી."

મુંજાલે રાણીની સામું જોયું. તેના પ્રેમઘેલા મુખપર અદ્ભુત છાયા પડી રહી હતી; તેના હાથ, જે મુંજાલના હાથ પકડી રહ્યા હતા, તે થરથર ધ્રૂજતા હતા.

"મીનળદેવી! ભલે, હું એમ કરવા ખુશી છું."

"વચન?" આતુરતાથી રાણીએ પૂછ્યું.

"હા, વચન."

"ઓ મારા મુંજાલ!" કહી રાણી મુંજાલને કોટે વળગી પડી. ડૂબતો માણસ આશા છોડી પ્રવાહને શરણે થાય, તેમ મુંજાલ શરણ થયો.

પાંચ પળ એવી વહી ગઈ.

"મીનળદેવી! આ નહિ પાલવે. હું અહિંયાં રહું તો તે દિવસની પ્રતિજ્ઞા પાળવી પડશે. જે નિર્મળ જીવને લોકોનાં મ્હોડાં પણ બંધ કર્યાં હતાં, તેમના શંકાશીલ હૃદયમાં શ્રદ્ધા આણી હતી, તે જીવન ફરી સ્વીકારવું પડશે." તે પ્રસન્ન

"હા, હા, કબુલ છે, કબુલ છે. મોટાઈનો ... દઈશ. પણ તું મારી આંખ આગળ રહે." ો પટ્ટણીઓ ગાંડા લોકો ભૂલી જાય, જાડ પરણ્યો. કઠણ હૃદયના રાણીને હસવું કે રડવું, તે

—:o:—

## પ્રકરણ ૪૭ મું ગાંડા થઈ ગયેલા જોઈ,

## જયદેવ મહારાજની ?

રાણીએ મુંજાલને કહ્યું.

ઉદા મહેતા મનમાં મકલાતા મકલાત... લે જવાબ દીધો......., તેનો "નિર્મળ સ્વાર્થ" સંતોષાયો હતો. શહેર બંડ ઉઠાવે, અને સમરાંગણ સુધી વાતો જાય, તેના કરતાં તેનું તે પોતે મંત્રી થાય, એ ઘણી ઉત્તમ વસ્તુ તેને લાગી. હવે ત... ગુર્જરરાષ્ટ્રમાં પડશે, એમ તેણે ધાર્યું. મુંજાલ મંત્રી તો આબુજી જવાનાર બીજા તો કોઈનો તેને મન હિસાબ નહોતો.

એટલામાં ડુંગર નાયક આવ્યો. ગરાસીયાનો નવો મોભ્ભો મળવા-આશાએ તેમનામાં ગૃહસ્થાઈનો ડોળ આવવા લાગ્યો હતો.

"કેમ, મહેતા! આ નવું સાંભળ્યું કે?"

"રાણી—"

"ના, મીનળ—"

"ઠીક. મીનળદેવી! હું વિચાર કરીશ, બનશે તો માનીશ. હવે મહેરબાની કરી રજા લો, બહુ થયું."

"ના, વચન આપ. અત્યારે પાછો ચાલ, રાજગઢ સૂનો છે. તું આવે નહિ ત્યાં સુધી હું જવાની નથી."

મુંજાલે રાણીની સામું જોયું. તેના પ્રેમઘેલા મુખપર અદ્ભુત છાયા પડી રહી હતી; તેના હાથ, જે મુંજાલના હાથ પકડી રહ્યા હતા, તે થરથર ધ્રૂજતા હતા.

"મીનળદેવી! ભલે, હું એમ કરવા ખુશી છું."

"વચન?" આતુરતાથી રાણીએ પૂછ્યું.

"હા, વચન."

"ઓ મારા મુંજાલ!" કહી રાણી મુંજાલને કોટે વળગી પડી ડૂબતો માણસ આશા છોડી પ્રવાહને શરણે થાય, તેમ મુંજાલ શરણ થયો

પાંચ પળ એવી વહી ગઈ.

"કેમ? હવે શું બાકી છે?"

"પાટણનો દંડનાયક અવન્તી પાસે ખંડણી લે ત્યારે રાજી થાઉં."

રાત પડી. દેવપ્રસાદનો સૂનો મહેલ જે હર્ષથી ગાજી રહ્યો હતો, તે શાન્ત થવા આવ્યો. એક મુગ્ધા મદમાં, માનમાં, ઉછળતી બેઠી હતી.

"હવે તમારે પાટણ છોડવું હોય તો છોડજો, રજા છે."

"હવે ક્યાં જાય? ત્યારે જ ત્રિભુવનને શું કામ જવા નહિ દીધો?"

"મારું માથું ફોડવા. હવે જોજો, કોનું માથું ફૂટે છે તે," કોમળ હાથે મુઠ્ઠીઓ ઉગામી પ્રસન્ને કહ્યું.

"જોયા તારા હાથ, હમણાં જોઇએ તો મસળી નાંખું."

"યાદ રાખજો. આ હાથે તમને મરતા બચાવ્યા છે."

"આ હાથે? ક્યારે?"

"જયદેવકુમારે તરવાર ઉગામી ત્યારે. તેનો હાથ કોણે કાપ્યો હતો, તે ભૂલી ગયા?"

"તેં?–તું તો..." કહી ત્રિભુવન એકદમ પાસે ધસી આવ્યો.

"ખબરદાર!—"

"કેમ?"

"મારા બિચારા મોરારપાલને તો અત્યારે ઉંઘે નહિ આવતી હોય!" આંખો ચમકાવતાં પ્રસન્ને કહ્યું.

"પ્રસન્ન! હવે મશ્કરી જવા દે. અત્યારે તને જોઈ મને એક વાતની સમજણ પડે છે."

"શી?"

"મારા બાપુએ હંસાબા પાછળ કેમ જીવ આપ્યો તે."

* * * *

તામ્રચૂડધ્વજ સિદ્ધરાજ જયસિંહના મહાન્ સામ્રાજ્યની શરૂઆત થઈ. સ્વાર્થમાં ઘસડાતા ભિન્નભિન્ન નરોનું ધ્યેય માત્ર એક જ થઇ રહ્યું; તેમના હૃદયમાં એકજ મંત્રો ઘુંટાવા લાગ્યા.

એ ધ્યેય, એ મંત્ર તે "જય સોમનાથ!"

સમાપ્ત.

૪૫૩.૩૩ 864-6
મુન્શી.ક
(પાટ)
પાટણની પ્રભુતા / ઘનશ્યામ
269 / 1-2-83
18 DEC 1985

૪૫૩.૩૩
મુન્શી.ક
(પાટ)
૪૬૫૬

ગુજરાતી સાહિત્ય પરિષદ ગ્રંથાલય
અમદાવાદ – ૯